સાપ્તાહિક
સૌરાષ્ટ્ર આવૃતિ

# મુંબઈ સમાચાર

R.N.I. No. GUJ GUJ /2013/58486

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 41

■ વિક્રમ સંવત ૨૦૮૦ ■ આશ્વિન વદ-૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20

રવિવાર, ૨૦ ઓક્ટોબર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | ઉત્સવ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# વીમો, પાણી, સાઈકલ, નોટબુક સસ્તાં અને ઘડિયાળ, શૂઝ મોંઘાં થશે

નવી દિલ્હી: ગુડ્સ ઍન્ડ સર્વિસ ટૅક્સ (જીએસટી)ના દર સંબંધે મળેલી પ્રધાનોના ગ્રૂપની બેઠકમાં રૂપિયા પાંચ લાખ સુધીના હેલ્થ ઈન્સ્યુરન્સના પ્રીમિયમ પરનો જીએસટી માફ કરવાનો, પેક કરેલી ૨૦ લિટરની પાણીની બાટલી, બાઈસિકલ, નોટબુક પરનો જીએસટી ઘટાડવાનો અને કાંડા ઘડિયાળ તેમ જ શૂઝ પરનો જીએસટી વધારવાનો નિર્ણય લીધો હતો.

ટર્મ પૉલિસી અને વરિષ્ઠ નાગરિકો દ્વારા ભરવામાં આવતા આરોગ્ય વીમાના પ્રીમિયમને જીએસટીમાંથી બાકાત રાખવામાં આવે એવી શક્યતા હોવાનું અધિકારીઓએ શનિવારે કહ્યું હતું. જીએસટી કાઉન્સિલ દ્વારા આ મામલે અંતિમ નિર્ણય લેવામાં આવશે.

પાંચ લાખ કરતાં વધુ રૂપિયાના વીમા માટે સત્તાવાર રીતે ભરવામાં આવતા પ્રીમિયમ પર ૧૮ ટકા જીએસટી વસૂલવાનું ચાલુ રહેશે.

વર્તમાનમાં ટર્મ પોલિસી અને ફેમિલી ફ્લોટર પોલિસી પરના પ્રીમિયમ પર ૧૮ ટકા જીએસટી વસૂલવામાં આવે છે.

બિહારના નાયબ મુખ્ય પ્રધાન સમ્રાટ ચૌધરીએ કહ્યું હતું કે ગ્રૂપ ઑફ મિનિસ્ટર્સ (જીઓએમ)ના તમામ સભ્યો લોકોને રાહત આપવા માગે છે. આ અંગેનો અહેવાલ અમે કાઉન્સિલને સુપરત કરીશું અને તેઓ અંતિમ નિર્ણય લેશે.

જોકે વરિષ્ઠ નાગરિકો દ્વારા ભરવામાં આવતા વીમા પોલિસીના પ્રીમિયમ પર કવરેજની રકમને ધ્યાન પર લીધા વિના જ જીએસટી લાગુ કરવામાં નહીં આવે એવી શક્યતા હોવાનું તેમણે કહ્યું હતું. જીએસટી કાઉન્સિલની અગાઉની બેઠકમાં આરોગ્ય અને જીવન વીમાના પ્રીમિયમ પરના જીએસટી દર અંગે નિર્ણય લેવા ૧૩ સભ્યના જીઓએમની રચના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ જીઓએમ માટે ઑક્ટોબરના અંત સુધીમાં અહેવાલ સુપરત કરવો ફરજિયાત હશે.

જીએસટીના દર વધુ સુસંગત બને તે અંગેનો નિર્ણય લેવા માટે શનિવારે યોજાયેલી જીઓએમની બેઠકમાં પેક કરેલી ૨૦ લિટરની પાણીની બાટલી, બાઈસિકલ, નોટબુક પરનો જીએસટી ઘટાડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો તેમ જ કાંડા ઘડિયાળ તેમ જ શૂઝ પરનો જીએસટી વધારવાનું સૂચન કરવામાં આવ્યું હતું.

બિહારના નાયબ મુખ્ય પ્રધાન સમ્રાટ ચૌધરીના વડપણ હેઠળની કમિટિ દ્વારા જીએસટી દરને વધુ સુસંગત બનાવવાના લેવામાં આવેલા નિર્ણયને કારણે સરકારની આવકમાં રૂ. ૨૨,૦૦૦ કરોડનો વધારો થશે.

અગાઉ જીઓએમની બેઠકમાં પેક કરેલી ૨૦ લિટરની પાણીની બાટલી, પરનો જીએસટી ૧૮ ટકાથી ઘટાડીને પાંચ ટકા કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.

જીઓએમના આ પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવશે તો રૂ. ૧૦,૦૦૦ કરતાં ઓછી કિંમતની બાઈસિકલ અને નોટબુક પરનો જીએસટી ૧૨ ટકાથી ઘટાડીને પાંચ ટકા કરી દેવામાં આવશે.

રૂ. ૧૫,૦૦૦ કરતાં વધુ કિંમતના શૂઝ અને રૂ. ૨૫,૦૦૦થી વધુ કિંમતની ઘડિયાળ પરનો જીએસટી ૧૯ ટકાથી વધારીને ૨૮ કરવાનું જીઓએમએ સૂચન કર્યું છે.

બેઠકમાં ૧૦૦ કરતાં પણ વધુ વસ્તુઓ પરના જીએસટી દર અંગે ચર્ચા કરવામાં આવી હતી.

સામાન્ય માણસને રાહત મળે તે માટે અનેક વસ્તુઓ પરનો જીએસટી દર ૧૨ ટકાથી ઘટાડીને પાંચ ટકા કરવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

છ સભ્યની બનેલી જીઓએમમાં ઉત્તર પ્રદેશના નાણાં પ્રધાન સુરેશકુમાર, રાજસ્થાનના આરોગ્ય પ્રધાન ગજેન્દ્ર સિંહ, કર્ણાટકના મહેસૂલ પ્રધાન કૃષ્ણા બાયરે ગોવડા અને કેરળના નાણાં પ્રધાન કે. એલ. બાલગોપાલનો પણ સમાવેશ થતો હતો.

વર્તમાનમાં જીએસટી પાંચ, ૧૨, ૧૮ અને ૨૮ ટકા એમ ચાર સ્લેબમાં વસૂલવામાં આવે છે. જીએસટી કાયદા અંતર્ગત જીવનાવશ્યક વસ્તુઓને જીએસટીમાંથી બાકાત રાખવામાં આવી છે કે પછી તેનાં પર ઓછામાં ઓછો જીએસટી વસૂલવામાં આવી રહ્યો છે. લક્ઝરી સહિતની અનેક વસ્તુઓ પર ૨૮ ટકા જેટલો સર્વાધિક જીએસટી વસૂલવામાં આવે છે. (એજન્સી)




સન્માન: ભોપાલમાં શનિવારે યોજાયેલ ઈન્ડિયન રોડ્સ કૉંગ્રેસ (આઈઆરસી) સેમિનાર ૨૦૨૪ દરમિયાન મધ્ય પ્રદેશના પ્રધાન રાકેશ સિંહે કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીનું સન્માન કર્યું હતું. (એજન્સી)

# ઈઝરાયલના વડા પ્રધાનના ઘર તરફ ડ્રોન હુમલો કરાયો

જેરુસલેમ: ઇઝરાયલની સરકારે જણાવ્યું હતું કે શનિવારે વડા પ્રધાનના ઘર તરફ ડ્રોન છોડવામાં આવ્યું હતું, જેમાં કોઈ જાનહાનિ થઈ નથી.ઇરાનના સર્વોચ્ચ નેતાઆયાતુલ્લાહ અલી ખોમેનીએ વચન આપ્યું હતું કે ગયા વર્ષના ઘાતક ઑક્ટો. ૭ના હુમલાના માસ્ટરમાઇન્ડ સિનવારની હત્યા બાદ હમાસ ઇઝરાયલ સામે તેની લડાઈ ચાલુ રાખશે. ઇઝરાયલમાં શનિવારની સવારે લેબનોનથી કરાયેલા હુમલાની ચેતવણીની સાયરન્સ વાગી હતી, ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુના સીઝેરિયામાં ઘર તરફ ડ્રોન હુમલા શરૂ કરવામાં આવ્યાં હતાં, તેવું ઇઝરાયલી સરકારે જણાવ્યું હતું.

તેમના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ન તો તે કે તેની પત્ની ઘરે હતા અને કોઈ જાનહાનિ થઈ ન હતી. સપ્ટેમ્બરમાં, યમનના હુથી બળવાખોરોએ બેન ગુરિયન એરપોર્ટ તરફ બેલેસ્ટિક મિસાઇલ છોડ્યું જ્યારે નેતન્યાહુનું વિમાન ઉતરી રહ્યું હતું. તે મિસાઇલને અટકાવવામાં આવી હતી.

હિઝબુલ્લાહે શુક્રવારે જણાવ્યું હતું કે તેણે ઇઝરાયલમાં વધુ માર્ગદર્શિત મિસાઇલો અને વિસ્ફોટક ડ્રોન મોકલીને લડાઈના નવા તબક્કાને શરૂ કરવાની યોજના બનાવી છે. આતંકવાદી જૂથના લાંબા સમયથી નેતા, હસન નસરાલ્લાહ સપ્ટેમ્બરના અંતમાં ઇઝરાયલી હવાઈ હુમલામાં માર્યો ગયો હતો અને ઇઝરાયલે ઓક્ટોબરની શરૂઆતમાં લેબનોનમાં જમીન પર સૈનિકો મોકલ્યા હતા.

શુક્રવારે, આયાતુલ્લાહ ખોમેનીએ કહ્યું કે સિનવારનું મૃત્યુ દુ:ખદાયક નુકસાન હતું પરંતુ નોંધ્યું હતું કે હમાસ તેની પહેલાં અન્ય પેલેસ્ટિનિયન આતંકવાદી નેતાઓની હત્યા છતાં ચાલુ રાખ્યું હતું. હમાસ જીવંત છે અને જીવંત રહેશે.સિનવાર ઇઝરાયલ પર ૨૦૨૩માં હમાસના હુમલાનો મુખ્ય સૂત્રધાર હતો, જેમાં લગભગ ૧૨૦૦ લોકો માર્યા ગયા હતા અને અન્ય ૨૫૦નું અપહરણ કર્યું હતું. ■

# રાષ્ટ્રિય શિક્ષણ સપ્તાહનો શુભારંભ

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે સરકારી કર્મચારીઓની કાર્યક્ષમતા વધારવા આયોજિત ‘કર્મયોગી સપ્તાહ’-- રાષ્ટ્રીય શિક્ષણ સપ્તાહનો શુભારંભ કર્યો હતો.

નેશનલ લર્નિંગ વીક (એનએલડબલ્યુ) તેના પ્રકારની સૌથી મોટી ઇવેન્ટ હશે જે સરકારી કર્મચારીઓ માટે વ્યક્તિગત અને સંગઠનાત્મક ક્ષમતા વિકાસ તરફ નવેસરથી પ્રોત્સાહન આપવાના પ્રયાસ સાથે, કર્મચારીઓ માટે વ્યક્તિગત અને સંસ્થાકીય ક્ષમતા વિકાસ તરફ નવી પ્રેરણા પૂરી પાડશે.

આ પહેલ શીખવા અને વિકાસ માટે નવી પ્રતિબદ્ધતાને ઉત્તેજિત કરશે. એનએલડબલ્યુનો હેતુ ‘‘એક સરકાર’’ નો સંદેશ બનાવવાનો, દરેકને રાષ્ટ્રીય લક્ષ્યો સાથે સંરેખિત કરવાનો અને આજીવન શિક્ષણને પ્રોત્સાહન આપવાનો છે, એમ નિવેદનમાં જણાવાયું છે. એનએલડબલ્યુ વ્યક્તિગત સહભાગીઓ અને મંત્રાલયો, વિભાગો અને સંગઠનો દ્વારા વિવિધ પ્રકારના જોડાણ દ્વારા શીખવા માટે સમર્પિત હશે.

એનએલડબલ્યુ દરમિયાન, દરેક ‘‘કર્મયોગી’’ ઓછામાં ઓછા ચાર કલાકની સક્ષમતા-સંબંધિત શિક્ષણનું લક્ષ્ય હાંસલ કરવા માટે પ્રતિબદ્ધ રહેશે.

પ્રતિભાગીઓ પ્રતિષ્ઠિત વ્યક્તિઓ દ્વારા આઇ ગોટ, વેબિનાર્સ (જાહેર વ્યાખ્યાનો/પોલિસી માસ્ટર ક્લાસ) પર વ્યકિતગત ભૂમિકા-આધારિત મોડ્યુલોના મિશ્રણ દ્વારા લક્ષ્યાંકિત કલાકો પૂર્ણ કરી શકે છે.

સપ્તાહ દરમિયાન, પ્રખ્યાત વક્તાઓ તેમના મહત્ત્વનાં ક્ષેત્રો પર વાર્તાલાપ આપશે અને તેમને વધુ અસરકારક રીતે નાગરિક-કેન્દ્રિત વિતરણ તરફ કામ કરવામાં મદદ કરશે, નિવેદનમાં જણાવાયું છે. અઠવાડિયા દરમિયાન, મંત્રાલયો, વિભાગો અને સંસ્થાઓ ડોમેન વિશિષ્ટ ક્ષમતાઓને વધારવા માટે સેમિનાર અને વર્કશોપનું પણ આયોજન કરશે. ■

# ૩૦થી વધુ ફ્લાઈટ્સને બૉમ્બની ધમકી

નવી દિલ્હી/મુંબઈ : વિસ્તારા, એર ઈન્ડિયા અને ઈન્ડિગો સહિતની વિવિધ ભારતીય એરલાઈન્સની ૩૦ થી વધુ ફ્લાઈટ્સને શનિવારે બોમ્બની ધમકી મળી હતી.

એર ઈન્ડિયા, ઈન્ડિગો, આકાસા એર, વિસ્તારા, સ્પાઈસ જેટ, સ્ટાર એર અને એલાયન્સ એરની ફ્લાઈટને ધમકીઓ મળી છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

આ અઠવાડિયે અત્યાર સુધીમાં, ભારતીય એરલાઇન્સની ઓછામાં ઓછી ૭૦ ફ્લાઈટ્સને બોમ્બની ધમકીઓ મળી છે અને તેમાંથી મોટાભાગની બોગસ હોવાનું બહાર આવ્યું છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે સ્થાનિક એરલાઇન્સ દ્વારા સંચાલિત સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સહિત ૩૦ થી વધુ ફ્લાઇટ્સને શનિવારે સવારથી સોશિયલ મીડિયા દ્વારા બોમ્બની ધમકીઓ મળી છે. ઓછામાં ઓછી એક ફ્લાઇટમાં, શૌચાલયમાંથી એક નોંધ મળી આવી હતી જેમાં લખ્યું હતું કે ફ્લાઇટમાં બોમ્બ છે.

શનિવારે, વિસ્તારાએ જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય રુટ પરની તેની પાંચ ફ્લાઈટ્સને સોશિયલ મીડિયા દ્વારા , જ્યારે ઈન્ડિગોએ જણાવ્યું હતું કે તેની ઓછામાં ઓછી ચાર ફ્લાઈટ્સને સુરક્ષા સંબંધિત ચેતવણીઓ મળી છે.

વિસ્તારાની પાંચ ફ્લાઈટ્સ (સિંગાપોરથી મુંબઈ), (મુંબઈથી ફ્રેન્કફર્ટ), (મુંબઈથી સિંગાપોર), (દિલ્હીથી બેંગકોક) અને (મુંબઈથી કોલંબો) ને આવી ધમકી મળી હતી.

એરલાઇનના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ‘‘પ્રોટોકોલને અનુસરીને, તમામ સંબંધિત અધિકારીઓને તાત્કાલિક ચેતવણી આપવામાં આવી હતી અને અધિકારીઓ અને સુરક્ષા એજન્સીઓના માર્ગદર્શન મુજબ તમામ સુરક્ષા પ્રક્રિયાઓનું પાલન કરવામાં આવી રહ્યું છે.

આ ઉપરાંત, ઉદયપુરથી મુંબઈ જતી વિસ્તારાની ફ્લાઇટને લઈને સુરક્ષાની ચિંતા હતી અને લેન્ડિંગ પછી, એરક્રાફ્ટને ફરજિયાત તપાસ માટે આઈસોલેશન બેમાં લઈ જવામાં આવ્યું હતું.

જાણકાર સૂત્રએ જણાવ્યું હતું કે, વિમાનનાં શૌચાલયમાંથી એક ચિટ્ઠી મળી આવી હતી જેમાં લખ્યું હતું કે ફ્લાઇટમાં બોમ્બ છે.

ઈન્ડિગોએ ઓછામાં ઓછી ચાર ફ્લાઈટ્સ માટે ધમકીઓ સંદર્ભે નિવેદન જારી કર્યા છે. તેઓની (મુંબઈથી ઈસ્તાંબુલ), (દિલ્હીથી ઈસ્તાંબુલ), (જોધપુરથી દિલ્હી) અને (હૈદરાબાદથી ચંદીગઢ) ફ્લાઇટ માટે ધમકી મળી હતી.

એરલાઈને કહ્યું કે તે મુંબઈ અને દિલ્હીથી ઈસ્તાંબુલની ફ્લાઈટ્સ સાથે સંકળાયેલી પરિસ્થિતિથી વાકેફ છે.

જોધપુરથી દિલ્હી ફ્લાઇટ અંગે, કેરિયરે જણાવ્યું હતું કે વિમાન રાષ્ટ્રીય રાજધાનીમાં ઉતર્યું હતું.

ઇન્ડિગોએ જણાવ્યું હતું કે હૈદરાબાદથી ચંદીગઢ ફ્લાઇટને લેન્ડિંગ પછી, વિમાનને અલગ કરવામાં આવ્યું હતું અને તમામ મુસાફરોને સુરક્ષિત રીતે નીચે ઉતારવામાં આવ્યા હતા.

ચંદીગઢ એરપોર્ટ પર આઈસોલેશન બે ખાતે એરપોર્ટ સત્તાવાળાઓ દ્વારા પ્લેનની સંપૂર્ણ તપાસ કરવામાં આવી રહી છે.

શુક્રવારે, વિસ્તારાની ત્રણ આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સને બોમ્બની ધમકીઓ મળી હતી જે બોગસ હોવાનું બહાર આવ્યું હતું અને સાવચેતીના પગલા તરીકે એક ફ્લાઇટને ફ્રેન્કફર્ટ તરફ વાળવામાં આવી હતી.

છેલ્લા કેટલાક દિવસોમાં, ભારતીય કેરિયર્સ દ્વારા સંચાલિત ૭૦ થી વધુ ફ્લાઇટ્સ પર બોમ્બની ધમકીઓ મળી છે જે પાછળથી બોગસ હોવાનું બહાર આવ્યું છે.

નાગરિક ઉડ્ડયન મંત્રાલય એરલાઇન્સને હોક્સ બોમ્બની ધમકીની ઘટનાઓને રોકવા માટે કડક ધોરણો લાગુ કરવાની યોજના ધરાવે છે, જેમાં ગુનેગારોને નો-ફ્લાય લિસ્ટમાં મૂકવાનો સમાવેશ થાય છે. ■

# બે કરોડ રૂપિયાની છેતરપિંડી બદલ કેન્દ્રીય પ્રધાન પ્રહલાદ જોશીનો ભાઈ પકડાયો

બેંગલુરુ/હુબલ્લી: જેડી(એસ)ના ભૂતપૂર્વ ધારાસભ્યની પત્ની દ્વારા દાખલ કરવામાં આવેલી છેતરપિંડીની ફરિયાદના આધારે પોલીસે શનિવારે કેન્દ્રીય પ્રધાન પ્રહલાદ જોશીના ભાઈ ગોપાલની ધરપકડ કરી હતી, જોકે એમણે સ્પષ્ટતા કરી હતી કે પોતે વરસો અગાઉ ગોપાલ સાથે જાહેરનામું પ્રસિદ્ધ કરીને સંબંધ તોડી નાખ્યો છે.

બસવેશ્વરનગર પોલીસે પ્રહલાદ જોશીના ભાઈ ગોપાલ જોશી અને વિજયાલક્ષ્મી જોશી નામની મહિલા પર ગુરુવારે રાત્રે ગુનો નોંધ્યો હતો. એફઆઈઆરમાં ગોપાલના પુત્ર અજય જોશીનું નામ પણ સામેલ છે.

આ ફરિયાદ નાગથાનના ભૂતપૂર્વ ધારાસભ્ય દેવવંદ ફૂલ સિંહ ચવ્હાણની પત્ની સુનીતા ચવ્હાણે નોંધાવી હતી, જેઓ ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીમાં હારી ગયાં હતાં.

સુનીતાએ આરોપ લગાવ્યો હતો કે મેની લોકસભાની ચૂંટણી લડવા માટે તેના પરિવારને ભાજપની ટિકિટ અપાવવાના બહાને ગોપાલ જોશીએ તેની સાથે બે કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી.

ફરિયાદીએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે વિજયલક્ષ્મીનો પરિચય પ્રહલાદ જોશીની બહેન તરીકે થયો હતો.

જો કે, કોલસા અને ખાણનાં સંસદીય બાબતોના કેન્દ્રીય પ્રધાન પ્રહલાદ જોશીએ સ્પષ્ટતા કરી હતી કે તેમની કોઈ બહેન નથી. તેમના માત્ર ત્રણ ભાઈઓ છે, જેમાંથી એકનું ૧૯૮૪માં મહારાષ્ટ્રના અહમદનગરમાં માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું હતું. જોશીએ પહેલાથી જ સ્પષ્ટતા કરી હતી કે તેણે ત્રણ દાયકા કરતાં પણ વધુ સમય પહેલાં તેના ભાઈ (ગોપાલ જોશી) વિશે કોર્ટમાં એફિડેવિટ દાખલ કરી હતી અને જાહેર નોટિસ પણ પ્રકાશિત કરી હતી જેમાં કહેવામાં આવ્યું હતું કે કોઈ પણ વ્યક્તિ તેનો ભાઈ, સંબંધી અથવા મિત્રો હોવાનો દાવો કરે છે અને તે આચરણ કરે છે તો એવાં કોઈપણ નાણાકીય વ્યવહાર તેના માટે બંધનકર્તા રહેશે નહીં. ■







પ્રકાશ પર્વ: શીખોના ચોથા ધર્મગુરુ ગુરુ રામદાસની જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપ શનિવારે અમૃતસરમાં પ્રકાશ પર્વના પ્રસંગે સુવર્ણ મંદિરને શણગારવામાં આવ્યું હતું અને શીખ ગુરુઓએ ગુરુ ગ્રંથ સાહેબની પૂજા કરી હતી. (એજન્સી)

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨૦-૧૦-૨૦૨૪ થી તા. ૨૬-૧૦-૨૦૨૪

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ સમગ્ર સપ્તાહમાં તુલા રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ મિથુનમાંથી કર્કમાં તા. ૨૦મીએ પ્રવેશે છે. બુધ તુલા રાશિમાં મધ્યમ ગતિએ માર્ગીભ્રમણ કરે છે. ગુરુ વૃષભ રાશિમાં વક્રી ભ્રમણ કરે છે. શુક્ર વૃશ્ચિક રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શનિ કુંભ રાશિમાં વક્રી ભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે વૃષભમાં રહે છે. તા. ૨૧મીએ મિથુનમાં, તા. ૨૪મીએ કર્કમાં, તા. ૨૬મીએ સિંહ રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના તેજીના વેપારમાં કામકાજ માટે ગોચરગ્રહો શુભ જણાય છે. પરંતુ જન્મકુંડળીના આધારે પણ નિર્ણયો લેવા જરૂરી છે. નોકરીમાં પ્રગતિ જણાય. હસ્તગત કામકાજ પણ પરિવર્તિત થાય તેમ છે. તા. ૨૧, ૨૩, ૨૬ શુભ જણાય છે. કારોબારની નાણાંની આવક જળવાઈ રહેશે. મહિલાઓના કુટુંબીજનો સાથેના વિવાદોનો ઉકેલ આવે તેમ છે. વિદ્યાર્થીઓને સફળતાનો સુખદ અનુભવ થાય.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું રોકાણ થઈ શકશે. જૂનાં રોકાણમાંથી પણ નફો મેળવી શકશો. નોકરી માટે તા. ૨૧, ૨૪, ૨૫ શુભ જણાય છે. કારોબારની નાણાઆવક જળવાઈ રહેશે. નવા નાણાઆવકના સાધનો મેળવશો. અર્થવ્યવસ્થા જાળવવાના પ્રયત્નો સફળ બની રહેશે. મહિલાઓના પડોશ સંબંધો વધુ સફળ બની રહેશે. વિદ્યાર્થીઓના સપ્તાહના નિત્ય અભ્યાસ જળવાઈ રહેશે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં આત્મવિશ્વાસ અને આવડત અને અનુભવને પુષ્ટી પ્રાપ્ત થાય તેવું સપ્તાહનું ગોચરફળ છે. નોકરી માટે તા. ૨૨, ૨૫, ૨૬ સકારાત્મક પરિણામો દર્શાવે છે. કુટુંબના સભ્યો માટેના નિર્ણયો સરળતાથી લાવી શકશો. પરિવારના સભ્યોની નાણાઆવકની વૃદ્ધિ થશે. ગૃહિણીઓને સંતાનની શૈક્ષણિક જવાબદારીમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષક અધિકારીનો સહયોગ પ્રાપ્ત થશે.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણાંરોકાણ માટેના નિર્ણયોનો અમલ થઈ શકશે. દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બની રહેશે. તા. ૨૪, ૨૫, ૨૬ના નોકરીના કામકાજમાં યશ મેળવશો. નોકરીના સહકાર્યકરોનો સહયોગ પણ મેળવશો. સ્વતંત્ર કારોબારની નાણાઆવક જળવાઈ રહેશે તથા આર્થિક વ્યવહારો પણ સંપન્ન થશે. ગૃહિણીઓ પરિવાર માટે જરૂરી ચીજો પ્રાપ્ત કરી શકશે. વિદ્યાર્થીઓને સહઅધ્યાયીઓ દ્વારા મૂંઝવતા પ્રશ્નોમાં ઉકેલ પ્રાપ્ત થાય.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં લાંબા સમયનું નવું રોકાણ પણ શક્ય છે. નવીન કાર્યપદ્ધતિનું જ્ઞાન પણ મેળવી શકશો. નોકરીમાં પ્રસિદ્ધિ, યશ મેળવશો. જૂનાં અધૂરા કાર્યો પૂર્ણ કરી શકશો. વાહન, સગવડતાના સાધનો મેળવી શકશો. પ્રવાસ માટે સપ્તાહના ગોચરફળ શુભ છે. કારોબારની નાણાઆવકની વૃદ્ધિ થશે. મહિલાઓને કુટુંબમાં યશસ્વી અનુભવ થાય. વિદ્યાર્થીઓ સપ્તાહનો અભ્યાસ નિયમિતપણે જાળવી શકશે.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા રોકાણ તથા જૂનાં રોકાણમાં લે-વેંચના નિર્ણયોનો અમલ કરી શકશો. શેરબજારના કામકાજ માટે જરૂરી જ્ઞાન મેળવી શકશો. નોકરી માટે આ સપ્તાહના તા. ૨૦, ૨૧, ૨૪, ૨૬ શુભ જણાય છે. પરિવારમાં સંપ વધશે. પરિવારના સભ્યો કાર્યક્ષેત્રે યશસ્વી જણાઈ આવશે. મહિલાઓના ભાઈ-બહેનો સાથેના મતભેદોનો ઉકેલ આવશે. વિદ્યાર્થીઓ સપ્તાહના નિત્ય અભ્યાસમાં પૂર્ણપણે ધ્યાન આપી શકશે.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના કામકાજમાં કાર્યદક્ષતા તથા અનુભવ અને જ્ઞાનને લીધે આત્મવિશ્વાસ વધુ દૃઢ બનશે. દૈનિક સાપ્તાહિક વેપારમાંથી નાણાં મેળવી શકશો. પ્રવાસ દ્વારા નોકરીના કામકાજ પૂર્ણ થશે. તા. ૨૨, ૨૩, ૨૪ના કામકાજમાં સરળતા જણાશે. મહિલાઓને આ સપ્તાહમાં તીર્થયાત્રા, ધાર્મિક પ્રસંગના આયોજનોમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહમાં શૈક્ષણિક આયોજનો નિયમિતપણે જળવાઈ રહેશે. કુટુંબના સભ્યોનું પ્રોત્સાહન પણ મેળવી શકશો.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના તેજીના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. જન્મકુંડળીના આધારે વાયદાના વેપારના નિર્ણયો લેવા જરૂરી છે. નોકરી માટે તા. ૨૦, ૨૧, ૨૪, ૨૫, ૨૬ શુભ જણાય છે. વેપારમાં અર્થવ્યવસ્થા વધુ સક્ષમ બનશે. વેપારના મિત્રોમાં મતભેદો દૂર થશે. મહિલાઓને પરિવારમાં પ્રસંગોના આયોજનમાં એકવાક્યતાનો અનુભવ થશે. પડોશ મિત્રોનો સહયોગ પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓને નિત્ય અભ્યાસ માટે જરૂરી માર્ગદર્શન પ્રાપ્ત થતું જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણારોકાણ માટે ગોચરફળ શુભ છે. અર્થવ્યવસ્થા જાળવવામાં સફળતા મેળવશો. પ્રવાસ માટેના નિર્ણયોનો અમલ થઈ શકશે. જૂનાં કોર્ટ પ્રશ્નોનો ઉકેલ આવશે. મહિલાઓને કુટુંબના મતભેદોમાં ઉકેલ જણાશે. આરોગ્ય જળવાશે. વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ સફળ નીવડશે તથા શિક્ષકોના માર્ગદર્શન દ્વારા શૈક્ષણિક પ્રસંગોના આયોજનો પણ સફળતાથી પૂર્ણ કરી શકશો.

મકર (ખ.જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના લાંબા સમયના રોકાણના નિર્ણયનો અમલ તથા દૈનિક સાપ્તાહિક વેપાર સફળ નીવડશે. નોકરી માટે તા. ૨૨, ૨૩, ૨૫ શુભ જણાય છે. પ્રવાસના નિર્ણયો માટે પરિવારજનો ઉપયોગી થશે. જૂનાં ઉઘરાણીનાં નાણાંની આ સપ્તાહમાં વસૂલી થાય. મહિલાઓના પ્રાસંગિક જવાબદારીના કામકાજ સરળતાથી સંપન્ન થશે. વ્યક્તિગત કામકાજના નિર્ણયોમાં પતિનો સહયોગ મેળવશો. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શૈક્ષણિક પ્રવાસ માટેની તક અનુકૂળ જણાશે.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપારમાં અનુકૂળતા જણાશે. કામકાજ અર્થે પ્રવાસ માટે આ સપ્તાહ ગોચરફળ શુભ જણાય છે. જૂનાં ઉઘરાણીનાં નાણાંની વસૂલી પૂર્ણ થઈ શકશે. મિલકત, વાહનના નિર્ણયો લઈ શકશો. વેપારના કામકાજ વધશે. નાણાઆવક વધશે. મહિલાઓને આ સપ્તાહમાં નાણાંખર્ચ વિશે સાવધાની રાખવી જરૂરી જણાશે, પરંતુ જરૂરી ચીજો પ્રાપ્ત કરી શકશો. વિદ્યાર્થીઓનો અભ્યાસ નિયમિતપણે જળવાઈ રહેશે.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું નાણારોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળતાથી પૂર્ણ કરી શકશો. શેરબજારના કામકાજ માટે આત્મવિશ્વાસ નિર્માણ થશે. તા. ૨૭, ૨૮, ૩૦ના કામકાજમાં સફળતા જણાશે. અર્થવ્યવસ્થાની પ્રવૃત્તિઓ સફળતાથી જળવાઈ રહેશે. પ્રવાસ દ્વારા કારોબારના કામકાજ પૂર્ણ કરી શકશો. નવા કારોબારનો પ્રારંભ શક્ય જણાય છે. મહિલાઓને પડોશ સંબંધોના વિવાદનો ઉકેલ જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં ધાર્યા મુજબના અભ્યાસના સાધનો પ્રાપ્ત કરી શકશે.

## આજનું પંચાંગ

(ઉત્તરાયણ સૌર શરદઋતુ), રવિવાર, તા. ૨૦-૧૦-૨૦૨૪, સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય ક. ૨૦-૨૫.

ભારતીય દિનાંક ૨૮, માહે આશ્વિન, શકે ૧૯૪૬
વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, આશ્વિન વદ - ૩
જૈન વીર સંવત ૨૫૫૦, માહે આશ્વિન, તિથિ વદ-૩
પારસી શહેનશાહી રોજ ૭મો અમરદાદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૭મો અમરદાદ, માહે ૪થો તીર, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
મુસ્લિમ રોજ ૧૬મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
મીસરી રોજ ૧૭મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
નક્ષત્ર કૃત્તિકા સવારે ક. ૦૮-૩૧ સુધી, પછી રોહિણી.
ચંદ્ર વૃષભમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૩૫ , અમદાવાદ ક. ૦૬ મિ. ૩૮, સ્ટા. ટા.
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૯, સ્ટા. ટા.
મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ
ભરતી : બપોરે ક. ૧૩-૧૬, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૧૮ (તા. ૨૧)
ઓટઃ સવારે ક. ૦૭-૨૨, રાત્રે ક. ૧૯-૨૬
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, આશ્વિન કૃષ્ણ - તૃતીયા. સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય ક. ૨૦-૨૫. દશરથી ચતુર્થી, કરક ચતુર્થી, મંગળ કર્કમાં ક. ૧૪-૧૮, વિષ્ટિ સૂર્યોદય સુધી.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
મુહૂર્ત વિશેષઃ ગાયત્રી પૂજા જાપ, હવન, ભગવાન સૂર્યનારાયણ, ચંદ્ર ગ્રહદેવતાનું પૂજન, અગ્નિ, બ્રહ્મા, ધ્રુવદેવતાનું પૂજન, માલ વેચવો, ચોથનો ક્ષય હોઈ સાંસારિક શુભ કાર્યો વર્જ્ય છે. શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, કથા વાંચન, વિષ્ણુ-લક્ષ્મી પૂજન, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્ત્રોત પાઠ વાંચન, તુલસીપૂજા, શ્રીસુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, ચંદ્રબળ જોઈ સીમંત સંસ્કાર થઈ શકે છે. શ્રી ગણેશ મંદિરમાં પાટ-અભિષેક પૂજા, ધજા-કળશ પતાકા ચઢાવવી, પર્વ પૂજા નિમિત્તે નવા વસ્રો, આભૂષણ પહેરવા, બી વાવવું, ધાન્ય ભરવું, સર્વશાંતિ, શાંતિપૌષ્ટિક પૂજા,
આચમનઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ મતલબી.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ,
ગ્રહગોચરઃ સૂર્ય-તુલા, મંગળ-મિથુન/કર્ક, બુધ-તુલા, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-વૃશ્ચિક, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨૦-૧૦-૨૦૨૪ થી તા. ૨૬-૧૦-૨૦૨૪

રવિવાર, આશ્વિન વદ-૩, વિ. સં. ૨૦૮૦, તા. ૨૦મી ઓક્ટોબર, ઈ. સ. ૨૦૨૪. નક્ષત્ર કૃત્તિકા સવારે ક. ૦૮-૩૧ સુધી, પછી રોહિણી. ચંદ્ર વૃષભ રાશિ પર જન્માક્ષર. સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય ક. ૨૦-૨૫. દશરથી ચતુર્થી, કરક ચતુર્થી, મંગળ કર્કમાં ક. ૧૪-૧૮, વિષ્ટિ સૂર્યોદય સુધી. શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન. શુભ કાર્ય વર્જ્ય છે.

સોમવાર, આશ્વિન વદ-૫, તા. ૨૧મી, નક્ષત્ર રોહિણી સવારે ક. ૦૬-૪૯ સુધી, પછી મૃગશીર્ષ મધ્યરાત્રિ પછી ૨૯-૫૦ સુધી (તા. ૨૨મી), પછી આર્દ્રા. ચંદ્ર વૃષભમાં સાંજે ક. ૧૮-૧૪ સુધી, પછી મિથુન રાશિ પર જન્માક્ષર. - શુભ દિવસ.

મંગળવાર, આશ્વિન વદ-૬, તા. ૨૨મી, નક્ષત્ર આર્દ્રા મધ્યરાત્રિ પછી ક. ૨૯-૩૮ સુધી પછી પુનર્વસુ. ચંદ્ર મિથુન રાશિ પર જન્માક્ષર. સૌર હેમંતઋતુ પ્રારંભ, સૂર્ય સાયન વૃશ્ચિક રાશિ ક. ૨૭-૪૪. વિષ્ટિ ક. ૨૫-૨૮થી. સામાન્ય દિવસ.

બુધવાર, આશ્વિન વદ-૭, તા. ૨૩મી, નક્ષત્ર પુનર્વસુ મધ્યરાત્રિ પછી ક. ૩૦-૧૫ સુધી (તા. ૨૪મી), પછી પુષ્ય. ચંદ્ર મિથુનમાં મધ્યરાત્રે ક. ૨૪-૦૧ સુધી, પછી કર્ક રાશિ પર જન્માક્ષર. સૂર્ય મહાનક્ષત્ર સ્વાતિ ક. ૨૪-૪૩, વાહન શિયાળ, ભારતીય કાર્તિક માસારંભ, વિષ્ટિ ક. ૧૩-૧૬ સુધી. શુભ દિવસ.

ગુરુવાર, આશ્વિન વદ-૮, તા. ૨૪મી, નક્ષત્ર પુષ્ય. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. કાલાષ્ટમી, ગુરુપુષ્યામૃત યોગ સૂર્યોદય થી શુક્રવારનાં સૂર્યોદય. શુભ દિવસ.આજ રોજ બ્રહ્મલિન હરિહર પંડિત મહેસાણાવાળા રચિત ,પ્રેરિત રિધ્ધિદાયક શ્રી ગણેશ યંત્ર પૂજા, પ્રતિષ્ઠા, શ્રી યંત્ર પૂજાનો મહિમા છે. શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન.ગુરુપુષ્યામૃતસિદ્ધિ યોગના મુહૂર્તોઃ (૧) સવારે ક. ૦૬-૩૭ થી ક. ૦૮-૦૩ (શુભ) (૨) સવારે ક. ૧૦-૫૬ થી બપોરે ક. ૧૨-૨૩ (ચલ) (૩) બપોરે ક. ૧૨-૨૩ થી ક. ૧૩-૪૯ (લાભ),(૪) બપોરે ક. ૧૩-૪૯ થી ક. ૧૫-૧૬ (અમૃત), (૫) સાંજે ક. ૧૬-૪૨ થી ક. ૧૮-૦૯ (શુભ),(૬) સાંજે ક. ૧૮-૦૯ થી રાત્રે ક. ૧૯-૪૨ (અમૃત), (૭) રાત્રે ક. ૧૯-૪૨ થી ક. ૨૧-૧૬ (ચલ),(૮) મધ્યરાત્રે ક. ૦૦-૨૩ થી ક. ૦૧-૫૬ (તા. ૨૫) (લાભ),(૯) મધ્યરાત્રિ પછી ક.૦૩-૩૦ થી ક. ૦૫-૦૩ (તા. ૨૫) (શુભ),(૧૦) મધ્યરાત્રિ પછી ક. ૦૫-૦૩ થી ક. ૦૬-૩૭ (તા.૨૫)(અમૃત).

શુક્રવાર, આશ્વિન વદ-૯, તા. ૨૫મી, નક્ષત્ર પુષ્ય સવારે ક. ૦૭-૩૯ સુધી, પછી આશ્લેષા. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શુભ કાર્ય વર્જ્ય છે.

શનિવાર, આશ્વિન વદ-૧૦, તા. ૨૬મી, નક્ષત્ર આશ્લેષા સવારે ક. ૦૯-૪૫ સુધી, પછી મઘા. ચંદ્ર કર્કમાં સવારે ક. ૦૯-૪૫ સુધી, પછી સિંહ રાશિ પર જન્માક્ષર. વિષ્ટિ ક. ૧૬-૧૭ થી ક.૨૯-૨૩ સામાન્ય દિવસ.

# નારીશક્તિના આશીર્વાદ 'વિકસિત ભારત' માટે પ્રેરણારૂપઃ મોદી

નવી દિલ્હીઃ નારીશક્તિના આશીર્વાદ 'વિકસિત ભારત' માટે પ્રેરણારૂપ હોવાનું જણાવતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કહ્યું હતું કે તેમનાં આશીર્વાદ જ મને વિકસિત ભારતના નિર્માણ માટે કામ કરવાની પ્રેરણા આપે છે. એક આદિવાસી મહિલાએ મારા પરત્વે આભાર વ્યક્ત કરવા રૂ. ૧૦૦ મને પહોંચાડવાનો આગ્રહ રાખ્યો હોવાની વાત કર્યા બાદ મોદીએ ઉપરોક્ત નિવેદન કર્યું હતું.

સોશિયલ મીડિયા પર તસવીર પૉસ્ટ કરતાં ભાજપના ઉપાધ્યક્ષ બાઈજયંત જય પાન્ડાએ કહ્યું હતું કે પક્ષના સભ્યપદની ઝુંબેશ દરમિયાન ઓડિશાના સુંદરગઢ જિલ્લામાં આ આદિવાસી મહિલાને હું મળી હતી. આ મહિલાએ મોદીનો આભાર માનવા રૂ.૧૦૦ તેમના સુધી પહોંચાડવાનો આગ્રહ રાખ્યો હતો. મેં એને ઘણું સમજાવ્યું કે આ બધું કરવાની જરૂર નથી, પરંતુ તે મારી ના સાંભળવા તૈયાર નહોતી અને અંતે મેં તેની વિનંતી સ્વીકારી હતી.

આ ઘટના ભારત અને ઓડિશા પરિવર્તનના કેવા તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે તેનું પ્રતિબિંબ પાડે છે, એમ તેમણે કહ્યું હતું.

આ હૃદયસ્પર્શી ઘટના અંગે પ્રતિક્રિયા આપતા મોદીએ કહ્યું હતું કે મને આશીર્વાદ અને પ્રેરણા આપવા બદલ હું દેશની નારીશક્તિને નમન કરું છું. તેમના આશીર્વાદ જ મને વિકસિત ભારતના નિર્માણ માટે કામ કરવાની પ્રેરણા આપે છે. (એજન્સી)

# હિંદુ સંગઠનોના સભ્યો પર હૈદરાબાદમાં લાઠીમાર

હૈદરાબાદઃ અહીંના મંદિરમાં ઈશ્વરની પ્રતિમાને અપવિત્ર કરવાને મામલે વિરોધપ્રદર્શન કરી રહેલા વિશ્વ હિંદુ પરિષદ, બજરંગ દળ અને અન્ય હિંદુ સંગઠનોના સભ્યો પર હૈદરાબાદ પોલીસે શનિવારે લાઠીચાર્જ કર્યો હતો.

મહારાષ્ટ્રનો સલમાન સલીમ ઠાકુર ઉર્ફે સલમાન નામનો ઍન્જિનિયર ૧૪ ઑક્ટોબરે વહેલી સવારે સિકંદરાબાદસ્થિત મુથયાલમ્મા મંદિરના ગર્ભગૃહમાં પ્રવેશ્યો હતો અને મંદિરની મુખ્ય પ્રતિમાને અપવિત્ર કરી હતી જેનો સ્થાનિક લોકો, હિંદુ સંગઠનો અને ભાજપે વિરોધ કર્યો હતો.

આરએસએસના પ્રવક્તા રવીનુથાલા શશીધરના જણાવ્યા અનુસાર મંદિર પરત્વેના તેલંગણા સરકારના અભિગમનો વિરોધ કરવા વિશ્વ હિંદુ પરિષદે શનિવારે રાજ્યવ્યાપી વિરોધ પ્રદર્શનની હાકલ કરી હતી.

પ્રદર્શનાર્થીઓ હાથમાં ભગવો ધ્વજ લઈને મંદિરની બહાર એકઠાં થયાં હતાં અને 'જય શ્રી રામ' તેમ જ 'વી વૉન્ટ જસ્ટિસ'ના નારા લગાવ્યા હતા.

પોલીસે કરેલા લાઠીચાર્જમાં અનેક લોકોને નજીવી ઈજા થઈ હતી. પોલીસ દ્વારા કરવામાં આવેલા લાઠીચાર્જનો શશીધરે વિરોધ કર્યો હતો. (એજન્સી)



કરવા ચોથઃ દહેરાદૂનમાં શુક્રવારે કરવા ચોથ તહેવાર અગાઉ મહેંદીથી શણગારેલો હાથ દર્શાવી રહેલી મહિલા. (એજન્સી)

# લોકોનું કલ્યાણ એ સરકારની સૌથી મોટી પ્રાથમિકતા હોવી જોઈએઃ વડા પ્રધાન

ચંડીગઢઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ચંડીગઢમાં રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (એનડીએ)ના મુખ્ય પ્રધાનો અને નાયબ મુખ્ય પ્રધાનોની બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ દરમિયાન તેમણે એનડીએના સાથી પક્ષો સાથે બંધારણીય મૂલ્યો અને તેનાથી સંબંધિત વધુ કામ અંગે ચર્ચા કરી હતી. વડા પ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું હતું કે એનડીએના મુખ્ય પ્રધાનો અને નાયબ મુખ્ય પ્રધાનોની બેઠકની અધ્યક્ષતા કરી. અમે સુશાસનના પાસાઓ અને લોકોના જીવનને સુધારવાની રીતો પર વિસ્તૃત ચર્ચા કરી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ભાજપના નેતૃત્વ હેઠળનું રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (એનડીએ) રાષ્ટ્રીય પ્રગતિને આગળ વધારવા તેમજ ગરીબો અને વંચિતોના સશક્તિકરણ કરવા માટે પ્રતિબદ્ધ છે. વડા પ્રધાન મોદીએ હરિયાણાના મુખ્ય પ્રધાન નાયબસિંહ સૈની અને તેમના કેબિનેટ સાથીઓના શપથ ગ્રહણ સમારોહ પછી એનડીએના મુખ્ય પ્રધાનો અને નાયબ મુખ્ય પ્રધાનોની બેઠકની અધ્યક્ષતા કરી હતી.

એનડીએની બેઠકના સમાપન બાદ બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ કહ્યું કે પીએમ મોદીએ ભાર મુક્યો હતો કે લોકોની સમસ્યાઓનું નિરાકરણ શાસન દ્વારા લાવવામાં આવે. તેમણે કહ્યું હતું કે આપણે 'પ્રો-પીપલ, પ્રો-ગવર્નન્સ- પીરજીર' પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ અને તેને આગળ લઈ જવું જોઈએ. એનડીએ શાસિત રાજ્યોના ૧૭ સીએમ અને ૧૮ ડેપ્યુટી સીએમએ આ બેઠકમાં ભાગ લીધો હતો. તેમણે જણાવ્યું હતું કે બેઠકમાં ૬ દરખાસ્તો પર ચર્ચા કરવામાં આવી હતી અને તેને પાસ કરવામાં આવી હતી.

પીએમની નીતિઓને કારણે હરિયાણામાં પાર્ટીની જીત પર પહેલો પ્રસ્તાવ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. હરિયાણામાં ભાજપને ખેડૂતો, યુવાનો અને કુસ્તીબાજોનું સમર્થન મળ્યું છે. આ માટે પીએમ મોદીનો આભાર માનવામાં આવ્યો હતો અને પ્રસ્તાવ સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યો હતો. રક્ષા મંત્રી રાજનાથ સિંહે ૨૦૨૫માં 'બંધારણનો અમૃત મહોત્સવ' ઉજવવાનો બીજો પ્રસ્તાવ મુક્યો હતો.

નડ્ડાએ કહ્યું હતું કે પીએમ મોદીએ તેમની ટિપ્પણીમાં કહ્યું કે આઝાદી પછી આ પ્રથમ વખત છે જ્યારે જમ્મુ અને કાશ્મીરમાં શપથગ્રહણ સમારોહ ભારતીય બંધારણ મુજબ યોજવામાં આવ્યો હતો. અગાઉ, જમ્મુ-કાશ્મીરમાં શપથગ્રહણ સમારોહ જમ્મુ-કાશ્મીરના બંધારણ મુજબ યોજાયો હતો.

તેમણે કહ્યું કે બેઠકમાં અમિત શાહે એક પ્રસ્તાવ રજૂ કર્યો હતો કે ૨૦૨૫માં અમે ચર્ચા કરીશું કે કેવી રીતે ઈમરજન્સી લાદીને લોકશાહીની હત્યા થઈ હતી. આવતા વર્ષે આપણે બિરસા મુંડા અને સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ અને અટલ બિહારી વાજપેયીની ૧૦૦મી જન્મજયંતિ ઉજવીશું.

આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન એન.ચંદ્રબાબુ નાયડુએ ચર્ચા કરી કે આપણે કેવી રીતે આત્મનિર્ભર ભારતના માર્ગ પર આગળ વધી રહ્યા છીએ. ઉત્તરાખંડના મુખ્ય પ્રધાન પુષ્કર સિંહે ડિજિટલ ઈન્ડિયામાં ભારત કેવી રીતે આગળ વધ્યું છે તેની ચર્ચા કરી હતી. ડેપ્યુટી મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ભારત માટે ૫ ટ્રિલિયન ડૉલરની અર્થવ્યવસ્થા બનાવવા અંગે વાત કરી હતી. દરમિયાન નિર્ણય લેવામાં આવ્યો કે આપણા સંબંધિત રાજ્યોમાં એક પેડ મા નામ' આગળ વધારવામાં આવે.

આ બેઠકમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એનડીએની તાકાત પર ભાર મુક્યો હતો અને પાર્ટીના નેતાઓને અલગ-અલગ વિષયો પર એક અવાજે વાત કરવા કહ્યું હતું. મુખ્ય પ્રધાનો અને નાયબ મુખ્ય પ્રધાનોએ વર્ષમાં ઓછામાં ઓછા બે વાર મળવું જોઈએ. બંધારણના મૂલ્યોને મજબૂત કરવાની જરૂર છે અને બંધારણની ૭૫મી વર્ષગાંઠ પર વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ. તમામ લોકો પોતાના રાજ્યમાં બંધારણના ૭૫ વર્ષની તૈયારીઓ કરો.

નરેન્દ્ર મોદીએ વધુમાં કહ્યું કે દરેક ભારતીયે બંધારણનું મહત્ત્વ અને તેના મૂલ્યો શું છે તે સમજવાની જરૂર છે. લોકોની સમસ્યાઓ સમજવી અને તેનો ઉકેલ લાવવો જરૂરી છે. લોકોનું કલ્યાણ એ સરકારની સૌથી મોટી પ્રાથમિકતા હોવી જોઈએ. તેમણે એનડીએના મુખ્ય પ્રધાનોને કેન્દ્ર સરકારે બંધારણના ૭૫ વર્ષની ઉજવણી કરવા માટે મંત્રીઓના જૂથની રચના કરી છે. પીએમ મોદીએ આગામી મહિનાઓ માટે એનડીએ સાથી પક્ષોને ૧૧ મુદ્દાનો એજન્ડા પણ આપ્યો હતો.

ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ જેપી નડ્ડા, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, ગૃહ પ્રધાન અમિત શાહ, આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન ચંદ્ર બાબુ નાયડુ અને આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમાએ આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં હાજરી આપી હતી. આ બેઠકમાં ભાજપના કુલ ૧૩ મુખ્ય પ્રધાનો અને ૧૬ નાયબ મુખ્ય પ્રધાનોએ હાજરી આપી હતી. આ સાથે એનડીએ સાથી શાસિત મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ, બિહાર, સિક્કિમ, નાગાલેન્ડ અને મેઘાલયના મુખ્ય પ્રધાનોએ પણ ભાગ લીધો હતો.



ખરીદીઃ દિવાળીના તહેવાર અગાઉ શનિવારે દિલ્હીમાં સદર બજારમાંથી ખરીદી કરી રહેલા લોકો. (એજન્સી)

# છત્તીસગઢમાં બે જવાન શહીદ

નારાયણપુરાઃ છત્તીસગઢના નારાયણપુરા જિલ્લામાં નક્સલવાદીઓએ શનિવારે કરેલા આઈઈડી વિસ્ફોટમાં ઈન્ડો-તિબેટન બૉર્ડર ફૉર્સ (આઈટીબીપી)ના બે જવાન શહીદ થયા હોવાનું પોલીસે કહ્યું હતું. સુરક્ષા અધિકારીઓની સંયુક્ત ટુકડી નક્સલવાદવિરોધી કાર્યવાહી કરવા અબુજહમાદના કોડલિયાર ગામ નજીક પહોંચી હતી ત્યારે એટલે કે બપોરે બે વાગે આ ઘટના બની હતી.

નક્સલવાદવિરોધી આ કાર્યવાહીમાં આઈટીબીપી, બીએસએફ અને ડિસ્ટ્રીક્ટ રિઝર્વ ગાર્ડ ઑફ પોલીસ પણ જોડાયા હતા.

કાર્યવાહી બાદ જવાનોની ટુકડી પાછી ફરી રહી રહી ત્યારે આ વિસ્ફોટ થયો હતો.

ઘાયલ થયેલા ચાર અધિકારીને સારવારાર્થે નજીકની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

# ભાજપે પેટાચૂંટણીના ઉમેદવારો જાહેર કર્યા

નવી દિલ્હીઃ કેરળના વાયનાડ લોકસભા મતદાર ક્ષેત્રમાંથી ભાજપે શનિવારે નવ્યા હરિદાસની ઉમેદવારી નોંધાવી હતી.

આ મતદાર ક્ષેત્રમાંથી પ્રિયંકા ગાંધી વાડરા કૉંગ્રેસની ટિકિટ પર ચૂંટણી લડી રહ્યા છે.

ભાજપે દેશના આઠ રાજ્યની વિધાનસભાની ચૂંટણી માટે પણ ૨૪ ઉમેદવારના નામની જાહેરાત કરી હતી.

ભૂતપૂર્વ સાંસદ સુનિલ સોની છત્તીસગઢના રાયપુર શહેરની દક્ષિણ વિધાનસભા બેઠક પર ચૂંટણી લડશે. આ ઉપરાંત ભાજપે આસામ, બિહાર, કર્ણાટક, કેરળ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને પ. બંગાળની વિધાનસભા બેઠક માટે પણ ઉમેદવારોના નામની જાહેરાત કરી હતી. (એજન્સી)

# દિલ્હીમાં ટ્રેનમાંથી ₹ ૪.૦૧ કરોડનું સોનું, ચાંદી અને રોકડ જપ્ત કરતું આરપીએફ

નવી દિલ્હીઃ નવી દિલ્હી રેલવે સ્ટેશન પર રેલવે સુરક્ષા દળે ચાર ટ્રેનોમાંથી મોટી માત્રામાં સોનાની લગડીઓ, ચાંદી અને બિનહિસાબી રોકડ જપ્ત કરી હતી. રેલવે મંત્રાલયે એક પ્રેસ નિવેદનમાં આ જાણકારી આપી હતી.

નિવેદનમાં જણાવ્યા અનુસાર માહિતીના આધારે કાર્યવાહી કરતા મંત્રાલયે ૪ સપ્ટેમ્બરના રોજ ટ્રેનોમાંથી રૂા. ૪.૦૧ કરોડનો સામાન રિકવર કર્યો હતો. મંત્રાલયે કહ્યું કે આરપીએફ ટીમ હાઇ એલર્ટ પર હતી, કારણ કે તેઓએ આવનારી ઘણી ટ્રેનોની તપાસ કરી હતી. કોચની તપાસ દરમિયાન તેમને ચાર અલગ-અલગ ટ્રેનોમાંથી ૨૪ શંકાસ્પદ પૅકેટ મળ્યાં હતાં. તેમાં જણાવાયું છે કે શરૂઆતમાં સામાન્ય લાગતા પાર્સલમાં આશ્ચર્યજનક રીતે ૪૯૮ ગ્રામ સોનાની લગડીઓ, ૩૬૫ કિલો ચાંદી અને ૮૫.૭૨ લાખ રૂપિયાની બિનહિસાબી રોકડ હતી.મંત્રાલયે જણાવ્યું કે આવકવેરા વિભાગ સાથે મળીને કામ કરી રહેલી આરપીએફ ટીમે કાળજીપૂર્વક દસ્તાવેજો તૈયાર કર્યા અને આગળની તપાસ માટે સામાન સુરક્ષિત કર્યો હતો. આ અભિયાનને હરિયાણામાં વિધાનસભા ચૂંટણી દરમિયાન રેલવે પર ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર અંકુશ લગાવવામાં એક મોટી સફળતા તરીકે આંકવામાં આવ્યું હતું. પ્રેસનોટમાં જણાવાયું છે કે આ ઓપરેશન હરિયાણા અને જમ્મુ-કાશ્મીરમાં ૧૬ ઓગસ્ટથી ૫ ઓક્ટોબર વચ્ચે યોજાનારી વિધાનસભા ચૂંટણીને સુરક્ષિત કરવા માટે આરપીએફ દ્વારા કરવામાં આવેલા વ્યાપક પ્રયાસોમાંનું એક હતું. બંને રાજ્યોમાં તહેનાત દળની ૬૦ કંપનીઓ સાથે આરપીએફએ ચૂંટણીના સમયગાળા દરમિયાન શાંતિ અને સુરક્ષા જાળવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હોવાનું નિવેદનમાં જણાવાયું છે.

# અમરેલીના લાઠી તાલુકાના આંબરડી ગામે પાંચ ખેત મજૂરો પર વીજળી પડતાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સહિત અમરેલી જિલ્લાના વાતાવરણમાં શનિવારે બપોર બાદ પલટો આવ્યો હતો. અમરેલીના લાઠી તાલુકાના આંબરડી ગામે ખેતી કામથી પરત ફરતા ૫ શ્રમિકોના વીજળી પડવાથી મોત થયાં હતાં. આંબરડી ગામનો દેવીપૂજક પરિવાર ખેતરેથી પરત ફરતો હતો ત્યારે કાળમુખી બનીને ત્રાટકેલી વીજળી ૫ લોકોને ભરખી ગઈ હતી.

દેવીપૂજક પરિવારના ૮ સભ્યો ખેતરમાં કપાસ વીણવાનું કામ કરી રહ્યા હતા. આ સમયે અચાનક વાદળો ઘેરાઈને ગાજવીજ સાથે વરસાદ શરૂ થઈ ગયો હતો. આથી તેઓ ઘર તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન વીજળી પડતાં ૪ બાળકો અને ૧ યુવતી સહિત એક જ પરિવારના ૫ સભ્યોનાં મોત નીપજ્યાં હતાં. શનિવાર સાંજે લગભગ ૫ વાગ્યાની આસપાસ આ વીજળી પડવાની ઘટના બની હતી.

ઘટનાના પગલે ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. ઘટનાની વિગત પ્રમાણે, લાઠીના આકાશમાં કાળા ડિંબાગ વાદળો છવાયાં બાદ વીજળીના કડાકા ભડાકા શરૂ થયા હતા. જેને લઈ ખેતરમાં કામ કરતાં લોકોએ ગામ તરફ પ્રયાણ કર્યું હતું. આંબરડી ગામે પણ વરસાદ અને વીજળી શરૂ થતાં એક દેવીપૂજક પરત ફરતો હતો તે સમયે તેમના પર વીજળી ત્રાટકી હતી. જેમાં રાધે સાંથળીયા (ઉં.વ.૫), રૂપાલી (ઉં.વ.૮), રિદ્ધી (ઉં.વ.૭), શિલ્પાબેન સાંથળીયા (ઉં.વ.૧૮) અને ભારતીબેન સાંથળીયા (ઉં.વ.૩૫)નાં મોત થયા હતા. ઘટનાના પગલે તેમની સાથે રહેલા બાકીના ત્રણ લોકો ગભરાઈ ગયા હતા. આ બાબતની જાણ થતાં તાત્કાલિક ૧૦૮ની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. જ્યાંથી ઈજાગ્રસ્તોને સારવાર અર્થે અમરેલીની હૉસ્પિટલ તેમ જ મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા હતા.

# સૌરાષ્ટ્રમાં બે દિવસ વરસાદની આગાહીથી ધરતીપુત્રો ચિંતાતુર બન્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અરબી સમુદ્રમાં સર્જાયેલા દબાણના કારણે સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના વાતાવરણમાં પલટો આવ્યો હતો. બપોરે અનેક જગ્યાએ કાળાડિંબાગ વાદળો ઘેરાયાં હતાં અને વીજળીના કડકાભડકા સાથે વરસાદ તૂટી પડ્યો હતો. ભાવનગર, અમરેલી, જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં અનેક જગ્યાએ વરસાદ પડ્યો હતો. હાલ કપાસ, મગફળી, સોયાબીન, બાજરી સહિતનો પાક તૈયાર થવા આવ્યો છે, તેવા સમયે જ હવામાન વિભાગ દ્વારા સૌરાષ્ટ્રમાં બે દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આગાહીના કારણે ખેડૂતો ચિંતાતુર બન્યા છે. સૌરાષ્ટ્રમાં સાર્વત્રિક વરસાદ વરસતા ખેડૂતોને મગફળી, કપાસ, સોયાબીન સહિતના પાકમાં વ્યાપક નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો. તૈયાર પાક ઉપર પાણી ફરી વળતાં ખેડૂતોના મોઢા આગળ આવેલો કોળિયો છીનવાઈ ગયો હતો. મગફળી-તલના પાથરા પલળી થતા મગફળી કાળી પડી ગઈ હતી. ચોમસાની સિઝનમાં સમયસર વરસાદ ખેડૂતોનો પાક પણ સાથે થયો હતો, પરંતુ હવે વરસાદના કારણે પાક ખરાબ થઈ જવાની ભીતિથી ધરતીપુત્રોમાં ચિંતાનો માહોલ છવાઈ ગયો હતો.

# રાજ્યમાં આગામી બે દિવસ ભારે વરસાદની આગાહીઃ સૌરાષ્ટ્ર અને દ. ગુજરાત માથે ઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશભરમાં ચોમાસાની ઋતુ સમાપ્ત થવાના આરે છે. દેશમાં સામાન્ય રીતે જૂન-જુલાઇથી શરૂ થતી ચોમાસાની ઋતુ સપ્ટેમ્બર મહિનામાં સમાપ્ત થાય છે.

જો કે, હવામાન વિભાગે ગુજરાતમાં આગામી બે દિવસ વરસાદ અંગે આગાહી કરી હતી, જેમાં દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી.

નર્મદા, તાપી, સુરત, નવસારી, ડાંગ, વલસાડ, અમરેલી, ભાવનગરમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. અરબી સમુદ્રથી પસાર થતી સિસ્ટમની અસર ગુજરાત પર જોવા મળી છે, જેને પગલે વરસાદની આગાહી કરવામાં આવી હતી. સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લામાં ભારેથી હળવા વરસાદની આગાહી કરવામાં આવી હતી.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે હાલ રાજ્યમાં કનવેક્ટિવ એક્ટિવિટીના કારણે રાજ્યના અલગ અલગ જિલ્લામાં વરસાદની આગાહી કરવામાં આવી હતી, અમદાવાદ લઘુતમ તાપમાન ૨૫.૪ નોંધાયું જે સામાન્ય ૪.૫ ડિગ્રી વધુ છે તો બીજી તરફ મહત્તમ તાપમાન ૩૭.૪ જે સામાન્ય તાપમાન કરતાં એક પોઇન્ટ પાંચ ડિગ્રી વધુ તાપમાન નોંધાયું હતું. રાજયમાં હજી પણ ભેજવાળું વાતાવરણ હોવાથી આગામી સમયમાં તાપમાનમાં વધારો થવાની શકયતાઓ સેવાઈ રહી છે.

તે ઉપરાંત રાજ્યમાં ૧૭-૧૮-૧૯ નવેમ્બર ગરમિયાન તીવ્ર ચક્રવાત રહેવાની શક્યતા છે. ૨૯ નવેમ્બરથી ૩ ડિસેમ્બર સુધીમાં ઠંડીની શરૂઆત થશે. આ વર્ષે માવઠા વધુ થશે તેવી શક્યતા છે.

આગામી ૨૪ કલાકમાં ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ વરસવાની સંભાવના છે.

# અમદાવાદમાં વીજળીના કડાકા અને ભારે પવન સાથે મુશળધાર વરસાદઃ જનજીવન ખોરવાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી બે દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. અરબી સમુદ્રમાં સર્જાયેલી અસ્થિરતાના કારણે ફરી એક વખત રાજ્યના કેટલાક ભાગોમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. એવામાં શનિવારે અમદાવાદના વાતવરણમાં એકાએક પલટો આવ્યો હતો, અમદાવાદમાં ખરા બપોરે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો.

વીજળીના કડાકા અને ભારે પવન સાથે બપોરે ૩ વાગ્યા બાદ શહેરના પશ્ચિમ વિસ્તારમાં ખાસ કરીને વસ્ત્રાપુર, સિંધુભવન રોડ, સેટેલાઈટ, એસ.જી. હાઈવે, થલતેજ, વાસણા, યુનિવર્સિટી રોડ, નવરંગપુરા, નારણપુરા, અંજલી ચાર રસ્તા, પાલડી, વાડજ, રાણીપ ઉપરાંત શાહીબાગ, શાહપુર, અસારવા જેવા વિસ્તારોમાં અચાનક વરસાદ તૂટી પડ્યો હતો. અમદાવાદમાં છેલ્લા કેટલાક દિવસથી વરસાદે વિરામ લેતા શહેરીજનો નિશ્ચિંત બની ગયા હતા. એવામાં અચાનક વરસાદ તૂટી પડતા ઘરેથી રેઈનકોટ અને છત્રી લીધા વિના નીકળેલા લોકોને પલળવાનો વારો આવ્યો હતો.શનિવારે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રીની આસપાસ નોંધાયું હતું. જેના કારણે વહેલી સવારથી શહેરીજનો અસહ્ય ઉકળાટથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. જો કે બપોરે ૩ વાગ્યાની આસપાસ શહેરના વાતાવરણમાં પલટો આવ્યો હતો. જે બાદ શહેરના કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ તૂટી પડ્યો હતો.

# રાજુલા નજીક ટ્રકચાલકે ટક્કર મારી એક કિમી બાઇક ઢસડ્યુંઃ બે લોકોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી જિલ્લામાં રોડ રસ્તા રક્તરંજિત થવાનો સિલસિલો યથાવત જળવાઈ રહ્યો છે. જિલ્લામાંથી પસાર થતાં ભાવનગર-સોમનાથ નેશનલ હાઇવે પર રાજુલા નજીક બેફામ દોડતા ટ્રકચાલકે બાઇકને અડફેટે લેતાં બે લોકોનાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં હતાં. અકસ્માત સર્જી ટ્રકચાલકે રોકવાના બદલે વ્હિલમાં આવી ગયેલા બાઇકને એક કિલોમીટર સુધી ઢસડ્યું હતું. રાજુલાના મહુવા હાઇવે પર દર્શન હોટલ પાસે બાઇક અને ટ્રક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં બન્ને બાઇક સવાર લોકોનાં મોત થયાં હતાં. અકસ્માતના પગલે ટ્રાફિકજામ સર્જાયો હતો. બનાવની જાણ પોલીસને કરવામાં આવી હતી. અકસ્માતની જાણ થતા જ પીપાવાવ મરીન પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે બંને મૃતદેહનો કબજો લઈ અને પીએમ અર્થે હૉસ્પિટલ ખાતે ખસેડવાની કામગીરી હાથ ધરી હતી.

ટ્રકચાલકે ટક્કર મારતાં બાઇક સવાર જાદવભાઈ વાળા અને ખોડાભાઈ વાળા નામના વ્યક્તિ જમીન પર પટકાયા હતા. જેમાં તેમને ગંભીર ઈજા પહોંચી હતી અને સારવાર મળે તે પહેલાં જ મોત થયાં હતાં. અકસ્માતની જાણ થતાં પરિવારજનો દોડી આવ્યા હતા. પોલીસે ટ્રકચાલકને ઝડપી પાડી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભાવનગર-સોમનાથ હાઇવે પર બે દિવસ પહેલા જ અકસ્માત સર્જાયો હતો. બે દિવસ પહેલા રાજુલાના ચારનાળા નજીક બાઇક અને કાર વચ્ચે અકસ્માત થતા બે લોકોનાં મોત થયાં હતાં.

# હાઇ કોર્ટની ફટકાર બાદ પ્રાંતિજ ભાજપના ધારાસભ્ય ગજેન્દ્ર પરમાર સામે આખરે ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઇ કોર્ટના આદેશ બાદ પૂર્વ પ્રધાન અને ભાજપના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર સામે દુષ્કર્મના આરોપસર ફરિયાદ નોંધાઇ હતી. ગાંધીનગર સેક્ટર ૨૧ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઇ હતી. ગુજરાત હાઇ કોર્ટમાં સુનાવણી દરમિયાન એડિશનલ એડવોકેટ જનરલ દ્વારા માહિતી અપાઈ હતી. વર્ષ ૨૦૨૧થી લઈને થયેલી પૂછપરછ અને અન્ય કામગીરીને લઈને માહિતી કોર્ટને અપાઈ હતી.

જો કે ધીમી કામગીરી અંગે ગુજરાત હાઇ કોર્ટે ટિપ્પણી કરી કેટલાક વેધક સવાલો કર્યા હતા કે, અમને એ ખ્યાલ નથી આવતો કે રેપ જેવા આરોપોમાં શા માટે ફરિયાદ નોંધ્યા વગર પૂછપરછ કરવામાં આવી? શું આરોપી ધારાસભ્ય છે એટલે ફરિયાદ નોંધવામાં નથી આવી? આમ તો ૪૦૬ જેવા કિસ્સામાં તરત એફઆઈઆર નોંધવામાં આવે છે. બીજી બધી જે દલીલો છે તે ફરિયાદ બાદ ચાર્જશીટમાં પણ કરવામાં આવી શકતી હતી.

તેમની સામે લગ્નની લાલચે શારિરીક સંબંધ બાંધ્યાની ફરિયાદ કરવામાં આવી હતી. ગજેન્દ્રસિંહ પર સેક્ટર-૨૧ના એમએલએ ક્વાર્ટર ખાતે દુષ્કર્મ આચર્યાનો ઉલ્લેખ પણ કરાયો હતો. આટલું જ નહીં, દુષ્કર્મ બાદ જાતિ વિષયક ટિપ્પણી કર્યાનો પણ આરોપ લગાવામાં આવ્યો હતો. એસસી-એસટી પ્રતિબંધ અધિનિયમની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં રહેતી મહિલા વર્ષ ૨૦૨૦માં તેની પુત્રીને લઇને ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર અને મહેશ નામના વ્યક્તિ સાથે કારમાં જેસલમેર ફરવા જઇ રહ્યા હતા. મુસાફરી દરમિયાન, આબુ નજીક કારમાં હાજર પરમાર અને અન્ય બે લોકો દ્વારા સગીર વયની છેડતી કરવામાં આવી હતી. ધારાસભ્ય પરમાર દ્વારા કથિત રીતે છેડતી કરનાર સગીરની માતાએ ૧૬ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ રાજસ્થાનના જોધપુર કોર્ટ પરિસરમાં આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો.બાદમાં, ૧૯ ડિસેમ્બરે, રાજસ્થાનની જોધપુર શહેર પોલીસે પરમાર અને આ કેસમાં અન્ય આરોપી મહેશ પટેલ સામે ગુનો નોંધ્યો હતો.

સગીરની માતાએ આરોપ લગાવ્યો હતો કે આરોપી ભાજપના ધારાસભ્ય હોવાથી તે રાજકીય દબાણ દ્વારા કેસને પ્રભાવિત કરી શકે છે. તેણીએ કોર્ટને નિષ્પક્ષ તપાસ માટે નિર્દેશ આપવા વિનંતી કરી હતી.

# ભાજપનું સક્રિય સભ્ય બનાવવાનું અભિયાન શરૂઃ સી આર પાટીલે ફોર્મ ભર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતીય જનતા પાર્ટી દ્વારા દેશભરમાં પાર્ટીના પ્રાથમિક સભ્ય બનાવવાનું અભિયાન ચાલી રહ્યું છે.

પ્રાથમિક સભ્ય બન્યા બાદ શનિવારથી ભાજપના સક્રિય સભ્ય બનાવવાની શરૂઆત કરવામાં આવી છે, જે અંતર્ગત આજે કોબા સ્થિત પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલે ભાજપના સક્રિય સભ્ય તરીકેનું ફોર્મ ભર્યું હતુ.

આ તકે ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ ગોરધન ઝડફિયાએ જણાવ્યું હતું કે, આજે કેન્દ્રીય જળશક્તિ પ્રધાન અને પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે સક્રિય સભ્ય બનાવા અંગેનું ફોર્મ ભર્યુ હતું. રાજયના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને પણ સક્રિય સભ્ય તરીકે ફોર્મ ટૂંક દિવસમાં ભરાવવામાં આવશે.

સમગ્ર ગુજરાતમા સંગઠનના પદાધીકારીઓ તેમ જ ચૂંટાયેલા પદાધિકારીઓ સહિતના જે કાર્યકર્તાઓએ તેમની લીંકમાંથી ૧૦૦ પ્રાથમિક સભ્ય બનાવ્યા હશે, તેમને સક્રિય સભ્ય બનાવવાનો પ્રારંભ આજથી થયો છે.

તારીખ ૩૧ ઑક્ટોમ્બર સુધી પ્રાથમિક સભ્ય બનાવવાનું અભિયાન સાથે સક્રિય સભ્ય બનાવવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અંદાજે ૪૫ દિવસમાં એક કરોડ ૮ લાખ પ્રાથમિક સભ્ય નોંધાયા છે. પ્રાથમિક સભ્ય બનાવવા અંગે સભ્યોની ઉંમર, વિધાનસભા, મોબાઇલ નંબર, એડ્રેસ સાથેની આખી વિગત એકત્ર કરી છે. જે કાર્યકર્તાએ ૧૦૦ સભ્ય બનાવ્યા હશે તેમ જ પાર્ટીમાં ભવિષ્યમાં સારી રીતે કામ કરનાર અને પાર્ટીમાં સક્રિયતાથી કામ કરતા કાર્યકર્તાઓ માટે સક્રિય સભ્ય બનાવવાનું કામ આજથી શરૂ થયું છે.

# ગેરકાયદે દબાણ સામે અમદાવાદ મનપાની લાલ આંખઃ મેગા ડિમોલિશન હાથ ધર્યું

અમદાવાદઃ શહેરમાં છેલ્લા ઘણા સમયથી આ વિસ્તારોમાં દબાણો વધવાની ફરિયાદો થઈ રહી હતી અને દિવાળી આવતા પહેલા જ અમદાવાદ મનપા એક્શન મોડમાં આવ્યું છે અને શહેરમાં તમામ ગેરકાયદે દબાણો હટાવવાની કામગીરી શરૂ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ એલિસબ્રિજના ધારાસભ્ય અમિત શાહે પણ દબાણો અંગે અમદાવાદ મનપાને ટકોર કરી હતી. અમદાવાદમાં દબાણ હટાવવા અંગે કાર્યવાહી શરૂ કરી હતી. શહેરના ભદ્ર પ્લાઝા, બાદશાહના હજીરા નજીકના વિસ્તારોમાં મનપાએ સપાટો બોલાવ્યો હતો, તમામ ગેરકાયદેસર પાથરણાના દબાણો દૂર કરાવ્યા હતા.

ભદ્ર પ્લાઝા ખાતે દબાણના કારણે શહેર ભાજપ અધ્યક્ષ અને એલિસબ્રિજના ધારાસભ્ય અમિત શાહ પણ લાલઘૂમ થયા હતા. નવરાત્રિના પર્વમાં લોકો નગરદેવી ભદ્રકાળી માતાના દર્શને વાહન સાથે જઈ શકે તેવી વ્યવસ્થા કરવા માટે ટકોર કરી હતી, કારણ કે ભદ્રકાળી માતાના દર્શન માટે જતા લોકોને ભારે હાલાકી પડી રહી હતી. ધારાસભ્યએ કહ્યું હતું કે ગેરકાયદે મોટા પ્રમાણમાં ફેરિયાઓ દબાણ કરે છે. મનપા અને પોલીસની મીઠી નજર હેઠળ આ દબાણ છે. દબાણના કારણે લોકો ચાલીને પણ જઈ શકે તેવી સ્થિતિ નથી ત્યારે અમિત શાહની ટકોર બાદ દબાણ હટાવવામાં આવ્યા હતા.

# હરણી બોટ દુર્ઘટનામાં પીડિતોને વળતર માટે તમામ માહિતી રજૂ કરવા વડોદરા કલેક્ટરને હાઈ કોર્ટનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા હરણી તળાવ બોટ દુર્ઘટના જાહેરહિતની રિટની સુનાવણી દરમ્યાન હાઇ કોર્ટે વળતર માટે પીડિતોનું સ્ટેટ્સ અને ઇજાગ્રસ્તોની માહિતી સાથેનો રિપોર્ટ રજૂ કરવા વડોદરા કલેકટરને હુકમ કર્યો હતો. આ ઉપરાંત સુનાવણી દરમ્યાન પીડિતો તરફથી અદાલતનું આ કેસમાં ન્યૂ સનરાઇઝ સ્કૂલને પણ આ દુર્ઘટના માટે જવાબદાર ઠરાવી પક્ષકાર બનાવવા માગણી કરાઇ હતી, જેથી હાઇ કોર્ટે આ મુદ્દો પણ વિચારણામાં લેવાશે તેમ જણાવ્યુ હતું.

હાઇ કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે, પહેલાં કોટિયા પ્રોજેક્ટસના ખિસ્સામાથી પીડિતોને વળતરનો મુદ્દો નિર્ણીત થઇ જવા દો, એ પછી તમારી એ અરજી પણ ધ્યાને લઇશું. હાઇ કોર્ટે કેસની સુનાવણી તા.૨૫મી ઓકટોબરે રાખી હતી.

કેસની વિગતો મુજબ ગત તા. ૧૮ જાન્યુઆરીએ વડોદરાની ન્યૂ સનરાઇઝ સ્કૂલ દ્વારા આયોજિત પિકનિક દરમિયાન હરણી તળાવમાં બોટ પલટી જવાથી ૧૨ વિદ્યાર્થીઓ અને બે શિક્ષકનાં મોત અંગેની સુઓ મોટુ અરજીની સુનાવણી કરી હતી.

વડોદરા મહાનગરપાલિકા દ્વારા કોટિયા પ્રોજેક્ટ્સને સોંપવામાં આવ્યા હતા. હાઈ કોર્ટે આ કેસમાં કંપની અને શાળા બંનેને પ્રતિવાદી બનાવ્યા હતા. પીડિતોએ આ દુર્ઘટના માટે કંપની અને શાળા પાસેથી અનુકરણીય વળતરની માંગ કરી હતી. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (વડોદરા મનપા) એ લેકફ્રન્ટ પ્રોજેક્ટની જાળવણી અને સંચાલન માટે એક પેઢી કોટિયા પ્રોજેક્ટ્સને કોન્ટ્રાક્ટ આપ્યો હતો, જેના ભાગીદારોની બાદમાં આ દુર્ઘટના માટે ધરપકડ કરવામાં આવી હતી. આથી અદાલતે કંપનીના જવાબદાર ડિરેક્ટરને હાજર રહેવા માટે નોટિસ પાઠવી હતી.

હાઈ કોર્ટમાં થયેલી સુનાવણી દરમિયાન કોટિયા પ્રોજેક્ટના એક નિવૃત્ત ડિરેક્ટર વિનીત કોટિયા તરફથી તેના વકીલે હાજર થઇને બચાવ કરવાનો પ્રયાસ કર્યો હતો અને જણાવ્યું હતું કે, તેઓ તો આ બનાવ બન્યો તેના પહેલાના નિવૃત્ત થઇ ગયા છે અને તેમની આ બનાવ અંગે કોઇ જવાબદારી બનતી નથી. જો કે, ચીફ જસ્ટિસે વકીલનો ઉધડો લીધો હતો અને યોગ્ય વકીલાતનામા સિવાય તમને હાજર રહેવાની પરવાનગી આપી શકાય નહિ.

હાઇ કોર્ટે આ કેસમાં મેસર્સ કોટિયા પ્રોજેક્ટસને પક્ષકાર બનાવી છે અને તેને દોઢ મહિના પહેલા નોટિસ ફટકારી કરી છે, પરંતુ હજુ સુધી તેમના તરફથી કોઇ હાજર થયું નથી. અદાલતે માત્ર પીડિતોને કસૂરવાર કોટિયા પ્રોજેક્ટ્સના ખિસ્સામાંથી તેઓને વળતર ચૂકવવાનો મામલો હાલ નિર્ણિત કરવાનો છે.

હાઇ કોર્ટે વિનીત કોટિયાના વકીલને સાંભળવાનો સાફ ઇનકાર કરી દીધો હતો. એ પછી કોટિયા પ્રોજેક્ટ્સના અન્ય ચાર પાર્ટનર તરફથી બીજા એક વકીલ ઉભા થઇ રજૂઆત કરવાનો પ્રયાસ કરતાં અને પક્ષકાર બનવાનો પ્રયાસ કર્યા હાઈ કોર્ટે તેમની વર્તણુક બદલ આલોચના કરી હતી અને જણાવ્યું હતું કે, કોટિયા પ્રોજેક્ટસમાં ૧૩ પાર્ટનરો છે અને ચાર પાર્ટનરને વ્યકિગત ધોરણે હાજર થવાની પરવાનગી આપી શકાય નહી.

તમે આ પ્રકારની પ્રયુકિત દ્વારા અદાલતની પ્રોસીડીંગ્સ ટાળવાનો પ્રયાસ કરી રહ્યા છો અને ખાસ કરીને એ પણ એવા સમયે કે જયારે કોર્ટ કોટિયા પ્રોજેક્ટસના ખિસ્સામાંથી પીડિતોને વળતર અપાવવાનો મુદ્દો નિર્ણિત કરવા જઇ રહી છે. હાઇકોર્ટે આ ચાર પાર્ટનરના વકીલની અરજી પણ ફગાવી દીધી હતી. આમ હાઇ કોર્ટ દ્વારા હવે પીડિતોને વળતરની બાબતની સુનાવણી આગળ ધપાવવામાં આવશે.

પંચમહાલ પુરવઠા વિભાગનો ગોધરામાં સપાટોઃ

# અખાદ્ય અનાજ, કઠોળ અને તેલનો જથ્થો સીઝ કર્યો

અમદાવાદઃ પંચમહાલ જિલ્લા પુરવઠા વિભાગ અને ગોધરા સિટી મામલતદાર દ્વારા દિવાળીના તહેવારને અનુલક્ષીને ગોધરા શહેરમાં આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આકસ્મિક ચેકિંગ દરમિયાન મોલમાં વેચાણ કરવામાં આવતા મોટા ભાગના અનાજ અને કઠોળમાં જીવાત પડેલા અખાદ્ય તેમ જ કેટલીક ખાદ્ય ચીજવસ્તુઓ એક્સપાયર થયેલી હોવાનું બહાર આવ્યું હતું.

ગોધરા શહેરના ભુરાવાવ વિસ્તારમાં આવેલા ઓશિયા મોલમાંથી રજિસ્ટ્રેશન કર્યા વગર અનાજ અને કઠોળનું વેચાણ થતું હોવાનું તેમ જ અનાજ અને કઠોળમાં જીવાત પડેલા અખાદ્ય અને કેટલીક ખાદ્ય ચીજવસ્તુઓ એક્સપાયર થયું હોવાનો ખુલાસો થયો હતો.

જિલ્લા પુરવઠા અધિકારીએ ગોધરા શહેર મામલતદારને સાથે રાખીને તપાસ હાથ ધરી હતી, જેમાં મોલ સંચાલક દ્વારા બિનહિસાબી કઠોળ અને ખાદ્ય તેલનું વેચાણ કરવામાં આવતું હોવાની જાણવા મળતા અનાજ, કઠોળ અને તેલના જથ્થાને સીઝ કરવામાં આવ્યો હતો.

# વલસાડ જિલ્લાના કપરાડાના બાબર ખડક ખાતે ખ્રિસ્તીઓ માટે કબ્રસ્તાન માટે આપ મેદાનમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વલસાડ જિલ્લામાં હિન્દુઓનાં ધર્માંતરણનાં મુદ્દે ધરમપુર અને કપરાડા તાલુકામાં વ્યાપક પ્રમાણમાં હિન્દુ સંગઠનો છાશવારે ઈસાઈ મિશનરીઓ પર આક્ષેપ કરતાં હોય છે.

હવે કપરાડાના બાબરખડક ખાતે કબ્રસ્તાનનાં મુદ્દે વલસાડ જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં હિન્દુ સંગઠનો ભારે હોબાળો મચાવે એવાં સંજોગો આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખે સર્જી દીધાં છે.

કપરાડા તાલુકાના બાબરખડક ગામમાં ખ્રિસ્તીઓના કબ્રસ્તાનનાં મુદ્દે વિવાદ ચાલી રહ્યો છે. જેમાં વલસાડ જિલ્લા આમ આદમી પાર્ટીના પ્રમુખ જયેન્દ્ર ગાવીતે ઝંપલાવી આ મામલે વલસાડ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું. આવેદનપત્ર મુજબ બાબરખડક ગામમાં મસાણ ખરાબાની સરકારી જમીનનો સર્વે નં. ૧૨૦ અને જૂનો સર્વે નં. ૩૮ માં ૫૦ વર્ષથી જી.પી.એમ. તથા એફ.પી.એમ. ની કબર આવેલી છે. જે બાબતે ૫૦ વર્ષથી વિવાદ ચાલી રહ્યું છે. જે જમીન આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ જયેન્દ્ર ગાવીતે ખ્રિસ્તી સમાજના લોકોનાં મૃત્યુનાં દફનવિધિ માટે ફાળવવાની માગણી કરી છે.

જ્યારે હિન્દુ સંગઠનો સાથે સંકળાયેલા લોકોનું સ્પષ્ટપણે માનવું છે કે જો આ વિસ્તારમાં કોઈ ખ્રિસ્તી ધર્મનાં લોકો સરકારી ચોપડે નોંધાયેલા હોય તો એઓ કબ્રસ્તાનની માગણી કરી શકે. તેમ જ ખ્રિસ્તી તરીકે નોંધાયેલા હોય તો સરકાર દ્વારા એવાં લોકોને મળતી આદિવાસીઓનાં લાભ પરત ખેંચી લેવા જોઈએ. હાલમાં શાંત દેખાતા ધરમપુર કપરાડા વિસ્તારોમાં આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખે બિનજરૂરી વિવાદ ઊભો કર્યો હોવાનું તટસ્થ વલણ ધરાવતા લોકોનું કહેવું છે.

# વડોદરામાં બે યુવકને ચોર સમજી લોકોએ ફટકારતા એકનું મોત, ટોળા સામે મોબ લિંચિંગનો ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરમાં એક બાજુ ચોર લૂંટારો ટોળકી સક્રિય બની છે, જો કે બીજી બાજુ લોકો નિર્દોશ વ્યક્તિઓને નિશાન બનાવી રહ્યા છે. ગત મોડીરાત્રે શહેરના વારસિયા વિસ્તારમા અડધી રાત્રે બે યુવકને ચોર સમજી નગ્ન કરી ૩૦૦ લોકોના ટોળાએ ક્રૂરતાપૂર્વક માર મારતા એકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે બીજા યુવકને ગંભીર હાલતમાં સયાજી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેની સારવાર ચાલી રહી છે. મૃતક યુવકની માતાએ હૉસ્પિટલમાં આક્રંદ કર્યું હતું અને જણાવ્યું હતું કે, પોલીસ શું કરતી હતી? અમને ન્યાય જોઈએ છે. આ ઘટનામાં ટોળા સામે મોબ લિચિંગનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

આ સમગ્ર મામલે ડીસીપી પન્ના મોમાયાએ જણાવ્યું હતું કે, લોકોએ માર માર્યો છે તે બંને રીઢા ગુનેગાર હોવાનું પોલીસ ચોપડે નોંધાયેલું છે. મૃતક યુવક સામે ૧૦ ગુના અગાઉ ચોરીના નોંધાયેલા છે અને તાજેતરમાં જ પાસામાંથી છૂટ્યો છે. ઇજાગ્રસ્ત યુવક પણ ૭ ગુનામાં સંડોવાયેલો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે ટોળા સામે મોબ લિંચિંગ અંતર્ગત ગુનો દાખલ કર્યો છે. આ મામલે પોલીસ તપાસ કરી રહી છે. મૃતક સહિત ત્રણેય શખ્સ ચોરીની બાઈક લઈને ચા પીવા માટે ગયા હતા.

# આડેસર પાસે ટ્રેઈલરની પાછળ ટેન્કર ઘૂસી જતા ચાલક-ક્લિનરનાં મોત

ભુજઃ સીમાવર્તી જિલ્લા કચ્છના ધોરીમાર્ગો સતત રક્તરંજિત બની રહ્યા છે તેવામાં રણ પાસે આવેલા આડેસર પાસે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં ટ્રેઈલરની પાછળ ટેન્કર ટકરાતાં તેના કમકમાટીભર્યા ડ્રાઈવર અને ક્લિનરના મોત નીપજતાં પંથકમાં અરેરાટી ફેલાઈ જવા પામી હતી. કચ્છના પ્રવેશદ્વાર આડેસર નજીક મોડી રાત્રે બનેલા બનાવ અંગે આડેસર પોલીસમાંથી પ્રાપ્ત પ્રાથમિક વિગતો મુજબ રાધનપુર ધોરીમાર્ગ પરના આડેસર-બામણસર વચ્ચેના માર્ગે જ્વલનશીલ ઑઈલ લઈને જઈ રહેલા ટેન્કરચાલકે તેનું ભારે વાહન આગળ જતા ટ્રેઈલરની પાછળ ટકરાવી દેતાં સર્જાયેલા અકસ્માતમાં ગંભીર ઈજાઓ પહોંચતાં મૂળ રાજસ્થાનના ભુરાલાલ અલ્લારખા સિંધી નામનો ચાલક અને ક્લિનર એવા સલમાન ખાન બરકતખાન મેણુના બનાવ સ્થળ પર મોત થયા હતા, જ્યારે અન્ય ટ્રેઈલરના ચાલકને સારવાર માટે હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો છે, જ્યાં તેની તબિયત નાજુક બતાવાઈ રહી છે.

# ગેરહાજર રહેતાં શિક્ષકો પર કડક કાર્યવાહીઃ ૪ બરતરફ, સાતનાં રાજીનામાં મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યની સરકારી શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકો કારણ વગર લાંબા સમયથી ગેરહાજર રહેતાં હોવાની અનેક ફરિયાદો બાદ હવે તેમના પર કડક કાર્યવાહી કરવામાં આવી હતી.

ઘણાં શિક્ષકો તો જાણ બહાર વિદેશ જતાં રહ્યાનો પણ ઘટસ્ફોટ થયો હતો. જેના પગલે સરકારે આવાં તમામ શિક્ષકો સામે વિવિધ જિલ્લામાં કડક કાર્યવાહી કરી હતી.

આ દરમિયાન ગાંધીનગર જિલ્લામાં પણ કારણ વિના ગેરહાજર રહેતાં પ્રાથમિક વિભાગનાં શિક્ષકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. આ કાર્યવાહી હેઠળ એક શિક્ષકને નોકરી પર ફરી હાજર કરવામાં આવ્યાં અને ચાર શિક્ષકોને બરતરફ કરવામાં આવ્યાં હતા.

આ ઉપરાંત વિદેશ ગમન સહિતનાં કિસ્સાઓમાં સાત શિક્ષકો દ્વારા નોકરી પર હાજર થવાનાં બદલે રાજીનામા આપી દેવાતા તેનો સ્વીકાર કરી લેવાયો હતો.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ જણાવ્યું હતું, કે છેલ્લી નોટિસ આપી હોવા છતાં હાજર ન થયેલાં શિક્ષકોને નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યાં છે. આ તમામ શિક્ષકો સામે ગુજરાત પંચાયત સેવાનાં શિસ્ત અને અપિલના નિયમો તથા નાણાં વિભાગનાં ગેઝેટ ૨૦૦૬ના જાહેરનામાં અનુસાર કાર્યવાહી કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યની વિવિધ શાળાઓમાં ગેરહાજર રહેવામાં ૧૬ શિક્ષકોના નામ ખુલ્યાં હતાં, જેમાં ૧૨ શિક્ષકો એક વર્ષથી વધુ સમયથી ગેરહાજર હોવાનું જાણવા મળ્યું હતું. જેનાં પગલે શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવી હતી. જોકે, ૧૬ માંથી ૭ શિક્ષકોએ જાતે જ રાજીનામું આપી દેતાં તેમનાં રાજીનામાનો સ્વીકાર કરી લેવાયો હતો.

## નાટ્ય દર્પણ

### આજે રોકડાને ઉધાર કાલે



રંગમંચ પ્રોડક્ષન્સનું આસિફ પટેલ નિર્મિત, ઈમ્તિયાઝ પટેલ લિખિત, જયદીપ શાહ દિગ્દર્શિત ટેક્ષ ફ્રી સુપર હિટ એન્ટરટેઈનમેન્ટ... 'આજે રોકડાને ઉધાર કાલે' આ કોમેડી નાટકના કલાકારોઃ પરેશ ભટ્ટ, કુલદીપ ગોર, અર્પીતા શેઠિયા, મહેક ભટ્ટ, પૂનમ પારેખ, માનસી નાટેકર, કમલેશ દરજી, મીત સરવૈયા અને ઓજસ રાવલ છે. સંગીતઃ તરુણ પટેલ, તેજશ શાહ આ રવિવાર, તા. ૨૦ ઑક્ટોબર સાંજે ૭.૩૦ ક. તેજપાલ ઓડિટોરિયમ, ગોવાલિયા ટેન્ક ખાતે ભજવાશે.

### પત્ની નચાવે એને કોણ બચાવે

લીલા આર્ટસ-ગૌતમ જોષી-આસિફ પટેલ- જિતેન્દ્ર જોષી નિર્મિત, ચિત્રક શાહ-કિરણ માલવણકર પ્રસ્તુત, ઈમ્તિયાઝ પટેલ લિખિત, કિરણ ભટ્ટ દિગ્દર્શિત, કેતકી દવે-દિલીપ દરબાર અભિનીત હાસ્યનું વાવાઝોડું... 'પત્ની નચાવે એને કોણ બચાવે'. નિર્માણ નિયામકઃ કપિલ ભુતા. વિષેશ આભારઃ પ્રથમ ભટ્ટ આ રવિવાર, તા. ૨૦ ઑક્ટોબર સાંજે ૭.૩૦ ક. નહેરુ ઓડિટોરિયમ, વર્લી ખાતે ભજવાશે.

### એકલવ્ય

અમરદીપ સર્જન, વિશાલ ગોરડિયા પ્રસ્તુત, ભરત નારાયણદાસ ઠક્કર નિર્મિત, વિપુલ મહેતા લિખિત-દિગ્દર્શિત, કૃત્તિકા દેસાઈ-મેહુલ બુચ અભિનીત કળિયુગમાં અંગૂઠો કાપીને નહીં, અંગૂઠો બતાવીને બનાય... 'એકલવ્ય' સાથી કલાકારોઃ સ્મિત ગણાત્રા, શ્યામ મખેચા, સુહાની વ્યાસ, કેવિન ઉમારિયા, હિતાર્થ જોષી, દુર્ગેશ મિશ્રા, કેતન જોષી આ રવિવાર, તા. ૨૦ ઑક્ટોબર બપોરે ૩.૩૦ ક. નહેરુ ઓડિટોરિયમ, વર્લી ખાતે ભજવાશે.

### સંબંધો સ્પર્શ વિનાના

રૂબરૂ પ્રોડક્ષન્સનું નિર્માણ-લેખન-દિગ્દર્શનઃ યુવા કકઉઈ/ભવન-અંધેરીની સ્પર્ધામાં સૌથી વધુ ૮ એવોર્ડ જીતનાર નાટક 'સંબંધો સ્પર્શ વિનાના' આ રવિવાર, તા. ૨૦ ઑક્ટોબર બપોરે ૩.૩૦ ક. ભારતીય વિદ્યાભવન ઓડિટોરિયમ, ચોપાટી ખાતે ભજવાશે.

# માથે મેલું ઊંચકનાર કામદારોના સર્વેક્ષણની મુદત વધારવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકાર મંત્રાલયના નિર્દેશન બાદ મુંબઈમાં માથે મેલું ઊંચકનાર કામગારોનો સર્વેક્ષણ કરવાનું કામ છ ઑક્ટોબર, ૨૦૨૪થી ચાલુ કરવામાં આવ્યું હતું. હવે આ સર્વેક્ષણની મુદત વધારી દેવામાં આવી છે. તેથી આગામી ૨૫ ઑક્ટોબર સુધી આ સર્વેક્ષણ ચાલુ રહેશે એવું પાલિકા પ્રશાસને જાહેર કર્યું હતું.

હાથેથી ગંદકી સાફ કરીને તેને માથા પર ઊંચકીને લઈ જતા કામગાર (મેહતર)નું મુંબઈમાં છેલ્લે છેક ૨૦૧૩માં સર્વેક્ષણ કરવામાં આવ્યા હતું ત્યારબાદ આ સફાઈ કર્મચારીઓની નોંધ જ થઈ નહોતી. એ બાદ એક જનહિતની અરજી પણ થઈ હતી. છેવટે કેન્દ્રીય મંત્રાલયના નિર્દેશ બાદ આ કામગારોનું સર્વેક્ષણ છ ઑક્ટોબર, ૨૦૨૪થી ૧૬ ઑક્ટોબર, ૨૦૨૪ના સમયગાળામાં કરવામાં આવવાનું હતું. જોકે તાજેતરમાં જ મેન્યુઅલ સ્કૅવેજર્સ સર્વેક્ષણ સમિતિની બેઠકમાં એક બેઠક યોજાઈ હતી, જેમાં આ મુદત વધારીને ૨૫ ઑક્ટોબર, ૨૦૨૫ સુધી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ સર્વેક્ષણ માટે પાલિકાના ઘનકચરા ભિાગ મારફત એક સંસ્થાની નિમણૂક કરવામાં આવી છે. સર્વેક્ષણ અંતર્ગત અ નામ નોંધાવવા માટે જાહેર સૂચના પણ આપવામાં આવી છે.

હાથેથી કામ કરનારા મેહતર એટલે કે શૌચાલયોની ટાંકી અથવા ખુલ્લા નાળામાંથી કચરો જે ખાડામાં નાખવામાં આવે છે ત્યાં માનવી ગંદકી હાથેથી સાફ કરે છે તેને ઊંચકીને લઈ જવાનું કામ કરે છે. આ સર્વેક્ષણમાં પાલિકા, સરકારી ઓફિસ અથવા ખાનગી ઓફિસમાં કામ કરનારા સફાઈ કામગારનો સમાવેશ થાય છે. અથવા પાલિકા અને સરકારી ઓફિસમાં કૉન્ટ્રેક્ટર પર કામ કરનારા માણસનો પણ સમાવેશ થાય છે.

**વિધાનસભા ચૂંટણીમાં મોટી લાઈનો નહીં જોવા મળે**

# માત્ર બાવન સેકન્ડમાં મતદાન

નવી મુંબઈઃ વિધાનસભા ચૂંટણી માટે મતદાન કરતા સમયે મતદારોના બેહાલ ન થાય એ માટે ચૂંટણી પંચે અનેક ફેરફાર કરવાનો નિર્ણય કર્યો છે. મતદાર મતદાન બુથમાં ગયા બાદ બાવનમી સેકન્ડે મતદાનની પ્રક્રિયા પૂરી કરી લે એ માટે વિશેષ તૈયારીઓ ચૂંટણી પંચે કરી છે. આ જ ગતિથી જો મતદાન થશે તો મતદાન કેન્દ્રો પર મતદાનની લાઈનો ઓછી થશે. બેલાપુર વિધાનસભા મતદારસંઘમાં ૪.૨૦ લાખ મતદારો માટે ૩૮૪ બૂથ તૈયાર કરવામાં આવ્યાં છે. મતદાન પ્રક્રિયા સરળ રીતે પાર પડે એ માટે પંચે આ મતદારસંઘમાં અંદાજે અઢી હજાર કર્મચારીઓની ફોજ તૈયાર રાખી છે. મતદારોને ત્રાસ વેઠવો ન પડે એ માટે પંચે ૧૨ સોસાયટીમાં પચીસ બૂથ તૈયાર કર્યાં છે.

બેલાપુર વિધાનસભા મતદારસંઘમાં ચૂંટણીની તૈયારી અંગેની માહિતી આપવા માટે ચૂંટણી અધિકારી અશ્વિની પાટીલે પત્રકાર પરિષદ બોલાવી હતી. એ સમયે તેમણે જણાવ્યું હતું કે મતદાર પ્રક્રિયા સરળ રીતે પાર પડે એ માટે પંચ તરફથી અનેક સકારાત્મક ફેરફાર કરવામાં આવ્યા છે. બેલાપુર મતદારસંઘમાં કુલ ૩૮૪ મતદાનકેન્દ્રો છે. આ તમામ કેન્દ્રોને ૯૬ ઠેકાણે રાખવામાં આવ્યાં છે.

દરેક ઠેકાણે મતદાનકેન્દ્રોની સંખ્યા એકથી દસ સુધીની છે. શહેરમાં જે મોટી સોસાયટીઓ છે ત્યાં કેન્દ્રો તૈયાર કરવાનો નવો પ્રયોગ મતદારસંઘમાં કરવામાં આવ્યો છે. તે અનુસાર મતદારસંઘમાં ૧૨ સોસાયટીમાં પચીસ કેન્દ્રો મૂકવામાં આવ્યાં છે. સોસાયટીમાં કેન્દ્રો તૈયાર કરવા માટે પંચ તરફથી જુલાઈમાં સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. મતદારોએ મતદાન બૂથમાં પ્રવેશ કર્યા બાદ નખ પર શાહી લગાવવી, ઓળખપત્ર તપાસવું, મતદારની સહી, મતદાન મશીન પર મતદાન, વીવીપેટ મશીન પર સ્લિપ વગેરે પ્રક્રિયા બાવન સેકન્ડમાં પૂરી થઇ જાય તેનું સુંદર આયોજન પંચે કર્યું છે. તે અનુસાર તમામ સિસ્ટમ કામ કરશે. મતદાન કેન્દ્રો પર મતદારોની રખડપટ્ટી નહીંવત થશે અને વિશેષ ધ્યાન પણ રાખવામાં આવશે, એવું પણ પાટીલે સ્પષ્ટ કર્યું હતું.

**ફોટો ખોટો હશે તો પણ મતદાન કરી શકાશે**

મતદાન કરવા માટે મતદારો માટે અનેક વિકલ્પ ઉપલબ્ધ કરી આપવામાં આવ્યા છે. એ પૈકી મતદારોને માત્ર એક જ ઓળખપત્ર દેખાડવું પડશે. મતદારયાદીમાં જો નામમાં ભૂલ હશે તો તેને નજરઅંદાજ કરવામાં આવશે. મહિલા મતદારના નામની આગળ ભૂલથી પુરુષ મતદારનો ફોટ હશે તો પણ સંબંધિત મહિલા મતદાન કરી શકશે. મતદારયાદીમાં ટેક્નિકલ ભૂલ તરફ દુર્લક્ષ કરવામાં આવશે. મતદારયાદીમાં નામ હોય એવા મતદારોને મતદાનનો હક પ્રાપ્ત થઇ શકશે. જૂનાં ઓળખપત્રો પણ ઓળખના પુરાવા તરીકે વાપરી શકાશે, એવી માહિતી પણ પાટીલે આપી હતી.

# મહારાષ્ટ્રમાં બે-ચાર બેઠક પર દાવ અજમાવવા 'આપ' ઉત્સુક

સિંધુદુર્ગઃ આવતા મહિને યોજાનારી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં બે - ચાર બેઠક પર ચૂંટણી લડવા અંગે 'આમ આદમી પાર્ટી' (આપ) વિચાર કરી રહી છે. અરવિંદ કેજરીવાલના નેતૃત્વ હેઠળનો પક્ષ 'આપ' વિપક્ષના 'ઈન્ડિયા' જૂથનો હિસ્સો છે. મહારાષ્ટ્રમાં 'ઈન્ડિયા' જૂથના ત્રણ ઘટકો - શિવસેના (યુબીટી), કૉંગ્રેસ અને એનસીપી (એસપી) શાસક મહાયુતિ જોડાણ સામે મહા વિકાસ અઘાડી (એમવીએ)ના બેનર હેઠળ ચૂંટણી લડી રહ્યા છે.

શુક્રવારે મહારાષ્ટ્રના દરિયાઈ કિનારા પટ્ટીના સિંધુદુર્ગ જિલ્લાના કુડાળમાં પત્રકાર પરિષદમાં 'આપ'ના ગોવા એકમના અધ્યક્ષ અમિત પાલેકરે કહ્યું હતું કે તેમનો પક્ષ કોંકણ પટ્ટામાં, ખાસ કરીને સિંધુદુર્ગ અને રત્નાગિરી જિલ્લામાં, અને પશ્ચિમ મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં પોતાની સ્થિતિ મજબૂત કરવા પર કામ કરી રહ્યો છે. કોંકણ પટ્ટાના લોકો ભાજપના કેન્દ્રીય પ્રધાન નારાયણ રાણે અને તેમની 'બદલાની ભાવનાવાળી રાજનીતિ'ના વિકલ્પો શોધી રહ્યા હોવાથી ત્યાં પક્ષનો નોંધપાત્ર વિકાસ થયો છે.

પાલેકરે વધુમાં જણાવ્યું હતું કે '૨૦ નવેમ્બરે યોજાનારી મહારાષ્ટ્રની ચૂંટણીમાં 'આપ'નો ઇન્ડિયા બ્લોકના સહયોગીઓને મજબૂત ટેકો છે. પણ બદલાયેલા રાજકીય વાતાવરણમાં જીતવાની સંભાવના હોય એવી કેટલીક બેઠકો પર પક્ષ દાવો કરી શકે છે.' (પીટીઆઈ)

# ત્રીજી મુંબઈ બનાવવા માટેનો રસ્તો થયો ક્લીયર

## ખેડૂતોના વિરોધ વચ્ચે એમએમઆરડીએએ શહેર બનાવવાની યોજના પર મારી મહોર

મુંબઈઃ ત્રીજા મુંબઈ (નૈના સિટી)નો સ્થાનિક ખેડૂતો દ્વારા કરવામાં આવી રહેલા વિરોધને નજરઅંદાજ કરીને એમએમઆરડીએએ નવા શહેરને બનાવવાની યોજના પર પર મહોર મારી દીધી છે. આને કારણે હવે ત્રીજા મુંબઈને ઉભારવા માટેનો રસ્તો ક્લીયર થઇ ગયો છે. આ નવા શહેરને વસાવવાની યોજના રાજ્ય સરકાર દ્વારા બનાવવામાં આવી છે અને તેને વિકસિત કરવાનું કામ એમએમઆરડીએને આપવામાં આવ્યું છે.

ત્રીજા મુંબઈને અટલ સેતુની આસપાસ વસાવવામાં આવશે. ન્યુ ટાઉન ડેવલપમેન્ટ ઓથોરિટીએ આ શહેરને વસાવવા માટેની પોતાની સહમતિ આપી દીધી છે. ત્રીજા મુંબઈને વસાવવા માટે ૧૨૪ ગામની જમીનો પર સંપાદન કરવામાં આવશે. આ નવા શહેરનું ક્ષેત્રફળ ૩૨૩ વર્ગ કિલોમીટરમાં ફેલાયેલું છે. ત્રીજા મુંબઈને વસાવવા માટે પહેલાં સિડકોને ટાઉન ડેવલપમેન્ટ ઓથોરિટીના રૂપમાં નિયુક્ત કરવામાં આવ્યું હતું અને એટલે જ તેનું નામ નૈના સિટી રાખવામાં આવ્યું હતું. જોકે બાદમાં રાજ્ય સરકારે ૮૦ ગામને આનાથી અલગ કરીને ખોપટા નામનું શહેર બનાવવાની યોજના કરી છે. આમાં નૈના સિટીનાં ૩૩ ગામનો સમાવેશ કરવામાં આવ્યો છે અને તેના વિકાસની જવાબદારી એમએમઆરડીએને આપવામાં આવી છે. એમએમઆરડીએની મંજૂરી વિના તેનું નિર્માણ અસંભવ છે. જોકે આ વિસ્તારમાં અમુક જમીન એવી પણ છે કે જે ખાનગી બિલ્ડરોએ ડેવલપ કરવાના ઉદ્દેશથી જમીનની ખરીદી હતી, પણ હવે એ જમીનોનું પણ સંપાદન કરી લેવામાં આવશે. આ જ કારણથી ખાનગી બિલ્ડરો પણ આ નવા શહેરનો વિરોધ કરતા જોવા મળ્યા હતા.

### સંપાદન સૌથી મોટો પડકાર

ઉલ્લેખનીય છે કે બનાવવામાં આવેલા નવા નિયમો અનુસાર ૧૫મી ઓક્ટોબર, ૨૦૨૪થી ગામોના જમીનમાલિકો, ખેડૂતો કે પછી ખાનગી બિલ્ડરો એમએમઆરડીએની મંજૂરી વિના કોઇ પણ પ્રકારનું કામ કરી નહીં શકે. જોકે આ નિર્ણયના વિરોધમાં પ્રોજેક્ટથી પ્રભાવિત ખેડૂતોએ આંદોલન છેડવાની પણ ચેતવણી આપી છે. નવી જમીન સંપાદન નિયમ બનાવ્યા બાદ પ્રોજેક્ટ પ્રભાવિત ખેડૂતોએ જોરદાર વિરોધ શરૂ કરી દીધો હતો. અહીંના ખેડૂતોનું કહેવું છે કે જ્યાં સુધી સરકાર સ્પષ્ટ નીતિ બનાવીને ખેડૂતોને પૂરી રીતે સંતુષ્ટ નહીં કરે ત્યાં સુધી કોઇ પણ હાલતમાં જમીનનું સંપાદન નહીં કરવા દઇએ. ઉલ્લેખનીય છે કે નવા શહેર બનાવવા માટે ખેડૂતોની કુલ જમીનને લઇને તેને ૪૦ ટકા જમીન આપવાનું કહેવામાં આવ્યું હતું, પણ ખેડૂતો તેનાથી નારાજ છે. આ ઉપરાંત ૨૨.૫ ટકા વળતરની યોજનાને પણ ખેડૂતોએ સ્વીકાર નથી કર્યું. આ જ કારણથી છેલ્લાં ૧૧ વર્ષથી આ વિવાદ ચાલી રહ્યો છે.

### શું કહેવું છે ખેડૂતોનું

ખેડૂતોનું કહેવું છે કે નવા શહેરને વિકસિત કરવા માટે એમએમઆરડીએની નિમણૂક કરવામાં આવી છે એ દુર્ભાગ્યપૂર્ણ છે. સરકાર ખેડૂતોની પૂરી જમીન લેવા માટે જબરદસ્તી કરી રહી છે. તેને કોઇ પણ કિંમતે સહન કરવામાં નહીં આવે.

જો ખેડૂતોના વિરોધને ગંભીરતાથી નહીં લેવામાં આવે તો તેનાં પરિણામ ભોગવવાં પડશે અને એ બધું ચૂંટણીના સમયમાં જોવા મળશે. સ્થાનક ખેડૂતોએ નિયમોમાં ફેરફાર કરવાની માગ કરી છે.

# રેલવેની વિના ટિકિટ મુસાફરી કરતા પ્રવાસીઓ માટે નવી ફોર્મ્યુલા

## ટીમનો ભાગ બનીને ટિકિટ બાબુઓ નહીં કરી શકે કામચોરી

મુંબઈઃ રેલવે પ્રશાસનનો ૨૦૨૪-૨૫ના વર્ષમાં વિના ટિકિટ મુસાફર કરતા પ્રવાસીઓ પાસેથી રૂ. ૨૦૦ કરોડ વસૂલવા માટેનો ટાર્ગેટ છે. આમાંથી મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન માટે રૂ. ૧૦૧.૮૧ કરોડનો ટાર્ગેટ નક્કી કરવામાં આવ્યો છે, જે પશ્ચિમ રેલવેના કુલ લક્ષ્યથી ૫૦ ટકા વધુ છે. જોકે આ લક્ષ્યમાંથી સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી મુંબઈ સેન્ટ્રલ ડિવિઝને માત્ર રૂ. ૩૪.૮૫ કરોડની ટિકિટ તપાસ આવક પ્રાપ્ત કરી છે, જે સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધીના ક્યુમ્યુલેટિવ ટાર્ગેટથી ૨૫.૭૬ ટકા ઓછો છે. હવે ટાર્ગેટ પૂરો કરવા માટે રેલવેએ એક નવી ઈફેક્ટિવ ફોર્મ્યુલા તૈયાર કરી છે. એવું કહેવાય છે કે આનું પરિણામ સારું આવે એવી સંભાવના છે.

સામાન્ય રીતે ટિકિટ તપાસ કરતા સ્ટાફને એક ટીમમાં રાખવામાં આવે છે. એક અધિકારીએ આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે અનેક વાર ટીમનો ઉપયોગ પૂરી રીતે નથી થતો, કેમ કે એમાંના અમુક સભ્યો અન્ય ઠેકાણે હોય છે. નવી રણનીતિ અનુસાર કોઇ પણ ટીમમાં કર્મચારી કર્મચારીઓનો ઉપયોગનો રેશિયો ૦.૬થી વધુ ન હોવો જોઇએ. ઉદાહરણરૂપે જો કોઇ યુનિટમાં ૧૦ કર્મચારી હોય તો એમાંથી ૩ કર્મચારી રોસ્ટર અનુસાર બીજે ઠેકાણે હોય છે, એટલે સક્રિય કર્મચારીઓની સંખ્યા માત્ર ૭ થઇ. આવી રીતે યુટિલાઈઝેશનનો રેશિયો ૭/૧૦નો થશે.

જો અસરકારકતાનું મૂલ્યાંકન કરવું હોય તો એવું માની લો કે લોકલ ટ્રેનો માટે પ્રત્યેક ટિકિટ ચેકરને રૂ. ૮ હજારનો ટાર્ગેટ આપવામાં આવ્યો છે, પણ ટીમની ટકાવારી મુજબ રૂ. ૭ હજાર જ થઇ રહ્યો છે.

## હિન્દુ મરણ

ગામ કછોલી અને હાલ ઠાકુર કોમ્પલેક્સ, કાંદિવલી ઈસ્ટ સ્વ. શ્રી નરેન્દ્રભાઈ મિસ્ત્રી (બાબુભાઈ) (ઉં.વ. ૬૬) તેઓ હર્ષાબેન (પતુબેન)ના પતિ. સ્વ. વજીયાબેન નગીનદાસ મિસ્ત્રીના પુત્ર. તેમ જ રમેશભાઈ, સ્વ. ભરતભાઈ તેમ જ જયંતભાઈના ભાઈ. આશિષ અને પૂનમના પિતા, શલાકા અને કેયુરના સસરા. નંદીશના નાના અને એશાનીના દાદા તા. ૧૭-૧૦-૨૪ને ગુરુવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૧-૧૦-૨૪, સોમવારના સાંજે ૫-૭ સ્થળઃ શ્રી લુહાર સુતાર જ્ઞાતિ હિતચિંતક મંડળ, કાર્ટર રોડ નંબર ૩, મોટા અંબાજી મંદિર પાસે, કસ્તુરબા રોડ, જયા નગર, બોરીવલી (ઈસ્ટ), મુંબઈ. (લૌકિક વ્યવહાર બંધ છે.)

**સુરતી મોઢ વણિક**

મુંબઈ નિવાસી નંદકુમાર મણિલાલ પપૈયા (ઉં.વ. ૭૧) તે રોહિણીબેનના પતિ. જાનકી, ભક્તિ સુધાંશુ, મિહિર, વર્ષા અમિતકુમાર ઘીવાલા, મનીષના પિતા. બંસીભાઈ, સ્વ. ચીમનીબેન, સ્વ. પદ્માબેન, સ્વ. પ્રેમિલાબેન તથા નયનાબેન પાલના ભાઈ. સ્વ. રતિલાલ વાંકાવાળા અને સ્વ. જયંતીલાલ મહેતાના જમાઈ. તા. ૧૮-૧૦-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શેઠીયા બેન્કવેટ્સ, ગ્રાઉન્ડ ફલોર, રઘુલીલા મેગા મોલ, પોયસર, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ તા. ૨૦-૧૦-૨૪, રવિવારના સાંજે ૪થી ૬ સુધી રાખેલ છે.

**ઘોઘારી મોઢ વણિક**

નિશા ભાવેશ શેઠ (ઉં. વ. ૫૨) તે નમ્રિત શેઠના માતુશ્રી. ભાવેશ શેઠના ધર્મપત્ની તા. ૧૮-૧૦-૨૪ના શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. સ્વ. જવનીકાબેન હરસુખભાઇ શેઠના પુત્રવધૂ. ગીતા પ્રકાશ દોશીના ભાભી. મેઘા તથા મેધનના કાકી. સ્વ. રસીલાબેન ધીરજલાલ પારેખના પુત્રી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા.૨૧-૧૦-૨૪ના સોમવારના ૫થી ૭. ઠે. વૈષ્ણવ બેન્કવેટ હોલ, પારેખનગર, એસ. વી. રોડ,કાંદિવલી (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદિચ્ય સાડી ચારસો બ્રાહ્મણ**

મુલુંડ નિવાસી સુરેશભાઇ હરિનિવાસ ઉપાધ્યાયના ધર્મપત્ની અ. સૌ. કુસુમબેન ઉપાધ્યાય (ઉં. વ. ૭૪) જે ક્ષિતિજ સુરેશ ઉપાધ્યાય ને અ. સૌ. શિલ્પા મનીષ મહેતાના માતુશ્રી. તા. ૧૪-૧૦-૨૪ના રોજ અવસાન પામેલ છે. પ્રાર્થનાસભા તા ૨૦-૧૦-૨૪ના રવિવારે સાંજે ૪થી ૬ નિવાસસ્થાને રાખેલ છે. ઠે. ૨૦૦૪, એચ. એમ. ટાવર ૧, શિવરામ સોસાયટી, દેવી દયાલ રોડ,મુલુંડ (વેસ્ટ).

**પ્રશ્નોરા નાગર**

અમદાવાદ સ્થિત અ. સૌ. ભાનુમતિબેન (ઉં. વ. ૮૦) દિલીપભાઇ મ. ભટ્ટના ધર્મપત્ની, સૌ. વૈશાલીબેન, અધ્વર્યુ તથા સ્વ. માલવભાઇના માતુશ્રી. તે પ્રણવભાઇ અને ઉર્વીબેનના સાસુજી. તે ખલિલભાઇ અને પૃથ્વીશના દાદી. તે સ્વ. ડો. રજનીકાંતભાઇ, સ્વ. શરદબેન પંડયા, સ્વ. મનોજભાઇ, સ્વ. શશાન્કભાઇ અને ખુશમનભાઇ વૈદ્યના બહેન. બુધવાર, તા. ૧૬-૧૦-૨૪ના સ્વર્ગવાસ થયા છે. તેમનું બેસણું સોમવાર તા. ૨૧-૧૦-૨૪ના રોજ ૨૦૪, ધ્રુવતારા સોસાયટી, શિવવલ્લભ રોડ, યુનિવર્સલ સ્કૂલની બાજુમાં,દહીંસર (ઇસ્ટ), સાંજે ૫થી ૭.

**લોહાણા**

ગામ તુણા, કચ્છ, હાલ પુના હાર્દિક જોય રૂપારેલ (ઉં.વ. ૩૬)નું રવિવાર, તા. ૧૩-૧૦-૨૪ના આમસ્ટરડામ, નેધરલેન્ડમાં દેહાંત થયું છે. તે ગં.સ્વ. શારદાબેન અને સ્વ. નંદલાલ ગોવિંદજી રૂપારેલના પૌત્ર. જ્યોતિ અને જોય નંદલાલ રૂપારેલના મોટા પુત્ર. ધ્રુવ જોય રૂપારેલના મોટાભાઈ તથા સ્વ. પદ્માબેન અને સ્વ. વસંતલાલ દેવજીભાઈ ઠક્કરના દોહિત્ર. (લૌકિક વ્યવહાર બંધ છે અને પ્રાર્થનાસભા રાખેલ નથી.)

**ઔદિચ્ય સહસ્ત્ર સાઠા જ્ઞાતિ**

ટીંટોઈ નિવાસી હાલ ઘાટકોપર વિનયભાઈ શકુંતલાબેન રમેશચંદ્ર ભટ્ટ (ઉં. વ. ૭૭) જે અનસુયાબેન વિનયભાઈ ભટ્ટના પતિ. તે મનનભાઈ અને શિવાનીબેનના પિતાશ્રી. તે ધારાબેન અને અતીતભાઈ ભરતભાઈ ઠાકરના સસરા. તે સ્વ. બિમલભાઈ-હિનાબેન, શૈલેશભાઈ-હિનાબેન, જનકભાઈ-ઈલાબેન, સ્વ. હેમલતા દિલીપભાઈના મોટાભાઈ. તે રૂપાલ નિવાસી ઘનશ્યામભાઈ, માર્કંડભાઈ, વિજયભાઈ, પ્રવીણાબેન, કુંદનબેન, કુસુમબેન, જ્યોત્સનાબેનના બનેવી શુક્રવારે તા.૧૮-૧૦-૨૪ના દિને ઘાટકોપર મુકામે દેવલોક પામ્યા છે. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, ૨૦-૧૦-૨૪ના ૫ થી ૭. સ્થળઃ લાયન્સ કોમ્યુનીટી હોલ, ગારોડીયા નગર, ઘાટકોપર (ઈસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**શિહોર સંપ્રદાય ઔદીચ્ય અગીયારસે બ્રાહ્મણ**

શંકરલાલ દવે તે નર્મદાશંકર અને માણેકબેનના સુપુત્ર (ઉં. વ. ૮૪) શિહોર મુકામે ૧૮-૧૦-૨૪ના રોજ દેવલોક પામ્યા છે. સ્વ. રવિશંકર, સ્વ. વામનભાઈ, સ્વ. ધિરજલાલ, સ્વ. અન્નપૂર્ણાબહેનના ભાઈ. પુષ્પા, વિજય, રેણુકા, મહેન્દ્ર,ડિમ્પલ, ઈન્દીરા, રીટા, છાયા, સંજય, શિતલ, હેમેન્દ્રના કાકા. યશવંતભાઈ, અનીલભાઈ, બકુલભાઈ, મહેશભાઈના મામા. લૌકિક પ્રથા રાખેલ નથી.

**કપોળ**

મહુવાવાળા હાલ મુંબઈ ગં.સ્વ. શાંતાબેન, સ્વ. ધીરજલાલ અમૃતલાલ પારેખના પુત્ર દીપક (ધનેશ) (ઉં. વ. ૬૭) ૧૭-૧૦-૨૪ના ગુરુવારના શ્રીજીચરણ પામ્યા છે. તે હંસાબેનના પતિ. વિનીત અને આકાશના પિતા. પૂજા, મેગીના સસરા. રેહાના દાદા. વિજય, સ્વ. ભુપેન્દ્ર (બટુક), પ્રદિપ, ચારુબેન દોલતરાય વોરાના ભાઈ. મુકુંદરાય ગોરડિયાના જમાઈ. સર્વ પક્ષે પ્રાર્થનાસભા ૨૦-૧૦-૨૪ના રવિવારે, એસએનડીટી હોલ રફીક કીડવાઈ રોડ, માટુંગા ઈસ્ટ. સાંજે ૫ થી ૭. (લૌકિક પ્રથા બંધ છે).

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ**

બુધેલ નિવાસી સ્વ. વનરાવન ચુનીલાલ શાહ (જુંજાણી)ના ધર્મપત્ની. ગં.સ્વ. નિર્મળાબેન (ઉં. વ. ૯૨) ૧૭-૧૦-૨૪ને ગુરુવારે શ્રીજીચરણ પામ્યા છે. તે જ્યોતિબેન જિતેન્દ્ર, પ્રમોદીબેન ભગીરથ, સ્વ. નયનાબેન જયંતકુમાર, સ્વ. દીનાબેન જયપ્રકાશ, પૂર્ણિમાબેન અશોકકુમાર, સ્વ. પરેશ, સ્વ. મીનાબેન સોહિલકુમારના માતુશ્રી. અંજનાના સાસુ. સ્વ. અચરતબેન ભગવાનજી વધાણીની દીકરી. જસ, માનસીના દાદી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મેઘવાળ**

ગામ નિગાળા હાલ મુંબઈ, કાંદિવલી, સ્વ. પાલુબેન બધાભાઈ કોળી, (ઉં. વ. ૭૨), તા. ૧૦-૧૦-૨૦૨૪ના રોજ રામશરણ પામ્યા છે. તેઓ બધાભાઈ પોલાભાઈ કોળીના ધર્મપત્ની, સ્વ. ભીખાભાઈ કમાભાઈ રાતોલાના દિકરી. ડાહીબેન, ઉર્મિલાબેન, હરિશભાઈ, રમેશભાઈ, જયંતીભાઈના માતુશ્રી. બાવજી, ગોવિંદ, વૈશાલી, હેમલતા, લક્ષ્મીના સાસુ. પ્રફુલ, ગોરવ, હર્ષલ, વિરેન, સાગરના દાદીમા. વેશાલી, ભાવિકા, હર્ષ, અમિશા, ધવલના નાનીઆ, તેમનું બારમુ રવિવાર તા. ૨૦-૧૦-૨૪ના સાંજના ૫ કલાકે રાખેલ છે. બારમાની વિધી તેમના નિવાસ સ્થાન, એ વીંગ, રુમ નં ૬૧૨, બી.એમ સી. બિલ્ડીંગ, સાંઈનગર, એમ.જી.રોડ, નં ૧માં રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

ગામ જોડિયા હાલે પનવેલ નિવાસી સ્વ. જમનાદાસ દયાળજી માણેકના પુત્ર. ગોપાલદાસ જમનાદાસ માણેક (ઉં. વ. ૯૦) તે રમાબેન (માણેક ટીચર )ના પતિ તે જીતેન્દ્ર (ટમુ ) તથા નીતિન (રાજુ)ના પિતાશ્રી. રીનાબેન અને હીનાબેનના સસરા. સેજલ, દર્પણ, માનસી તથા વરુણના દાદા. સ્વ.પરષોત્તમ હીરજી સચદેના જમાઈ તા.૧૭.૧૦.૨૪ ના રોજ શ્રીજી ધામમાં ગયેલ છે. તેમની પ્રાર્થનાસભા રવિવાર તા.૨૦.૧૦.૨૪ના સાંજના ૪.૩૦ થી ૬. ઠે. શ્રી બાલાજી બેન્કવેટ એમ.સી.સી.એચ. સોસાયટી. પનવેલ ૪૧૦૨૦૬, લૌકિક વહેવાર બંધ રાખેલ છે.

**શ્રીગોડ બ્રાહ્મણ**

મૂળ ગામ વનોડા(બાલાસિનોર) હાલ કાંદિવલી નિવાસી હર્ષદભાઈ રમણલાલ ભટ્ટ, (ઉં. વ. ૮૯) તા. ૧૮-૧૦-૨૦૨૪ શુક્રવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે મધુબેનના પતિ. ચિંતન-અલ્પાબેનના પિતા. સેજલ-શૈલેશભાઈ જીલ્કાના સસરા, તે સ્વ. સત્યેન્દ્રભાઈ, સ્વ. બિપીનભાઈ, સ્વ. કિર્તીભઈ, સ્વ. અશોકભાઈ, ત્થા કૌશિકભાઈ, ભાવનાબેન ભૂપેન્દ્રભાઈ દેસાઈ, યોગીનીબેન રાજેન્દ્ર મેહતા ત્થા રેખાબેન રમેશભાઈ દવેના ભાઈ. તે સ્વ. અમૃતલાલ જીવણરામ રાવલના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૦-૧૦-૨૦૨૪ના રવિવારે સાંજે ૫ થી ૭ કલાકે, સ્થળ- ઠઠાઈ ભાટીયા હોલ નં ૫, શંકર ગલી, કાંદિવલી વેસ્ટ.

**દશા સોરઠીયા વણિક**

કાકાચ નિવાસી હાલ કાંદિવલીના અ. સૌ મંજુલાબેન રોહિતભાઈ સંઘાણીના પુત્રવધૂ. અ.સૌ. મોનિકાબેન ભાવેશ સંઘાણી (ઉં. વ. ૪૬) તે ૧૮/૧૦/૨૪ ના રોજ શ્રીજી શરણ પામેલ છે. તે મહેક તથા આસ્થાના માતા. સ્વ. વિજયાબેન સુરેશભાઈ શ્રીમાંકરના દીકરી. શ્વેતા તુષાર પારેખ તથા પિંકી નિકેશ સેલારકાના ભાભી. હેમાલી હરેશ લિયા તથા દિશા સર્વેશ મિશ્રાના બહેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**અનાવિલ બ્રાહ્મણ**

મૂળગામ ગોથાણવાળા હાલ કાંદિવલી સ્વ. ઇન્દુબેન તથા સ્વ. ધીરજલાલ નાનુભાઈ નાયક (દેસાઈ) ના પુત્ર અક્ષયભાઈ દેસાઈ (ઉં. વ. ૬૯) તે ૧૮/૧૦/૨૪ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે શકુંતલાબેન ના પતિ. આદિત્યના પિતા, ગં. સ્વ શોભના દિલીપભાઈ દેસાઈ તથા જયશ્રીબેન જીતુભાઇ દેસાઈ ના દિયર. સાસરાપક્ષે ભરતભાઈ શાંતિલાલ દેસાઈ, નયનાબેન દિનેશભાઈ દેસાઈ તથા સ્વ.મયુરીબેન હરેનભાઈ દેસાઈ ના બનેવી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

મહુવાવાળા હાલ કાંદિવલી પારેખ હસમુખરાય પ્રાણલાલ (ઉં. વ. ૮૮) તા.૧૭/૧૦/૨૦૨૪ ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. સ્વ.હર્ષદા ના પતિ. જયેશ, ચિત્રા,પૂનમ ના પિતાશ્રી. ભાવેશ કાણકીયા, ભાવેશ ચિતલીયા તથા પારુલ ના સસરા, તેઓ ધરમદાસ ત્રિભોવનદાસ સંઘવીના જમાઈ. માધવી તપન કાણકીયા, હેતલ મોનીલ શાહ, હેતશ્રી, ટિવષા, ધૂમિત, અવ્યાનના દાદા, સ્વ.નંદલાલ, સ્વ.કનૈયાલાલ તથા જયાલક્ષ્મી અનંતરાય મહેતા ના ભાઈ, તેમની પ્રાર્થનાસભા રવિવાર તા.૨૦/૧૦/૨૦૨૪ ના રોજ સાંજે ૫ થી ૭ રૂપનગર, મજીઠીયા નગર ની સામે, એસ વી રોડ, કાંદિવલી (વેસ્ટ) ખાતે રાખેલ છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કપોળ**

પાલીતાણાવાળા હાલ ગોરેગાંવ નિવાસી સ્વ.અનંતકુમાર હરગોવિંદદાસ હકાણીના ધર્મપત્ની ગં.સ્વ.હસુમતીબેન (ઉં. વ. ૭૭) તા. ૧૮/૧૦/૨૦૨૪ ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે.સ્વ ચંદુલાલ, સ્વ.નિર્મળાબેન જગજીવનદાસ મહેતા, સ્વ.ઈંદુમતી ચુનીલાલ મહેતા, સ્વ.વસંતબેન ભુપતરાય દોશી ના ભાભી. સમીર, ભારતીના માતૃશ્રી, અલ્પા, વિજયકુમાર મહેતાના સાસુ. પીયર પક્ષે લાઠીવાળા સ્વ. વ્રજલાલ રામજી કરવતના દિકરી. તેમની પ્રાર્થનાસભા તા.૨૦-૧૦-૨૦૨૪ રવિવારના રોજ ૫ થી ૬.૩૦ કલાકે શ્રી બોરીવલી કપોળ વાડી, કામીનીયા કમ્પાઉંડ. જી.એચ. સ્કુલ ની સામે,એમ.જી.ક્રોસ રોડ, બોરીવલી(ઈસ્ટ), લૌકિક પ્રથા બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

ચમારડી નિવાસી હાલ મુંબઈ, સ્વ. ધીરજલાલ મોહનલાલ પારેખના પત્ની ગં. સ્વ. શાંતાબેન, (ઉં. વ. ૯૨) તે ધોળીબેન ભાણજીભાઈ માધાણીના દીકરી. અરવિંદ, દિવ્યા રાજકોટીયાના માતુશ્રી. રાજેશ્રી, લલિતકુમાર રાજકોટિયાના સાસુ, સ્વ. બાબુભાઈ, સ્વ. રમણીકભાઈ પારેખ, સ્વ. વિજયાબેન રતિલાલ સાંગાણી, સ્વ. સવિતાબેન હરિલાલ ભુપતાણીના ભાભી, સ્વ. મુલચંદભાઈ, સ્વ. મગનભાઈ, સ્વ. શાંતિભાઈ, ગ. સ્વ. સૂર્યાબેન નલીનકાત પારેખના બેન, ચંદ્રિકાબેન લલીતભાઈ શેઠ, સ્વ. ચંપાબેન પુરુષોત્તમદાસ રાજકોટીયાના વેવાણ, ચિરાગના દાદી, કૌશલ, ફોરમના નાની ૧૮/૧૦/૨૪ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

## પારસી મરણ

જરુ ફરદુન શ્રોફ તે મરહુમ ફરદુનના ધનિયાની. તે મરહુમો નાજામાય બરજોર દલાલના દીકરી. તે માનેક બી. દલાલ, ડોલી ધાબા, દાદી દલાલ, એમી દલાલ, ખોરશેદ હરદા, હોમી દલાલ, સોલી દલાલ તથા મરહુમ મેહરુ, બેપસી સીલ્લુના બહેન. તે પરવેઝ, પરસી, દાયાના, ફેનાઝ, દેલનાઝ, આરઝાન, તથા મરહુમો જીમી ને નેવીલના માસી. તે પરીઝાદ ને આસતાદના ફૂઇ. તે સનોબરના નરણ. (ઉં. વ. ૯૦) રે. ઠે. ફીરદોસ બિલ્ડિંગ, બીજે માળે, રૂમ. નં. ૬, ૧૮૫ લેમિંગ્ટન રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૦-૧૦-૨૪ના દીને બપોરે ૩.૪૦ વાગે કામાબાગ અગિયારીમાં છેજી.

સીલ્લુ બરજોર સ્કુવાલા તે મરહુમ બરજોરના ધનિયાની. તે મરહુમો રુપાબાઇ મનચેરશા મેહેનતીના દીકરી. તે શેહનાઝના માતાજી. તે પેસીના સાસુજી. તે મરહુમો હોમી, જાલુ, પેરીનના બહેન. તે આયેશા ને સાઇરસના મમઇજી. (ઉં. વ. ૯૬) રે. ઠે. ૨૩, વિજય વિલા,૭૯ વરલી, સી-ફેસ, વરલી કોલોની, મુંબઇ - ૪૦૦૦૩૦.

શીરીન હોમી ચાવદા તે મરહુમ હોમીના ધનિયાની. તે મરહુમો પીરોજા ધનજીશા ઓગરાના દીકરી. તે માહરૂખના માતાજી. તે મરહુમ પરવેઝના સાસુજી. તે હોમી ને ડોલીના બહેન. તે હરવસપર, ફરશોગર, ખુશનુમાના મમઇજી. (ઉં. વ.૯૦) રે. ઠે. ૯ મેહરજીભાઇ, કાશીનાથ બિલ્ડિંગ,નં-૩, તુલસીવાડી, તારદેવ-મુંબઇ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયાઃ તા.૨૦-૧૦-૨૪ના દીને બપોરે ૩.૪૦ વાગે સુનઇજી અગિયારીમાં છેજી.

## જૈન મરણ

**ઝાલાવાડી શ્વેતાંબર મૂ. જૈન**

સ્વ. સુમતીલાલ શાહના પત્ની ઉષાબેન (ઉં.વ. ૮૪) તા. ૧૮-૧૦-૨૪, શુક્રવારના અરિહંતશરણ થયેલ છે. તે ભરત, હિના, હિતેશનાં માતા. નિતા, હિરલ, દિનેશ પટણીનાં સાસુ. પ્રાણજીવન ચત્રભુજ દેસાઈનાં પુત્રી. જયંતીભાઈ, ચન્દ્રકાંતભાઈ, બિપિનભાઈ, વિમળાબેનના બહેન. લૌકિક વ્યવહાર બંધ છે. ઠેઃ ૩૦૪, બ્લોસમ એપાર્ટમેન્ટ, કે.ટી. સોની માર્ગ, મહાવીરનગર, કાંદિવલી (વેસ્ટ).

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બોટાદ નિવાસી હાલ બોરીવલી સ્વ. શાંતાબેન ધનજીભાઈ શાહના પુત્ર વિનોદભાઈ (ઉં. વ. ૮૨) તે સ્વ. તરુલતાબેનના પતિ. તે રાકેશ તથા હેમાના પિતાશ્રી. તે જીગીશા અને વીરેશકુમારના સસરા. તે સ્વ. કોકીલા તથા દિલીપભાઈના ભાઈ. તે સેજકપુર નિવાસી હાલ અમદાવાદ સ્વ. કેશવલાલ જીવરાજ શાહના જમાઈ ૧૮-૧૦-૨૪ને શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

ધ્રોળ નિવાસી હાલ ભાયંદર હિના મુકેશભાઈ મહેતા (ઉં. વ. ૫૭) તે સ્વ. મુકેશભાઈ શાંતિલાલ મહેતાના ધર્મપત્ની, ઋષભ તથા ધવલના માતુશ્રી. ઈલા, મીના, હર્ષા તથા દીપક ના ભાભી. ગં. સ્વ કલાવતીબેન તથા પ્રેમગીરીના દીકરી. કૈલાશ, રેણુકા, હરીશ, હંસાના બહેન. તે તા. ૧૭/૧૦/૨૪ના અરિહંત શરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૨૧/૧૦/૨૪ ના ૧૦ થી ૧૨ કલાકે રાધા ક્રિષ્ના બેન્કવેટ હોલ, પૂનમ સાગર કોમ્પલેક્સ, મીરા ભાયંદર રોડ, મીરારોડ ઈસ્ટ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

લાખાપુરના રાજેશ લખમશી મારૂ (ઉં. ૬૧) તા. ૧૮-૧૦-૨૪ના અવસાન પામેલ છે. દિવાળીબેન લખમશીના પુત્ર. સુરેખાના પતિ. પ્રિયંકના પિતા. અશ્વિન, મનોજ, નરેશ, જ્યોતિ, સરોજના ભાઇ. જલગામ સુમન મનોહરના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. અશ્વિન મારૂ, ૬, દમયંતી બીલ્ડીંગ, ઉત્તરસર, થાણા (વે.) ૪૦૦૬૦૧.

વડાલાના જયાબેન (મણીબેન) જાદવજી ગાલા-ઈશરાણી (ઉં.વ.૮૩) તા.૧૭-૧૦-૨૪ ના દેહત્યાગ કરેલ છે. સાકરબેન કેશવજી ચનાના પુત્રવધુ. જાદવજીના પત્ની. નિલેશ, નયન, ભારતી, દિના (સરોજ), હર્ષાના માતા. મોખા મોંઘીબેન વીરજી હંસરાજ સતરાના પુત્રી કસ્તુર, ભાવના, મગનના બેન. પ્રા. યોગી સભાગૃહ, દાદર, ટા.૧.૩૦ થી ૩.૦૦. નિ. નયન જાદવજી ગાલા, સી-૨૭૦૩, અશોકા ટાવર, બી.એ. આંબેડકર રોડ, પરેલ, મું. ૧૨.

**૪૨ વિશા શ્રીમાળી જૈન**

શ્રીમતી સુશીલાબેન ઈશ્વરલાલ બાબુલાલ શાહ, (ઉં. વ.૮૦) (બળાદ), અંધેરી (વેસ્ટ), ૧૫-૧૦-૨૪ના અરિહંતશરણ થયેલ છે. ઇશ્વરભાઇના પત્ની, ચેતન, સંજય, રાકેશના માતૃશ્રી, બેલા, મોનિકા, સ્મૃતિના સાસુ, કાજોલના વડસાસુ, યશ, હર્ષ, આયુષ, સાચી, આદિ, આશ્વિના દાદી, વિઆનાના પરદાદી. પ્રાર્થનાસભા તા. ૨૧-૧૦-૨૪, સોમવાર ૧૦ કલાકે રાખેલ છે. સ્થળઃ જાનકીબાઈ હોલ, ભવન્સ કોલેજની બાજુમાં, દાદાભાઈ રોડ, અંધેરી (વેસ્ટ).

**મોચી જ્ઞાતી**

હાલ બોરીવલી નિવાસી શ્રી રીગ્નેશભાઈ પ્રકાશભાઈ ચૌંડાગર (ઉં. વ. ૪૨) તે મીનાબેનના સુપુત્ર, પ્રીનલબેનના પતિ, જીગ્નેશભાઈના મોટાભાઈ, કૃષા, વિધી તથા શોર્ય પિતા. યશવી તથા વૃજ ના મોટાપપ્પા. પ્રાર્થનાસભા ૨૧/૧૦/૨૪ ના રોજ ૫ થી ૭ કલાકે લુહાર સુથાર વાડી, પહેલે માળે, અંબા માતા મંદિર પાસે, કાર્ટર રોડ ૩, બોરીવલી ઈસ્ટ રાખેલ છે.

# ભિવંડીમાં પાંચ વર્ષની બાળકીનો વિનયભંગ કરનારો પકડાયો

## ચૉકલેટ આપવાની લાલચે આરોપીએ બાળકીને અયોગ્ય સ્પર્શ કર્યો

થાણેઃ થાણે જિલ્લાના ભિવંડી તાલુકામાં ચૉકલેટ આપવાની લાલચે પાંચ વર્ષની બાળકીનો કથિત વિનયભંગ કરનારા યુવકની પોલીસે ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા મુજબ ઘટના ગુરુવારની બપોરે કોનગાંવ વિલેજમાં બની હતી. બાળકી ઘરની બહાર રમી રહી હતી ત્યારે આરોપી મોહમ્મદ અરજુ બદરેઆલમ શાહ (૨૨) તેની પાસે ગયો હતો. ચૉકલેટ આપવાની લાલચે આરોપીએ બાળકીને અયોગ્ય સ્પર્શ કર્યો હતો. ડરી ગયેલી બાળકી ઘરે પહોંચી હતી અને માતાને બનેલી ઘટનાની જાણ કરી હતી. રહેવાસીઓએ યુવકને પકડી માર માર્યો હતો અને પોલીસના તાબામાં સોંપ્યો હતો. પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી. (પીટીઆઈ)

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

સૌરાષ્ટ્ર આવૃત્તિ

મુંબઈ સમાચાર ઉત્સવ રવિવાર

તા. ૨૦-૧૦-૨૦૨૪





# હવે આપણે કૅનેડાનો મોહ ટાળવો જોઈએ, કારણ કે...

**અગાઉ અમેરિકાની સરખામણીએ કૅનેડા જઈને ત્યાં વસી જવું સરળ હતું. જોબ અને ઉજ્જવળ ભવિષ્યની ભરપૂર તક રહેતી, પણ હવે બન્ને દેશ વચ્ચે રાજકીય અંટશ પડી છે અને મુદ્દો અહમ્‌નો બની ગયો છે. ખાલિસ્તાનીઓના આતંકવાદને લઈને બન્ને દેશના સંબંધ દિન - પ્રતિદિન એવા વણસી રહ્યા છે કે કૅનેડા જવા ઉત્સુક લોકોએ 'થોભો ને રાહ જુવો'ની જ નીતિ હવે અપનાવવી રહી...**

કવર સ્ટોરી

વિજય વ્યાસ

feedback@bombaysamachar.com

ખાલિસ્તાનવાદી આતંકવાદી હરદીપસિંહ નિજ્જરની હત્યાના મામલે ભારત અને કેનેડાના સંબંધો પહેલેથી તણાવપૂર્ણ હતા જ ને તેમાં જસ્ટિન ટ્રુડોની સરકારે ફરી ભારત સરકારની સંડોવણીના આક્ષેપ કરતાં વિસ્ફોટ થઈ ગયો છે. બંને દેશે સામસામે રાજદ્વારીઓને પાછા બોલાવી લીધા છે. ભારત કે કેનેડા બંનેમાંથી કોઈ નમતું જોખવા તૈયાર નથી એ જોતાં હજુ આ રાજનૈતિક સંબંધોમાં વધારે કડવાશ આવી શકે છે.

આ કડવાશ માટે કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડો જવાબદાર છે. નિજ્જરની ગયા વરસના જૂનમાં હત્યા થઈ પછી કેનેડાના વડા પ્રધાન ટ્રુડોએ નિજ્જરની હત્યામાં ભારતનો હાથ-સાથ હોવાનો આક્ષેપ કરેલો, આ કારણે બંને દેશ સામસામે આવી ગયેલા. બંનેએ મોટા પાયે એકબીજાના રાજદ્વારીઓની હકાલપટ્ટી કરેલી. ભારતે કેનેડાના નાગરિકોને ભારતના વિઝા આપવાના પણ બંધ કરી દીધા હતા. કેનેડાએ ભારતના રાજદ્વારીઓને તપાસ માટે હાજર કરવા ભારતને કહેલું પણ ભારત તપાસમાં બીજી રીતે સહકાર આપવા તૈયાર હતું, પરંતુ ભારતના રાજદ્વારીઓની પૂછપરછ માટે તૈયાર નહોતું. તેના કારણે સંબંધોમાં તણાવ હતો જ ત્યાં કેનેડાએ ભારતને મોકલેલી ડિપ્લોમેટિક નોટમાં ભારતના હાઈ કમિશનર સંજય કુમાર વર્મા સહિતના ભારતના ટોચના રાજદ્વારી નિજ્જરની હત્યામાં સંડોવાયેલા હોવાનો આક્ષેપ કર્યો. સાથે સાથે એમને તપાસ માટે હાજર થવા કહેલું, પણ ભારતને એ મંજૂર નહોતું.

કેનેડાએ દાવો કર્યો કે, અમે ભારતને વર્મા સહિતના રાજદ્વારીઓની નિજ્જરની હત્યામાં સંડોવણીના પુરાવા આપ્યા છે....

જોકે કેનેડા જૂઠું બોલતું હતું તેની પોલ બે દિવસમાં જ ખૂલી ગઈ કેમ કે ટ્રુડોએ પોતે જ સ્વીકારવું પડ્યું કે, ભારતને અમે માત્ર ઈન્ટેલિજન્સ ઈનપુટ આપ્યા છે, રાજદ્વારીઓની સંડોવણીના કોઈ પુરાવા નથી આપ્યા. જોકે ટ્રુડોની ચોખવટ પહેલાં જ જે તોફાન થવાનું હતું એ થઈ ગયેલું ને ભારતે છ રાજદ્વારીને કેનેડાથી પાછા બોલાવી લીધા અને આકરા તેવર બતાવીને કેનેડાના છ રાજદ્વારીને ૧૯ ઓક્ટોબર સુધીમાં ભારત છોડવા ફરમાન કરેલું ને એ બધા પાછા રવાના પણ થઈ ગયા છે તેથી એક રીતે બંને દેશના રાજદ્વારી સંબંધોનો હાલ પૂરતો અંત આવી ગયો છે, કેમ કે ડિપ્લોમેટિક મિશનના હેડ જ રહ્યા નથી.

ભારત અને કેનેડાના સંબંધોમાં નવેસરથી થયેલા તણાવ માટે જસ્ટિન ટ્રુડોનું મતબેંકનું રાજકારણ જવાબદાર મનાય છે. કેનેડામાં હમણાં મોન્ટ્રિયલ બેઠકની પેટાચૂંટણીમાં ટ્રુડોની લિબરલ પાર્ટી ખરાબ રીતે હારી ગઈ. જૂનમાં ટોરન્ટો બેઠક પર પણ લિબરલ પાર્ટીની ભૂંડી હાર થયેલી. મોન્ટ્રિયલ અને ટોરન્ટો બંને લિબરલ પાર્ટીના ગઢ છે ,પણ બંને જગાએ ધોવાણ થતાં ૨૦૨૫માં યોજાનારી કેનેડાની સામાન્ય ચૂંટણીમાં ટ્રુડોની પાર્ટીનું પડીકું વળી જવાનાં એંધાણ છે. ટ્રુડોએ આ ધોવાણને રોકવા માટે સીખ મતદારોને રિઝવવાની ક્વાયત શરૂ કરી છે.

બીજી તરફ, કેનેડામાં શીખ મતદારો પર ખાલિસ્તાનવાદીઓનો ભારે પ્રભાવ છે કેમ કે ગુરુદ્વારાઓ પર એમનો કબજો છે. કેનેડાની આજની ૩.૭૦ કરોડની વસ્તીમાં ૧૬ લાખ એટલે કે લગભગ ચાર ટકા ભારતીય મૂળનાં લોકો છે અને એમાંય વધારે પ્રમાણ શીખોનું છે. મૂળ ભારતીયોમાં લગભગ અડધા એટલે કે ૭.૭૦ લાખ શીખ છે. કેનેડાના ૩૩૮ સાંસદમાંથી ૧૮ શીખ છે. ૧૫ અન્ય બેઠકો એવી છે કે જ્યાં કોણ જીતશે એ શીખ મતદારો નક્કી કરે છે. કેનેડાની સંસદની ૩૩ એટલે કે ૧૦ ટકા બેઠકો પર શીખોનો પ્રભાવ છે તેથી શીખ સમુદાય અહીં કિંગમેકર છે. ટ્રુડોની પાર્ટીને સ્પષ્ટ બહુમતી માટે શીખોનો સાથ જરૂરી છે. બલ્કે દરેક પક્ષ શીખોનો સાથ ઈચ્છે છે તેથી કોઈ પણ રાજકીય પક્ષ શીખ સમુદાયને નારાજ કરવા માગતો નથી. ટ્રુડોની પાર્ટી તો એમના પિતાના સમયથી શીખોને રિઝવવાનો રેકોર્ડ ધરાવે છે તેથી ટ્રુડો પણ એ જ નીતિ અપનાવી રહ્યા છે. સત્તા માટે ભારતને નારાજ કરીને પણ શીખોને રાજી રાખવા મથ્યા કરે છે.

ટ્રુડોનું વલણ જોતાં ભારત સાથેના કેનેડાના સંબંધો પહેલાં જેવા મધુરા થવાની શક્યતા સાવ ઓછી છે તેમ છતાં ભારતીયોનો કેનેડાનો મોહ ઘટવાની શક્યતા ઓછી છે. તેનું કારણ એ કે, ભારતીયોમાં વિદેશમાં વસવાનો જબરસ્ત ક્રેઝ છે. તેમાં પણ ગુજરાતીઓ તો ગાંડાની જેમ વિદેશ ભણી ભાગી રહ્યા છે. . આ કારણે ભારત છોડીને વિદેશમાં સ્થાયી થવા માગતા ગુજરાતીઓ સહિતના ભારતીયો માટે કેનેડા હોટ ફેવરિટ રહ્યું છે. અમેરિકાની સરખામણીમાં કેનેડા જવું સરળ અને સસ્તું હતું. કેનેડામાં રહેવાનો ખર્ચ પણ પશ્ચિમના બીજા દેશોથી ઓછો છે. એ ઉપરાંત ત્યાં અન્ય નાગરિકી સુવિધા પણ એ-ગ્રેડ છે.પરિણામે છેલ્લા એક દાયકાથી થોકબંધ ભારતીયો કેનેડામાં ઠલવાઈ રહ્યા છે અને કેનેડાના નાગરિક બની રહ્યા છે.

૨૦૧૩માં કેનેડાની નાગરિકતા મેળવનારા ભારતીયોની સંખ્યા માત્ર ૩૨ હજારની આસપાસ હતી, જ્યારે ૨૦૨૨માં ૧.૧૮ લાખ ભારતીયો કેનેડાના નાગરિક બન્યા. ૨૦૨૩માં તણાવ વધ્યો છતાં ૧૩૯,૭૧૫ ભારતીયો કેનેડાના નાગરિક બન્યા હતા. ૨૦૨૪ના પહેલા ત્રણ મહિનામાં પણ ૩૭,૯૨૫ ભારતીયોએ કેનેડાની પરમેનન્ટ સિટિઝનશિપ લીધી છે.

થોડાં વરસ પહેલાં કેનેડા ભારતીય વિદ્યાર્થીઓમાં પણ ભણવા માટે સૌથી ફેવરિટ હતું. કેનેડા ફટાફટ વિઝા આપતું તેથી ભારતીયો સરળતાથી સ્ટુડન્ટ વિઝા અને વર્ક પરમિટ લઈને કેનેડા પહોંચી જતા હતા. સ્ટુડન્ટ વિઝા દ્વારા વર્ક પરમિટ, કાયમી રહેઠાણ અને પછી નાગરિકતા મેળવવી એકદમ સરળ હતી. કેનેડા ભારતીય પર કઈ હદે મહેરબાન પણ હતું તેનો પુરાવો એ છે કે, ૨૦૨૩માં કેનેડાએ ૨.૨૬ લાખ ભારતીય વિદ્યાર્થીઓને સ્ટડી વિઝા આપ્યા હતા. એ વખતે ૩.૨ લાખ ભારતીયો સ્ટુડન્ટ વિઝા પર કેનેડામાં રહેતા હતા અને 'ગિગ વર્કર' તરીકે અર્થતંત્રમાં યોગદાન આપી રહ્યા હતા.

જોકે,હવે સંજોગો બદલાયા છે. હવે કેનેડા જવા માગતા ગુજરાતીઓએ એક વાત સમજવા જેવી છે કે કેનેડામાં ગુજરાતીઓ કે ભારતીયોને પહેલાં જેવી ટ્રિટમેન્ટ નથી મળતી. બલકે હવે ભારતીયો સેકન્ડ ક્લાસ સિટિઝન બની રહ્યા છે. ટ્રુડો હવે ડોનલ્ડ ટ્રમ્પની જેમ સ્થાનિકોને વધારે મહત્વ આપી રહ્યા છે તેથી પહેલાંની જેમ ભારતીયોને સારી નોકરીઓ ઓફર નથી થતી, પણ કેનેડિયન કે પશ્ચિમના દેશોના નાગરિકો ના લેતા હોય એવી નોકરીઓ મળે છે.

બીજી તરફ, કેનેડાનું અર્થતંત્ર બહુ મોટું નથી. માત્ર ૪ કરોડ લોકોની વસતિ ધરાવતા કેનેડામાં અર્થતંત્રના વિકાસ માટે પણ હવે બહુ તકો પણ નથી. લોકોનો ધસારો વધી જતાં મકાન મોંઘાં થઈ ગયાં અને ચીજોના ભાવ પણ ઉંચકાયા. કેનેડાએ તેની ચિંતા કર્યા વિના પરદેશીઓ માટે દરવાજા ખુલ્લા જ રાખ્યા તેથી હાઉસિંગ અને બેરોજગારી વધવા લાગી. કેનેડાને વિઝા ફી તથા સ્ટુડન્ટ ફીની કમાણીમાં રસ હતો તેથી નોટો ગણવામાં રહ્યું તેમાં સ્થિતિ બેકાબૂ બની ગઈ છે. આ કારણે કેનેડા હવે પહેલાંની જેમ સ્થાઈ થવા માટે સરળ ને સસ્તું રહ્યું નથી. ખાલિસ્તાનવાદીઓ પણ ભારતીયોને ટાર્ગેટ બનાવે છે તેથી સુરક્ષાની સમસ્યાઓ પણ છે.

વધુ એક વાત સમજવા જેવી એ છે કે આજના સંજોગોમાં અહીંથી ત્યાં જઈ વસી જવાની ઉતાવળ કરવા જેવી નથી. હાલ તો કેનેડાનો મોહ ઓછો કરી 'તેલ જુવો..તેલની ધાર જૂવો' એવી આપણી વાણિયા બુદ્ધિ વાપરવાનો સમય છે. ■

## અરાઉન્ડ દ વર્લ્ડ



નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World

neil@veenaworld.com

# નો ક્લાઈમ્બિંગ રિક્વાયર્ડ!

## પરસેવો પાડ્યા વિના દુનિયાની મનોહર પહાડીઓની ખોજ કરો



Bullet train running past Mount Fuji and Shibazakura



Mount Everest through an aircraft window



Banff National Park Alberta, Canada

દુનિયાનું સર્વોચ્ચ શિખર માઉન્ટ એવરેસ્ટ પર ચઢવાનાં સાધનો વિના અથવા બરફ સાથે સુસવાટાભેર વહેતા પવનનો સામનો કર્યા વિના ચઢવા વિશે અથવા નિરંતર બરફાચ્છાદિત શિખરોથી ઘેરાયેલા સ્વીસ આલ્પ્સની નિસર્ગરમ્ય ટ્રેન સવારી માણતા હોય તેવી જરા કલ્પના કરો. આ મનોહર પહાડીઓ પર ચઢવાનું આપણા ઘણા બધા લોકો માટે અશક્ય જણાઈ શકે છે, પરંતુ તેમનું સૌંદર્ય માણવું તે હવે ફક્ત સાહસિક પર્વતારોહકો પૂરતું સીમિત રહ્યું નથી. આધુનિક પરિવહનને આભારી દુનિયાની અમુક સૌથી પ્રસિદ્ધ પહાડીઓ હવે બધા માટે પહોંચક્ષમ છે.

ફ્લાઈટ ટુરથી કેબલ કાર સુધી હાઈકિંગ બૂટ પહેર્યા વિના આ અતુલનીય શિખરો અનુભવવાની અસંખ્ય રીત છે. જો તમે આરામથી મંત્રમુગ્ધ કરનારાં શિખરો અને ઊંચાઈઓ માણવાનો રોમાંચ ચાહતા હોય તો ચાલો, દુનિયાની સૌથી પ્રતિકાત્મક પહાડી જોવાના પ્રવાસે, અર્થાત, પર્વત ચઢ્યા વિના!

**ફ્લાઈટમાંથી એવરેસ્ટ:** હિમાલય પર્વતમાળા વિશે નિ:શંક રીતે કશુંક ચમત્કારિક છે. માઉન્ટ એવરેસ્ટ પર ચઢવું તો હજુ પણ પડકારજનક છે, જે સર કરવા દર વર્ષે જૂજ સાહસિકો પ્રયાસ કરે છે તે છતાં તમે રોપ્સ, ક્રેમ્પોન્સ અથવા સપ્તાહો સુધી મહેનત કરાવતા પ્રયાસો વિના પૃથ્વી પરની આ સૌથી ઊંચી પહાડીનું મંત્રમુગ્ધ કરનારું સૌંદર્ય અનુભવી શકો છો.

તમે નાના એરક્રાફ્ટમાં ચઢો ત્યારે સાથી પ્રવાસીઓમાં ઉત્સુકતા વધેલી જોવા મળે છે. વિમાન ઝડપથી ઉડાણ કરે છે. જોતજોતાંમાં કાઠમંડુ ખીણ પસાર થઈ જાય છે, જે પછી કઠોર ભૂપ્રદેશ અને ચમકતાં શિખરોનું વિહંગમ દ્રશ્ય જોવા મળે છે. વિમાન વધુ આગળ ઉડાણ કરે તેમ પાઈલટ મુખ્ય સીમાચિહ્નો અને શિખરો તરફ ઈશારો કરે છે, જે દરેક પોતાની વાર્તા અને મહત્ત્વ કહે છે.

ટૂંક સમયમાં જ માઉન્ટ એવરેસ્ટની નિર્વિવાદ સુંદરતા નજરે ચઢે છે, જે 29,032 ફીટ (8,848 મીટર) ઊંચું છે. વિમાનમાંથી તમે એવરેસ્ટનો પ્રતિકાત્મક પિરામિડ આકાર જોઈ શકો છો, તેનું શિખર મોટે ભાગે સુસવાટાભર્યા વહેતા પવનથી ઘેરાયેલા બરફથી લપેટાયેલું હોય છે. વિમાનમાંથી એવરેસ્ટનો મજબૂત દક્ષિણનો ચહેરો સુંદર ખુંબુ આઈફોલ અને પાડોશી પર્વતો લોટ્સે, નુપ્ટસે અને મકાલુનો વિહંગમ નજારો જોવા મળે છે.

**ટ્રેન દ્વારા સ્વીસ આલ્પ્સ:** ગ્લેશિયર એક્સપ્રેસ દુનિયાની સંભવિત રીતે સૌથી ધીમી એક્સપ્રેસ ટ્રેન તરીકે ઓળખવામાં આવે છે, જે પ્રવાસીઓને પરસેવો પાડ્યા વિના યુરોપના અમુક અત્યંત મંત્રમુગ્ધ કરનારા નિસર્ગસૌંદર્યના નજારા સાથે સ્વીસ આલ્પ્સ થકી લઈ જાય છે. ગ્લેશિયર એક્સપ્રેસ સ્વિટઝર્લેન્ડના બે સૌથી પ્રસિદ્ધ અલ્પાઈન શહેર ઝર્મેટ અને સેન્ટ મોરિટ્ઝ વચ્ચે ચાલે છે, જે પ્રવાસીઓને 291 કિમી (આશરે 180 માઈલ)ના અદભુત પ્રદેશની સાડાસાત કલાકની સાહસિક સફર કરાવે છે.

ટ્રેન આલ્પ્સ થકી આગળ વધે છે ત્યારે તે 291 પુલો પાર કરે છે, 91 ટનલ થકી પસાર થાય છે અને ઓબેરાલ્ફ પાસ પર ચઢાણ કરીને 2,033 મીટર (6,670 ફીટ)ની ઊંચાઈએ પહોંચે છે. આ પ્રવાસની એક ખૂબી ઝર્મેટમાં મેટરહોર્ન, રાઈન ગોર્જ, જેને મોટે ભાગે "સ્વીસ ગ્રાન્ડ કેન્યન" તરીકે ઓળખવામાં આવે છે અને ટાવરિંગ લેન્ડવોસર વાયાડક્ટનો અદભુત નજારો છે, જે સ્થાપત્યની અજાયબી ઊંડી કોતરમાં જાય તેમ ગુરુત્વાકર્ષણને શિકસ્ત આપે છે તેવો આભાસ કરાવે છે. ઓનબોર્ડ આ અનુભવ આહલાદક બની રહે છે. ગ્લેશિયર એક્સપ્રેસમાં આરામદાયક બેઠક છે, વિશાળ પેનોરમિક વિંડો છે અને ડાઈનિંગ કાર છે, જ્યાં પ્રવાસીઓ નજારો જોતાં જોતાં ત્રણ વારનું ભોજન માણી શકે છે.

**ધ કેનેડિયન રોકીઝ: બેન્ફ ગોંડોલા:** કેનેડિયન રોકીઝ તેના સૌંદર્ય, ગ્લેશિયરથી ઘડાયેલી લેન્ડસ્કેપ્સ અને અદભુત હિંસ્રપણા માટે પ્રસિદ્ધ વિશાળ પર્વતમાળા છે.આ પ્રતિકાત્મક પ્રદેશ નોર્થ અમેરિકામાં અમુક અદભુત સૌંદર્યનું ઘર છે, જેમાં ઊંચાં શિખરો, કાચ જેવાં સાફ જળાશયો અને વ્યાપક જંગલોનો સમાવેશ થાય છે. બેન્ફ નેશનલ પાર્કમાં સ્થિત બેન્ફ ગોંડોલા ઉપરથી કેનેડિયન રોકીઝનું સૌંદર્ય અનુભવવાની અદભુત રીત છે.

પ્રવાસ સલ્ફર માઉન્ટનના બેઝથી શરૂ થાય છે, જે બેન્ફના શહેરથી ટૂંકી ડ્રાઈવ પર છે. અહીંથી આધુનિક, સંપૂર્ણ બંધ ગોંડોલા કેબિન મુલાકાતીઓને સમિટ રિજ પર લઈ જાય છે, જે ફક્ત આઠ મિનિટમાં 698 મીટર (2,292 ફીટ) ઉપર ચઢાણ કરે છે. ગોંડોલા ઊંચે જાય તેમ નજારો વધુ ને વધુ મંત્રમુગ્ધ કરનારો બને છે. ઉત્તરમાં બેન્ફનું શહેર અને વાઈન્ડિંગ બો રિવર ખીણની સપાટીના સાંનિધ્યમાં વસેલાં છે, જ્યાં સર્વત્ર આકાશની સામે વિશાળ શિખરો ઊભાં છે. ટોચ પર પહોંચતાં જ મુલાકાતીઓનું છ પર્વતમાળા, બો ખીણ અને નજીકના લેક મિનેવાંકાના અદભુત 360 ડિગ્રી નજારા દ્વારાસ્વાગત થાય છે.

**મનોહર માઉન્ટ ફુજી:** માઉન્ટ ફુજી અથવા જાપાનમાં વહાલથી તેને "ફુજી-સાન" તરીકે ઓળખવામાં આવે છે તે ફક્ત પહાડી નથી, પરંતુ પ્રતિક છે. 3,776 મીટર (12,389 ફીટ) ઊંચાઈ સાથે તે જાપાનમાં સૌથી ઊંચી પહાડી છે. શિખર પરથી સૂર્યોદય જોવા માટે માઉન્ટ ફુજી પર ચઢાણ ઘણા બધા લોકોની બકેટ-લિસ્ટમાં હોય છે, પરંતુ બધા જ આ પડકારજનક ચઢાણ સર કરવા સુસજ્જ અથવા તૈયાર હોતા નથી. સદનસીબે ઊંચાઈ પર પ્રત્યક્ષ ચઢ્યા વિના પણ માઉન્ટ ફુજીની ભવ્યતા જોવાની અનેક રીત છે, જેમાં એક સૌથી લોકપ્રિય રીત ફિફ્થ સ્ટેશનની મુલાકાત છે.

પહાડી પર અડધે સ્થિત માઉન્ટ ફુજીનું ફિફ્થ સ્ટેશન ટોકિયો જેવાં મુખ્ય શહેરમાંથી બસ દ્વારા આસાનીથી પહોંચી શકાય છે અને તે બંને શિકર અને આસપાસની લેન્ડસ્પેક્સનો સુંદર નજારો આપે છે. વાહનથી પહોંચક્ષમ સૌથી ઊંચા પોઈન્ટ તરીકે ફિફ્થ સ્ટેશન આશરે 2,305 મીટર (7,546 ફીટ) ઊંચું છે, જે શિખરનો નજીકથી નજારો પૂરો પાડે છે અને સાફ દિવસમાં નજીકની ખીણો પરથી ટોકિયો અને પેસિફિક ઓશનનું વિહંગમ દ્રશ્ય પ્રદાન કરે છે. વધુ ખોજ કરવા માગતા હોય તેમને માટે ફિફ્થ સ્ટેશન પર અનેક ટૂંકી ટ્રેઈલ્સ પણ છે, જે સંપૂર્ણ શિખર ચઢવાની ઘનતા વિના સીનિક વોક્સ પ્રદાન કરે છે.

**કેબલ કારથી ટેબલ માઉન્ટન:** ટેબલ માઉન્ટન તેના સપાટ ટોચના શિખર અને સાઉથ આફ્રિકામાં કેપટાઉનની ઉપર ઊંચી હાજરી સાથે દુનિયામાં સૌથી પ્રસિદ્ધ સીમાચિહ્નમાંથી એક છે. ઘણા બધા ટોચ પર જવા માટે વિવિધ ટ્રેઈલ્સ પર હાઈકિંગ કરે છે ત્યારે ટેબલ માઉન્ટનની ભવ્યતા અનુભવવા માટે સૌથી આસાન અને પુરસ્કૃત રીત ટેબલ માઉન્ટ એરિયલ કેબલવે છે.

ટોચ પર પ્રવાસ આશરે પાંચ મિનિટ લે છે, પરંતુ તે અત્યંત રોમાંચક હોય છે. કેબલ કાર ઉપર જાય તેમ પ્રવાસીઓને 360 ડિગ્રી ફરતો નજારો જોવા મળે છે, જે ઓનબોર્ડ દરેકને કેપટાઉન, એટલાન્ટિક ઓશન અને આસપાસની પર્વતમાળાનું સંપૂર્ણ વિહંગમ દ્રશ્ય પૂરું પાડે છે.

સમુદ્રની સપાટીથી 1,085 મીટર (3,560 ફીટ) ઉપર વસેલા શિખર પર મુલાકાતીઓનું નજર પહોંચી શકે ત્યાં સુધી ફેલાયેલા અદભુત વિસ્તા સ્વાગત કરે છે. સાફ દિવસોમાં તમે ઉત્તરમાં રોબન આઈલેન્ડ, દક્ષિણમાં કેપ ઓફ ગૂડ હોપ અને નીચે કેપટાઉનનું વિશાળ શહેર જોઈ શકો છો. ટેબલ માઉન્ટનની અજોડ સપાટ ટોચ વાદળાંના "ટેબલક્લોથ"થી ઢંકાયેલી હોય છે, જે પહેલા જ આ નાટકીય દ્રશ્યમાં ચમત્કારી તત્ત્વનો ઉમેરો કરે છે.

**ધ ગ્રેટ ડોલોમાઈટીસ રોડ:** ડોલોમાઈટીસ ઈશાન ઈટાલીમાં મંત્રમુગ્ધ કરનારી પર્વતમાળા છે, જે તેમના નાટકીય લાઈમસ્ટોન ખડકો, ઊંડી ખીણો અને હરિયાળા અલ્પાઈન મીડોઝ માટે પ્રસિદ્ધ છે. પર્વતારોહણ કર્યા વિના ડોલોમાઈટીસની ભવ્યતા અનુભવવા માગનારા માટે ધ ગ્રેટ ડોલોમાઈટીસ રોડ ઉત્તમ વિકલ્પ પ્રદાન કરે છે.

ધ ગ્રેટ ડોલોમાઈટીસ રોડ અથવા "ગ્રાન્ડ સ્ટ્રેડેલ ડોલોમિટી" યુરોપમાં સૌથી સુંદર ડ્રાઈવમાંથી એક છે. બોલ્ઝાનોથી કોર્ટિના દ એમ્પેઝો સુધી 100 કિલોમીટર (આશરે 62 માઈલ) સુધી આ પ્રતિકાત્મક માર્ગ ડોલોમાઈટીસમાં અમુક અદભુત લેન્ડસ્કેપ્સ થકી પસાર થાય છે,જે પ્રવાસીઓને તેમની કારમાં આરામથી બેઠાં બેઠાં પ્રદેશનું સૌંદર્ય અનુભવવાની તક આપે છે.

તમે ડ્રાઈવ કરો તેમ સુંદર ગામડાં, ગાઢ જંગલો અને હિંસ્ર ફૂલોથી સજેલા વિશાળ મીડો જોવા મળે છે. ગ્રેટ ડોલોમાઈટીસ રોડની એક સૌથી મહત્ત્વપૂર્ણ વિશિષ્ટતા પોરડોઈ પાસ છે, જે 2,239 મીટર (7,346 ફીટ)ની ઊંચાઈ પર વસેલું છે અને ડોલોમાઈટીસમાં સર્વોચ્ચ શિખર માર્મોલાદા સહિત આસપાસના પહાડીઓનો વિહંગમ નજારો પ્રદાન કરે છે. આ પાસ બેક માટે લોકપ્રિય સ્થળ છેસ, જ્યાં કેબલ કાર મુલાકાતીઓને ડોલોમાઈટીસ અને તેની પાર 360 ડિગ્રી નજારો પૂરા પાડતું શિખર સાસ પોરડોઈ સુધી લઈ જાય છે.

તો આ અતુલનીય અનુભવમાંથી તમે તમારી ટ્રાવેલ બકેટ લિસ્ટમાં કઈ ઉમેરવા માગો છો? તમારો પ્રવાસ તમને ભલે ગમે ત્યાં લઈ જાય, દુનિયા ખોજ કરવાની વાટ જોતી પહોંચક્ષમ અજાયબીઓથી ભરચક છે તે યાદ રાખો. આ સપ્તાહમાં વાત અહીં પૂરી કરું છું, આગામી સપ્તાહ સુધી જીવનની ઉજવણી કરતા રહો!

નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઇટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.


## આ દિવાળી વેકેશનમાં તમે ક્યાં નીકળી રહ્યા છો ફેમિલીને લઈને?

**દિવાળી પેહલા દિવાળી દરમિયાન અથવા દિવાળી પછીની ટુર્સ પર ચાલો.**
**પણ હવે ફક્ત થોડી જ જગ્યા બાકી છે. આજે જ બુકિંગ કરો!**

## ચાલો, બેગ ભરો, નીકળી પડો! વીણા વર્લ્ડ સંગાથે

| | | | | |
|---|---|---|---|---|
| બેસ્ટ ઓફ ઈજિપ્ત<br>9 Days - Nov 19<br>190000 | બેસ્ટ ઓફ બાકૂ<br>7 Days - Dec 7, 28<br>125000 - 135000 | હાઈલાઈટ્સ ઓફ ગ્રીસ<br>8 Days - Dec 22<br>225000 | હોંગકોંગ મકાઉ શેંઝેન<br>(7D) Oct 30, Nov 9<br>159000 | બેસ્ટ ઓફ વિયેટનામ<br>(8D) Oct 31, Nov 5<br>141000 - 145000 |
| સિંગાપોર બાલી<br>8 Days - Nov 11<br>168000 | દુબઈ અબુ ધાબી<br>(5D) Nov 2,6,16,27<br>105000 - 110000 | દુબઈ અબુ ધાબી (7D)<br>Oct 29, Nov 1,6,7,8,17<br>140000 | ઓલ ઓફ ન્યૂઝીલેન્ડ<br>14 Days - Nov 13<br>450000 | બેસ્ટ ઓફ નેપાળ<br>8 Days - Nov 2,4<br>77000 |

*T&C Apply





VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

Email: travel@veenaworld.com | veenaworld.com | Toll-Free: 1800 22 7979

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




સીમા અભિની પહોળી છાતી પર મોં રાખીને સૂતી હતી. એની સ્થિર આંખોમાં સુખ અને સંતૃપ્તિની ઝલક હતી, એક અનોખી ચમક હતી. એનું પંખીના પીછાં જેવું હળવુંફુલ મન કંઇ કેટલાય વિચારોમાં વિહરીને એના ચહેરા પર સ્મિત લાવી દેતું હતું ને એ મોં ઊંચું કરીને નાઇટ લેમ્પના આછા અજવાસમાં અભિની આંખોમાં જોઇ લેતી હતી. અભિની અપલક આંખોમાં આયખાની પહેલી અચાનક થયેલી સુખદ અનુભૂતિનું વિસ્મય હતું. અભિ થોડીવાર પહેલાની એ અકલ્પનીય ઉત્તેજક ક્ષણોને યાદ કરીને સીમાની આંખો, ગાલ અને કપાળ ચુમી લેતો હતો. એને આવી અવિસ્મરણીય ઘડીની સપનેય કલ્પના નહતી. હા, એ પ્રેમ નહીં...આવેગ હતો. અચાનક કિનારે ધસી આવીને કોરાકટ ખડક સાથે ટકરાતા મોજાં જેવો આવેગ....જીવનમાં બનતી અન્ય ઘટના જેવી જ એ એક સહજ ઘટના હતી અને અભિ માટે એ આવેગના વેગમાં તણાઈ જવું સહજ હતું.....સ્વાભાવિક હતું, પણ સીમા...એના કેસમાં શું હતું.? સ્ત્રી પ્રેમ વિના પહેલ ન કરે...સ્ત્રી આવેગના વેગમાં સહજ રીતે તણાઇ ન જાય. અભિ સીમા અને ચંદનના અચરજભર્યા અને શંકાસ્પદ લગ્નસંબંધ વિશે વિચારતો હતો ત્યાં જ સીમાએ આઇ લવ યુ કહીને અભિના મનમાં ઘૂમરાતા વિચારોને ચાકડે ચડાવી દીધા. બીએ વિથ સાઇકોલોજી ભણેલી સીમાના મોંમાંથી નીકળેલા આઇ લવ યુથી અભિને આશ્ચર્ય ન થયું. અભિએ સીમાના કપાળ પર હળવું ચુંબન કરીને આઇ લવ યુનો જવાબ આપ્યો.

‘તું અને ચંદન ક્યાં મળ્યા.?’ અભિનો તુંકારો એને રોમાંચિત કરી ગયો, પણ એના પ્રશ્નથી ખળભળી ગઇ. એના હુંફાળા રોમેન્ટિક મૂડ પર ઠંડું પાણી ફરી વળ્યું. થોડીવારનું મૌન એને ભૂતકાળમાં લઇ ગયું.

હું અને મારા પપ્પા મલાડના કુરાર વિલેજમાં રહેતાં. મા મરી ગઇ પછી બાપ દારૂ પીને રૂમ પર રોજ કોઇને કોઇ બાઇને લાવતો. હું વિરાધ કરું તો મને મારતો. એ વખતે અમારી ચાલીમાં રહેતો ચંદન જ મને બચાવતો...મને મારવા માટે ઉપડેલો હાથ ક્યારેક એના ગાલે પડતો...તો ક્યારેક એણે મારા માટે મારા બાપને પણ માર્યો હતો. બાપના કરનામા વધતા ગયા એમ ચંદન પ્રત્યેનું મારું આકર્ષણ વધતું ગયું. હું લાગણીના વહેણમાં એના તરફ તણાતી ગઇ. હું સતત મારી સિક્યોરિટી માટે વિચારતી રહી. એક તબક્કે મને લાગ્યું કે ચંદન સિવાય આ દુનિયામાં મારું કોઇ નથી. ચંદન જ મને સિક્યોરિટી આપી શકશે. હું એ ઘરમાંથી ભાગી છૂટવા માગતી હતી....મારું બીએ ફાઇનલ ખતમ થાય એની રાહ જોતી હતી. મને એ તક મળી ને હું મંજિલની પરવા કર્યા વિના....એક લગભગ અજાણ્યા કહી શકાય એવા ટેક્સી ડ્રાઇવર ચંદન સાથે ભાગી નીકળી. ચંદન કદાચ મારો પ્રેમ નહતો, મારી સલામતી હતી, મારું આકર્ષણ હતું. એક નાપસંદ અને અસહ્ય જગ્યાએથી ભાગી છૂટવા માટે આપમેળે...અનાયાસ ઊભું થઇ ગયેલું આકર્ષણ.’

અભિની આંગળીઓ અનાયાસે સીમાના વાળમાં ફરી રહી હતી, પણ મનની ગૂંચ વધી રહી હતી.

તક. સીમાએ બોલેલો લક્ષ્યવેધી તક શબ્દ તીર બની એના મનને વિંધી ગયો. ઓહ, તો સીમા એક તકની રાહમાં હતી...તક મળી કે તરત જ સારાનરસાનો વિચાર કર્યા વિના ભાગી છૂટી. દરેક માણસ તકના જ ફિરાકમાં હોય છે. હું પણ તક જ શોધું છુંને...તકનો લાભ કે ગેરલાભ લઉં છું. સીમા મને મળેલી એક તક છે.... મારું આકર્ષણ છે. મામાજી પૈસા મોકલવાના નથી. નોકરી મળી છે, પણ કેટલા પૈસા મળશે ને બીજે ભાડે ઘર મળશે કે નહીં એની ખબર નથી. બાકી વાત રહી ભાગેડુઓના જોખમની તો....જો હોગા વો દેખા જાયેગા. સીમા મને સાચવી લેશે....બધી રીતે. સીમા મારી થાકેલી રાતોનો વિસામો છે...સૂકુન છે. અભિ થોડીવાર પહેલા સીમાએ કરાવેલા અલૌકિક આનંદની પળોમાં ખોવાઇ ગયો. એણે સીમા નામની તકને બાહુપાશમાં જકડી લીધી. બંને પથારીમાંથી ઊઠ્યાં ત્યારે સફેદ પોશ ચાદરમાં સળ પડી ગઇ હતી.

***

અભિ એડ એજન્સીમાં સમય કરતા થોડો વહેલો પહોંચી ગયો હતો.

સમય થતો ગયો તેમ તેમ બીજા ડિપાર્ટમેન્ટમાં કામ કરતા કર્મચારીઓ આવતા ગયા. કોઇએ એને વિચિત્ર નજરે જોયો. કોઇએ સ્માઇલ આપ્યું...તો કોઇએ વેલકમ કહ્યું. સૌથી છેલ્લે પ્રિયા પહોંચી. પ્રિયા એક હાથમાં કોફી ને બીજા હાથમાં ચાનો મગ લઇને અભિના ટેબલ સામે બેઠી.

ગુડ મોર્નિંગ અભિ. એના મીઠા ને માદક લહેકામાં સવારની તાજગી હતી. અભિ ગુડ મોર્નિંગ કહે તે પહેલાં જ એણે કહ્યું: ‘લે સ્ટ્રગલર, આ તારી ખુમારીના પ્રતીક જેવી ચા.’ અભિ હસ્યો. એને પ્રિયાનું તું કહેવું ગમ્યું. એમાં ફિલ્મી આડંબર નહીં, આત્મિયતા હતી.

‘અભિ, પિન્ટો સરે કહ્યું કે તું કાંઇ થિયેટર વ્યેટર કરે છે.’

‘મેડમ, આ થિએટર વ્યેટર વળી શું છે, એને થિયેટર કહેવાય.’

‘આઇ મીન, એક્ટિંગ બેક્ટિંગ કરે છે.’

‘એક્ટિંગ હોય મેડમ, બેક્ટિંગ નહીં.’ અભિ જરા અકળાયો.

‘અભિ, ચૌબેજીએ મને ઘણીવાર કહ્યું, પણ મેં હજી સુધી એકપણ નાટક જોયું નથી. તારું નાટક...તારી એક્ટિંગ જોવી છે.’

‘તને અને પિન્ટો સરને બોલાવીશ. બીજું પણ કોઇ છે જેને મારું નાટક જોવામાં રસ છે.’ અભિની આંખ સામે સીમાનો ચહેરો આવી ગયો.

**સીમા મને મળેલી એક તક છે....‘મારું આકર્ષણ છે....મારી થાકેલી રાતોનું સુકૂન છે...વિસામો છે. એ મને સાચવી લેશે.... બધી રીતે.’**

‘ઓહ, તો મુંબઈમાં પગ મૂકતા જ તારા જીવનમાં કોઇ ચોક્કસ વ્યક્તિ પણ આવી ગઇ.’ પ્રિયાએ કહ્યું ને અભિએ ફેરવી તોળતા કહ્યું: ‘અકબર પીઆરની વાત કરું છું...જેણે પિન્ટો સરને મારી ભલામણ કરી એ.’

‘ચાલ, તને હું આપણા બીજા અતરંગી, તરંગી ને ધૂની નમૂનાઓની ઓળખાણ કરાવું.’

પ્રિયાએ ટેબલે ટેબલે ફરીને અભિની બધા સાથે ઓળખાણ કરાવી. એમાંના મોટાભાગના કર્મચારીઓને એનું નામ ગમ્યું. ‘અરે વાહ...નામ ભી અભિનય, કામ ભી અભિનય.’ કેટલાકે નામ અને કામનો મેળ જામી ગયો હોવાનું પણ કહ્યું. ટેબલ પર પાછા ફરતા જ પ્રિયા બોલી: ‘એડ એજન્સીમાં કામ કરનારા બધા આવા લઘરવઘર....બેફિકરા લોકો જ હોય....તું એમાં અલગ તરી આવે છે. તારે પણ અતરંગી વેષ કાઢવા પડશે. તું આવા ફોર્મલ કપડાંમાં એડમેન નહીં, પણ ઑડમેન લાગે છે.’

‘કોપી રાઇટિંગની મસ્ત લાઇન છે.’ અભિ હસી પડતા બોલ્યો ને પ્રિયા ખુશ થઇ કે અભિ એડ એજન્સીના માહોલમાં આવી રહ્યો છે.

***

અભિ જેટલું ધારતો હતો એટલું એડ એજન્સીમાં કામ કરવું સહેલું નહતું. કોપી રાઇટિંગ કરતા એને વધુ મુશ્કેલી રિહર્સલના ટાઇમિંગ સાચવવામાં પડવા લાગી. ચૌબેજી પરફેક્શનના માણસ. એના રિહર્સલ મહિનાઓ સુધી ચાલે. મોટા ભાગે દિવસ દરમિયાન જ રિહર્સલ કરે. અભિની ઉપાધિ વધી ગઇ. એણે પ્રિયાને વાત કરવાનું નક્કી કર્યું.

‘આજે સાંજે આપણે ચા પીવા માટે મળીએ.’ અભિએ પૂછ્યું.

‘કેમ ઓફિસની ચામાં મજા નથી આવતી.?’ પ્રિયાએ જરા મજાક કરી.

‘ના, એક વાત કરવી હતી.’ પ્રિયાએ ઓકે કહ્યું ને બંને સાંજે એક રેસ્ટોરન્ટમાં બેઠાં.

‘બોલ...’ પ્રિયાએ જાણવામાં ઉતાવળ બતાવી.

મારા રિહર્સલ અને ઓફિસ ટાઇમ ટકરાય છે. નાટક કે નોકરી બેમાંથી એકેયને છોડવું પોસાય એમ નથી.’ અભિએ કહ્યું.

‘તું આખી જિંદગી સ્ટ્રગલર જ રહેવાનો. કોપી રાઇટિંગનું કામ તું ટોઇલેટમાં પણ કરી શકે....એટલે જ એને શૌચાલય કહેવાતું હશે....સોચવિચાર કરવાની જગ્યા.’ પ્રિયા ખડખડાટ હસી પડી. કોપી રાઇટિંગ જેવા ક્રિયેટીવ કામ માટે કોઇ ટાઇમ ફિક્સ હોતો નથી. અને આમેય આપણી ઓફિસ રાતે અગિયાર સુધી ખુલી રહે છે. તું ચા પી અને મોજથી રિહર્સલ પતાવ. હું પિન્ટો સરને કહી દઇશ.’ અભિના આનંદનો પાર નહતો. બિલ આવ્યું. અભિએ પાકિટ કાઢવાનો ઢોંગ કરતા કહ્યું: ‘હું પે કરું છું.’

‘ફરી ક્યારેક....સ્ટ્રગલર.’ પ્રિયાએ બિલ પે કરતા કહ્યું.

***

અભિ અને પ્રિયા વચ્ચેની નિકટતા વધતી ગઇ. પ્રિયા સાંજ પછી અભિની રાહ જોતી. અભિ કામ પતાવે પછી રાતે અગિયાર વાગ્યે બંને સાથે જ બહાર નીકળતાં. પ્રિયા એને એડવર્ટાઇઝિંગની દુનિયાના અવનવા કિસ્સાઓ સંભળાવતી. અભિને તાળી આપતી...તાળી માગતી પ્રિયા બિન્ધાસ્ત હતી. પોતાને પ્રપોઝ કરનારા કેટલા નમૂનાઓને નકારી કાઢ્યા હતા એની હાંસી ઉડાવતી વાતો કરીને પોરસાતી.

બે દિવસ પહેલાં પ્રિયાએ અભિને આવા ફોર્મલ કપડાં પહેરીશ તો હું તારી સાથે નહીં ફરું ... એવું કહીને અભિને એડ એજન્સી અને મીડિયાવાળા પહેરે એવા ભડક રંગના કપડાં અપાવ્યાં હતાં. કંગાળ હાલતમાં સંઘર્ષ કરતો અભિ બહુ મુંઝાયો...બહુ અકળાયો હતો. નવીસવી ઓળખાણમાં પ્રિયાનું આવું આત્મિય વર્તન એને ગમ્યું પણ ખરું, પરંતુ કપડાં અપાવવા સુધીની નિકટતા પસંદ નહોતી પડી. જોકે, અભિ પ્રિયાની પ્રિયતમા જેવી જેવી જિદ સામે ઝુકી ગયો હતો. કદાચ....અભિ પ્રિયાને જીવનમાં મળેલી એક તક સમજીને અભિનય કરતો હતો.

***

એક સાંજે અભિ રિહર્સલ પતાવીને એડ એજન્સીમાં પહોંચ્યો. એની આંખો પ્રિયાને શોધતી હતી. એણે આમતેમ નજર ફેરવી. પ્રિયા ક્યાંય દેખાઇ નહીં. કદાચ બોસની કેબિનમાં હશે એવું માનીને એ પોતાનું કામ કરવા લાગ્યો. થોડીવારે એણે પ્યૂનને બોલાવીને પૂછ્યું તો ખબર પડી કે પ્રિયા બોસની સાથે ક્લાયન્ટ મીટિંગમાં ગઇ છે. રાતે દસેક વાગ્યે આવીને પ્રિયાએ નટખટ અંદાજમાં અભિને સીધું પૂછી લીધું: ‘મારી રાહ જોતો હતો ને. સાચું કહે.?’ અભિનો ચહેરો ચોર પકડાઇ ગયો હોય એવો થઇ ગયો.

‘હા, રાહ જોતો હતો. એક ગુડ ન્યૂઝ આપવા છે.’

‘જલદી બોલ’ પ્રિયા બોલી.

‘બહાર જઇએ ત્યારે કહીશ.’ અભિએ પ્રિયાની ઉત્સુક્તા વધારી.

‘મારે પણ તને એક ગુડ ન્યૂઝ આપવા છે. બહાર જઇએ ત્યારે આપીશ.’ પ્રિયા બોલી. બંને ગુડ ન્યૂઝ આપવાની ઉતાવળે બહાર નીકળ્યા.

‘તું ક્યારેય પબમાં ગયો છે.?’ પ્રિયાએ પૂછ્યું.

‘ના..’

‘ચાલ, આપણે આજે પબમાં બેસીને ગુડ ન્યૂઝ શેર કરીએ.’

‘પબના સુરમયી ઉજાલા અને ચમ્પઇ અંધેરા પાથરતા એક ખૂણામાં બે અલગારી ને અલ્લડ જીવ ગોઠવાયાં.

‘શું પીશ.’ પ્રિયાએ પૂછ્યું.

‘સ્ટ્રગલર રમ પીએગા.’ અભિએ આંખો અને માથું ઝુકાવતી અદામાં કહ્યું.

પ્રિયાએ વાઇન અને રમનો ઓર્ડર કર્યો.

‘ચાલ, ગુડ ન્યૂઝ આપ.’ અભિએ કહ્યું.

‘નહીં, હમણાં નહીં...થોડો નશો ચડવા દે.’

અભિ કોઇ છોકરી સાથે પહેલીવાર શરાબ પી રહ્યો હતો. હકીકતમાં એ શરાબ નહીં, આંખોથી શબાબ પી રહ્યો હતો. વાઇન અને રમનો દૌર ચાલુ રહ્યો. એક હદ પછી પ્રિયાએ નશીલા નેણ નચાવતા કહ્યું ‘ચાલ બતા તેરા ગુડ ન્યૂઝ.’

‘મારા નાટકની ડેટ ફિક્સ થઇ. આવતા રવિવારે શો છે.’ અભિની આંખોમાં હલકું ખુમાર હતું.

‘વાઉ....ક્યા બાત હૈ સ્ટ્રગલર. મૈં પહેલી રો મેં બૈઠ કે તેરી એક્ટિંગ બેક્ટિંગ દેખુંગી.’ ચિયર્સ કહીને એણે અભિને હગ કર્યું.

‘હવે તું કહે’ અભિએ કહ્યું.

શુદ્ધ સીંગતેલ મધુરા....ચાલો પીએ મદિરા. તારી પહેલી કોપી રાઇટિંગ લાઇન ક્લાયન્ટે આજે પાસ કરી દીધી.’ પ્રિયાના અવાજમાં વાઇનના નશાનો હળવો ઉછાળો હતો, પણ એનાથી મોટો ઉછાળો તો અભિના નશામાં હતો. એણે પ્રિયાને ભીંસી નાખતું આલિંગન કર્યું....એના હોઠ ચુમવા આગળ વધ્યો.

‘નહીં અભિ, પ્લીઝ નહીં. હું આગળ વધીશ તો પછી ક્યારેય અટકી નહીં શકું.’

‘પ્રિયા, હવે અટકવું નથી.’ અભિએ પ્રિયાના હોઠ પર હોઠ મૂકી દીધા. રમ અને વાઇનની મદહોશીના આલમનું ખતરનાક કોકટેલ રચાઇ ગયું, પણ પબના સુરમયી ઉજાલા અને ચમ્પઇ અંધેરામાં એક રોમેન્ટીક રંગ જરૂર ઉમેરાયો. (ક્રમશઃ)■

આકાશ મારી પાંખમાં

કલ્પના દવે
feedback@bombaysamachar.com

# વી લવ યુ, પપ્પા



અંબાણી હોસ્પિટલમાંથી રાત્રે અગિયાર વાગે ડો.મિરચંદાનીના આસિસ્ટન્ટ ડોક્ટરનો ફોન આવ્યોઃ- મિ. રાજેશ વૈષ્ણવ તમારા ફાધર મિ.મુકેશ વૈષ્ણવને મેચ થાય એવી કિડની અમને મળી ગઈ છે. તમે પેશન્ટને લઈને જલદી એડમીટ થઈ જાઓ.

યસ, ડોક્ટર, રાજેશ માંડ માંડ બોલી શક્યો.

જુઓ, રાજેશ મેચ થતી કિડની મળ્યા પછી ત્રણ દિવસમાં જ એને પ્લાન્ટ કરવી પડે અને ઓપરેશન પહેલાં પણ આપણે પ્રીટેસ્ટ કરવાના હોય છે. એટલે બને તેટલા જલદી આવી જજો -આસિસ્ટંટ ડોક્ટરે કહ્યું.

ઓ.કે ડોક્ટર અમે કાલે પહોંચી જઈશું. રાજેશે કહ્યું.

અમે અહીંથી એમ્બ્યુલંસ મોકલી શકીએ છીએ. સવારે ૭વાગે મોકલું? જેથી એડમિશન પ્રોસેસ જલદી થઈ શકે. ડો.મિરચંદાની સવારે- ૯.૩૦ વાગે આવે છે. ૧૦.૩૦ પછી ઓ.પી.ટીમાં હોય છે.

થેંક્સ, ડોક્ટર એમ્બ્યુલંસની વ્યવસ્થા માટે- વી.વીલ બી ઘેર.

ફોન મૂકતાં જ રાજેશના મનમાં કોઈ અકળ ભય ફરી વળ્યો. કિડની ટ્રાન્સપ્લાન્ટનું મોટું ઓપરેશન હેમખેમ પાર પડી જાય, હે-પ્રભુ મારા પપ્પાને બધા સંકટમાંથી ઉગારી લેજે.

ધડકતે હૈયે રાજેશે એની પાંચ વર્ષની દીકરી મીરાંની બાજુમાં સૂતેલી પત્ની સિદ્ધાને કહ્યું- હોસ્પિટલમાંથી ફોન હતો કે પપ્પાને મેચ થતી કિડની મળી ગઈ છે. આપણે કાલે સવારે જ - કહેતાં રાજેશનું ગળું રુંધાઈ ગયું.

રાજેશ, ઈટ્સ ગુડ. ઓપરેશન પછી પપ્પા એકદમ ઓ.કે થઈ જશે. જો, તારે સ્ટ્રોંગ રહેવાનું છે. તું ટેન્શનમાં આવી જાય તો મમ્મી પણ ઢીલા થઈ જાય. તું જરાય ચિંતા ન કર, પપ્પા ઈઝ ઈન હેન્ડ ઓફ બેસ્ટ ડોક્ટર, એન્ડ ઈન બેસ્ટ હોસ્પિટલ. તું પૈસાની જરાય ચિંતા ન કરતો, મારી એફ.ડી તોડી નાંખીશું, પણ પાપાને બેસ્ટ ટ્રીટમેન્ટ મળશે. ડોક્ટર પત્ની સિદ્ધાએ કહ્યું.

રાજેશે હસવાનો ઠાલો પ્રયત્ન કર્યો. રાજેશ અને સિદ્ધાએ શાંત ચિત્તે પ્રાર્થના કરી.

સવારે ૫.૦૦ વાગે જ રાજેશે મમ્મીના મોબાઈલ પર ફોન કરીને એમને લિવિંગ રૂમમાં આવવા કહ્યું. રાત્રે હોસ્પિટલમાંથી ફોન આવ્યો હતો એટલે સવારે સાત વાગે જ એમ્બ્યુલંસમાં પપ્પાને લઈ જવાના છે. તરત જ જાગૃતિબેન બહારની રૂમમાં આવ્યાં.

૬૦ વર્ષનાં દૃઢ મનોબળ ધરાવતાં જાગૃતિબેનની તો જાણે વાચા જ હણાઈ ગઈ. તેઓ રાજેશનો હાથ પકડી તેની સામું નિષ્પલક આંખે જોઈ રહ્યા. રાજેશે કહ્યું- મમ્મી, તું આટલી બધી ભક્તિ કરે છે ને, તો પ્રભુ આપણી સાથે જ છે.

ને, મમ્મી આપણે બધા સાથે છીએ, પછી જરા ય મુંઝાવાનું નહીં. સિધ્ધાએ મમ્મીના ખભે હાથ મૂકતાં કહ્યું.

મમ્મી, તમે અને રાજેશ, બંને એમ્બ્યુલંસમાં જાઓ. હું મીરાંને મારાં ભાઈ-ભાભીને ઘરે મૂકીશ. હું અને ચેતનભાઈ પણ તરત હોસ્પિટલ આવી જઈશું. ડોક્ટર મિરચંદાની સાથે જ મદદનીશ ડોક્ટર તરીકે મારી ક્લાસમેટ ડો. રોહિણી છે. જરા ય મૂંઝાતા નહીં.

જાગૃતિબેન આર્દ્રભાવે સિદ્ધા અને રાજેશ ભણી જોઈ રહ્યાં.

એમ્બ્યુલંસમાં પતિ મુકેશના પગ પાસેની સીટ પર બેસીને જાગૃતિબેન આ મહારોગ સામે જંગ લડી રહેલા પતિને જાણે મનોમન કહી રહ્યા હતા- હવે આ દૈત્ય સામે તમે છેલ્લો જંગ ખેલો. મારો હરિ આપણી સાથે છે.

મુકેશભાઈને ગઈ કાલે રાત્રે પેઢામાં સણકા ઊપડ્યા હોવાથી સૂઈ શક્યા ન હતા એટલે કે પછી પોતાના ભયને છુપાવવા એ આંખ મીચીને પડી રહ્યા હતા.

સામેની સીટમાં બેઠેલા રાજેશ સામું જોઈને જાગૃતિબેને પૂછ્યુંઃ- કિડની ક્યાંથી મળી ? કોની છે ?

મમ્મી એ બધું આપણને વધારે ન જણાવે. પણ, બેંગલોરની હોસ્પિટલમાં કોઈ પેશન્ટનું બ્રેઈન ડેડ થઈ ગયું છે એ લોકોએ કિડનીદાન કર્યું છે એનું બ્લડગ્રુપ પપ્પા સાથે મેચ થયું. રાજેશે કહ્યું.

પણ, ડોક્ટરના કહેવા મુજબ ૭૨ કલાકમાં જ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવી પડે. મમ્મી સારું થયું કે ડોનર મળી ગયો, નહીં તો મેં નક્કી જ કર્યું હતું કે ત્રણ વીકમાં ડોનર નહીં મળે તો હું જ મારી એક કિડની આપી દેત. મારું અને પપ્પાનું બ્લડગ્રુપ એક જ છે. બોલતાં એની આંખો ભીની થઈ ગઈ.

હા,બેટા તું મારો શ્રવણ અને મારી સિદ્ધા મારી શ્રાવણી વહુદીકરી છે. મને યાદ છે કે ઓલઈંડિયા લેવલે, મહારાષ્ટ્ર ગવર્મેન્ટ ઝોનલમાં રજિસ્ટ્રેશન કરવું, વેઈટિંગ લિસ્ટ ચેક કરવા, ચંદીગઢ, ગુજરાત ગમે ત્યાંથી કિડની માટે ફોન આવે તો મારી સિધ્ધા જ એટેન્ડ કરે. જાગૃતિબેન ગળગળા થતાં બોલ્યાં.

મમ્મી બસ, આ એક ઓપરેશન સરસ થઈ જાય. આપણે એક થઈને રહીએ તો ગમે તેટલી મોટી મુશ્કેલીઓને પાર કરી શકીએ.

જુદા જુદા ટેસ્ટ અને ડોક્ટરના સતત અંડર ઓબઝરવેશન પછી બીજે દિવસે સવારે સાડા નવ વાગે ડો. મિરચંદાનીએ ઓપરેશન કર્યું. સોળ કલાક ચાલેલા આ ઓપરેશનમાં જાગૃતિબેન, રાજેશ અને સિધ્ધાની આંખ એકીટકે ઓપરેશન થિયેટરની લાલ લાઈટ પર મંડાયેલી હતી. અધ્ધર શ્વાસે એક જ પ્રાર્થના- બસ. આ ઓપરેશન સફળ થાય.

આઈ.સી.યુ.માં રાખેલા પતિને જાગૃતિબેન દૂરથી કાચની નાની બારીમાંથી જોઈ લેતા. હમણાં કોઈ મુલાકાતીને પેશન્ટને મળવાની પરવાનગી ન હતી. અમદાવાદમાં રહેતા પ્રવિણાફોઈ તો ભાઈને જોવા અધીરાં પણ રાજેશે તેમને સમજાવ્યા.

મામાને ઘેર રાખેલી મીરાંએ કહ્યું- મામી મને મોટા પપ્પા પાસે લઈ જાઓ. મારે સ્કૂલે નથી જવું, મારે જમવું પણ નથી.

બેટા, તું ભગવાનને પ્રાર્થના કર કે તારા મોટા પપ્પાને જલદી સાજા કરીને ઘરે મોકલે. મીરાં, હોસ્પિટલમાં નાના કીડ્સ એલાવ નથી. તું પ્રેયર કર તો મોટા પપ્પા જલદી ઘરે આવશે.

પાંચ વર્ષની મીરાં એ આંખ બંધ કરીને મામી સાથે પ્રાર્થના કરવા લાગી.

જાગૃતિબેન કોઈ અકળ ભયથી મૂંઝાતા બબડવા લાગ્યાઃ- કદાચ, કાયમ ટ્રીટમેન્ટ આપનાર ડોક્ટર અમેરિકા ન જતા રહ્યા હોત, આ ઓપરેશન વહેલું થઈ શક્યું હોત તો આવું ન થાત. એમણે જ આ કેસ બગાડ્યો. અકળાયેલા મમ્મીને રાજેશે શાંત થવા કહ્યું.

એક ડોક્ટરે જતાં જતાં કહ્યું કે તાવ છ- સાત કલાકમાં ઓછો થવો જોઈએ અને એ અન્કોન્સિયસ સ્થિતિમાં ન જતા રહે તે પણ જરૂરી છે. મુકેશભાઈને એટેન્ડ કરવા ત્રણ અનુભવી નર્સ અને બે ડોક્ટર્સ વિશેષ આઇ. સી.યુ કક્ષમાં રાખવામાં આવ્યા છે. ૪૮ કલાક ક્રીટીકલ કહી શકાય પણ ગભરાવવાની જરૂર નથી.

બપોરે કેસ ગંભીર જણાયો. તાવ જરા ય ઊતર્યો ન હતો અને તેમનું શરીર જકડાઈ ગયું હતું. જો કે અચેતન અવસ્થામાં પણ મુકેશના ચહેરા પર જાણે એક દિવ્યસ્મિત ફેલાઈ રહ્યું હતું. આઈ.સી.યુ કક્ષની નજીકના વેઈટિંગ રૂમમાં જાગૃતિબહેન, રાજેશ અને સિધ્ધા એક મીટ માંડી બેઠાં હતાં. પ્રભુ પ્રાર્થના જ એક બળ હતું.

રાજેશની નજર તો પપ્પાના આઈ.સી.યુ. તરફ ચોંટેલી હતી. જાગૃતિબહેન આંખ બંધ કરીને પ્રભુસ્મરણમાં હતા. હે,પ્રભુ તું જ મારા મુકેશની રક્ષા કર. ત્યાં જ એક કેસરી તિલક અને શ્વેત વસ્ત્રધારી કોઈ બ્રાહ્મણ નીચેના મંદિરમાંથી એક લાલ ફૂલ હાથમાં લઈને આવ્યો અને જાગૃતિબેન પાસે ઊભો રહ્યો. મૈયા, યે પ્રભુ કે ચરણોં કા ફૂલ હૈ, તુમ્હારે પતિ કે તકિયે કે નીચે રખો, સબ મંગલ હોગા.

જાગૃતિબેને આંસુ સારતા ફૂલ લીધું અને અહોભાવથી જોઈ રહ્યા. એ અજાણ્યો બ્રાહ્મણ આશિષ આપી જતો રહ્યો. એ કદાચ હોસ્પિટલના મંદિરનો કોઈ પૂજારી હશે. જાગૃતિબેનને લાગ્યું આ કોઈ ઈશ્વરી સંકેત જ છે. યોગ્ય તક મળતાં પેલું ફૂલ એમણે પતિને આંખે લગાડીને તકિયા નીચે દબાવી દીધું.

બીજે દિવસે એમના હાર્ટબીટ્સ નોર્મલ થયા. તેઓ બાર કલાકે ભાનમાં આવ્યા. એ રાત મુકેશભાઈ શાંતિથી સૂતા, હવે તાવ ઓછો થયો. ડો.મિરચંદાની અને તેમની ટીમે આનંદ વ્યક્ત કર્યો.

હજુ દસ દિવસ તો એમને ઓબઝર્વેશનમાં રાખવા પડશે, પણ મોટું સંકટ ટળી ગયું છે. ડો.અગ્રવાલે કહ્યું.

જાગૃતિબેને પ્રભુના ચમત્કારનો અને પેલા અજ્ઞાતસંતનો આભાર માન્યો. રાજેશ અને સિધ્ધાએ પપ્પાજીના મસ્તકે હાથ મૂકતાં કહ્યું-

પપ્પા, વી લવ યુ.

નાનકી મીરાંએ વીડિયોકોલમાં ફ્લાઈંગ કીસ આપતાં કહ્યું- મોટા પપ્પા આય લવ યુ. જલદી ઘરે આવો. ■

વિશેષ

સંજય શ્રીવાસ્તવ
feedback@bombaysamachar.com

# ચાર દાયકા બાદ મળ્યું મહેનતનું ફળ

અમેરિકન વૈજ્ઞાનિક વિક્ટર એમ્બ્રોસ અને ગેરી રુવકુનને ચાર દાયકા બાદ તેમણે કરેલી શોધ માટે આ વર્ષે નોબેલ પુરસ્કાર મળવાનો છે. ૧૯૯૩માં તેમણે શોધી કાઢ્યું હતું કે કઈ રીતે એક ખાસ પ્રકારના અણુ જિન અભિવ્યક્તિને નિયંત્રિત કરે છે. એને માઇક્રો આરએનએ કહેવામાં આવે છે. તેમણે કરેલી આ શોધ માટેની મહેનતને હવે ફળ મળ્યું છે. નોબેલ એસેમ્બ્લીએ જાહેરાત કરી છે કે ૭૨ વર્ષના ગેરી અને ૭૩ વર્ષના વિક્ટરને આ અવૉર્ડ આપવામાં આવશે. આપણા જિન ડિએનએ અને આરએનએથી બને છે, જે કોશિકાના જીવનમાં પણ અગત્યની ભૂમિકા ભજવે છે. ગુણસૂત્રમાં હાજર આરએનએના નાના બિન-કોડિંગ વર્ગથી સંબંધિત આ માઇક્રો આરએનએ આપણાં વિકાસ, પ્રકૃતિ અને બીમારીઓનું કારણ બને છે. આ વૈજ્ઞાનિકોએ માટીમાં મળી આવતા ગોળ કૃમિ અથવા નાના કીડાઓ પર અધ્યયન કર્યા બાદ પોતાના શોધપત્રમાં જણાવ્યું કે મનુષ્યોના જિનમાં થનાર જૈવિક પ્રક્રિયાઓને પણ એ નિયંત્રીત કરે છે.

વૈજ્ઞાનિકોને ઘણાં વખત પહેલા જ તાગ મળી ગયો હતો કે જો આ જીનનો વિનિમયમાં ગરબડી થાય તો કેન્સર, ડાયાબિટીસ અને ઓટોઇમ્યુન જેવી ગંભીર બીમારીઓ થઈ શકે છે. એક દાયકામાં માઇક્રો આરએનએની કાર્યપ્રણાલીને સમજીને જટિલ, અસાધ્ય અને લગભગ જેની સારવાર શક્ય નથી એવા રોગોની પણ સારવાર શક્ય બની શકે છે. ચિકિત્સા ક્ષેત્રમાં એના નિદાન અને સારવાર અંગેનો આરંભ પણ થઈ ચૂક્યો છે. કેન્સર અને ઓટોઇમ્યુન જેવા રોગોની સારવાર માટે એક આશાનું કિરણ જાગ્યું છે. એવી શક્યતા છે કે માઇક્રો આરએનએ કેન્સરમાં રાહત આપવામાં સમર્થ છે. ફેફસાંનું કેન્સર હોય કે પછી શરીરના અન્ય ભાગોમાં કેન્સર હોય અથવા તો હેપેટાઇટિસ, ડાયાબિટીસ હોય કે પછી આર્થરાઇટિસ હોય કે પછી મલ્ટિપલ સ્કેલેરોસિસ હોય હાર્ટ ફેલ્યોર હોય તો પણ એમાંથી દર્દીને રાહત પહોંચાડી શકે છે. એથી એમ કહી શકાય કે સ્વાસ્થ્યની દૃષ્ટિએ માઇક્રો આરએનએ કારગર નીવડી શકે છે.




માઇક્રો આરએનએ પ્રતિરક્ષા પ્રતિક્રિયાઓને પણ અસર પહોંચાડી શકે છે. એને ઇન્જેક્શન દ્વારા શરીરમાં વધતી બીમારીને અટકાવી શકાય છે. સાથે જ એન્ટિબૉડી એટલે કે પ્રતિરક્ષા પ્રણાલીને વિકસિત કરી શકાય છે, જેથી જીવાણુઓ સામે રક્ષણ મળી શકે છે. શારીરિક વિકાસમાં પણ તેની મદદ લઈ શકાય છે. કેટલાક છોડમાં માઇક્રો આરએનએ મળી આવે છે. એનો ઉપયોગ પાકની ગુણવત્તા વધારવા અને ઉત્પાદન વધારવામાં કરવામાં આવે છે. ૩૧ વર્ષ પહેલા આ બન્ને જીવ વૈજ્ઞાનિકોને આ શોધ માટે ઓળખ મળી હતી ખાસકરીને વિક્ટરને. જોકે હવે અનેક વર્ષો બાદ તેમને નોબેલ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. તેમણે કરેલી શોધના મહત્ત્વ અને એની ઉપયોગિતા પર હવે વિશ્વસ્તરે ચર્ચા થઈ રહી છે.

## બન્ને વૈજ્ઞાનિકોની શોધ ખૂબ અગત્યની છે

એક જ સંસ્થામાં કાર્યરત મોલિક્યુલર બાયોલોજિસ્ટ વિક્ટર એમ્બ્રોસ અને ગૈરી રુવકુનમાં એ જાણવાની ઉત્સુકતા હતી કે વિવિધ પ્રકારની કોશિકાઓ કેવી રીતે વધે છે અને વિકસિત થાય છે? એવું શું છે જે પ્રોટીન બનાવવાના મહત્ત્વપૂર્ણ કામ અને જિનના એક્સપ્રેશનને રેગ્યુલેટ કરે છે? ૧૯૯૩માં વિક્ટરના ધ્યાનમાં આવ્યું કે માટીમાં મળી આવતા એક નાનકડા કીડાના આરએનએ અણુ જિનની અભિવ્યક્તિને અટકાવવામાં સમર્થ છે. જિનને ટાર્ગેટ કરનાર માઇક્રો આરએનએ દરેક જીવિત પ્રાણીમાં હોય છે. એ કોશિકાઓની અંદર અને લોહીમાં મળી આવે છે. એ કોશિકાની પ્રોટીન બનાવવાની પ્રક્રિયાને અટકાવીને એના ઉત્પાદનની માત્રા, પ્રકાર અને સમયને નિયંત્રિત કરે છે. એ નક્કી કરે છે કે કઈ કોશિકામાં કયો પ્રોટીન બનશે અને કયો નહીં. માઇક્રો આરએનએ એ સમજાવવામાં મદદ કરે છે કે આપણા જિન કઈ રીતે કામ કરે છે? આપણા ક્રોમોસોમ્સ અથવા તો ગુણસૂત્રોમાં જે માહિતી હોય છે એ આપણાં શરીર માટે એક ગાઇડબુક છે. આપણાં લીવર, કિડની, હાર્ટ, લોહી અને રેટિનાની કોશિકાઓ અલગ-અલગ હોય છે, જે કામ પણ અલગ-અલગ કરે છે. આપણાં શરીરમાં લગભગ ૩૩ લાખ કરોડ કોશિકાઓ હોય છે. ત્યારબાદ દરેક કોશિકાઓમાં વીસ હજાર જિન હોય છે. એની અંદર હજારોની સંખ્યામાં માઇક્રો આરએનએ હોય છે.

## કોણ છે વૈજ્ઞાનિક વિક્ટર અને ગેરી?

વર્ષ ૧૯૦૧ અને ૨૦૨૪ સુધી ફિઝિયોલોજી અથવા તો મેડિસિનમાં ૨૨૯ વૈજ્ઞાનિકોને ૧૧૫ પુરસ્કાર આપવામાં આવ્યા છે. અમેરિકાના ન્યૂ હેમ્પશાયરમાં જન્મેલા વિક્ટર એમ્બ્રોસને ૯ વર્ષની ઉંમરે એક દૂરબીન અને પુસ્તક મળ્યું તો તેમની રુચિ ખગોળ વિજ્ઞાન તરફ વધી ગઈ. તેમના પિતા ખેતીના અને અન્ય કામ માટેના સાધનો બનાવતા હતા. ૧૯૫૩માં જન્મેલા વિક્ટરે ૧૯૭૯માં મેસાચ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટૅક્નોલોજી કેમ્બ્રિજથી પોલિયો વાઇરસ જિનોમ સંરચના અને રેપ્લિકેશન વિષય પર પીએચડી કરી હતી. ત્યારબાદ તેમણે ૧૯૮૫માં હાર્વર્ડ યુનિવર્સિટીમાં તેઓ મુખ્ય શોધકર્તા બન્યા. ૧૯૯૨થી ૨૦૦૭ સુધી ડાર્ટમાઉથ મેડિકલ સ્કૂલમાં તેઓ પ્રોફેસર હતા.

વાત કરીએ ગેરે રુવકુનની તો તેઓ જ્યારે ગાઢ નિદ્રામાં હતા અને તેમને જગાડીને જ્યારે કહેવામાં આવ્યુ કે તેમને નોબેલ પુરસ્કાર મળી રહ્યો છે તો તેમને લાગ્યું કે તેમના મિત્રો તેમની સાથે મજાક કરી રહ્યા છે. ૧૯૫૨માં કેલિફોર્નિયામાં જન્મેલા ગેરી રુવકુને પણ વિક્ટરની જેમ ૧૯૮૨માં હાર્વર્ડ યુનિવર્સિટીથી પીએચડી કરી હતી. બાદમાં તેઓ મેસાચ્યુસેટ્સ જનરલ હૉસ્પિટલ અને હાર્વર્ડ મેડિકલ સ્કૂલમાં મુખ્ય શોધકર્તા બન્યા હતા. તેઓ ત્યાં જ જેનેટિક્સના પ્રોફેસર છે. સાથે જ વિક્ટર અને ગેરી બન્ને ખાસ ફ્રેન્ડ્સ પણ છે. ■

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

# પ્રેમ એટલે પ્રેમ એટલે પ્રેમ... ઈશ્કના વહાલા વિચાર



**ટાઇટલ્સ:**
**ઇશ્ક અને ઇજા થાય ત્યારે જ સમજાય. (છેલવાણી)**

એક માણસ પ્રેમિકાની લાશ સાથે વળગીને ૩ મહિના બેઠો રહ્યો. પોલીસે કારણ પૂછ્યું તો કહ્યું:

હું પ્રેમિકાની મોત પછી, મારા મોતની રાહ જોતો હતો! '

કહે છે : 'પ્રેમનાં ભૂત જલ્દીથી મરતાં નથી' ,. પણ પ્રેમનું ભૂત ઉતર્યા પછી જ સમજાય કે પ્રેમ ના સમજાય એવી આધુનિક કવિતા કે મોડર્ન આર્ટનું અટપટું ચિત્ર છે.

'પ્રેમ એટલે એકઝેટલી શું?' એવું લાઇફમાં એકવાર તો બધાં વિચારે જ છે. પીટર પોપર નામના સંપાદકનું દાયકાઓ જૂનું પુસ્તક છે, જેમાં પ્રેમ વિશે મહાન લોકોના ક્વોટેશન્સ- અવતરણો છે.અહીં પ્રેમ વિશે રમૂજ છે- રંજ છે- કડાવાશ ને દાઝ પણ છે. ટૂંકમાં પ્રેમ વિશેની વાતોની અહીં આખે આખી ગુજરાતી થાળી છે! તો ચાલો, ચાખીએ ચાહતને.....

- પ્રેમ, પ્રેમને સમજે છે, એને વાતોની જરૂર નથી પણ મીઠા શબ્દો, પ્રેમનો ખોરાક છે.
- જીવનમાં બે કરુણતા છે: એક, પ્રેમમાં તમારી ઇચ્છા પૂરી ન થાય તે અને બીજી, તમારી ઇચ્છા પૂરી થાય તે.
- પ્રેમ યુદ્ધ જેવો હોય છે, શરૂ કરવો સહેલો, અટકાવવો મુશ્કેલ...
- પ્રેમ અછબડા જેવો છે, આપણે એમાંથી ક્યારેક ને ક્યારેક તો પસાર થવું જ પડે છે.
- પ્રેમ, મૃત્યુ જેટલું જ બળવાન છે. મૃત્યુ સાથે મુકાબલો કરી શકે તો માત્ર પ્રેમ જ છે.
- પ્રેમ- ફ્રાન્સમાં કોમેડી છે, ઇંગ્લેન્ડમાં ટ્રેજેડી છે, ઇટાલીમાં ઓપેરા છે ને જર્મનીમાં મેલોડ્રામા છે.
- સતત રાવ-ફરિયાદ, પ્રેમનું મૃત્યુ છે. ભાંગવા કરતાં થોડુંક વાંકા વળતાં શીખો એ સારું છે.
- પ્રેમને પાપ બનાવીને ધર્મે સૌથી મોટો ઉપકાર પ્રેમ ઉપર કર્યો છે.
- પ્રેમ ચમત્કાર છે. એ બર્થમાર્ક એટલે કે જન્મ-ચિન્હ જેવી વાત છે, ગમે તેટલું છુપાવો પણ તમે એને ઢાંકી ન શકો.
- પ્રેમમાં તમે મૂર્ખાઇ ખૂબ કરશો પણ એને ઉત્સાહપૂર્વક કરશો.
- હું બે જ વસ્તુના પ્રેમમાં છું : અરીસો અને શરાબનું જામ.
- પહેલો પ્રેમ, થોડીક મૂર્ખાઇ અને ઝાઝી બધી જિજ્ઞાસા છે...
- માણસ ભૂખ્યો હોય ત્યારે એને ચુંબનની જરૂર નથી હોતી. પ્રેમ ભલે મીઠો હોય પણ એનો સ્વાદ રોટી સાથે જ આવે છે...
- પ્રેમમાં પ્રત્યેક નાનકડો વિરહ એ એક યુગ જ છે.
- આપણે જ્યારે એકમેકની સાથે નથી હોતા ત્યારે ઇશ્વર આપણને જુએ છે.
- વિરહ- પ્રેમને તીવ્ર બનાવે છે, મિલન- એને સબળ.
- જ્ઞાનનો પ્રારંભ, પ્રેમની શરૂઆત છે.
- સ્વર્ગ ને નરક વચ્ચેની પસાર થતી મોસમ છે-પ્રેમ.
- ધિક્કાર પ્રેમનાં સિક્કાની બીજી બાજુ છે. પ્રેમ ઓછો હોય ત્યાં દોષ ઝાઝા દેખાય.

**ઈંટરવલ:**
**અંડર ધ ગ્રીન વૂડ ટ્રી,**
**વ્હુ લવ્સ ટુ લાઇ વિથ મી! (શેક્સપિયર)**

- પ્રેમ, ઘુવડ કરતાં યે વધારે આંધળો હોય છે પણ પ્રેમ આંધળો છે એ જ સારું છે, નહીં તો એને કેટલું બધું જોવું પડત, જેની જરૂર ના હોય તે..અને પ્રેમ ભલે ભલે આંધળો હોય, પણ લગ્ન એને દૃષ્ટિ આપે છે...
- ક્રોધી પ્રેમી પોતાને જ જુઠ્ઠાણાંઓ કહેતો હોય છે.
- પ્રેમમાં ઓછામાં ઓછો બેનો તો મુકાબલો કરવો જ પડે: પહેલાં યુદ્ધ અને પછી શાંતિ...
- કોઇ પણ સ્ત્રીને ક્યારે ય એમ નહીં કહેતા કે તું સુંદર છે. એને એમ જ કહેજો કે 'તારા જેવી તો કોઇ સ્ત્રી જ નથી! ' અને તમારે માટે બધા રસ્તા ખૂલી જશે...
- સૌંદર્ય પર નભતો પ્રેમ, સૌંદર્યની સાથે જ મરે છે...જે સ્ત્રી/પુરુષ તમને ચાહે છે એ મારે માટે સૌથી સુંદર છે.
- મધમીઠા શબ્દો અને ખુશામતિયા ચહેરાઓ ભાગ્યે જ પ્રેમ વિશે કહી શકે છે કે આપણે એકમેકને ચાહીશું તો હું મહાન થઇશ ને તું ઐશ્વર્યવાન...
- પ્રેમની અભિવ્યક્તિની બાબતમાં આપણે અવિકસિત દેશો જેવા છીએ...જ્યાં સુધી પહેલો હુમલો થાય ના ત્યાં સુધી પ્રેમ અને સંધિવાના અસ્તિત્વમાં આપણે માનતા નથી...
- પ્રેમમાં કશું હાસ્યપદ નથી...અદશ્ય શાહીથી પ્રેમપત્રો લખાવા જોઇએ અને પછી કચરા પેટીમાં ફેંકવા જોઇએ...ખરેખર પ્રેમપત્રો તો હંમેશાં પોતાની સેક્રેટરીને જ લખાવવાના હોય અને એનાથી આગળ ના જવા જોઇએ.
- આખી દુનિયા પ્રેમીઓને ચાહતી ભલે ન હોય, પણ પ્રેમીઓને જોતી તો નક્કી હોય જ છે..
- પ્રેમમાં બે વ્યક્તિઓનું સાયુજ્ય છે, જેમાં એકને જ ફાયદો થાય છે...
- પ્રેમમાં પડેલો વૃદ્ધ માણસ પાનખરના ફૂલ જેવો છે...
- પ્રેમ એ એક એવી લાગણી છે કે સ્ત્રી પોતાના કૂતરા માટે સતત અનુભવે છે ને પોતાના પુરુષ માટે ક્યારેક જ.
- સ્વપ્ન અને પ્રેમમાં કશું અશક્ય નથી... 'સ્વપ્નની દુનિયાનું વાસ્તવિકતામાં રૂપાંતર કરવું' એ પ્રેમ છે...
- પ્રેમને નાશનો ભય નથી હોતો પણ પરિવર્તનનો ભય હોય છે...
- પ્રેમ હંમેશાં વફાદારીમાં દખલગીરી કરે છે...પ્રેમ સ્વભાવથી જ બેવફા છે...

પ્રેમ વિશે આ બધું વાંચીને પેટ હજી ભરાયું ન હોય તો પ્રેમ વિશેની તમને ભાવતી વાનગી નક્કી

કરીને જીવનમાં ઉતારજો. બાય ધ વે, અમને તો બધી વાનગી ભાવી છે, પછી ભલે એ પચે કે ના પચે!

**એંડ-ટાઇટલ્સ:**
**આદમ: પ્રેમ એટલે શું?**
**ઇવ: ખબર નહીં.** ■

કેન્વાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# આયુર્વેદનો અફલાતૂન સિદ્ધાંતઃ સાત્મ્ય !

કોઈ વ્યક્તિ તમને એમ કહે કે હું માત્ર ચાર જ કલાકની ઊંઘ લઉં છું અને તો પણ મારી જીવનશૈલીમાં કોઈ ફરક નથી પડતો. મને તો કોઈ રોગ ન થયો! કોઈ તમને કહે કે હું તો રોજ ચીભડાં ને કાકડી ખાવ છું તો પણ મને કદી અપચો નથી થતો. કોઈ કહે કે મને તો રોજ રાત્રે મિષ્ટાન્નમાં આઇસક્રીમ જોઈએ આટલા વર્ષમાં કદી કશું નથી થયું તો શું તમે પણ લઈ શકો?

આ તમામ સવાલનો એકાક્ષરી જવાબ છે: ના. કારણ? કારણ કે આયુર્વેદ કહે છે કે આપણાં તમામના શરીર અલગ છે. બધાની તાસીર અલગ છે. દરેક વ્યક્તિનું શરીર પાંચ મહાભૂતનું જ બનેલું છે, પણ દરેકની પ્રકૃતિ સમાન નથી એટલા માટે જ આપણાં તમામના શરીર એકસરખી રીતે કામ આપતા નથી. ઉપરવાળાએ બનાવેલા આ બધા મશીનની યુનિક ડિઝાઇન છે. આટલું સમજવું જરૂરી છે. જો આટલું સમજાય તો સ્વાસ્થ્યની બાબતમાં કોઈનું પણ આંધળું અનુકરણ કરવાનો વિચાર ન આવે.

તમામના કોષ્ઠ એટલે કે કોઠો અલગ હોય છે. આયુર્વેદ પ્રમાણે કોષ્ઠના ત્રણ પ્રકાર છે. મૃદુ- મધ્યમ

અને ક્રૂર. મૃદુ કોષ્ઠી લોકોને પાચન સંબંધિત સમસ્યા થવાની શક્યતા ઓછી હોય છે. મધ્યમ કોષ્ઠ હોવું

એ સારી બાબત છે. ક્રૂર કોષ્ઠના લોકોને કબજિયાત જેવી સમસ્યા થવાની શક્યતા વધારે હોય છે. પેટ સાફ ન આવવાના કારણે કે પછી મળ વધારે હાર્ડ આવવાના કારણે પાઈલ્સ અને ફિશર જેવી સમસ્યા પણ ઘણા બધા લોકોને થતી હોય છે. આ ઉપરાંત તમામની પાચન ક્ષમતા એટલે કે અગ્નિ પણ અલગ અલગ હોય છે. એક વ્યક્તિ ખાધેલું બધુ પચાવી જાય તો જરૂરી નથી કે બીજી વ્યક્તિ પણ એ જ ઝડપે ભોજન પચાવી શકે. આટલી સામાન્ય વાત ખબર હોય તો ક્યારેક પાર્ટીમાં



ગયા હોવ તો એક વ્યક્તિને સલાડ અને પીઝા ઝાપટતી જોઈને આપણે પણ આડેધડ ભોજન ન લઈએ. એટલે જ આપણે ત્યાં કહેવત છે : 'ભોજન પારકું હોય શકે, પણ પેટ પારકું નથી' આપણી રુચિ અને અગ્નિ પ્રમાણે જ ભોજન લેવું જોઈએ.

હવે વાત કરીએ સાત્મ્ય અંગે. 'સાત્મ્ય' એટલે એકરૂપ ... ગુજરાતી ભાષામાં વારંવાર વપરાતો રૂઢિપ્રયોગ છે : 'કોઠે પડી જવું' ,જેનો અર્થ થાય છે ફાવી જવું અથવા આદત પડી જવી. આપણે હમણાં જે કોષ્ઠની વાત કરી એનો અહીં સીધો સંબંધ છે. સાત્મ્યનો બીજો અર્થ છે શરીર માટે સુખકર. આપણું શરીર આપણી આદતો પ્રમાણે પોતાની અંદર ફેરફારો કરે છે. બાયોલોજિકલ ક્લોક કે સરકાર્ડિયન રિધમ અંગે તમે ક્યાંક વાંચ્યું કે સાંભળ્યું હશે. 'કોઈ વ્યક્તિ સાત દિવસ સુધી સાંજે ૯ વાગ્યે સૂવાની આદત પડી જાય તો આઠમ દિવસે શરીર સામેથી એને સંદેશ આપશે કે હવે સૂઈ જવાનું છે.'

સાત્મ્ય નામનો જે કોન્સેપ્ટ છે એ પણ કંઇક આવું જ કહે છે. કોઈ વ્યક્તિ જો વારંવાર વર્ષો સુધી કોઈ એક આદત પાડે તો શરીર તેને સ્વીકારી લે છે. અમુક આદત અમુક વ્યક્તિ માટે સુખકર હોય છે. બીજા માટે એ જ આદતો સુખકર નથી હોતી. ઠંડા પ્રદેશોમાં રહેતા લોકો અમુક પ્રકારનું ભોજન ખાય છે અને વર્ષો પછી જે તે સ્થાનિક પ્રજાને તે પ્રકારનું ભોજન સાત્મ્ય થઈ જાય છે, પરંતુ જો પેઢી દર પેઢી લાઈફ સ્ટાઈલ બદલાતી હોય તો ભોજન અને જીવનશૈલીમાં પણ અમુક ફેરફારો કરવા રહ્યા. નશાકારક પદાર્થોનું સેવન ક્યારેય ન જ કરવું જોઈએ. આમ છતાં તમે ઘણા લોકોને એવું કહેતા સાંભળ્યા હશે કે મારા પિતાજી પણ આટલા વર્ષથી નશો કરતાં અને હું પણ કરું છું તો પણ મને કંઇ ન થયું. દેશના અમુક વિસ્તારોમાં લસ્સી વધારે પીવાય છે, ભોજનમાં ઘી કે ભાત વધારે ખવાય છે તો એ લોકોના વજન નથી વધી જતાં, કારણ કે આ લોકોને એ ભોજન સાત્મ્ય થઈ ગયું હોય છે. આવા કિસ્સામાં પણ જો ખેડૂતનો દીકરો સોફ્ટવેર એન્જિનિયર બનીને સતત બેઠાડુ જીવનશૈલી અપનાવી લે તો એણે શરીરને સુખકર ફેરફારો કરવા રહ્યા.

ડોક્ટર્સ ઘણી વખત એવું કહેતા હોય છે કે આપણા દાદા જે ભોજન લેતા એ લેવું હેલ્ધી છે. એમાં જો ફેરફાર કરવો હોય તો એ તમારા દૈનિક શ્રમ અને પાચન આધારિત હોવો જોઈએ, કારણ કે આપણાં પૂર્વજોએ ભોજનની જે પેટર્ન અપનાવી એ ઘણીખરી વૈજ્ઞાનિક હતી. એમનો શ્રમ જે રીતનો રહેતો એ પ્રમાણે એ ભોજન લેતા. દાદાની ડિશમાં ફેરફાર કરીએ તો એ ફેરફાર આપણાં શ્રમ અને કોષ્ઠ પ્રમાણેનો હોવો જોઈએ. આજકાલની બેઠાડુ જીવનશૈલીને જોતાં મેંદો કે ખાંડને ઓછી કરવી પડે તો એ આપણાં શરીર માટે હિતકર છે.

ટૂંકમાં કહીએ તો આપણે આપણાં શરીરને જોઈને આદતો અપનાવવી જોઈએ નહીં કે 'ઇન્સ્ટાગ્રામ'ના ફૂડ બ્લોગર્સના ફોટોઝ જોઈને. ■

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

# મુશ્કેલી આવે ત્યારે ભાંગી ન પડનારા માણસો ઈતિહાસ રચી શકતા હોય છે

૧૨૪ વર્ષ અગાઉ જન્મેલા નિકોલાઈ પોલકોવ્સની અનોખી અને અકલ્પ્ય જીવનસફર જાણવા જેવી છે. નાનીનાની મુશ્કેલી આવી પડે ત્યાં તો જીવન ટૂંકાવવાની વાતો કરવા માંડતા હોય એવા માણસોએ તો નિકોલાઈ પોલ્કોવ્સ વિષે ખાસ જાણવું જોઈએ.

આ નિકોલાઈ પોલ્કોવ્સનું નામ મોટાં ભાગના વાચકોએ નહીં સાંભળ્યું હોય, પણ એ જે નામથી મશહૂર બન્યા હતા એ નામ કહીશ તો સજજવાચકો તરત જ એમને ઓળખી જશે. નિકોલાઈ પોલ્કોવ્સ એટલે વિશ્વવિખ્યાત બનેલા જોકર 'કોકો ધ ક્લાઉન'.

નિકોલાઈ પોલ્કોવ્સનો જન્મ ૨ ઑક્ટોબર, ૧૯૦૦ના દિવસે લાટવિયાના એક યહૂદી પરિવારમાં થયો હતો. સાત ભાઈબહેનવાળા નિકોલાઈના કુટુંબની આર્થિક સ્થિતિ બહુ જ ખરાબ હતી. માતા-પિતા સ્થાનિક થિયેટર કંપનીમાં કામ કરતા હતા. એ બન્નેની આવકમાંથી જેમતેમ પરિવારનું ગુજરાન ચાલતું હતું.

નિકોલાઈની ઉંમર પાંચ વર્ષની થઈ ત્યારે એના કુટુંબની આર્થિક હાલત અત્યંત ખરાબ થઈ ગઈ હતી. પિતાએ યુદ્ધ લડવા જવું પડ્યું. આ તરફ નિકોલાઈ અને તેના ભાઈબહેનોએ ભૂખ્યા ઊંઘી જવું પડે એવી હાલત થઈ ગઈ. નિકોલાઈની માતા નાનાં-નાનાં કામ કરતી હતી, પણ એમાંથી થતી આવકમાંથી મોટાં કુટુંબનું ગુજરાન ચલાવવાનું અત્યંત મુશ્કેલ હતું. આ સ્થિતિમાં માતાએ નિકોલાઈને ઘર નજીકના એક કેફેમાં ગીતો ગાઈને લોકોનું મનોરંજન કરવા મોકલવાનું શરૂ કર્યું. એ વિસ્તારના લોકો નિકોલાઈનાં માતા-પિતાને ઓળખતા હતા. નાનકડા નિકોલાઈએ માતાને મદદરૂપ બનવા માટે કામ કરવું પડે છે એ જોઈને સ્થાનિક લોકોના મનમાં કરુણા જાગતી અને એ બધા એને પૈસા આપતા.

શરૂઆતમાં તો નિકોલાઈ મજબૂરીથી ગીતો ગાવા જતો હતો, પણ પછી એને એ કામ ગમવા લાગ્યું. આમ ને આમ નિકોલાઈએ ત્રણ વર્ષ સુધી લોકોનું મનોરંજન કર્યું. એનામાં થોડી સમજણ આવી એટલે વધુ પૈસા કમાવાનું મન થવા લાગ્યું. એ દરમિયાન એક પરિચિત માણસે સલાહ આપી કે 'તું સરકસમાં જોડાઈ જા. તને સરકસમાં સારા પૈસા મળશે.' નિકોલાઈને એ વિચાર ગમી ગયો. એણે સરકસમાં જોડાવા માટે પ્રયાસો શરૂ કર્યા તો જાણવા મળ્યું કે બેલારૂસમાં એક મોટું સરકસ ચાલી રહ્યું છે. ટ્રેન પકડીને બેલારૂસ તરફ પ્રવાસ શરૂ કર્યો. બેલારૂસ એના શહેરથી ત્રણસો માઈલ દૂર હતું. નિકોલાઈએ એકલપંડે એટલો લાંબો પ્રવાસ કર્યો ત્યારે ઉંમર હતી માત્ર આઠ વર્ષ!

સરકસના માસ્ટરને મળીને એણે આજીજી કરી કે તમારા સરકસમાં કામ આપો. માસ્ટરે પહેલા તો નાનકડા નિકોલાઈને જોઈને ના પાડી દીધી કે ભાઈ તારું સરકસમાં કામ નહીં. તું વળી સરકસમાં શું કામ કરીશ?' જોકે નિકોલાઈએ નિરાશ થયા વિના કહ્યું: 'હું બહુ દૂરથી મોટી આશા લઈને આવ્યો છું. તમે મને એક ચાન્સ આપો, હું મારું કૌવત બતાવી દઈશ.'




નિકોલાઈ પોલ્કોવ્સ

સરકસના માસ્ટરને નિકોલાઈનો આત્મવિશ્વાસ પ્રભાવિત કરી ગયો અને એના પર દયા પણ આવી ગઈ. એણે નિકોલાઈને ચિત્ર-વિચિત્ર અંગકસરતના પ્રયોગો શીખવવાનું કામ સરકસના કર્મચારીઓને સોંપ્યું. નિકોલાઈને જોકર બનવામાં રસ પડવા લાગ્યો એટલે માસ્ટરે એને એ સરકસના અને એ સમયના જાણીતા વિદૂષક લાઝરેન્કોના હાથ નીચે તાલીમ આપવા માંડી. લાઝરેન્કોને પણ આ નાનકડા છોકરા પર પ્રેમ ઊભરાયો. નિકોલાઈ નાની ઉંમરે લાઝરેન્કો સાથે કામ કરતો થઈ ગયો.

નાનકડા નિકોલાઈએ જોકર તરીકેની વિચિત્ર હરકતોથી પ્રેક્ષકો ખુશ થવા લાગ્યા. એ સરકસમાં એણે જોકર તરીકે બે વર્ષ કામ કર્યું. એ સરકસમાં કામ કરતાં-કરતાં ઘર યાદ આવવા લાગ્યું. એટલે થોડા સમય પછી તેઓ ત્યાંથી ભાગીને ઘરે જતો રહ્યો, પણ સરકસથી વધુ સમય એ દૂર ન રહી શક્યો. એણે 'ધ ગ્રેટ રશિયન' સરકસમાં કામ કરવા માંડ્યું. એ સરકસમાં અનુભવ લીધા પછી બ્રિટન જવાનું નક્કી કર્યું. દરમિયાન યુદ્ધ શરૂ થતા એ બ્રિટનના સૈન્યમાં જોડાયો. બ્રિટિશ સૈન્ય વતી યુદ્ધમાં ઊતરેલો નિકોલાઈ દુશ્મન સૈન્યના હાથમાં ઝડપાયો. પછી દુશ્મનોના હાથમાંથી છટકવામાં સફળ રહ્યો.

એ દરમિયાન ૧૯ વર્ષની ઉંમરે એનાથી એક વર્ષ નાની યુવતી વેલેન્ટીના નોવિકોવાના પ્રેમમાં પડીને એ પરણી ગયો. (નિકોલાઈને છ સંતાનો થયાં હતાં એ બધા પણ સરકસ સાથે સંકળાયેલાં હતાં).

એ પછી નિકોલાઈ ફરી વાર સરકસ તરફ વળ્યા. પરણ્યા એ જ વર્ષે સોવિયેત સ્ટેટ સરકસ ઓર્ગેનાઈઝેશન સાથે જોડાયા. એમણે એ સંસ્થા સાથે સંકળાયેલાં જુદાં-જુદાં સરકસમાં કામ કરવા માંડ્યું. એ પછી એમણે પોતાની સરકસ કંપની શરૂ કરી. એમની કંપની ખ્યાતિ મેળવી રહી હતી એ દરમિયાન જ એક શો દરમિયાન એમને ગંભીર ઈજા થઈ અને ઘણા મહિનાઓ સુધી હોસ્પિટલમાં રહેવું પડ્યું. પરિણામે એમની સરકસ કંપની બંધ થઈ ગઈ.

નિકોલાઈને હોસ્પિટલમાંથી રજા મળી એ પછી થોડો સમય આરામ કરીને ફરી વાર એક સરકસ કંપનીમાં કામ કરવા માંડ્યું. સમયાંતરે સરકસ કંપનીઓ બદલવાનું ચાલુ રાખ્યું. ૨૧ ડિસેમ્બર, ૧૯૨૯ના દિવસે એ ૨૯ વર્ષની ઉંમરે બ્રિટનના 'બર્ટ્રેમ મિલ્સ સરકસ'માં જોડાયા. એ સરકસથી એમને 'કોકો ધ ક્લાઉન' તરીકે ખ્યાતિ મળી અને એ કમાવા લાગ્યા.

સફળતા મળ્યા પછી નિકોલાઈ પોતાના જૂના દિવસો ભૂલ્યા નહોતા. એમણે ગરીબ લોકોને મદદ કરવાનું શરૂ કર્યું. જુદી-જુદી હોસ્પિટલ્સમાં જતા અને બીમાર બાળકોનું મનોરંજન કરતા. ગરીબ બાળકોના હોસ્પિટલનાં બિલ પણ ભરી આપતા. એ સિવાય પણ અન્ય ઘણી સામાજિક પ્રવૃત્તિઓ એમણે શરૂ કરી હતી. એમની સામાજિક પ્રવૃત્તિઓની નોંધ લઈને એમને 'ઓર્ડર ઓફ ધ બ્રિટિશ એમ્પાયર'નું સમ્માન અપાયું અત્યંત લોકપ્રિય બની ગયેલા નિકોલાઈની મુલાકાતો અખબારોમાં છપાવા લાગી હતી. બીબીસીએ રેડિયો પર એમના પર એક ખાસ કાર્યક્રમ પ્રસારિત કર્યો એ પછી તો એ જગમશહૂર બની ગયા હતા.

૨૫ સપ્ટેમ્બર, ૧૯૭૪ના દિવસે, ૭૪ વર્ષની ઉંમરે બીમારીને કારણે નિકોલાઈનું મૃત્યુ થયું, પણ એમનું નામ અમર થઈ ગયું. પૃથ્વી પર જેટલા જોકર થઈ ગયા એમાં સૌથી વધુ જાણીતું નામ 'કોકો ધ ક્લાઉન'નું બની ગયું. એમણે જીવન દરમિયાન ખૂબ સંઘર્ષ કર્યો, કેટલાય ચડાવ-ઉતાર જોયા અને કેટલાંય દુ:ખ સહન કર્યા, પણ વિકટ સંજોગો સામે બાથ ભીડીને એમણે સતત લોકોનું મનોરંજન કર્યું.

મુશ્કેલી આવે ત્યારે ભાંગી ન પડનારા માણસો જ ઈતિહાસ રચી શકતા હોય છે. ■

વિવાદ
એન. કે. અરોડા
feedback@bombaysamachar.com

# માઉન્ટ એવરેસ્ટ પહેલી વખત કોણે સર કર્યો હતો? ઘેરાઈ રહ્યું છે રહસ્ય

**સામાન્ય** જ્ઞાનમાં સૌથી વધુ લોકપ્રિય પૂછવામાં આવતો સવાલ એટલે કે માઉન્ટ એવરેસ્ટ પર સૌથી પહેલા કોણ પહોંચ્યુ હતું? એનો જવાબ તો દરેકને ખબર છે કે ૧૯૫૩ની ૨૯ મેએ સવારે સાડા અગિયાર વાગે ન્યુઝીલેન્ડના એડમન્ડ હિલેરી અને દાર્જિલીંગના શેરપા તેનઝિંગ નોર્ગેએ પહેલી વખત આ ઊંચા પહાડ પર પગ મૂક્યો હતો. જોકે હવે એને લઈને વિવિધ અટકળો લગાવવામાં આવી રહી છે. થોડા દિવસો પહેલા નૅશનલ જ્યોગ્રાફિક મેગેઝિનની એક ડૉક્યુમેન્ટરીની ટીમને માઉન્ટ એવરેસ્ટ પર માનવ અવશેષો મળ્યા છે. એવી શક્યતા છે કે એ અવશેષો એ વ્યક્તિના છે જેમણે સો વર્ષ પહેલા પહેલી વખત માઉન્ટ એવરેસ્ટ પર પગ મૂક્યો હતો. આ અવશેષ બ્રિટનના એન્ડ્રયુ ઇરવીનના છે. ૧૯૨૪માં એન્ડ્રયુ પોતાના સાથી જ્યોર્જ મેલોરી સાથે ગૂમ થઈ ગયા હતા. ૧૯૯૯માં ગ્લોબલ વોર્મિંગને કારણે બરફ પીગળતા માઉન્ટ એવરેસ્ટ પરથી મેલોરીનું શબ મળી આવ્યું હતું. એથી એવી આશા બંધાઈ કે એન્ડ્રયુનો પણ મૃતદેહ મળી આવશે અને એ રહસ્ય પરથી પરદો ઉઠી જશે કે માઉન્ટ એવરેસ્ટ પર સૌથી પહેલા કોણ પહોંચ્યુ હતું.

જોકે અનેક પ્રયાસો છતાંપણ એન્ડ્રયુનું શબ હજી સુધી નથી મળ્યું. નૅશનલ જ્યોગ્રાફિકની ટીમ જ્યારે ડૉક્યુમેન્ટરી શૂટ કરી રહી હતી એ દરમ્યાન તેમને એક બૂટ મળ્યું હતું. બાદમાં એ



ટીમને એક સોક્સ પણ મળી આવ્યુ, જેના પર એ.સી. ઇરવીન લખેલું છે. એથી હવે એવી આશા બંધાઈ છે કે માઉન્ટ એવરેસ્ટને સર કરનાર પહેલી જોડી કોણ હતી? એવામાં જો ઇરવીન સંબંધિત વધુ પૂરાવાઓ મળે તો જવાબ બદલાઈ જશે.

એન્ડ્રયુના પરિવાર સાથે તેના માનવ અવશેષોના ડીએનએની તપાસ કરવામાં આવશે. ૧૯૨૪ની ૮ જૂને બપોરે બાવીસ વર્ષના એન્ડ્રયુ ઇરવીનને પર્વતારોહણના અભિયાનમાં અન્ય સદસ્યો સાથે જોવામાં આવ્યો હતો. એ વખતના કાગળપત્રો જણાવે છે કે એન્ડ્રયુ પોતાની સાથે એક કેમેરા પણ લઈ ગયો હતો. એથી હવે એ કેમેરાની શોધ ચાલી રહી છે. જો આ મળી ગયો તો ઈતિહાસ બદલાઈ જશે. નૅશનલ જ્યોગ્રાફિકની ટીમના ફોટોગ્રાફર અને ડિરેક્ટર જિમી ચીન કહે છે કે આ અવશેષો અને સિંગલ બૂટ હવે એ કેમેરા મળવાની આશા વધુ પ્રબળ બની છે.

૧૯૨૦ના દાયકામાં વિશ્વના સૌથી ઊંચા પહાડ પર ચડવાનો ક્રમ શરૂ થયો હતો. એમાંના સેંકડો પર્વતારોહી હજી સુધી પાછા નથી ફર્યા. એવો અંદાજ છે કે ૩૦૦થી વધુ પર્વતારોહીઓ એ દરમ્યાન હંમેશાં માટે મોતના મોંમાં સરી પડ્યા છે. કેટલાય પર્વતારોહીઓ બરફની અંદર જામી ગયા છે. તેમની ભાળ મળી નથી. આમ છતાં માઉન્ટ એવરેસ્ટ પર જવાનો લોકોનો રોમાંચ ઘટ્યો નથી. એને કારણે આજે પણ આ જોખમી સફર ચાલુ છે.

માઉન્ટ એવરેસ્ટના માર્ગમાં કેટલાય મૃતદેહો વિખેરાયેલા પડ્યા છે, કેમ કે દર વર્ષે કેટલાય પર્વતારોહીઓ આ યાત્રા દરમ્યાન પોતાના જીવ ગુમાવે છે. કઠિન પરિસ્થિતિઓ, વાતાવરણ અને ઑક્સિજનની કમીને કારણે પર્વતારોહીઓના નિધન થાય છે. તેમના શબને નીચે લાવવા પણ અઘરા છે. તેમના શબ બરફમાં દટાયેલા છે. તેમને હટાવવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો છે, પરંતુ એ ખૂબ ખર્ચાળ અને પડકારજનક છે. ■

ઈકો-સ્પેશિયલ
જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# રિઝર્વ બેંકઃ શું છે પડકાર ને કેવાં છે એનાં લક્ષ્ય?



ભારતીય રિઝર્વ બેંક (RBI) માટે ફાઈનાન્સિયલ સ્ટેબિલિટી સૌથી મોટી અગ્રતા છે તો તેની સામે ગ્લોબલ પરિબળો-અનિશ્ચિતતાના પડકારો પણ છે, જેને આપણે દરેકે સમજી લેવા જરૂરી છે.

રિઝર્વ બેંકની મોનેટરી પૉલિસીની વાત આવે ત્યારે મોટેભાગે લોકોની વાત વ્યાજદર અને તેની

અસર સુધી જ સીમિત રહે છે. આ અસરની વાતોમાં પણ શૅરબજાર વધુ કેન્દ્રમાં હોય છે. વાસ્તવમાં રિઝર્વ બેંકનું કાર્યક્ષેત્ર વિશાળ- વિરાટને ગહન છે, કયાંક કોમ્પલેક્સ-અટપટુ પણ છે.

તાજેતરના સંજોગોને ધ્યાનમાં લઈ રિઝર્વ બેંકના ગવર્નર શકિતકાંતા દાસનાં નિવેદન- નિરીક્ષણોને ધ્યાનમાં લઈ વાત કરીએ તો એક ગ્લોબલ ચિત્ર આપણી સમક્ષ રજૂ થશે તેમ જ વર્તમાન સંજોગો અને ભાવિ પડકારો તથા પરિવર્તનની ઝલક પણ જોવા મળશે.

રિઝર્વ બેંકના જે ચોકકસ લક્ષ્ય સામાન્ય માનવીએ સમજવા જરૂરી છે એના પ્રથમ ક્રમે આવે છે

મોંઘવારીનું નિયંત્રણ, જેને આર્થિક ભાષામાં ઈન્ફલેશન અથવા ફુગાવો કહે છે. બીજું લક્ષ્ય વિકાસનું છે. ત્રીજું, ગ્લોબલ સંજોગોનાં નિરીક્ષણ અને તેની અસરને સમજી સંભવત સર્જાનારા પડકાર સામે સજજ થવાનું હોય. હવે આ યાદીમાં નવાં પરિબળ જોડાતાં જાય છે અને તેમનું મહત્ત્વ પણ સતત વધી રહ્યું છે.

આ પરિબળ છે ટેક્નોલોજીનું અને તેને પરિણામે સર્જાતાં ઈનોવેશન-પરિવર્તનનું... જોકે આ તમામ વચ્ચે રિઝર્વ બેંકનું કેન્દ્રિય લક્ષ્ય ફાઈનાન્સિયલ સ્ટેબિલિટીનું રહે છે. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સંજોગો વચ્ચે આર્થિક-નાણાંકીય સ્થિરતાનું મુલ્ય ઘણું મહત્વનું છે. જગતના તમામે તમામ દેશ માટે ફાઈનાન્સિયલ સ્ટેબિલિટી પાયાની જરૂરિયાત ગણાય છે. આપણે ઘણીવાર જોયું છે કે આ સ્ટેબિલિટી વિના અનેક દેશ કેવી આર્થિક કટોકટીમાં મુકાયાં છે અને આજે પણ મુકાતાં રહયા છે.

**ગ્લોબલ અનિશ્ચિતતાનો મોટો પડકાર**

રિઝર્વ બેંકના ગવર્નર કહે છે, વર્તમાન સંજોગો સતત ગ્લોબલ સ્તરે યુદ્ધને કારણે અનિશ્ચિતતાના રહ્યા છે. રશિયા-યુક્રેન, ઈઝરાયલ-ઈરાન, ઉપરાંત કોઈને કોઈ દેશ પર એક યા બીજી તકલીફ વચ્ચે ઘેરાયેલા છે. યુકે આજે કેવી ક્રાઈસિસમાંથી પસાર થઈ રહ્યું છે તે જાહેર છે, યુકે સહિત આખા યુરોપની સ્થિતિ પણ નજર સામે છે. આ દરેક દેશ એક યા બીજા મોરચે પોતાની લડાઈ લડી રહ્યા છે. આ લડાઈ માત્ર વિનાશક યુધ્ધ ભલે નથી, પણ પ્રજાની અનેકવિધ સમસ્યાની છે. પાકિસ્તાન, બાંગ્લાદેશ અને શ્રીલંકા જેવા દેશની કઠણાઇ પણ જાહેર છે. આ બધાં વચ્ચે આપણો દેશ આપણી નજર સામે છે. હાલની -સરકારના કે દેશના દુશ્મનોએ પણ આ વાતને સ્વીકારવી પડે કે ભારત એક ઉભરતા રાષ્ટ્ર તરીકે આ બધાં કરતાં બહેતર, સલામત અને મજબૂત છે. આનો ઘણો યશ સરકારની આર્થિક નીતિઓને તેમ જ રિઝર્વ બેંકની પૉલિસી, અભિગમ, સંયમ અને શિસ્તને પણ જાય છે.

**વોલેટિલિટીની આશંકા-ભય**

રિઝર્વ બેંક છેલ્લા કેટલાંક સમયથી વ્યાજદરમાં ઘટાડો કરતી નથી તેનાં વાજબી કારણ છે. અલબત્ત, એણે વિકાસને પણ અગ્રતા આપવાની હોય છે, પરંતુ મોંઘવારીનું જોખમ લઈને તે આમ કરી શકે નહીં. તેની માટે પ્રાઇસ સ્ટેબિલિટી પહેલી અગ્રતા છે. ગવર્નરના શબ્દોમાં કહીએ તો હવે ગ્લોબલ ઈકોનોમીના ઈન્ટિગ્રેશનનું મહત્ત્વ વધતું રહ્યું છે. અન્ય દેશોની ક્રાઇસિસથી ભારત સાવ મુકત રહી શકે નહી. હાલમાં આપણા દેશ સામે જે પડકારો છે તેમાં ડાઈવર્જન્સ ગ્લોબલ પૉલિસી, વધતી વોલેટિલિટી અને મૂડી પ્રવાહ જેવાં જોખમોનો સમાવેશ થાય છે. સ્ટ્રેસ્ડ કંપનીઓ કે બેંકો ધિરાણ આપવા સક્ષમ નથી યા તેમની માટે રિસ્ક વધુ છે. એસેટસ કવાલિટીનું પરિબળ ચિંતાજનક રહે છે.

**સોશ્યલ મીડિયાથી સતર્ક રહેવું અનિવાર્ય**

બીજી તરફ, રિઅલ એસ્ટેટ માર્કેટનું કરેકશન તેમ જ નોન-બેન્કિગ ફાઈનાન્સિયલ કંપનીઝ (એનબીએફસી)ના ઈન્ટરકનેકશન પણ જોવા પડે. નવી ટેકનોલોજી સાથે નેશનલ લેવલ અને ઈન્ટરનેશનલ લેવલે પેમેન્ટ સિસ્ટમને સરળ, ઝડપી અને સસ્તી કરવી પણ આવશ્યક છે.

આ બધાની સાથે રિઝર્વ બેંકના ગવર્નર સોશ્યલ મીડિયા અને તેના સંભવિત જોખમો પ્રત્યે પણ સાવચેત રહેવાનું કહે છે. આના સોશિયલ મંચ પર ચાલતી કે ફેલાતી અફવાઓ ગેરમાર્ગે દોરીને જોખમ ઊભા કરી શકે છે.

આ ઉપરાંત ગવર્નરે હાલના સંજોગોમાં વધતા જતા સાઈબર જોખમો અને ડેટા બ્રીચ પ્રત્યે પણ ધ્યાન દોર્યુ છે. તાજેતરમાં મુકેશ અંબાણીના પુત્ર આકાશ અંબાણીએ એક જાહેર સભામાં (ડેટા પ્રોટેકશન) ડેટાની રક્ષા સંબંધી વડા પ્રધાનને સૂચનો કર્યાં હતાં. શકિતકાંતા દાસ કહે છે કે હવેના સમયમાં બેંકો-નાણાં સંસ્થાઓએ તમામ પ્રકારના સાયબર-ઓનલાઈન જોખમોથી સાવચેત-સતર્ક રહેવું અનિવાર્ય છે. આ દિશામાં સતત વિજિલન્સ અને સક્રિયતા જરૂરી હોવાનું એમણે ભારપૂર્વક કહ્યું છે.

રિઝર્વ બેંક સામે હાલના પડકારોમાં ઈન્ફલેશન છે ખરું, પણ અમુક હદ સુધી તેના પર નિયંત્રણ મેળવવામાં રિઝર્વ બેંક સફળ રહી છે. તેમ છતાં ગ્લોબલ પરિબળોને ધ્યાનમાં રાખી એક-એક પગલાં સાચવીને ભરવાના રહે છે. આગામી સમયમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને રોબો મશીનના રિસ્ક પણ ઊભા થઈ શકે છે. આની ઉપયોગિતા સામે અને સાથે પડકાર પણ ઊભા થઈ શકે છે. વ્યાજદર ડિસેમ્બરમાં પણ છેલ્લે વર્તમાન સંજોગોની વાત પર પરત આવીએ તો તહેવારોની મોસમ પૂર બહારમાં ખીલી હોવાથી વપરાશ અને ડિમાંડમાં વૃદ્ધિ અપેક્ષિત છે.

દિવાળીમાં વપરાશી ચીજોની સાથે-સાથે વિવિધ સેક્ટરમાં માગ વધવાની શકયતા ઊંચી છે. કૃષિ ઉત્પાદન બહેતર રહ્યું હોવાથી ગ્રામ્ય માગ પણ વધશે. આ માટે ફુગાવા પર નિયંત્રણ જોઈશે. પરિણામે ડિસેમ્બરમાં પણ રિઝર્વ બેંક વ્યાજદરમાં ઘટાડો કરશે કે કેમ એ સવાલ ઊભો છે.

તાજેતરમાં ફુગાવો ૫.૫ ટકા નોંધાયો છે. બીજી બાજુ, બેંકોમાં ડિપોઝિટ ગ્રોથ પણ અપેક્ષિત પ્રમાણમાં થઈ રહ્યો નથી. આમ બેંકો સામે આ પણ એક પડકાર છે. જયાં ડિપોઝિટ આકર્ષવા ક્યાંક અમુક અંશે વ્યાજમાં વધારો ઓફર કરાઈ રહ્યો છે, બાકી તો મોટાભાગની બચત હાલ શૅરબજાર-ઈકિવટી તરફ વધુ ખેંચાઇ રહી છે. ■

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

## ઈલોન મસ્કનું મેકાઝિલા :

# રચનાત્મકતા કેમ પ્રગતિનો પાયો છે ?



વ્યક્તિગત અને સામૂહિક રીતે, આપણું જીવન બહેતર ત્યારે જ થાય છે જ્યારે આપણે નવું વિચારતા રહીએ અને તેના પર અમલ કરતા રહીએ. એક સફળ વ્યક્તિ અને એક સફળ દેશનો તમે જો અભ્યાસ કરો તો દેખાશે કે એણે હંમેશાં જીવનને બહેતર બનાવવા માટે પ્રયાસો કર્યા છે.

૧૩ ઓક્ટોબરે, ભારતમાં લોકો બાબા સિદ્દીકી અને લોરેન્સ બિસ્નોઈની ચર્ચામાં વ્યસ્ત હતા ત્યારે દૂર અમેરિકામાં એક એવો ઈતિહાસ આકાર લઇ રહ્યો હતો, જે સ્પેસ ટેકનોલોજીના (અને વળતામાં માનવજાતિના) ભાવીને કાયમ માટે બદલી નાખવાનો હતો.

એ દિવસે, અમેરિકામાં ખાનગી સ્પેસ ટુરિઝમના પ્રણેતા અને ૨૧મી સદીના સૌથી સાહસિક ઉદ્યમી ઈલોન મસ્કની 'સ્પેસએક્સ' કંપનીના ઈજનેરોએ સેટેલાઈટ છોડીને જમીન પર પાછા ફરતા બૂસ્ટરને હવામાં જ પકડી લીધું. જે ટાવર પરથી તેને છોડવામાં આવ્યું હતું તે ટાવરમાં ઈજનેરો એવી ભૂજાઓ વિકસાવી હતી, જેમાં એ બૂસ્ટર પરત આવીને બેસી જાય...!

સાદી રીતે સમજવું હોય તો દિવાળીનું ઉદાહરણ લો. તમે નવા વર્ષના વધામણા માટે તે દિવસે કાચની શીશીમાં હવાઈ રોકેટ મૂકીને સળગાવો છો, તે શીશીમાંથી આકાશમાં છૂટીને ધૂમધડાકા કરે છે અને પછી તેની દંડી પાછી નીચે આવીને શીશીમાં જ ઊતરી જાય તો કેવું?

ઈલોન મસ્કે બસ, આવું જ કર્યું છે...!

પંદર માળ ઊંચી ઈમારત જેટલું વિશાળ બૂસ્ટર, જે ટાવર પરથી ઉડ્યું હતું, ત્યાં જ પાછું

આવીને ગોઠવાઈ ગયું! આમાં મોટી વાત એ છે કે એકવાર રોકેટ લોન્ચ કર્યા પછી તેને પાછું લાવવું શક્ય નથી એટલે કે, એક જ પ્રક્ષેપણમાં એક જ રોકેટનો ઉપયોગ કરી શકાય છે. આ અતિશય ખર્ચાળ છે અને સમય પણ ઘણો જાય છે. ઈલોન મસ્કે આમાં રિ-યુઝેબલ (ફરીથી ઉપયોગમાં લઇ શકાય તેવા) રોકેટનું ઇનોવેશન કર્યું છે. એણે સાબિત કરી બતાવ્યું છે કે એક રોકેટને હેમખેમ પાછું લાવીને ફરીથી છોડી શકાય છે.

ઈલોનને ૨૦૨૦માં પહેલીવાર આનો વિચાર આવ્યો હતો. એની કંપની 'સ્પેસએક્સ'ની ટીમ સ્ટારશિપ માટે લેન્ડિંગ લેગ્સની ચર્ચા કરી રહી હતી. ઈલોન માનતો હતો કે માનવ સભ્યતાને અવકાશ-ઉડ્ડયન કરતી સંસ્કૃતિ બનાવવી હોય, તો એવાં રોકેટ બનાવવાં જોઈએ જે વિમાન જેવાં હોય અર્થાત તે ટેક-ઓફ કરે, લેન્ડ કરે અને પછી શક્ય તેટલી વહેલી તકે ફરીથી ટેક-ઓફ કરે.

તેને પકડવા માટે આપણે ટાવરનો ઉપયોગ કેમ કરી ના શકીએ?' ઈલોને તે મિટિંગમાં ઈજનેરોને પૂછ્યું હતું. તે વખતે ટાવર રોકેટને પકડી રાખીને તેનું પ્રક્ષેપણ કરવાનું કામ કરતા હતા. ઈલોને એમાં નવું સૂચવ્યું હતુંઃ એ જ ટાવર રોકેટ પાછું આવે તો કેમ પકડી ન શકે?

આ એક વિચિત્ર વિચાર હતો. રૂમમાં લોકો હેબતાઈ ગયા. બિલ રિલ નામનો એક ઈજનેર કહે છે : 'જો બૂસ્ટર ટાવર પર પાછું આવીને તૂટી પડે છે, તો બહુ લાંબા સમય સુધી આગામી રોકેટ લોન્ચ વગર રહી જવાય તેમ હતું, પરંતુ અમે એના પર વિચાર કરવા સંમત થયા હતા.' જેવો એણે આ નિર્ણય લીધો કે તે સાથે જ ઈલોન મજાક-મસ્તીના મૂડમાં આવી ગયો. તે 'ધ કરાટે કિડ' ફિલ્મના એક દ્રશ્યનો ઉલ્લેખ કરીને હસવા લાગ્યો. ફિલ્મમાં કરાટે માસ્ટર મિયાગી એક માખીને પકડવા માટે ચોપસ્ટિકનો ઉપયોગ કરે છે. ઈલોને કહ્યું હતું કે ટાવરની ભૂજાઓને ચોપસ્ટિક્સ કહેવામાં આવશે, અને એણે આખા ટાવરને 'મેકાઝિલા' નામ આપ્યું હતું. તે 'ગોડઝિલા' ફિલ્મ પરથી હતું.

મસ્કે એક ટ્વિટ મારફતે ખુશી વ્યક્ત કરીઃ 'અમે લોન્ચિંગ ટાવરની ભૂજામાં બૂસ્ટરને પકડવાનો પ્રયાસ કરવા જઈ રહ્યા છીએ!' એક ફોલોઅરે જ્યારે પૂછ્યું કે તમે શા માટે લેન્ડિંગ લેગ્સનો ઉપયોગ નથી કરતા ? ત્યારે ઈલોન મસ્કે જવાબ આપ્યો હતો : 'આમાં લેગ્સ ચોક્કસપણે કામ કરે, પણ કાયમ થતું હોય તેવું જ શા માટે કરવું જોઈએ!'

જુલાઈ ૨૦૨૧ના અંતમાં એક બુધવારે બપોરે, બોકા ચીકા લોન્ચ સાઇટ પર જંગમ ચોપસ્ટિક ભૂજાઓ સાથે મેકાઝિલાનો અંતિમ ભાગ પૂરો કરવામાં આવ્યો. જ્યારે ટીમે મસ્કને ઉપકરણનું એનિમેશન બતાવ્યું ત્યારે ઈલોન ઉત્સાહિત થઈ બૂમો પાડી : 'જોરદાર! આને તો લાખો લોકો જોશે.' એ પછી 'ધ કરાટે કિડ'માંથી બે મિનિટની કિલપ મળી અને એણે પોતાના આઇફોન પરથી ટ્વિટ કર્યુંઃ 'સ્પેસએક્સ કંપની તેના રોબોટિક ચોપસ્ટિક્સ વડે અત્યાર સુધીની સૌથી મોટી ઉડતી વસ્તુને પકડવાનો પ્રયાસ કરશે. સફળતાની બાંયધરી નથી, પરંતુ ઉત્સાહ છે!'

કટ ટુ ૧૩ ઓક્ટોબર, ૨૦૨૪

એ દિવસે દુનિયાના કરોડો લોકોએ એ વીડિયો જોયો, જ્યારે 'સ્પેસએક્સ'નું રોકેટ હવામાં

ઉડ્યું અને પછી પાછું નીચે ઊતરીને એ જ ટાવરની ભૂજાઓમાં એવી રીતે બેસી ગયું, જેવી રીતે તમારી હવાઈ રોકેટની દંડી શીશીમાં પાછી ગોઠવાઈ જાય....

મૂળ વાત છે પરંપરામાંથી હટીને વિચારવું. આજના સમયમાં જો તમારે સફળ થવું હોય અને કંઇક ખાસ કરવું હોય, તો તમારે કંઇક નવું વિચારવું જોઈએ. સપનું જોવું અને હાંસલ કરવાનો પ્રયાસ કરવો એ બે અલગ વાત છે. જો તમારે કંઇક અલગ કરવું હોય, તો તમારી પાસે નવા વિચારોનો ભંડાર હોવો જોઈએ. વૈજ્ઞાનિકો માને છે કે આપણે મગજના માત્ર ૧૦ ટકા ભાગનો જ ઉપયોગ કરીએ છીએ. જો માનવ મગજની પૂરી તાકાતનો ઉપયોગ કરતાં આવડે, જો દરેક વ્યક્તિમાં કંઇક નવું કરવાની ભાવના હોય તો વિચાર કરો જીવન કેટલું શાનદાર બને!

આપણી વિચારવાની રીત આપણા વ્યક્તિત્વને પ્રતિબિંબિત કરે છે, આપણે આપણી આસપાસના વાતાવરણમાંથી શું અને કેટલું ગ્રહણ કરીએ છીએ અને કઈ રીતે તેને આત્મસાત કરીએ છીએ તેનું પરિણામ આપણા વિચારોની ગુણવત્તામાં આવે છે.

દરેક વ્યક્તિમાં વિચારવાની ક્ષમતા હોય છે, પણ જે અલગ વિચારે છે તે અન્ય લોકોથી જુદો પડે છે. માનવ જાતિનો વિકાસ એની રચનાત્મક વિચારસરણીમાં આવ્યો છે.

આપણે જ્યારે જંગલમાં રહેતા હતા, ત્યારે ખોરાક શોધવા માટે દૂર દૂર જવું પડતું હતું, અને ઘણી વાર એક-બે દિવસ પછી ખોરાક ઉપલબ્ધ થતો હતો. પછી ધીમે ધીમે મનુષ્યો જ્યાં ફળો અને શાકભાજી હતાં ત્યાં સ્થાયી થવા લાગ્યા. એમાં એમને બીજી વસ્તુઓ વિશે વિચારવાનો સમય મળ્યો. એમાંના કેટલાક એવા મનુષ્યો હતા, જે વધારે વિચારતા ન હતા. સૌથી વિચારશીલ વ્યક્તિને તે સમયનો આગેવાન કહેવામાં આવતો હતો, કારણ કે પોતાના વિચારોની શક્તિથી તે આગ લગાડવા, માંસ કાપવા માટેનાં હથિયાર બનાવવા, વરસાદમાં પોતાની ઝૂંપડીને પાણીથી બચાવવા જેવા નવા ચમત્કારો કરતા હતા, અને બાકીના લોકો તેમનું જોઈ જોઇને નકલ કરતા ગયા... ■

વલો કચ્છ
ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# કચ્છ સરહદની સુરક્ષાને કોણે વધુ અસર પહોંચાડી?



રાષ્ટ્ર સ્વયં સેવક સંઘ - કચ્છના આમંત્રણને માન આપીને એક પારખું થોડા દિવસ પહેલા ભુજ ખાતે વકતવ્ય આપવા આવ્યા હતા. નામ ખૂબ જાણીતું છે, વિવેક રંજન અગ્નિહોત્રી. તાશ્કંદ ફાઇલ અને કશ્મીર ફાઇલ જેવી વૈચારિક ફિલ્મનું નિર્માણ કરનારા સફળ નિર્દેશક કે જે કચ્છની ખમીરીને સાચા અર્થમાં ઓળખી શકયા અને તેમણે વકતવ્યની શરૂઆતમાં જ કચ્છની ધરતીને વંદન કરતાં આ ધરાને પવિત્ર તીર્થસ્થાન ગણાવ્યું. 'વિનાશમાંથી વિકાસની કેડી' કંડારતા પ્રદેશની મુલાકાત લેવા માટેનું ઉદાહરણરૂપ કચ્છને ગણાવ્યું. અને પછી એમણે માંડ્યુ વૈચારિક અધિષ્ઠાન જે આ પ્રદેશના પ્રબુદ્ધ નાગરિકો માટે ઊર્જા જગાવનારું સાબિત થયું. કચ્છમાં ઇતિહાસના તમામ રંગો અંકિત છે. યુદ્ધ, પ્રેમ, ઉપાસના, ભક્તિ, ભૂકંપ, દુષ્કાળ, રણ, ડુંગરા, દરિયો, સાંસ્કૃતિક વારસો, અને સરહદીય સંઘર્ષ પણ!

'વંદે માતરમ'નાં રાષ્ટ્રગાન સાથે જે ભારતમાતાનું ચિત્ર દૃષ્ટિ સામે આવે એ તો શસ્ય શ્યામલા, સુજલા સુફલા અખંડ રાષ્ટ્રનું છે; કાશ્મીરથી કન્યાકુમારી અને કચ્છથી 'આસેતુ હિમાચલ'નું દર્શન તેમાં આવી જાય! આમ તો બૃહદ્ અને સાંસ્કૃતિક ભારતની સરહદો તો સુદૂર એશિયા લગી વિસ્તરેલી હતી પણ તે ગૌરવ હવે ભૂતકાળ છે. શાસ્ત્રીય દૃષ્ટિએ બ્રિટિશ વ્યવસ્થાએ 'સ્ટેટ' (રાજય)નો પિંડ સ્પષ્ટ કર્યો. તેમાં હાલનું પાકિસ્તાન, બાંગલાદેશ, તિબેટ, બર્મા, નેપાળ, ભૂટાન અને શ્રીલંકાનો સમાવેશ થઈ જતો હતો. સ્વાધીન ભારતની સરહદો તો સંકોચાતી જ આવી છે. અને હજુય ન જાગ્યા તો...

૧૯૪૭માં ખંડિત આઝાદી આવી. પશ્ચિમમાં રેડક્લિફ એવોર્ડે પંજાબને વિભાજિત કર્યું; સરદાર ભગતસિંહ અને લાલા લજપતરાયની જન્મભૂમિ લાહોર સહિતનું પંજાબ પાકિસ્તાનમાં ગયું અને ભારતમાં અમૃતસર સહિતનો વિસ્તાર રહ્યો. આવું જ વિભાજન પશ્ચિમ ભારતના રણપ્રદેશમાં થયુંઃ ગુજરાતીઓનું માનીતું અને કચ્છનું અભિન્ન અંગ સિંધ પશ્ચિમ પાકિસ્તાનને મળ્યું એટલે નાનું રણ અને મોટું રણ પણ ખંડિત થયાં. આ કોઈ સહજ-સ્વાભાવિક વિભાજિત સરહદો તો હતી નહીં. એક કચ્છી માડુને માટે સિંધ પોતાના ગામતરાંની ભૂમિ હતી, અમૃતસરના શીખને માટે લાહોરની ગલી એટલી જ વહાલી હતી.

૫. બંગાળ અને પૂર્વ પાકિસ્તાન જેવા ભાગલા ૧૯૦૫ના લોર્ડ કર્ઝનની બંગ-ભંગની શરારતને યાદ કરે તેવા રહ્યા. અહીં તો 'ઑ પાર બાંગલા, આ પાર બાંગલા' જ સ્થાયી ભાવ હતો! ૧૯૫૦માં 'પંચશીલ'ના ચીથરાં ફાડતું ચીની આક્રમણ થયું અને ૧૯૫૪ના ભારત-ચીન કરાર પ્રમાણે ભારત સરકારે તિબેટ પર ચીનનું પ્રભુત્વ સ્વીકારી લીધું! એવું જ સરકારે કચ્છ સાથે કર્યું, છાડબેટ, કંજરકોટ જેવા મુલાયમ પ્રદેશ પાકિસ્તાનને હવાલે કરી દેવાયા. કચ્છના બન્ની વિસ્તારના માલધારીઓ માટે 'રામકી બજાર' જવું સાવ સ્વાભાવિક હતું. ત્યાં પોતાનાં જ સગાવહાલાંઓ વસેલાં હતાં. બે દેશ જૂદા છે તેની ખબર તો ત્યારે જ પડી જયારે 'રામકી બજાર'નું નામ ફેરવીને 'રહીમ કી બજાર' કરી નાખવામાં આવ્યું અને સરહદ પર સશસ્ત્ર દળ સાથેના થાંભલા નંખાઈ ગયા! આમ સરહદ પરની સુરક્ષા વ્યવસ્થાઓને કરારો તેમજ યુદ્ધોએ ઘણી અસર પહોંચાડી છે. ભારત-ચીન યુદ્ધ, ભારત-પાકિસ્તાન યુદ્ધ અને પૂર્વ પાકિસ્તાન-પશ્ચિમ પાકિસ્તાન




ફિલ્મમેકર વિવેક રંજન અગ્નિહોત્રી

યુદ્ધ ત્રણેથી સરહદનો સવાલ વધુ ગંભીર અને સાવધાનીપૂર્વકનો બની ગયો!

આ સીમાવર્તી પ્રદેશ સતત જાગતું રહે તેની ખાસ જરૂર છે અને એનું મહત્ત્વ સમજતા જ કદાચ વિવેકજી અહીં આવ્યા હશે! ભારતના માનસને સમજવા પર એમનો જોર વ્યાજબી હતો. આજે શ્રી રામના નામના નારા લગાવનારાના દિલમાં રામ વસે છે કે કેમ એ પ્રશ્ન છે! માત્ર નારાબાજી કરીને ઉત્તેજિત થઈ જતી આજની પેઢીને જાગૃત થવાની એમની ભલામણ ખૂબ સચોટ છે.

આપણાં અસ્તિત્વને સદીથી ગુલામીમાં ધકેલાઇ ગયેલા દેશને બહાર લાવવા અનેક કુરબાનીઓ આપવી પડી છે, શું જરૂર હતી આઝાદીની? ન મળી હોત તો કદાચ બ્રિટિશરો આપણાં કરતાં પણ સારા ફલાય ઓવર નિર્માણ કરીને આપત, છતાંય આપણે 'રાઈટ ટુ લાઈફ' જીવન માટે લડ્યા. અને એ જો આપણે સુરક્ષિત ન કરી શકીએ તો શું મતલબ. સરહદો ખાલી થશે તો પાડોશી સ્વાભાવિક હાવી થશે કબજો કરવા. કચ્છની તો પરંપરા રહી છે હિજરતની. પરંતુ ઘરવાપસી આજના સમયની કંગાળ માગ છે. જે પૂરી કરવા પ્રદેશવાસીઓએ જાગૃત થવું પડશે. આજે આ પ્રદેશ પાણી, શિક્ષણ, આરોગ્ય, રોજગારી બધુ આપવા સક્ષમ બની રહ્યું છે.

આજે લોક સેવા ટ્રસ્ટ જેવા બિનસરકારી પ્રયત્નો સફળતાપૂર્વક આરંભાયા છે. એ કેવળ સામાજિક કાર્યકર્તાઓ માટે જ નહિ, નકસલવાદીઓ અને રાજકીય પક્ષોના કાર્યકર્તાઓ માટે પણ એક નવી કાર્ય-સંસ્કૃતિની પ્રેરણા આપી શકે તેમ છે. રાષ્ટ્રીય અભિગમ અને ખમીરીનો ગૌરવ બોધ ઘરવાપસી માટે જરૂરી છે. અંતે,

સ્નેહસૂત્ર મેં ગૂથે જનજન,
સ્વાભિમાન સે ભર દે હર મન;
રાષ્ટ્ર સમૂચા ચલે વિજયપથ,
જગ મેં ગૂંજે જયજય ભારત. ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# ટાટાની મૂળ અટક દસ્તૂર હતી



ગુજરાતના સંજાણ બંદરે આવી દૂધમાં સાકર ભળી જાય એમ ભળી ગયેલા પારસીઓની અટકમાં પણ અન્ય કોમ જેટલું જ વૈવિધ્ય જોવા મળે છે. તાજેતરમાં જૈફ ઉંમરે અવસાન પામેલા રતન નવલ ટાટાની મૂળ અટક ટાટા નહોતી એ વાતની બહુ ઓછા લોકોને જાણ હશે. હકીકત તો એ છે કે પારસીઓમાં ટાટા અટક અસ્તિત્વ જ નથી ધરાવતી. ટાટા અટક કેવી રીતે પડી એની પાછળ એક નાનકડી કથા હોવાનું કહેવાય છે. ટાટા વંશનો પ્રારંભ નુસરવાનજી ટાટાથી શરૂ થયો હોવાનું માનવામાં આવે છે. નુસરવાનજી પારસી ધર્મગુરુ હતા. પારસીઓમાં પૂજા કરનાર દસ્તૂર કહેવામાં આવે છે. નુસરવાનજીના પુત્ર જમશેદજી ટાટાના પૂર્વજો દસ્તૂર પરિવારમાંથી આવ્યા હતા. જોકે, જમશેદજીના પિતા ખૂબ જ ઉગ્ર સ્વભાવના હોવાથી લોકો તેમને ટાટા કહીને બોલાવવા લાગ્યા અને પછી દસ્તૂર અટક ભૂંસાઈ ટાટા અટક કાયમ માટે રહી ગઈ.

પારસી સમુદાયમાં નોકરી અને વેપાર પરથી અનેક અટક જોવા મળે છે. રસપ્રદ વાત એ છે કે ઘણી અટકો ગુજરાતી હિન્દુ અટકો જેવી જ છે. કાપડિયા, દેસાઈ, મહેતા, મોદી, પારેખ, વકીલ જેવી સરનેમ પારસીઓમાં પણ હોય છે. ૧૮૬૨માં દુકાળ પડ્યો ત્યારે ખરશેદજી ફરદુનજી પારેખે અનાજ અને રોકડ રકમ ગરીબોને વહેંચ્યા હતા. શેઠ નવરોજી પેસ્તનજી વકીલ ઓગણીસમી સદીમાં અમદાવાદના અગ્રગણ્ય ઉદ્યોગપતિ અને દાનવીર હતા. આમ અટક પરથી માણસની કોમ સમજવામાં થાપ ખાઈ જવાની સંભાવના છે. મોદી અટક હિન્દુઓની જાણીતી અટક છે, પણ ફિલ્મમેકર સોહરાબ મોદી પારસી હતા. પીલુ મોદી કુશળ અને ગજબનાક સેન્સ ઓફ હ્યુમર ધરાવતા પારસી રાજકારણી હતા.

પારસીઓની અનેક અટક વ્યવસાય સૂચક હોય છે. આરસીવાળા, ઘાસવાળા, ગોળવાળા, દારૂવાળા, બાટલીવાલા, બંટાવાળા, સોડાવાળા સહિત અનેક અટક સંબંધિત વ્યવસાય પરથી ઊતરી આવી છે. પારસીઓ સાહસિક કોમ હોવાથી કોમના મોટાભાગના લોકો ધંધા - વેપાર સાથે સંકળાયેલા હોવાથી ધંધાને લગતી અટકો ઘણી છે. વ્યવસાયલક્ષી અટકમાં ઊડીને આંખે વળગે એવી અટક છે કામા. કામા અટકનો ઉલ્લેખ થાય ત્યારે લોકોને 'મુંબઈ સમાચાર' અને કામા પરિવારનું જ સ્મરણ થાય એવી એની ઉજજવળ પરંપરા અને દબદબો છે.

## ENગ્લિશ વિંGLISH — NAME - SURNAME IDIOMS



આપણે જાણીએ છીએ કે અમેરિકા તરીકે પ્રચલિત યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા (યુએસએ)ના રહેવાસીઓના કોઈ પ્રાદેશિક મૂળિયાં નથી. વિવિધ રાષ્ટ્રોમાંથી સ્થળાંતર કરી લોકોએ યુએસએમાં વસવાટ કર્યો છે. Back when the 1990 U.S. Census was taken, the top-ranking surnames were largely of English, Irish, and Scottish origin. Since those are the countries from which many of America's original settlers came, it's hardly surprising. ૧૯૯૦માં જ્યારે અમેરિકામાં વસ્તી ગણતરી કરવામાં આવી ત્યારે મોટાભાગના અમેરિકન નાગરિકોની સરનેમ - અટકમાં ઈંગ્લિશ, આઈરીશ કે સ્કોટિશ મૂળ જોવા મળ્યા હતા. એનું કારણ એ હતું કે અમેરિકા જઈ વસવાટ કરનારી જનતામાં એ દેશના લોકોની બહુમતી હતી. જોકે, અમેરિકન સમૃદ્ધિ પ્રત્યે અન્ય દેશોના નાગરિકોને પણ આકર્ષણ વધવા લાગ્યું. પરિણામે ૨૦૧૦માં વસ્તી ગણતરી કરવામાં આવી ત્યારે અલગ જ ચિત્ર સામે આવ્યું. Data from the 2010 Census tells a different story. While Smith remains the most common U.S. surname, for the first time, two Hispanic names-Garcia and Rodriguez-made the top 10. સ્મિથ અટક ધરાવતા લોકોની સંખ્યા સૌથી વધુ હતી, પણ ગાર્સીયા અને રોડ્રિગ્સ જેવી સ્પેનિશ મૂળની અટક ધરાવતા નાગરિકો ટોપ ટેનમાં બિરાજમાન થયા. વસ્તી ગણતરી કેન્દ્રની માહિતી અનુસાર ૧૯૯૦થી ૨૦૦૦ દરમિયાન ટોપ ૨૫ સરનેમમાં સ્પેનિશ મૂળિયાં ધરાવતી અટકધારી લોકોની સંખ્યા બમણી થઈ હતી. આ જાણકારી પરથી સ્પેનિશ લોકોના સ્થળાંતરનો ખ્યાલ આવે છે. આજની તારીખમાં યુએસએમાં સૌથી વધુ અટકધારી લોકોની યાદીમાં પહેલી પાંચ સરનેમ છે Smith (24 lakh), Johnson (19 lakh), Williams (16 lakh), Brown (14 lakh) અને Jones (14 lakh). આ પાંચેય અટકના મૂળિયાં ઈંગ્લેન્ડ સાથે જોડાયેલા છે. યુરોપિયન સરનેમ ઉપરાંત હવે એશિયાઈ અટક ધરાવતા નાગરિકોની સંખ્યા પણ ખાસ્સી અમેરિકામાં જોવા મળી રહી છે. આ બદલાવ માટે પણ આર્થિક ઉન્નતિનું કારણ જવાબદાર છે એમ કહી શકાય. બહેતર જીવન માટે અનેક એશિયાઈ દેશના નાગરિકો નોકરી ધંધા અર્થે યુએસએ ગયા અને ત્યાં જ કાયમી વસવાટ કર્યો. Also new to the list is the Asian surname Lee-ranked at number 22 in the country-indicating a rise in the Asian American population. અમેરિકન નાગરિકોના પૂર્ણ નામની નવી યાદીમાં એશિયન અટક લી બહોળા પ્રમાણમાં જોવા મળી રહી છે. મુખ્યત્વે એશિયાઈ રાષ્ટ્રો ચીન અને કોરિયાના લોકોની આ અટક છે. માર્શલ આર્ટનો નિષ્ણાત અને ફિલ્મ એક્ટર બ્રુસ લી એનું સર્વોત્તમ ઉદાહરણ છે. અમેરિકાની વસ્તીમાં આ અટકધારીઓનો વધારો સ્થળાંતરના વધી રહેલા પ્રમાણનો પુરાવો છે.

## સગ્ગી બહિણ — आडनावचा आनंद

મહારાષ્ટ્રીયન પ્રજાની અટકના ઈતિહાસનો આનંદ માણવા જેવો છે. **मराठीतली अनेक आडनावाच्या मागे कारणं दडपलेली असतात. उदाहरणार्थ साळवी आडनाव. विजयनगर वर चार घराणानी राज्य केलं। या पैकी एक होतं साळुव घराणे.** એના પરથી સાળવી અટક ચલણમાં આવી હોવાનો ઐતિહાસિક સંદર્ભ છે. બીજો એક સંદર્ભ એવો છે કે તમિલનાડુ રાજ્યમાં સ્થિત જીંજી કિલ્લો વિજયનગરના રાજ્યકર્તાઓએ બાંધ્યો હતો એ કિલ્લાનું બાંધકામ રુદ્રાજી સાળવી નામના કુશળ કલાકારની દેખરેખ હેઠળ થયું હતું. **साळवी आडनावाचा संबंध साळुवा शब्दाशी आहे. साळुबा ही एक लष्करी उपाधी (पदवी) आहे. साळुवाचा अर्थ बहिरी ससाणा किंवा गरुड (गरुडप्रमाणे पराक्रमी) असा होतो.** એકંદરે પરાક્રમી વ્યક્તિત્વ એવો અર્થ છે. રાજાના વંશજો પરથી મરાઠી અટકધારીનાં ઉદાહરણો જોવા મળે છે. **मोरे, शकपाळ आणि चाळके आडनाव याची ठळक उदहारण आहेत.** મોરે અટક મૌર્ય વંશના સ્થાપક ચંદ્રગુપ્ત મૌર્યના શાસન પછી અસ્તિત્વમાં આવી. ચાળકે અટક ૨૦૦૦ વર્ષ પૂર્વે કર્ણાટક રાજ્યમાં ચાલુક્ય રાજવંશની સ્થાપનાને પગલે વ્યવહારમાં આવી હોવાનું કહેવાય છે. એ જ પ્રમાણે શકપાળ શક વંશને અનુસરનારી પ્રજાની અટક બની ગઈ હોવાની ઐતિહાસિક માહિતી છે.

## राष्ट्र भाषा — नगरों के उपनाम

'વિવિધતામાં એકતા' ભારતની વિશિષ્ટ ઓળખ છે. વિવિધ ભાષા અને પરંપરા આપણી લાક્ષણિકતા છે. **हमारा भारत देश विभिन्न संस्कृति से भरा हुआ, भाषाओं और परंपराओं वाला देश है। हजारो वर्षो के फैले इतिहास, विभिन्न स्थानों की सभ्यताओं, में विकसित हुआ है। हर एक की अपनी एक अलग पहचान है। इसी तरह भारतीय शहरों का आकर्षण उनके उपनाम से संबंधित है।** ઉપનામ ભારતીય શહેરોનું આકર્ષણ છે. अहमदाबाद को भारत का मेंचेस्टर की पहचान मिली थी. અમદાવાદ એક સમયે ભારતના મેન્ચેસ્ટર તરીકે ખ્યાતિ ધરાવતું હતું. એનું કારણ એવું હતું કે અમદાવાદ કાપડની મિલોથી ધબકતું શહેર હતું અને યુકેનું મેન્ચેસ્ટર શહેર પણ કોટન મિલ માટે જગવિખ્યાત હતું. **जयपुर को गुलाबी शहर कहने की वजह यह हैं की उस समय गुलाबी रंग को स्वागत और आतिथ्य का रंग माना जाता था. इसलिए, महाराजा सवाई राम सिंह ने इंग्लैंड की महारानी एलिजाबेथ और प्रिंस औफ वेल्स का स्वागत करने के लिए पूरे शहर को गुलाबी रंग से सजाया था.**

રાજસ્થાનનું જયપુર 'પિંક સિટી' કે ગુલાબી શહેરનું ઉપનામ ધરાવે છે. ગુલાબી રંગ સ્વાગત અને આતિથ્યનું પ્રતીક ગણાતું હોવાથી મહારાજા સવાઇ રામસિંહે બ્રિટિશ ક્વીન એલિઝાબેથ અને પ્રિન્સ ઓફ વેલ્સનું સ્વાગત કરવા શહેરને ગુલાબી રંગથી દિપાવ્યું હતું. ■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# હૈં... રાવણ ને રેઈનકોટ?

### દહેગામે દેશને કઈ નવી દિશા ચીંધી ?!

'આણે ઉપાડો લીધો છે.' રાજુ રદીએ ફરિયાદ કરી. રાજુની ફરિયાદ મોંમાથા વગરની. માનો કે તારીખ લખ્યા વગરનો બેરર ચેક . જો કે, એના ચહેરા પર પરેશાની સાફ સાફ દેખાતી હતી.રાજુ આકળવિકળ હતો.

'રાજુ, આણે એટલે કોણે?' મેં સામે સવાલ કર્યો.

'આણે એટલે રાવણે! ' રાજુએ જવાબ આપ્યો.

'રાવણ તો ચૂંટણીમાં જીત મેળવી લોકસભામાં ગયો છે.' મેં માહિતી આપી.

'હું ચંદ્રશેખર આઝાદ ઉર્ફે રાવણની વાત નથી કરતો.' રાજુ બેકફૂટ પર ગયો.

'તો ક્યા રાવણની વાત કરે છે?' મેં સવાલ કર્યો.



'હું અસલી રાવણની વાત કરું છું.' રાજુએ સ્પષ્ટતા કરી.

'રાવણ નકલી પણ હોય છે? કોઇએ રાવણ હોવાનો દાવો કરી કરોડોનો ફ્રોડ કર્યો છે?' મે વિગતો માગી.

'એવી બાબત સરકારના ધ્યાને આવેલ નથી.' સરકારી પ્રવક્તા જેમ રાજુએ જવાબ આપ્યો.

'રાવણ અંદરનો કે બહારનો રાવણ છે?' મેં રાજુ રદીને સવાલ પૂછ્યો.

'લગભગ રાવણ આંતરિક કે બાહ્ય નથી. તે સિવાયના રાવણે ઉપાડો લીધો છે.' રાજુએ હતપ્રભ થઇ કહ્યું.

'કોઇની પત્નીનું રાવણે પાછું અપહરણ કર્યું?' અમે શંકા વ્યક્ત કરી.

'હવે તો લોકો એમની પત્નીનું અપહરણ કરવા રાવણને ઓફર કરે છે. રાવણ પત્નીનું અપહરણ કરે તો ટાઢા પાણીએ ખસ જાય તેવો તાલ છે. પત્ની ગુમાવેલ પતિ પત્ની ગુમ થયાની ફરિયાદ પણ ન કરે. મોંઘા મૂલની આઝાદી શું કામ ન માણે?કેમ કે, ભૂલ ભૂલમાં પોલીસ ફરિયાદ કરનારની પત્નીને ગોતી કાઢે તો ઉપાધિ થાય.' રાજુએ કોથળામાં પાંચશેરી મારી.

'રાવણ હોય ત્યાં ઉપાધિ વત્તા ઉપાધિ જ હોય. રાવણે સગા ભાઇ કુબેરનું પુષ્પક વિમાન આંચકી લીધેલું. નવ ગ્રહો રાવણને ઘરે કચરો-વાસીદું કરતા હતા, પાણી ભરતા હતા. રાવણની પાંપણ ક્યાં અને કેટલી ફરકે છે તે નવ ગ્રહો વિનીતભાવે જોતા હતા.' મેં કહ્યું.

'ગિરધરલાલ, રાવણ મરીને પણ અમર થઇ ગયો છે. રાવણ લોકમાનસમાં સદૈવ ચિરંજીવી છે. રાવણ અભિમાનનો આઇકોન અને બ્રાંડ એમ્બેસેડર હતો. આજે પણ કોઇ અભિમાનીને આપણે રાવણની ઉપમા આપીએ છીએ. રામ ભગવાને હરાવીને રાવણનું અભિમાન ચકનાચૂર કરેલું.' રાવણથી પ્રભાવિત થઇને રાજુએ રાવણ મહિમામંડન કર્યું.

'રાજુ, આપણે દશેરાએ રાવણના પૂતળામાં ફટાકડા ભરીને પૂતળાદહન કરીએ છીએ. કેટલાકને તેમાં રાવણના દાનવાધિકારનો ભંગ લાગે છે. રાવણની સાથોસાથ કુંભકર્ણ અને મેઘનાદના પૂતળા બાળવામાં આવે છે, જેમાં કોઇને પરિવારવાદની ગંધ આવતી નથી.' મેં નવું સંશોધન કર્યું.

'રાવણને ઘડીને ભગવાને હાથ ધોઇ નાખેલ, પરંતુ રાવણના પૂતળા બનાવવા એ નાનીમાના ખેલ નથી. કોઇ એરાગૈરા નથ્થુગૈરા રાવણના પૂતળા બનાવતા નથી. હિન્દુ રાવણના પૂતળા ઉત્તર પ્રદેશના મુસ્લિમ કારીગરો બનાવે છે તે કોમી એકતાનો નાનો નહીં, પરંતુ મોટો પુરાવો છે. દિલ્હી નજીકના તુમારપુરના લોકો દર વર્ષે ગુજરાત અને આખા ભારતમાં રાવણ બનાવે છે. નદી કિનારે વસેલા ગામનું નામ 'રાવણ ગામ' છે.' રાજુએ પૂતળા નિર્માણ પ્રક્રિયા જણાવી.

'રાજુ, દિલ્હીમાં રાવણનું સૌથી મોટું પૂતળું બનાવવામાં આવે છે. જે એકસો દસ ફૂટ ઊંચું હોય છે. લોકોને સેલ્ફીનો ક્રેઝ એટલો છે કે રાવણના પૂતળાની સાથે પણ સેલ્ફી લે છે!' મેં વધારાની માહિતી આપી.

'ગિરધરલાલ, આખા દેશમાં રાવણના પૂતળાનું દહન થાય છે, પરંતુ મધ્ય પ્રદેશના મંદસોરના જમાઇસા એવા રાવણનું પૂતળું બાળવામાં આવતું નથી. કચ્છના એક ગામમાં રાવણ વિપ્ર અને વિદ્વાન હોવાથી રાવણના પૂતળાદહનને જાકારો આપવામાં આવેલ છે.' રાજુએ અવનવી માહિતી પિરસી.

'રાજુ, હિન્દુસ્તાનમાં ક્યાંય ન બની હોય એવી ઘટના દહેગામમાં બની છે. વરસાદ આવે એ સૌને ગમે. કવિઓ તો વરસાદ જોઇ ઘેલા થઇ કવિતા-ગઝલનો ભજિયાની જેમ ગરમ ગરમ ઘાણ ઉતારે. વરસાદ પણ અણગમતા અતિથિની માફક ગમે ત્યારે તૂટી પડે છે. આપણે અતિથિ તુમ કબ જાઓંગે નો સવાલ કરીએ છીએ.વરસાદે વિદાય લેવાના સમયે વરસાદ જો ખાબક્યો છે' મેં રાજુને જણાવ્યું.

'ગિરધરલાલ, હવે કચ્છડાની જેમ વરસાદ બારેમાસ થઇ ગયો છે. વરસાદની કયાં નવાઇ છે?' રાજુએ મને વરસાદની વાંછટ જેવો કમોસમી સવાલ પૂછ્યો.

'રાજુ, દહેગામમાં દશેરા નિમિત્તે ચાલીસ ફૂટ ઊંચું રાવણનું પૂતળું તૈયાર કરેલું. વરસાદ આવે એટલે આપણે ઘાંઘા થઇ જઇએ. ખુલ્લામાં સૂકવેલ કપડાં ભીના ન થાય માટે અંદર લઇ લઇએ છીએ.. અગાસીમાં સૂકવેલ અનાજ પલળે તે પહેલાં લઇ લઇએ છીએ. વરસાદમાં ન પલળવું પડે તેટલા માટે છત્રી, રેઇનકોટ શોધવા માંડીએ . અહીં તો દહન કરવા માટે ઊભું કરેલ પૂતળું સળગે તે પહેલાં પાપડની જેમ ઘરાઇ જાય તો દશેરાના દિવસે ઘોડો ન દોડે તેમ રાવણ સળગે નહીં. રાવણને દસ માથા હોવાથી દસ છત્રીની જરૂર પડે. રાવણ દશાનન છે, પરંતુ વીસભૂજા એટલે કે વીસ હાથ ધરાવતો નથી..એટલે દસ છત્રી કોણ પકડે? સળગાવવા માટે તૈયાર કરવામાં આવેલ રાવણ પલળીને પાપડ ન થઇ જાય તે માટે રાવણને જિંદગીમાં પહેલીવાર રેઇનકોટ પહેરાવવો પડ્યો. ઇઝરાયલે ઇરાન સાથે આદરેલ યુદ્ધના સમાચારમાં રાવણને રેઇનકોટના સમાચાર દબાઇ ગયા!' મેં અકલ્પનીય બનાવ વર્ણવ્યો.

મહાપુરુષોની પ્રતિમાઓ દેશમાં ઠેરઠેર છે. એને વરસાદના મારથી બચાવવા રેઇનકોટ પહેરાવી શકાય... હવે રાવણ બનાવવાનો ઓર્ડર આપતી વખતે રેઇનકોટ અને રેઇનકેપનો પણ ઓર્ડર આપવો પડશે, જેથી રાવણનું પૂતળું પલળે નહીં અને પૂતળાની અંદર ભરેલ ફટાકડા સૂરસૂરિયા નહીં થઇ જાય એટલે દશેરાના દિવસે રાવણ ધમાકેદાર બળી શકશે! ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# છુના મના હૈ: મલાણા ગામમાં ક્યાંય અડયા તો નક્કી દંડાશો





રાજકુમાર, હેમા માલિની અને રાખી અભિનિત 'લાલ પથ્થર'માં જાનીને મોઢે બોલાયેલો ડાયલૉગ ''હાથ મત લગાના'' આજે યાદ આવી ગયો. હિમાચલ પ્રદેશના કુલુ જિલ્લાના મલાણા ગામનો પણ પરદેશીઓ માટે મંત્ર અને આદેશ છેઃ ક્યાંય સ્પર્શ કરતા નહીં.

ખરેખર, બહારની કોઈ વ્યક્તિને ગામની કોઈ પણ ચીજ-વસ્તુનું સ્પર્શ કરવાની સખત મનાઈ છે. એનું પાલન ન કરનારાઓને દંડ કરાય છે. મલાણાની અન્ય વિશિષ્ટતાઓ પણ ઘણી છે. અહીં સૌથી જૂની અર્થાત્ સૌથી લાંબા સમયથી લોકશાહી શાસન વ્યવસ્થા છે. એટલું જ નહીં, આ સૌથી પ્રાચીન અને કંઈક અંશે રહસ્યમય ગામ પણ છે.

આ મામલામાં વધુ ઊંડા ઊતરીએ. આ કુલુની ખીણાના ઉત્તરપૂર્વમાં આવેલું ગામ છે. પાર્વતી ખીણમાં ચંદ્રખાની અને દેઓટિબ્બા નામના પહાડો વચ્ચે મલાણા નદીને કિનારે આવેલું છે આ ગામ. આ ગામ અને એના રહેવાસીઓ હજી બહારની દુનિયાના પ્રભાવથી સંપૂર્ણપણે મુક્ત રહ્યા છે. પોતીકા રિવાજ, પરંપરા અને સમાજ વ્યવસ્થા વચ્ચે જ તેઓ આજે ય ખુશીખુશીથી રહે છે.

લોકવાયકા મુજબ એક સમયે અહીં રહેતા જમલુ ઋષિએ મલાણાના નિયમો અને કાયદા બનાવ્યા હતા, જેનું આજે ય સંપૂર્ણપણે પાલન થાય છે બધા માટે ભલે ઋષિ જમલુ હોય પણ મલાણાવાસીઓ માટે તેઓ ઋષિ જમલુ દેવતા છે. આ ગામનું સંચાલન સદીઓથી ગ્રામ પરિષદ દ્વારા થાય છે. જમલુ ઋષિએ ઘડેલા નિયમ-કાયદા મુજબ ગ્રામ પરિષદના અગિયાર સભ્ય ગામની વ્યવસ્થા ચલાવે છે. પરિષદના સભ્યોને ઋષિ જમલુના પ્રતિનિધિ મનાય છે. તેમના નિયમ અંતિમ અને સફર ગણાયા જેને કોઈ ઉથાપી કે પડકારી ન શકે. મલાણામાં ગ્રામ પરિષદે ઘડેલા નિયમોનો જ અમલ થાય. બહારના કોઈ નિયંત્રણ કાયદા કે નિયમ અહીં લાગુ પડતા નથી.

આ ગામની રાજકીય-સામાજિક વ્યવસ્થા પ્રાચીન ગ્રીસની વ્યવસ્થા સાથે ઘણી મળતી આવે છે. આ કારણસર મલાણાને હિમાચલનું એથેન્સ કહેવાય છે. આપણે ભલે જમલુ ઋષિ વિશે જાણતા ન હોઈએ પણ તેઓ આર્યોના આગમન અગાઉથી પૂજાતા હોવાનું મનાય છે. એમનો ઉલ્લેખ પુરાણોમાં મળ્યો હોવાનો દાવો થાય છે. કેવો ભાતીગળ ઈતિહાસ અને ભવ્ય સંસ્કૃતિ!




મલાણાવાસીઓ પોતાને આર્યોના વંશજ માને છે અને તે બદલ ખૂબ ગૌરવ અનુભવે છે. કહેવાય છે કે આ ગામના રહેવાસીઓ મહાન સિકંદરના સૈનિકોના વંશજો છે.

મલાણા વિશે જાણતા-વાચતા જઈએ એમ વધુને વધુ આશ્ચર્ય થાય. ઘણાં અહીંની સ્થાનિક બોલીને રહસ્યમય ગણાવે છે. એ કાનાસી અને રક્ષ તરીકે ઓળખાય છે. અમુક લોકો એને રાક્ષસી બોલી પણ કહે છે. અભ્યાસુઓ દૃઢપણે માને છે કે મલાણાની સંસ્કૃતિ અને ભાષા પર તિબેટનું મિશ્રણ છે.

પણ ગામમાં ક્યાંય બહારના લોકો કે પર્યટકોને અડવા ન દેવાનું કારણ શું ? મલાણાવાસીઓ પોતાને શ્રેષ્ઠતમ અને ઉત્તમોતમ માને છે. કદાચ બહારના લોકો પોતાની જેટલા શ્રેષ્ઠ નથી એવી ગ્રંથિ સ્વીકારીને તેઓ કોઈને પોતાના ગામના ઘર, મંદિર, કલાકૃતિ કે સ્મારકને સ્પર્શ કરવા દેતા નથી. અનેક વિચિત્રતા અને વિશિષ્ટતાને લીધે પર્યટકોના ધાડેધાડા મલાણામાં ઊતરી આવે છે પણ તેમને ગામમાં રહેવા દેવાતા નથી. પર્યટકોએ ગામની બહાર રહેવું પડે છે અને એ પણ તંબુમાં. અન્યત્ર પર્યટન અર્થતંત્રનો પ્રાણવાયુ મનાતો હોય એ પર્યટકોના અછોવાના કરાય. પહેલું મલાણામાં તો કોઈ આગંતુક ઘર-મકાનને અડી જાય તો એક-બે હજાર દંડ પેટે વસૂલી લેવાય જ. અલબત્ત, ગામમાં ઠેર-ઠેર બોર્ડ લગાવાયા છે કે કયાંય અડવાની મનાઈ છે, નહિતર દંડ થશે. એક ધાર્મિક સ્થળ બહાર સ્પષ્ટ હિન્દીમાં લખાયું છે. ''ઈસ પવિત્ર સ્થળ કો છુને પર એક હજાર રૂપિયા જુર્માના દેના પડેગા''

અરે! પર્યટક કંઈ ખરીદી કરે તો દુકાનદાર હાથોહાથ આપવાને બદલે દુકાનની બહાર મૂકી દે. પર્યટકે રકમ પણ એ રીતે જ નીચે જમીન પર મૂકી દેવાની!

મલાણાના રિવાજા, સંસ્કૃતિ, નિયમો અને સર્વોચ્ચતા ગ્રંથિ સિવાય અહીંના ચરસ-ગાંજા ખૂબ વખણાય છે. અહીંની ચરસ માર્કેટ સૌથી નામચીન અને એકદમ મોંઘી છે. આનો શ્રેય ગુણવત્તાસભર સ્થાનિકને અપાય છે. સ્થાનિક પોલીસ તંત્ર મલાણાવાસીઓને ભાંગની ખેતી કરતા રોકવા સતત પ્રયત્નશીલ રહે છે, પણ લાંબો સમય વીતવા છતાં પૂરેપૂરી સફળતા હજી કોશો દૂર લાગે છે. અહીંના ચરસ-ગાંજાની પરદેશમાં ખૂબ માંગ હોવાથી દાણચોરી ય થાય છે.

અને એક સમયે કોઈ માંદગીનો ઉપચાર કરવા માટે બાદશાહ અકબર મલાણા આવ્યો હતો. સાજા થઈ ગયાની ખુશીમાં તેણે મલાણા ગામને બધા કરવેરામાંથી મુક્તિ આપી હતી. છે મલાણાની તોલે આવે એવું અન્ય કોઈ ગામ ધ્યાનમાં? ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@
bombaysamachar.com

# આર્ષદ્રષ્ટા! હે કવિ! છે કર્મ તારું

ગયા રવિવારના આટલા બધા ઉત્સાહજનક પ્રતિસાદ બદલ ધન્યવાદ .

*એ સૌથી વધુ ઉચ્ચ તબક્કો છે મિલનનો*
*કહેવાનું ઘણું હો ને કશું યાદ ન આવે*
*- મરીઝ*

આજે કવિતાના ચરણ ધોવા છે, તમારી સાથે. બહુ મોટું અસ્તિત્વ છે કવિનું. કવિનાં ગરિમા અને મોભાને અસ્તિત્વ સાથે એકમેવ કરનાર કવિ એટલે પૃથ્વીનું સૌથી દરજ્જાદાર જીવન. કવિ તો છે / હોવો જોઈએ આર્ષદ્રષ્ટા... એટલે કે ત્રિકાળ જ્ઞાની... ત્રણ કાળના વિશ્લેષણાત્મક અભિગમને કવિ તર્ક અને કરુણાની વસ્ત્રસજ્જા સાથે પૃથ્વીના પટ પર ઉતારે અને જાગૃતતા જ્યાં જ્યાં એને આંખમાં ઝીલે, એ એ ધરતી પાવનીમાં પરિર્તિત થાય થાય ને થાય જ.

બોલકો બનીને વાત કરું તો ભાવ અને ભાષાનું પંખી અને કંઠના સાયુજ્યથી જે કલરવપણું રચાય છે, સ્વાતિ નક્ષત્ર અને ચાતકની પ્યાસનું જ્યાં ઊસંવનન રચાય છે; કાલિદાસ ત્યારે બનાય છે, નરસિંહ ત્યારે બનાય છે, ગાલિબ ત્યારે બનાય છે, રવીન્દ્રનાથ ત્યારે બનાય છે.

અને શું છે આ કવિતા...

કવિતા છે સ્વગતોક્તિ કહેણીની...

આવે ભલે લખાઈને અક્ષર-શબ્દ પંક્તિ સ્વરૂપે... જાત સાથેનો સંવાદ છે કવિતા...

કલમ તો રોજની, કરોડોની સંખ્યામાં ઉત્પાદિત થઈ રહી છે વિશ્વભરમાં... માહાત્મ્ય છે કવિના અવાજનો... અને એ અવાજ સાથે એકાકાર થવા ઉત્સુક, માનસપટ પર હિલોળા લેતું એક વિરાટ પુદ્ગલ...

ના, ના... હજી કશું જ નથી... માત્ર ઝાકળ પુષ્પ પર મૂકી ઓગળી જતા પરોઢી ધુમ્મસથી વિશેષ કશું જ નથી બીજું...



અને અચાનક એક ગતિ વગરના સળવળાટની માનસગર્ભમાં અનુભવાતી સૂક્ષ્મતમ ચેતના...

આહા... આ તો...

કાવ્યના અવતરણની ક્ષણ એટલે તો કેવી ક્ષણ! કાનમાં ધીમી ઘૂઘરીઓ ધમકવા માંડે... વાયુમંડળનાં વૃત્તો શિર પર ચકરાવા લેવા માંડે... આંખ ઊર્ધ્વગામી બને ને પછી ચોમેર દિગંતો સુધી ચકળવકળ ભમવા માંડે...

અને હું... કલમ મૂકું કાગળ પર અને ઢંઢોળું મારો અવાજ...

ભાન તો ગાયબ... સાવ અભાનપણે કાગળ પર સ્વયંભૂ રમતી કલમ હું નર્યા સાક્ષીભાવ સાથે નીરખતો હોઉં...

અને અચાનક ભાન આવે પાછું... કલમ અટકે અને કાનમાં કોઈ ટહુકતું હોય... લે! તારો અવાજ મેં કાગળ પર મઢી આપ્યો...

હું મારામાંથી નીકળી આવું બહાર...

અસ્તિત્વ જાણીતું થતું જાય કાગળ-કલમના આ સંવનનથી અને કવિતા પથરાવા માંડે સૌંદર્યના પટ પર...

આત્મઅનુભૂતિની, સ્વસંવાદના અક્ષરવસ્ત્રથી સજાવટ એટલે કવિતા...

હું જેટલો નીકળું બહાર આ સંવાદથી, એટલો હું ભૂંસાતો-છેંકાતો-સ્વ નકારાતો...

કવિતા પહેલાંનો ઉપાડ શ્રોતા સમક્ષ મૂકતા હું કહું: એક તાઝા ગઝલ કહી હૈ... ના જી: ‘એક તાઝા ગઝલ લીખી હૈ’ નહીં...

અને...

સ્વ સમક્ષ સ્વ રજૂઆતની પ્રસન્નતા એ તો પરમ ઐશ્વર્ય...

અણુમાત્રથી સર્વસ્વ ફક્ત હું જ... અસ્તિત્વ નિર્વાસિના મારે... હું નિર્વેર, નિર્દ્વન્દ્વ... કોની સાથે રાખું દ્વૈતભાવ! હું જ પાતાળ અને હું જ આકાશગંગા... હું નવજાત આંખનો પહેલો ઉઘાડ... ઝાડ-પથ્થર-મકાન-રંગ-સ્ત્રી-પુરુષના ભેદ વગરનો... ભાષાના ઉપદ્રવની ન કોઈ જાણ, ન કોઈ જરૂર...

વૃક્ષની વ્યસ્ત વાતાયનીય વાતચીતનો શ્રોતા, ચાંદતારાની ચમક, સૂર્યની ઊર્જા, પહાડોની ખીણ અને ટોચ, જળની ભીનાશ, ઋતુનો પડાવ, ટહુકાદાર ઉડાનની પારમિતા... કોને શેનાથી જુદા કરું! હું જ છું આ સર્વ અને બધું જ વૈષમ્ય...

*મને મારાથી હું મુક્ત કરું અને હું મને ઊજવું...*

*જરૂરી તો નથી રહું પ્રાર્થનામય અને તારું જ કાયમ નામ આવે*
*જરૂરી છે તો કેવળ એટલું કે જીવન મારું બીજાને કામ આવે*

*નથી મેં ખેપ મસ્જિદની લગાવી, નથી મેં આશકા માથે ચઢાવી;*
*જીવું હું રોકડી લઇ માણસાઈ ને ઘરમાં રોજ ચારે ધામ આવે.*

*રટીને રામ જીવન ના તરી જઉં, જીવું એવું કે જગ મારું કરી જઉં;*
*નજરથી સૌની હું જ્યારે સરી જઉં, મને તેડી જવા ખુદ રામ આવે*

બસ આજે એટલું જ. ■

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@
bombaysamachar.com

# ખાદ્ય ઉત્પાદનમાં ક્રાંતિ લાવી રહી છે આવી ટૅક્નોલૉજી...

કલાઈમેન્ટ ચેન્જ- ઋતુ પરિવર્તન એક એવો વિષય છે, જે સમયાંતરે ચર્ચામાં આવે છે, પણ એનાથી થતા નુકસાન અંગે આંકડાકીય માહિતી ભાગ્યે જ કોઈ સ્પષ્ટ કરે છે. નગર હોય, મહાનગર હોય કે ગ્રામ્ય વિસ્તાર. ઋતુચક્રમાં ફેરફાર થાય એટલે તરત જ આ વિષય પર મુદ્દાઓની આખી શૃંખલા શરૂ થઈ જાય. ટૅક્નોલૉજી અત્યારે જ છે એવું નથી. ડિજિટાઈઝેશન અત્યારની ઊપજ છે. ટૅક્નોલૉજી તો આઈસ્ટાઈન જીવિત હતા એ સમયથી રહી છે. માણસના પ્રયાસમાં સરળતા લાવવા અને જટિલતા ઓછી કરવા માટે ટેકનોલોજીમાં અણધાર્યા આવિષ્કાર થયા છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ-એઆઈ આખરે તો માનવ પ્રયાસોનું જ ઉત્પાદન છે. આ એક ટૅક્નોલૉજીના આવવાથી ઘણા ક્ષેત્રોમાં




કલ્યાણી શિંદે

એવો ભય ફફડે છે કે, હવે શું થશે? ‘જેના પાસે ક્રિયેટિવિટી છે એને કંઈ જ નથી થવાનું...’ આ ગંગાજળ જેવું ચોખ્ખું વાક્ય યાદ રાખવા જેવું છે.

આ વર્ષે સારો એવો વરસાદ રહ્યો અને ચોતરફ લીલીછમ ચાદર છવાઈ ગઈ. આવી સિઝનમાં મકાઈ અને ભજિયાં ખાવાની મોજ દરેકે માણી હશે.

ટૅક્નોલૉજી એ સ્તર સુધી પહોંચી છે કે, હવે બારેય માસ કેરીનો પલ્પ ખાવો હોય તો એ શક્ય છે. કેરીના અસ્સલ સ્વાદને સાચવવા માટે ટૅક્નોલૉજીએ એ કામ કર્યું, જેનાથી ખાદ્ય ઉત્પાદન અને સાચવણીના લાંબાગાળાથી બંધ દ્વાર ખૂલ્યા. ફૂડ પ્રોસેસિંગ એક એવી વસ્તુ છે જેમાં એક માપદંડ કરતાં પાક વધે તો સાચવવાની મુશ્કેલી વધે છે. ખેડૂતોને તેમ જ વેપારીઓને નીચા ભાવે વેચાણ કરવાનો વારો આવે છે. પાક ઓછો ઊતરે તો ભાવ તો વધે પણ લોકોનો રોષ પણ વધે છે. હવે ટૅક્નોલૉજી એવી ડિવાઈસ લઈને આવી છે જે કહેશે કે, ‘ગોદામના ક્યા શેડમાં શું સડી રહ્યું છે...’ ખાસ કરીને ડુંગળીનો ગોદામ ધરાવતા ખેડૂતો કે વેપારી માટે આ ડિવાઈસ આશીર્વાદ સમાન છે. આ ડિવાઈસમાં સડી રહેલા પાકમાંથી નીકળતા ચોક્કસ વાયું કે ગૅસને ડિટેક્ટ કરીને એલર્ટ આપે છે. આ કારણે બીજા પાકને લાગતો સડો અટકાવી શકાય છે.

‘ગોદામ’ ઈનોવેશનના સ્થાપક કલ્યાણી શિંદે જણાવે છે કે, આ ડિવાઈસ મલ્ટિ વેરિયંટ ડેટા ઉપર કામ કરે છે. આ રિપોર્ટના આધારે ખ્યાલ આવે છે કે, ક્યા ઝોનમાં ક્યો પાક કે માલ બગડવાની તૈયારીમાં છે. ૧૫ હજાર રૂપિયામાં આવતું આ ડિવાઈસ મહારાષ્ટ્રના ગોદામમાં આજે સેટ છે. લાસુલ ગામે આવેલા ગોદામમાં આ ડિવાઈસ પાંચ ટન પાકને કવર કરે છે. સેન્સર જ્યારે પાકનો બગાડ ડિટેક્ટ કરે છે ત્યારે વેપારી કે ખેડૂતના મોબાઈલમાં મેસેજ આવે છે. આ મેસેજમાં ડિવાઈસનો નંબર હોય છે. આ પરથી જે તે શેડ નક્કી થાય છે. સોલાર સિસ્ટમ સ્વાસ્થ્ય સેવામાં ઉપયોગી થઈ શકે છે. આ વાત સાબિત કરી મેઘાલયના એક ગ્રામ્ય વિસ્તારમાં ઉપયોગમાં લેવાતી ટૅક્નોલૉજીએ. થિનરોઈટ ગામે એક આખું આરોગ્ય કેન્દ્ર સોલાર એનર્જી પર ચાલે છે. વીજ સ્ત્રોત તરીકે સોલારે ખૂણે ખૂણામાં રોશની પાથરી છે. હવે આમા શું નવું છે? નવું એ છે કે, મેઘાલય રાજ્યમાં બારેય માસ વાદળો રહે છે. મેઘાલયને વાદળોનું રાજ્ય કહેવામાં આવે છે. ઓછા સૂર્યપ્રકાશમાં પણ અહીં વીજ પુરવઠો સ્ત્રોત તરીકે ઉપયોગમાં લેવાય છે અને મોટા મોટા ઉપકરણ પણ સરળતાથી ચાલે છે. સેલકો ફાઉન્ડેશન કરે સોલાર પેનલનું કામ એ પણ માત્ર હૉસ્પિટલ્સ માટે. એવી હૉસ્પિટલ જે ગ્રામ્ય વિસ્તારમાં આવેલી હોય.

કણ વાવીને મણમાં ઊપજ મેળવતા ખેડૂતો માટે સૌથી મોટો પડકાર પાક સાચવવા અને યોગ્ય સમયે માર્કેટ સુધી લઈ જવાને લઈ હોય છે. વચેટિયાઓની ખોટી હેરાનગતિ દૂર કરવા તમિળનાડુંનું સ્ટાર્ટઅપ ખરેખર જાણવા જેવું છે. ત્રીચીમાં એક સ્ટાર્ટઅપ જેનું નામ છે ઈ સંધાઈ. આ સ્ટાર્ટઅપના યુવા નિરંચન કુમાર કહે છે કે, ખેડૂતો પાસેથી અમે પાક લઈ અમારા ગોદામમાં લાવીએ છીએ. પછી એક પોર્ટલ પર યોગ્ય દામ સાથે વેચીએ છીએ. ટ્રેડર્સને ડાયરેક્ટ સપ્લાય કરવામાં આવે છે. ખાસ કરીને જેઓ નાના શોપિંગ સેન્ટર ધરાવે છે.

કંપની ૨૫ ગાડી મારફત પાક ભેગો કરે છે. પેકેજિંગ કરે છે. ટ્રેડર્સને વેચીને ખેડૂતોને પણ પૂરતા ભાવ આપે છે, આ સ્ટાર્ટ ખેડૂતોને ઓછામાં ઓછા ભાવની ગેરેન્ટી આપે છે. આ ભાવ ખેડૂતો ઓનલાઈન જોઈ શકે છે. મોબાઈલ પર દરરોજ અપડેટ આપીને ખેડૂતોને ટેકસેવી બનાવ્યા છે. વેબસાઈટના ડેશબોર્ડ પર ભાવ અપડેટ કરવામાં આવે છે. એપ્લિકેશન ઉપરથી જ ઓર્ડર પ્લેસ કરવામાં આવે છે. ખેડૂતોને પણ એ ચિત્ર દેખાય છે કે, એમનો પાક ક્યા સ્ટોર સુધી પહોંચ્યો છે. માર્કેટ શરૂ થાય એ પહેલા પાક પહોંચી જાય છે, જેથી સૌને ફ્રેશ પાક મળે છે. ૧૨૦૦ ખેડૂતનું ગ્રૂપ આ સ્ટાર્ટઅપ સાથે કામ કરે છે. ■

## આઉટ ઑફ બોક્સ

*વર્ષ ૨૦૦૬માં ‘ફેસબુક’ની ન્યૂઝ ફીડ અપડેટ આવી હતી. આ અપડેટની સાથે પ્રોફાઈલ પિક્ચરમાં જે ઊભા ફોટો આવતા એ ગોળાકારમાં સેટ થયા એમ કવરપેજ સેટ થયું.*

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી
feedback@
bombaysamachar.com

# ધરતીના ખરા મુસાફર એવા યાયાવર પક્ષીઓનું ભારતમાં આગમન

## યાયાવર પક્ષીઓની શિયાળુ સફરની દુનિયામાં એક લટાર

રંગબેરંગી પક્ષીઓનો કલરવ, મોંસૂઝણું થતા જ આકાશમાં V આકારની પંખીઓની ઊડતી લયબદ્ધ કતાર, કાઠિયાવાડ અને કચ્છનાં વગડામાં થતો કુંજારવ, આંગણામાં અવનવા રંગોમાં સજીને આવેલી નાની મોટી ચકલીઓ શિયાળાનાં આગમનનો સંકેત આપે છે. દેશભરનાં જંગલોમાં અવનવાં પક્ષીઓને મેં કેમેરામાં કંડાર્યા છે પણ એથી વિશેષ મેં તેમને નિહાળ્યા છે. શિયાળો આવે કે પક્ષી જગતના ભીષ્મ પિતામહ ગણી શકાય એવા ડો. સલીમ અલીને યાદ કરવા ઘટે જ. મારો સહુથી પ્રિય રાષ્ટ્રીય ઉદ્યાન ‘‘કિઓલાદેવ નેશનલ પાર્ક ‘‘ભરતપુરને રાષ્ટ્રીય ઉદ્યાન બનાવવાનો સંપૂર્ણ શ્રેય ડો. સલીમ અલીને જાય છે આ ઉપરાંત ગુજરાતના ગીર રાષ્ટ્રીય ઉદ્યાનમાં પણ એમનો ખૂબ જ મોટો ફાળો છે. ગુજરાતના પક્ષી જગતને તેમની નજરથી નિહાળ્યા પછી કુદરતનું સર્જન કેટલું અદભુત હોઈ શકે છે તેવા નિષ્કર્ષની લગોલગ તો પહોંચી જ શકાય. ડો. સલીમ અલીએ લખ્યું છે કે ‘યેલો થ્રોટેડ સ્પેરો’ એમના જીવનનો મુખ્ય ટર્નિંગ પોઇન્ટ હતો અને એટલે જે એમની આત્મકથાનું નામ પણ ‘ધી ફોલ ઓફ સ્પેરો’ છે જેમાં પંખીઓ વિશેના રસપ્રદ તારણો એમણે લખ્યા છે અને દસ વર્ષની ઉંમરથી તેઓની ડાયરી લખવાની આદતે જ આવી સરસ ભેટ આપણને આપી છે. ખૂબ જ નાની ઉંમરે માતાપિતાની છત્રછાયા ગુમાવી દેનાર આ મહાન વ્યક્તિની પક્ષીઓ પ્રત્યેની જિજ્ઞાસા જ એમની બંદૂકથી છૂટેલી ગોળીએ કેળવી હતી. શિકારમાં રસ ધરાવતા ડો.સલીમ અલીની બંદૂકથી ‘યેલો થ્રોટેડ સ્પેરો’ મરાઈ અને એ પક્ષીની સુંદરતાને જોઈને દુઃખી થયેલા સલીમ અલીએ એ પક્ષીને ઉઠાવી લીધું અને પોતાનાં મામા પાસે પક્ષી વિશેની જિજ્ઞાસા રજૂ કરી જે એમના મામા ના સંતોષી શક્યા અને મુંબઈમાં BNHS સુધી દોડી ગયા અને આપણને પક્ષીઓની દુનિયાના ભીષ્મ પિતામહ એવા ડો. સલીમ અલી મળ્યા. BNHSમાં મૃત પક્ષીઓનાં સંગ્રહાલયમાં માર્ગદર્શક તરીકે નોકરી કરતા કરતા એમની પક્ષીઓ પ્રત્યેની જિજ્ઞાસા તેમને જર્મની સુધી ખેંચી ગઈ. ત્યાર બાદ તેઓએ પક્ષીઓને નિહાળવામાં ક્યારેક પાછા ફરીને જોયું નથી જેથી તેઓ પક્ષીઓનાં વિશ્વકોષ તરીકે ઓળખાય. પદ્મવિભૂષણ એવા ડો. સલીમ અલીએ એમને મળેલું રૂ.૫ લાખનું આંતરરાષ્ટ્રીય ઇનામ પણ BNHSને સમર્પિત કરી દીધું. તેઓએ પોતાના જીવનના રોચક કિસ્સાઓ અને પક્ષીઓનાં સંસર્ગમાં વિતાવેલાં વર્ષોનાં નિચોડને એક પુસ્તક સ્વરૂપે રજૂ કર્યો જે ‘ધી ફોલ ઓફ સ્પેરો’ નામે પ્રસિદ્ધ થયું.

આ સૃષ્ટિનાં સમગ્ર જમીની વિસ્તાર, સમુદ્ર અને આકાશ પર લાખો વર્ષોથી લઈને આજની ઘડી સુધી પક્ષીઓ રાજ કરતા આવ્યા છે. વસંત ઋતુ ખીલે કે આ પક્ષીઓ મુસાફરની માફક ધરતીનાં એક છેડેથી બીજા છેડા સુધી લાંબી મુસાફરીનો આરંભ કરે છે અને પાનખરની મોસમ બેસતા જ ફરી એ જ રસ્તે પરત ફરે છે, જેનું એક માત્ર કારણ છે પોતાનાં જીવનનાં અસ્તિત્વને ટકાવી રાખવું. જીવનનાં દરેક પાસાઓનો ખૂબ જ ઓછા સમયમાં અનુભવ કેળવીને કોઈ પણ જાતનાં સ્વાર્થ વિના બધી જ હકારાત્મક અને નકારાત્મક શક્યતાઓને તેઓ પોતાની આગલી પેઢીને શીખવે છે. આ જ પક્ષીઓ સરળ અને સફળ લાંબી એટલે કે હજારો માઈલની મુસાફરી માટેની વ્યૂહરચનાને દરેક સાથીદારોના મગજમાં ઠસાવી દે છે અને સઘળાં પક્ષીઓ એક સાથે મુસાફરી આદરે છે.

મુસાફરીનો મુખ્ય હેતુ જીવનને ટકાવી રાખવાનો જ હોય છે જેમાં અમુક વિસ્તારોનું તાપમાન શિયાળામાં ખૂબ જ ઘટી જાય છે જેથી જીવી શકાય તેવી પરિસ્થિતિ નથી હોતી, એ સિવાય ખોરાક પણ પૂરતો ન મળી રહે જેથી તેઓ ધરતીનાં એવા વિસ્તારોમાં માઈગ્રેશન કરે છે જ્યાં યોગ્ય વાતાવરણ મળી રહે, સુરક્ષિત જીવન જીવી શકે. વિવિધ પ્રજાતિનાં પક્ષીઓ વિવિધ પ્રકારની મુસાફરી કરે છે. મોટાભાગના પક્ષીઓ રશિયન અને યુરોપિયન દેશો જેવા વિસ્તારમાં તાપમાન નીચે જતા તેઓ ધરતીનાં દક્ષિણી પ્રદેશો જેવા કે એશિયાઈ દેશો તરફ મુસાફરી આદરે છે તો વળી આર્કટિક ટર્ન પોતાનાં આર્કટિક બ્રીડિંગ ગ્રાઉન્ડથી છેક એન્ટાર્કટિકા સુધી હજારો માઈલ લાંબી મુસાફરી કરે છે. કેટલાંક પક્ષીઓ લોકલ માઈગ્રેશન કરે છે જેઓ એક તળાવથી બીજા તળાવ કે એક વિસ્તારથી બીજા વિસ્તાર તરફ મુસાફરી કરે છે. નવરંગ તરીકે ઓળખાતું પક્ષી દક્ષિણ ભારતથી ગુજરાત અને છેક હિમાલયની તળેટીનાં વિસ્તારો સુધીની મુસાફરી કરે છે. ફોરેસ્ટ સ્ટાર્લિંગ નામનું પક્ષી અરુણાચલ પ્રદેશ એટલે કે દેશનાં પૂર્વીય વિસ્તારમાંથી હિમાલયની તળેટીમાં આવેલા કુમાઉં વિસ્તાર તરફ મુસાફરી કરે છે. કુદરતની અદભુત રચના એવાં પક્ષીઓનાં વર્તનને કળવું ખૂબ જ અઘરું છે. અમુક પક્ષીઓ પેસેજ માઈગ્રેશન કરે છે જેમાં સમજી લો કે નાના વેકેશન પર ન આવ્યા હોય! આફ્રિકન પ્રદેશો, રશિયન અને યુરોપિયન પ્રદેશોમાંથી કચ્છનાં મોટા રણમાં આવેલ છારીઢંઢમાં ટૂંકા સમયગાળા માટે રોકાય છે અને ફરી પોતાની મુસાફરી આદરે છે. માઈગ્રેશન કરવા માટે પક્ષીઓ આકાશમાં ચોક્કસ પ્રકારનાં રસ્તાઓનો ઉપયોગ કરે છે જે આપણા હાઈવેની માફક જ અલગ અલગ દિશાઓમાં રચાયેલા છે જે ફ્લાય-વે તરીકે ઓળખાય છે. સામાન્ય રીતે આ રસ્તાઓ ઉત્તરથી દક્ષિણ દિશા તરફ જતા હોય છે. પક્ષીઓ પોતાની સુરક્ષા, જે તે સ્થળનું વાતાવરણ અને પૂરતા પ્રમાણમાં ખોરાક-પાણી મળી રહે તેવા વિસ્તારોને આવરીને ધરતી પર કુલ આઠ જેટલા ફ્લાય-વેનો ઉપયોગ કરે છે જેમાં





ભારત દેશમાં અલગ અલગ ત્રણ ફ્લાય-વે પસાર થાય છે જે એશિયન-ઇસ્ટ આફ્રિકન ફ્લાય-વે,સેન્ટ્રલ એશિયન ફ્લાય-વે અને એશિયન-ઇસ્ટ ઑસ્ટ્રેલેશિયન ફ્લાય-વે તરીકે ઓળખાય છે. આ ફ્લાય-વેનો ઉપયોગ કરીને ૩૭૦ જેટલી વિવિધ પ્રજાતિઓ ભારત દેશમાં શિયાળો પસાર કરવા માટે વિશ્વનાં વિવિધ ખૂણેથી આવે છે. સહુથી વધારે સેન્ટ્રલ એશિયન ફ્લાય-વેનો ઉપયોગ કરીને મોટા ભાગના પક્ષીઓ સાઈબિરીયા જેવા પ્રદેશોમાંથી હિન્દ મહાસાગર અને આર્કટિક મહાસાગર તરફ મુસાફરી કરે છે.

પક્ષીઓનું મુસાફરી પાછળનું વિજ્ઞાન ઘણું જ રસપ્રદ છે, પક્ષીમાં કુદરતે એટલી અદભુત રચના આપી છે કે તેઓ તાપમાનમાં જરાક જેટલો બદલાવ અનુભવશે કે એમનામાં હોર્મોનલ શારીરિક ફેરફારો આવવા લાગશે અને તેઓ માઈગ્રેશનની શરૂઆત કરશે. તેઓનું શરીર તાપમાન ખૂબ જ સારી રીતે નિયમન કરી શકે તેવી ક્ષમતા નથી ધરાવતું હોતું પણ યોગ્ય તાપમાનને પારખી શકે અને માઈગ્રેશનનાં ચોક્કસ સમયને પારખી શકે તેવું ચોક્કસ હોય છે એટલે જ તેમના માટે માઈગ્રેશન ખૂબ જ જરૂરી પ્રક્રિયા છે. યોગ્ય માત્રામાં અને યોગ્ય દિશામાં વહેતા પવનનો ઉપયોગ કરીને તેઓ મુસાફરી કરે છે જેથી ઓછામાં ઓછી તાકાત લગાવી તે વધુમાં વધુ અંતર ખૂબ ઓછા સમયમાં કાપી શકે. ઘણાં ખરાં પક્ષીઓ રાત્રે પણ મુસાફરી શરૂ રાખે છે જ્યારે કઝાકિસ્તાનથી આવતા કુંજ માત્ર દિવસે જ ઉડાન ભરે છે અને રાત્રે યોગ્ય સ્થળે આરામ કરે છે, એમ કરતા કરતા તેઓ ૧૦-૧૨ દિવસમાં આશરે ૪૫૦૦ કિમી સુધીની મુસાફરી કરીને ગુજરાત અને રાજસ્થાનમાં ઉતરાણ કરે છે. કુંજ પક્ષીઓમાં મોટા ભાગે વડીલ કુંજ હોય જ છે જે માર્ગદર્શક બની રહે છે. રાત્રિના સમયે મુસાફરી કરતા પક્ષીઓ મોટાભાગે તારાઓ અને નક્ષત્રોનો ઉપયોગ માર્ગદર્શક તરીકે કરે છે જેથી તેઓ વાદળોથી પણ ઉપરનાં વિસ્તારમાં મુસાફરી કરતા હોય છે. ગાર્ગને એટલે કે ચેતવા નામનું પક્ષી ૪૦ દિવસ સુધી ખોરાક પાણી વિના સતત ઉડતું રહે છે. બાર ટેઇલ્ડ ગોડવિટ એટલે કે પટાપૂછ ગેડેરા સતત ૧૪૦૦૦ કિમી સુધી ન્યુઝીલેન્ડ સુધીની નોનસ્ટોપ ઉડાન ભરીને મુસાફરી કરે છે. પક્ષીઓની શારીરિક રચના એટલી વિશિષ્ટ હોય છે કે તેઓનાં હાડકાં પણ હવાને જાળવી રાખવામાં મદદ કરે છે પરિણામે વજનમાં તેઓ ખૂબ જ હલકા હોય છે અને સરળતાથી ઊડી શકે.

પક્ષીઓ સદીઓથી આ સૃષ્ટિ પર રાજ કરતા હોવા છતાં તેઓએ ક્યારેય કોઈ જ વિસ્તાર પર આધિપત્ય જમાવ્યું નથી કે અતિક્રમણ કર્યું નથી. લાંબી મુસાફરી કરીને મહેમાન બનતા આ નિર્દોષ અને સુંદર પ્રજાતિઓ માટે માનવ હંમેશાં નડતર રૂપ જ બન્યો છે. સમૃદ્ધ દેખાવાની હોડમાં બનાવાયેલા આધુનિક ગગનચુંબી ઇમારતો નાં કાચની પેનલ મોટાભાગનાં યાયાવર પક્ષીઓને દિશા ભ્રમ કરાવીને જીવનું જોખમ સર્જે છે. ગુજરાતથી રાજસ્થાનનાં વિસ્તારમાં આવેલ પવનચક્કીઓ આવાં પક્ષીઓનાં માથે તોળાતો સહુથી મોટો ખતરો છે જેને આપણે આપણા ગૌરવ સમા પક્ષી એવા ઘોરાડનું અસ્તિત્વનાં સંઘર્ષમાં સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ.નજીકના જ ભવિષ્યમાં ગુજરાતની શાન એવા ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ એટલે કે ઘોરાડ માટે અને બંગાળ ફ્લોરિકન એટલે કે ખડમોર માટે પણ ભારતમાં નામશેષ શબ્દ લાગી જાય તો નવાઈ નહિ. માણસ આવતા પહેલા વર્ષોથી ભારતમાં આ જગ્યા સાઇબેરિયન ક્રેનનું ઘર ‘હતી’. ૧૭મી સદીના ઐતિહાસિક ચિત્રકાર ઉસ્તાદ મન્સુર એ વખતે જૂના એક ચિત્રમાં સાઈબિરિયન ક્રેનને અહીં મહાલતા દર્શાવ્યા હતા. ૧૯૬૪-૬૫ના વર્ષ દરમ્યાન આશરે ૨૦૦ જેટલા સાઈબેરિયન ક્રેન અહીંયા જોવા મળ્યા હતા એવું લોરેન્સ એચ. વોકિંશોએ પોતાની બુક ‘ક્રેન્સ ઓફ ધ વર્લ્ડ - ૧૯૭૩’માં નોંધેલું જે સહુથી મોટી સંખ્યા કહી શકાય. ૯ નવેમ્બર ૨૦૦૧ની સવારે ૮-૩૦ આસપાસ કેટલાક નેચર ગાઈડને સાઈબેરિયન ક્રેન નો કોલ સંભળાયો. પાર્કમાં સાઇબેરિયન ક્રેનની હાજરી ન હોઈ આશ્ચર્યમાં ગરકાવ સહુ કોઈએ આકાશ તરફ મીટ માંડી અને એક સાઈબેરીયન ક્રેનની જોડી પાર્ક તરફ આવતા નજરે ચઢી એ દિવસે સહુ કોઈના મોઢે હર્ષની લાગણી હતી કે ભરતપુરમાં સાઈબેરીયન ક્રેન આવી ગયા પણ આ છેલ્લી સાઈબેરિયન ક્રેનની એક જોડી એ ભારતને હંમેશાં માટે અલવિદા કહી દીધું અને તેઓ ભારતમાંથી નામશેષ થઇ ગયા. ૨૦૦૧ પછી આજ સુધી ભારત દેશે સાઇબેરીયન ક્રેન ક્યારેય જોયા નથી અને ભવિષ્યમાં ક્યારેય તેઓ ભારત આવશે પણ નહિ. આજે સમગ્ર વિશ્વમાં વિનાશના આરે આવીને ઉભેલા સાઈબેરીયન ક્રેન માત્ર બે જ સ્થળે જોવા મળે છે જેમાં એક પૂર્વીય (સાઇબેરિયાથી ચાઈના) વિસ્તાર અને પશ્ચિમી વિસ્તાર, પૂર્વીય વિસ્તારના ક્રેન્સ ઉત્તર-પૂર્વીય સાઇબિરિયામાં બ્રિડીંગ કરે છે અને ચાઇનાની યાન્ગ જે નદીમાં શિયાળો પસાર કરે છે. સાઇબિરિયા પશ્ચિમ વિસ્તારના જૂજ રહેલા ક્રેન્સ ઇરાનના કાસ્પિયન સમુદ્ર કિનારા વિસ્તારોમાં શિયાળો વિતાવે છે અને રશિયાની ઓબ નદીના દક્ષિણમાં આવેલા ઉરલ માઉન્ટેન વિસ્તારમાં બ્રિડીંગ કરે છે. સાઈબેરિયન ક્રેન ખુબ જ ઝડપથી આ દુનિયામાંથી લુપ્ત થવાની કગાર પર આવી પહોંચ્યા. મધ્ય સાઈબેરિયામાં બ્રીડિંગ કરતી અને ભારતમાં શિયાળો ગાળવા માટે આવતી ક્રેન્સની વસ્તી આજે લુપ્ત થઈ ગઈ છે. આ સાઈબેરીયન ક્રેનનો સમૂહ લુપ્ત થવાનું કારણ પણ માણસ છે. તેને માઈગ્રેશન રૂટ સાઇબિરિયાથી નીકળી રશિયા, કઝાકિસ્તાન, ઉઝબેકિસ્તાન, અફઘાનિસ્તાન અને છેલ્લે પાકિસ્તાન થઈને ભારત આવતો હતો. તે અફઘાનિસ્તાનમાં અબી -ઈ-ઇસ્તદા લેક પર થોડા દિવસો માટે આરામ કરવા માટે રોકાતા હતા અને દર વર્ષે તેઓ અહીં શિકારનો ભોગ બનતા હતા પરિણામે વર્ષોવર્ષ એમની સંખ્યામાં ઘટાડો થતો ગયો અને છેલ્લે તેઓ આ રૂટ પર આવતા કાયમ માટે બંધ થઈ ગયા અથવા તો તેનું અસ્તિત્વ જ ના રહ્યું.

ભારત દેશમાંથી ૨૦૨૪ સુધીમાં ઘણી નવી અલગ અલગ સાઇટ્સને રામસર સાઇટ્સમાં સમાવવામાં આવી જેમાંથી ત્રણ સાઈટ ગુજરાતની વઢવાણા પક્ષી અભ્યારણ્ય, ખીજડીયા પક્ષી અભ્યારણ્ય અને થોળ પક્ષી અભ્યારણ્ય છે. પક્ષીઓનાં કુદરતી વિશ્વ સમાન ઘણા જળ પ્લાવિત ક્ષેત્રો રામસરનાં આંતરરાષ્ટ્રીય દરજ્જો મેળવવા સાથે ૮૫ ની સંખ્યાને આંબી ગયા. રામસર એટલે ઈરાનમાં આવેલ એક વિશાળ કુદરતી સરોવર. ૧૯૭૧માં યુનેસ્કો દ્વારા વિશ્વભરમાં આવેલા કુદરતી સરોવર કે જે પક્ષીઓ અને અન્ય છીછરા પાણી પર આધાર રાખનાર જીવસૃષ્ટિ માટે ઈરાનમાં આવેલા રામસર સાઈટના માપદંડ અનુસાર ચોક્કસ ધોરણો નક્કી કરવામાં આવ્યા અને એની જાળવણી માટે વિશેષ નિયમો બનાવવામાં આવ્યા જે રામસર સાઈટ તરીકે ઓળખાશે ઓળખવામાં આવશે. ભારત દેશમાં કુલ ૮૫ જેટલી રામસર સાઈટ આવેલી છે અને એની જાળવણી યુનેસ્કોની દેખરેખ હેઠળ જે તે રાજ્યના વન વિભાગ દ્વારા કરવામાં આવે છે. ■

સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@bombaysamachar.com

# ‘ખબરદાર! જો હાથ ઉપાડ્યો છે તો!’



દરેક કલાકાર, પછી એ રંગભૂમિનો હોય કે સિનેમાનો, અમુક ભૂમિકા એ ઝંખતો હોય છે. એની અદમ્ય ઈચ્છા હોય છે એક ખાસ રોલ કરવાની. અભિનયમાં મારો ઉછેર જૂની રંગભૂમિમાં થયો. આ રંગભૂમિએ જે કેટલાંક યાદગાર નાટકો આપ્યાં એમાંનું એક નાટક હતું પ્રભુલાલ દ્વિવેદીનું ‘વડીલોના વાંકે’. આ નાટકમાં સમતાનું પાત્ર કેન્દ્રવર્તી હતું. મેં નાટકોમાં હિરોઈનના રોલ કરવા શરૂ કર્યા અને ખાસ તો શ્રી દેશી નાટક સમાજમાં જોડાઈ ત્યારથી સમતાનો રોલ કરવાના અરમાનનું પોટલું બાંધીને હું ફરતી હતી. મારા માટે એ ડ્રીમ રોલ હતો. ભાંગવાડીમાં મેં આ નાટકમાં પ્રહસન વિભાગમાં કામ કર્યું હતું, પણ સમતાના રોલનો ચાન્સ નહોતો મળ્યો. અંતે ૧૯૮૨માં મને તક મળી અને કારકિર્દીનું એક ઉન્નત શિખર સર કર્યું હોવાની લાગણી મેં અનુભવી. જોકે, અંગત જીવનમાં એક એવી ઘટના બની જેમાં પાતાળલોકનો અનુભવ થઈ ગયો.

‘વડીલોના વાંકે’ નાટ્ય જીવનનો ઉચ્ચાંક હતો તો પર્સનલ લાઈફમાં ‘માસ્તરના વાંકે’ નીચાંક હતો. પતિના પાશવી અત્યાચારના પ્રસંગ મેં આ કોલમમાં અગાઉ જણાવ્યા છે જેના પરથી ચંદ્રકાન્ત માસ્તર (મારા પતિ) સાથેનું મારું જીવન દોજખ હતું એનાથી ‘મુંબઈ સમાચાર’ના વાચકો વાકેફ છે. ‘વડીલોના વાંકે’ નાટકને કારણે મને મળી રહેલી અફાટ લોકપ્રિયતા માસ્તરને પેટમાં દુખવા લાગી, કણાની જેમ ખૂંચવા લાગી હતી. મને મળી રહેલા માનપાન એ સહન નહોતા કરી શકતા. ભૂતકાળમાં જ્યારે પણ મારી સાથે હડહડતો અન્યાય કર્યો હતો, મારપીટ કરી હતી એ બધું મેં મૂંગે મોઢે સહન કરી લીધું હતું. મને કાઢી મુકશે તો હું ક્યાં જઈશ અને મારાં બાળકોનું શું થશે એ વિચાર મને ધ્રુજાવી દેતો અને અપમાન સહન કરવા દેતો હતો. જોકે, અન્યાય - અપમાન સહન કરવાની પણ એક મર્યાદા હોય છે. જગતના ઈતિહાસમાં એવા અનેક પ્રસંગ બન્યા છે જેમાં શોષિત વર્ગે જ્યારે માથું ઊંચક્યું છે ત્યારે શોષણકર્તાને ભારે પડ્યો છે.

માસ્તરના અમાનુષી અત્યાચારના કિસ્સા તો જગજાહેર હતા. રંગભૂમિના મારા કેટલાક સાથીઓએ અનુકંપા પણ દેખાડી હતી જેમાં નીલમ બહેનનું સાંત્વન હું ક્યારેય નહીં ભૂલું. નીલમ બહેન મને કાયમ કહેતા કે ‘મહેશ્વરી, તું કશું ખોટું નથી કરતી તો આ ત્રાસ શું કામ સહન કરે છે? તારે ડરવાની કોઈ જ જરૂર નથી. એમનો સામનો કર, એમને જડબાતોડ જવાબ આપ. તું મૂંગે મોઢે બધું સહન કરે છે એટલે એ વધુ અત્યાચારી બને છે.’ એક દિવસ ‘વડીલોના વાંકે’નો શો પતાવી હું ઘરે પહોંચી ત્યારે માસ્તર બાંબુ લઈને રીતસરના મારા પર ધસી આવ્યા. મારા હાડકાપાંસળા ખોખરા કરવાનો તેમનો ઈરાદો હતો. એ દિવસે - એ ક્ષણે મને નીલમ બહેનના ‘ડર્યા વિના સામનો કર’ શબ્દો યાદ આવી ગયા. અચાનક મારા શરીરમાં જાણે કે કોઈ શક્તિનો સંચાર થયો હોય એમ મેં એમને ધક્કો માર્યો રીતસરની બૂમ પાડી:

‘ખબરદાર! જો મારા પર હાથ ઉપાડ્યો છે તો!’

આક્રમક સ્વભાવના પ્રદર્શન વખતે સામે કાયમ બીકણ બકરીને જોવા ટેવાયેલા માસ્તરને એ દિવસે વિફરેલી વાઘણનો સામનો કરવો પડ્યો. અને પરિણામ શું આવ્યું? બકરી સામે બેફામ બની પાશવી બની જતા માસ્તર એ દિવસે વાઘણ સામે શિયાવિયા થઈ ગયા અને ગલીમાંથી રીતસરના જીવ બચાવવા કોઈ કેમ ભાગે એમ ઊભી પૂંછડીએ ભાગવા લાગ્યા. એમને નાસતા જોઈ ભૂતકાળના રસ્તા પરની મારપીટના, ગટરમાં ધક્કો મારવાની ધમકીના, થિયેટરમાં હાથ ઉપાડવાના અને એવા બીજા પ્રસંગ જાણે મારી આંખ સામે તરવરવા લાગ્યા. સાથે મને એવો વિચાર પણ આવ્યો કે ‘આ માણસ આટલો બધો ડરપોક હતો એની મને આટઆટલાં વર્ષો સુધી ખબર કેમ ન પડી? કેમ અત્યાર સુધી હું બધું સહન કરતી રહી?’ ડરને લીધે કે બીજા કોઈ કારણસર મારાં સંતાનો અત્યાર સુધી પિતાના અત્યાચારના મૂંગા સાક્ષી રહ્યાં હતાં પણ એ દિવસે મારી દીકરી બોલી કે ‘તમે માણસ છો કે રાક્ષસ?’ પછી મને કહ્યું કે ‘ચાલ મમ્મી, આપણે અહીંથી નીકળી જઈએ.’

પગ પાછો ઘરમાં મૂકું કે પગ ઉપાડ્યો છે તો ઘરની બહાર નીકળી જાઉં એવી અસમંજસમાં હતી ત્યારે દીકરીના શબ્દો અંધારામાં દીવાની જ્યોત જેવા સાબિત થયા. મારા અને બાળકોનાં કપડાં ભરી કોઈ પણ ઘરવખરી લીધા વિના અને માસ્તરને શુભેચ્છા આપી ‘મને હવે શાંતિથી જીવવા દ્યો’ એમ કહી મેં ચાલતી પકડી. નીકળી તો ગઈ પણ ક્યાં જઈશ એવું વિચાર્યું નહોતું. સાચું કહું તો અચાનક ઘર છોડવાનો દિવસ આવશે એની કોઈ કલ્પના નહોતી. માત્ર ઘર જ નહીં, મારી બધી કમાણી છોડીને મેં ઘરત્યાગ કર્યો હતો. તરત વિનુભાઈ યાદ આવ્યા. બાળકોને લઈ એમના ઘરે ગઈ. ત્યારે વિનુભાઈ ઘરે નહોતા એટલે મેં એમનાં પત્ની જ્યોતિ બહેનને કહ્યું, ‘બહેન, મને ૨૦૦ રૂપિયા આપો.’ એમના ચહેરા પર મોટું પ્રશ્નાર્થ ચિહ્ન જોઈ મેં જે બન્યું એ બધું સાચેસાચું જણાવી દીધું અને કહ્યું કે ભાઈના ઘરે દહિસર જવું છે. મારી વીતકકથા સાંભળી એમની આંખો પણ સજળ થઈ ગઈ. તરત મને ૨૦૦ રૂપિયા આપી ‘ઈશ્વર સૌ સારાં વાના કરશે’ એવો મને સધિયારો આપ્યો.

ટેક્સી કરી બે બેગ, બાળકો અને ફફડતા જીવે દહિસર મોટા ભાઈના ઘરે પહોંચી તો ગઈ. પતિને છોડી આવેલી બહેન સાથે ભાઈનું વર્તન કેવું હશે એ વિશે મનમાં શંકા હતી. જોકે, ભાઈએ ઉમળકાથી મને આવકાર આપ્યો અને મારી કરમ કહાણી સાંભળ્યા પછી ભાભીએ સાંત્વના આપી મને હૈયાધારણ આપી કે ‘તમે કોઈ પણ પ્રકારની ચિંતા કર્યા વિના અહીં રહો. અહીંથી તમને કોઈ નહીં કાઢે.’ ભાઈ - ભાભીની વાત સાંભળી મારો શ્વાસ હેઠો બેઠો અને મેં હાશકારો અનુભવ્યો. જોકે, મેં સ્પષ્ટતા કરી દીધી કે ‘જો ભાઈ, હું કંઈ ઝાઝા દિવસ અહીં રહેવાની નથી. અચાનક ઘરબાર વિનાની થઈ ગઈ હોવાથી તાત્કાલિક છાપરાની જરૂર હતી એટલે આવી છું. વ્યવસ્થા થઈ જશે એટલે જતી રહીશ. અત્યારે મારો કપરો કાળ ચાલી રહ્યો છે એ જરા સંભાળી લેજે, બસ.’ દહીસરનું બે ફ્લેટ જોડી તૈયાર કરેલું એ ઘર મારી બહેનનું હતું. એમાં માત્ર મોટા ભાઈ - ભાભી જ નહીં, મારો નાનો ભાઈ એની પત્ની તેમજ સાથે મારી બહેનનાં ત્રણ બાળકો પણ સાથે રહેતાં હતાં. જોકે, દેરાણી - જેઠાણીને ફાવતું નહોતું એ મેં જોયું. આવું તો અનેક પરિવારમાં થતું હોય છે અને મારે પણ ક્યાં વધુ સમય રહેવું હતું એટલે મેં કંઈ એ બધી વાત પર ધ્યાન ન આપ્યું. અણબનાવ વધી જતા નાના ભાઈ - ભાભી ભાડાના ઘરમાં રહેવા જતા રહ્યા પછી એક દિવસ રિહર્સલ કરી હું પાછી ફરી ત્યારે ઘરનું વાતાવરણ એકદમ તંગ હતું... ■

### પહેલી વાર ‘ફ્લેટ સેટિંગ’

નાટ્યલેખનમાં ચં. ચી. મહેતા અને કનૈયાલાલ મુનશીની કારકિર્દી લગભગ સાથે શરૂ થઈ હતી. મુનશીનું પહેલું નાટક ‘પુરંદર પરાજય’ (૧૯૨૪) હતું. અલબત્ત નવા સ્થપાયેલા નટમંડળોને પૌરાણિક નાટકમાં રસ ન પડ્યો. ૧૯૨૯માં મુનશીનું ‘કાકા અને શશી’ ભજવાયું. નાટકમાં વેશભૂષામાં વિશિષ્ટ પ્રયોગ કરવાની સાથે સાથે ગુજરાતી નાટકમાં પહેલી વાર જૂની રંગભૂમિની પરંપરાગત શૈલીને બદલે ફ્લેટના સેટિંગનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. નાટ્યપ્રેમી દર્શકોને આ બદલાવ પસંદ પડ્યો અને નવો રસિક વર્ગ તૈયાર થયો. મુનશીએ પૌરાણિક, સામાજિક અને ઐતિહાસિક એમ ત્રણેય કથાવસ્તુ ધરાવતા નાટક લખ્યા. ‘બે ખરાબ જણ’ અને ‘આજ્ઞાંકિત’ તેમના વખણાયેલા સામાજિક નાટક છે જેમાં પ્રહસનને પ્રાધાન્ય છે. ‘કાકાની શશી’ સામાજિક નાટકમાં આગવી ભાત પાડતી કૃતિ હતી. મુનશીના પૌરાણિક નાટકોમાં ‘પુરંદર પરાજય’ ઉપરાંત ‘પુત્રસમોવડી’ અને ‘તર્પણ’ નોંધપાત્ર હતા. નવલકથા લેખક તરીકે મુનશીની કસાયેલી કલમ નાટકનું કથાવસ્તુ અને એનાં પાત્રોને વિકસાવવામાં મહત્ત્વનો ભાગ ભજવી શકી હતી. સાહિત્યિક છાંટ ધરાવતા ત્રિઅંકી નાટકો મુનશીનું વિશિષ્ટ યોગદાન માનવામાં આવે છે. (સંકલિત)

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# ગઝલકાર ‘નસીમ’: જલાવી નિત્ય બેઠો તો ગઝલની ધૂપદાનીને..

ગઝલ સમ્રાટ શયદા સાહેબની સાથે જેમણે ગુજરાતી ગઝલને પગભર કરવાનું કામ કર્યું છે એમાં સગીર અને નસીમનું પ્રદાન પણ મહત્ત્વનું છે. આપણે ગયા સપ્તાહે સમીર સાહેબના કલામ વિશે વાત કરી આજે આવા જ સશક્ત શાયર નસીમ સાહેબની વાત કરીશું.

નસીમ પાસે બયાનનો અંદાઝ હતો, જે શેરની શેરિયતમાં ચાર ચાંદ લગાવી દેતો હતો.

આપણાં ગુજરાતી અને ઉર્દૂના અગ્રગણ્ય શાયર ચિનુ મોદીએ નોંધ્યું છે કે નસીમની ગઝલોમાં ભાષા તરત જ ધ્યાન ખેંચનાર બને છે. ઉર્દૂ જેની માદરી જબાન હતી એ કવિ ઓછા અરબી-ફારસી-ઉર્દૂ શબ્દો વાપરે છે અને સંસ્કૃત શબ્દોનો પ્રયોગ સભાનતાપૂર્વક કહે છે. આ પ્રક્રિયા નસીમ સાહેબની ગુજરાતી ગઝલને દેણગી છે. જ્યાં ભાવ સાતત્ય રહી શકયું છે ત્યાં સંઘેડાઉતાર શેર મળે છે.

*રંગ નિરખું નિસર્ગના છે કે*
*એ નિસર્ગી વિચાર મારો છે*
*રૂપ તો દિવ્ય છે બધા રુપે*
*એક દૃષ્ટિ વિકાર મારો છે*

નિસર્ગમાં એટલે કુદરતમાં પ્રકૃત્તિમાં જે રંગો દેખાય છે એ પોતાનો નૈસર્ગિક વિચાર તો નથી ને? વળી કવિએ નૈસર્ગિક અર્થ દાખવીને તો નવો શબ્દ નિસર્ગી બનાવ્યો છે. આ નવો જ વિચાર છે. રંગ છે એ મારા જોવાને લીધે છે કે ખરેખર છે? એ પછી તો શેર પણ એટલો જ ગહન અને ઊંડો છે અને સરળ શબ્દોથી શેરિયત સત્યવીને સુંદર બન્યો છે. રૂપ તો સૃષ્ટિમાં કયાં નથી? સમગ્ર રૂપ દિવ્ય અને સ્વર્ગીય છે, પરંતુ આ સૃષ્ટિ કયારેય સુંદર નથી જણાતી એમાં વાંક સૃષ્ટિનો કે એની સુંદરતાનો નથી. પોતાની વિકાર ભરેલી દૃષ્ટિનો છે નસીમની ભાષા અને વિચારને દાદ આપવી જ રહી. હંમેશાં યાદ રહે એવો મતલબ એ આપે છે : કહે છે કોઇ કે તારું મકાન છે કે નહીં? ભમી રહ્યો છું યુગોથી, એ ભાન છે કે નહીં ?

નસીમ કવિ ઉપરાંત સારા વિવેચક પણ હતા. ગઝલ અને ગઝલ છંદ શાસ્ત્રના એ ઊંડા અભ્યાસી, સમર્થ આલોચક હતા. એમના પેંગડામાં પગ ઘાલે એવો એકે ગઝલ વિવેચક અત્યારે નજરે પડતો નથી. એમણે સરસ રુબાઇઓ પણ લખી હતી. એમની અનુભૂતિ વિલક્ષણ છે. એ વખતના કવિઓને શિખામણ આપે છે.



ગુલો-બુલબુલને ત્યાગી ગા હવે તું બાજનું ગાણું.

‘અનિલ’ કહે છે કે : ‘નસીમનો ગઝલ વિચાર આ પંક્તિમાં પ્રગટ થાય છે’. ગુલ અને બુલબુલ પક્ષી જેવા પ્રતીકો પ્રયોજતાં હતાં તેથી એ કહે છે કે તમે પુષ્પની ફરતે ફરતા સૌંદર્યના પતંગિયા ને બદલે આકારો વિહરતા ગરુડ જેવા થાવ. એમણે પોતાની ગઝલમાં આપણે શરૂઆતમાં નોંધ્યું તેમ આવા પરદેશી પ્રતીકો અપનાવ્યાં નથી. નસીમ ઘાયલ જેવા મિજાજના સ્વામી ન હતા, પણ શાંત અને સાલસ છે એમને સગીરની જેમ મુશાયરા લૂંટી લેવાના અભરખા ન હતા. એ અંગત મહેફિલના માણસ હતા. કવિ તરંગી હોવાના, પણ નસીમ આવા તરંગોને નીર-ક્ષીર વિવેકથી દૂર રાખે છે જેમ કે :

*કરું શું શૃંખલા આવી પડી વિવેકની છે*
*ના પ્રેમના તરંગો, ના કલ્પનાનાં ઉડ્ડયન*

*ઇસ્માઇલી ખોજા જમાતના આ ઓલિયા શાયર સ્વભાવે વિનમ્ર, મળતાવડા અને ઘર દીવડા જેવા હતા જુઓ:*

*ન હો સંવેદના જો દિલને દિલથી*
*જગતથી તો ભલી જંગલની વસ્તી*

નસીમ ‘ઇસ્માઇલી’ના તંત્રી તેથી ગઝલ વિશેના એમના ઊંડા અને અભ્યાસુ લેખો એમાં પ્રગટ થતા. નસીમ, સગીર અને ફકીરની ગઝલો સ્વસ્થ ચિત્તે માણવાની હોય છે. નસીમનું અભિજાત્ય અને શીલ એવાં કે એમની ગઝલ છંદોમાં લખાતી કવિતાનો પડઘો ગઝલમાં સંભળાય.

નસીમનો પ્રથમ ગઝલ સંગ્રહ ‘ધૂપદાન’ પ્રગટ ૧૯૬૫માં થયો તે એમના ભાઇ તુરાબની હોંશને લીધે. આપણાં સાકાર અને પ્રખર વિવેચક રામપ્રસાદ બક્ષીએ વિવેચનીય ગુણ દર્શાવતી પ્રસ્તાવના લખી હતી. નસીમમાં અવિચળ એવું શાંત, ઊંડુ, સૌમ્ય શીલ હતું. ‘નસીમ’ તખલ્લુસ ,પણ નામ હતું. હસનઅલી રહીમ-કરીમ નાથાણી. રામપ્રસાદભાઇએ નોંધ્યું છે કે ‘ભાઇ’ નસીમની ગણના ગુજરાતમાં ગઝલના પુરસ્કર્તાઓમાં થાય છે. જે ચાર કે પાંચ ગઝલકારોને ગઝલ પ્રવાહને વેગ આપ્યો તેમાં એમનું સ્થાન છે. એમને ગઝલોનું ઊંડાણ પારખ્યું છે અને પરખાવ્યું છે. એમના વિશે મળતી માહિતી પ્રમાણે એમનો જન્મ ૨૨ મે-- ૧૯૦૮માં. મુંબઇમાં શિક્ષણ લીધું અને ‘ઇસ્માઇલી’ સાપ્તાહિકમાં ૨૫ વર્ષ સેવા આપી. કેન્સરના લીધે એમનું મૃત્યુ ૧૮-૧૨-૧૯૬૨માં થયું.

જલન સાહેબ કહે છે તેમ કુસુમે કે પૂર્ણ, સુવાસે કે સુરંગે, વસંતે કે શિશિરે કે સુકાએલે તણખલે ‘હું જ હું’ના ગાન ગાનાર નસીમના શેરો વાંચીને સ્મૃતિ તાજી કરીએ.

*જીવન જીવન નથી ને મરણ પણ મરણ નથી*
*શીખું છું એ જ પાઠ હું સંધ્યા-સવારથી*

****

*શ્વાસ ફૂંકે છે શું બજવનારા*
*બંસરી થઇ ગઇ છે ગાન હવે*

****

*એક મૃગજળ અખિલ સૃષ્ટિ છે*
*રજકણે રજકણે ફરી જોયું*

નસીમ સાહેબનાં પુસ્તકો પણ સરળ અને સહજ છે અને તેથી જ આજે પણ એટલાં જ તાજાં છે.

*વસંત આવી કુસુમ ખીલ્યો છે બાકી*
*ભરી લે ઉરને તારાર પરાગે*
*ફરીને કાળ આવે કે ન આવે*
*ફરી ઉર ભાવ આ જાગે ન જાગે*

એમણે જિંદગી સુવાસિત અને શાલીન રાખી હતી અને એ વાતનો પ્રતિઘોષ ગઝલમાં પણ પડે છે :

*ભરી ઊર્મિ હૃદયમાં હો તે ઊર્મિમાં જવાની હો*
*જવાની રક્તઝરતી હો, સુવાસી જિંદગાની હો*
*જખમ તો લાગણીનો પ્રાણને ઝરણું અનંતતાનું*
*સદા જલતી રહે, બળતી રહે એ ધૂપદાની છે.*

એ જીવનમાં ગઝલની ધૂપદાનીને નિત્ય જલાવીને બેઠા હતા તેથી તેનું તેજ આજની ગઝલમાં ઊતર્યું છે. ■

ફોકસ

કે. પી. સિંહ
feedback@bombaysamachar.com

# રિલ્સ ને વીડિયો બનાવવા માટે
## પાળેલાં પ્રાણીઓ સાથે વધી રહી છે ક્રૂરતા....



આજકાલ સોશિયલ મીડિયા પર ચોંકાવનારા વીડિયો અને રીલ અપલોડ કરવા માટે લોકો પાળેલા પ્રાણી અથવા તો વસાહતોમાં રહેતા બિન-ઘરેલુ પ્રાણીઓ સાથે એવા ક્રૂર કૃત્યો કરી રહ્યા છે કે જેને જોઈને અને સાંભળીને આત્મા કંપી ઊઠે છે. આવી કેટલીક ઘટનાઓ તરફ નજર કરીએ.

નવેમ્બર ૨૦૨૨માં, એક ઇન્સ્ટાગ્રામ ઇંફ્લૂએન્સર, કિરણ કાજલે સૌનું ધ્યાન ખેંચાય એવી રીલ બનાવવા માટે ગલીમાં રખડતા કૂતરાને એટલી જોરથી લાત મારી કે તે લાંબા સમય સુધી પીડામાં સળવળતો રહ્યો હતો. આટલું જ નહીં, જ્યારે તેનો રડવાનો અવાજ ઓછો થયો, ત્યારે આ છોકરીએ ફરીથી તેને એક જોરદાર લાત મારી જેથી તે થોડા વધુ સમય સુધી રડતો રહે અને તેનો વીડિયો બની શકે. જ્યારે કાજલે આ વીડિયો સોશિયલ મીડિયા પર અપલોડ કર્યો તો લોકોએ તેની આકરી ટીકા કરી, જેના કારણે તેણે આ વીડિયો હટાવવો પડ્યો અને આખરે લોકોની માફી માગવી પડી.

ફેબ્રુઆરી ૨૦૨૪માં, રાજધાની દિલ્હી નજીક ગ્રેટર નોઈડામાં એક બહુમાળી ઈમારતમાંથી એક યુવકે તેના એક મહિનાના પાળેલા ગલુડિયાને ફેંકી દીધું, પરિણામે તેનું મૃત્યુ થયું. ખબર નથી કે તેણે પોતે જ તેના ગલુડિયાનો વીડિયો બનાવવા માટે ફેંકી દીધો હતો કે પછી કોઈએ સંયોગથી તેનો વીડિયો બનાવી લીધો હતો. સોશિયલ મીડિયા પર આ વીડિયો અપલોડ થવાની સાથે જ ખળભળાટ મચી ગયો હતો. પોલીસ પર પણ દબાણ વધ્યું અને તેમણે આ છોકરા વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવી પડી. તાજેતરમાં, યુપીના બુલંદ શહેરથી સોશિયલ મીડિયા પર એક નાનો વીડિયો વાઇરલ થયો હતો, જેમાં એક યુવક બિલાડીને કોથળામાં ભરીને ઝૂલાવી રહ્યો છે. એનિમલ રાઈટ્સ એક્ટિવિસ્ટ સુરભી રાવતે પોતાના એક્સ હેન્ડલ પર આ વીડિયો પોસ્ટ કર્યો હતો, જેના કારણે લોકોએ આ વીડિયોની ઘણી ટીકા કરી હતી.

તાજેતરનાં વર્ષોમાં, આવા ચોંકાવનારા વીડિયો માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વના દરેક ખૂણેથી સામે આવી રહ્યા છે. તેઓ એટલા ક્રૂર છે કે તેમને જોઈને ઘણા સંવેદનશીલ લોકોને ચક્કર આવે છે. હકીકતમાં ઈન્ટરનેટ પર વીડિયો રિલીઝ કરવા કે ફેસબુક પર સેલ્ફી પોસ્ટ કરવાના નામે આપણે આવા હજારો યુવાનોને પહાડો, નદીઓ, ટ્રેન, હેલિકૉપ્ટર વગેરે પર સ્ટંટ કરતા જોયા છે, જેના કારણે મોટી સંખ્યામાં આવા યુવાનોએ જીવ ગુમાવ્યા છે. પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોથી, એક ટ્રેન્ડ ખૂબ જ ઝડપથી જોવા મળી રહ્યો છે કે લોકો સોશિયલ મીડિયા પર અન્ય લોકોનું ધ્યાન આકર્ષિત કરવા માટે તેમના પાળેલાં પ્રાણીઓ સાથે વધુને વધુ ક્રૂર કૃત્ય આચરી રહ્યા છે. આની પાછળ કેટલાક લોકોનો હેતુ વાઇરલ વીડિયો દ્વારા વધુમાં વધુ પૈસા કમાવવાનો હોય છે, તો ઘણા લોકો માત્ર પોતાની પ્રસિદ્ધિ માટે આવું કામ કરી રહ્યા છે.

ઇતિહાસમાં માનવ સંસ્કૃતિ પ્રાણીઓ માટે અત્યંત ક્રૂર અને જોખમી સાબિત થઈ છે. કારણ કે ઈતિહાસમાં જેમ જેમ માણસે પોતાનો વૈજ્ઞાનિક અને ટેકનોલોજિકલ વિકાસ કર્યો છે તેમ તેમ તે પ્રાણીઓ પ્રત્યે ક્રૂર બનતો ગયો છે, પરંતુ હવે આ ક્રૂરતામાં સોશિયલ મીડિયાનો રોમાંચ અને કમાણીનું સાધન પણ સામેલ થઈ ગયું છે. પહેલાથી જ માણસો એટલાં બધાં પ્રાણીઓ ખાઈ રહ્યા છે કે સમુદ્રની બે તૃતીયાંશ માછલીઓ ગાયબ થઈ ગઈ છે. ભારત જેવાં પક્ષીઓથી સમૃદ્ધ દેશમાં લોકોએ એટલા બધા પક્ષીઓનો શિકાર કર્યો છે કે પક્ષીઓની સેંકડો પ્રજાતિઓ કાં તો લુપ્ત થઈ ગઈ છે અથવા તો લુપ્ત થવાના આરે છે. દર વર્ષે ૪ ઑક્ટોબરના રોજ પશુ કલ્યાણ દિવસ ઉજવવામાં આવે છે જેથી મનુષ્યની આવી ક્રૂરતા સામે જનજાગૃતિ લાવી શકાય ઉપરાંત પ્રાણીઓના અધિકારો અને તેમના કલ્યાણ વિશે લોકોમાં જાગૃતિ લાવી શકાય.

### આ દિવસની ઉજવણી પાછળનો મુખ્ય હેતુ છે-

માણસો પ્રાણીઓ પ્રત્યેની તેમની ક્રૂરતા પર નિયંત્રણ મૂકે.

રખડતાં પ્રાણીઓના રહેઠાણ માટે કુદરતી સુવિધાઓ જેનો મનુષ્યો તેમના લોભ અને સગવડ માટે કરી રહ્યો છે, તેને કાબૂમાં રાખી શકાય.

પ્રાણીઓની સુરક્ષા અને મનુષ્યની જેમ તેમના મૂળભૂત અધિકારોનું સન્માન કરવા માટે પણ આ દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસે દરેક જગ્યાએ લોકોને પ્રાણીઓ વિશે જાગૃત કરવામાં આવે છે. તેમને કહેવામાં આવે છે કે તેમની જેમ તેઓ પણ જીવિત છે, તેઓ પણ તેમના જેવા માંસ અને લોહી ધરાવે છે અને જ્યારે તેમની સામે હિંસા થાય છે, ત્યારે તેઓ પણ માણસોની જેમ જ ચીસો પાડે છે અને રડે છે. તેથી, પ્રાણીઓ પર દયા બતાવવી જોઈએ. આ બધું લોકોને કહેવા અને સમજાવવા માટે વિશ્વ પશુ કલ્યાણ દિવસ ઉજવવામાં આવે છે. ■

# રતન ટાટાના જીવનના મૂલ્યોને અને તેમના વિચારોને સલામ કરૂ છું.... દેવેન શેઠ



## તેમના સ્મરણાર્થે વૈદ્ય રસિકભાઈ શેઠ માર્ગ પર વૃક્ષારોપણ

ઉદ્યોગપતિ શ્રી રતન ટાટા ના નિધનથી સમગ્ર દેશના લોકોને આંચકા સાથે દુઃખની લાગણી થઇ છે. રતન ટાટાના નિધનથી ભારત એ માત્ર એક ઉદ્યોગપતિ જ નહિં પરંતુ એક ઉમદા વ્યકિતને પણ ગુમાવ્યા છે. રતન ટાટા માનવતાને જ શ્રેષ્ઠ ધર્મ માનતા હતા. તેઓ દરેક ધર્મ માટે આદર ધરાવતા હતા. કારણ કે તેમનું માનવું હતું હતું કે દરેક ધર્મ મનુષ્યને માનવતા, ઉદારતા, દયા, કરૂણા અને પરોપકારની ભાવના જ શીખવે છે. તેઓએ તેમના જીવનકાળ દરમ્યાન અત્યારે જે મુકેશ અંબાણી કે ગૌતમ અદાણીની પાસે સંપતિ છે લગભગ તેટલી રકમ દાનમાં આપી દીધી હતી. કર્મચારીઓનું હિત તેઓની પ્રાથમિકતા હતી. તેઓ પૈસા પોતાના પાસે ભેગા કરવાને બદલે જરૂરીયાતમંદો વચ્ચે વહેંચીને જીવવામાં માનતા હતા. તેઓ કહેતા કે તમારા કપડા કે દેખાવ માત્ર તમારા ટેલેન્ટને ઉજાગર નથી કરતા. કામ પ્રત્યેની નિષ્ઠા જ મનુષ્યને ઉપર લઇ જાય છે. તેઓ સાદગીમાં માનતા અને હંમેશા સાદગી ભર્યું અને કોઇપણ જાતના દંભ વગરનું જીવન જ જીવ્યા છે. દેવેનભાઇએ જણાવ્યું હતું કે આવા ઉદ્યોગપતિ કયારેક જ જન્મ લેતા હોય છે. આવા ઉદ્યોગપતિઓ દેશને કયારેક જ મળે છે. આજના ઘણાખરા ઉદ્યોગપતિ માત્ર સ્ટેટસ, દેખાડો, દંભ અને અંગત મોજશોખ માટે જ તેમજ માત્ર પોતાના પરિવારના સુખ માટે જ કમાણી કરી રહ્યાં છે. સમાજ પાસેથી મેળવેલું તેઓ સમાજને પરત કરવામાં માનતા નથી. માત્ર ને માત્ર પૈસાની ભુખ અને તે એટલી હદે કે સાત પેઢીને ચાલે તેટલું ધન ભેગું કર્યા પછી પણ સમાજને કાંઇક અર્પણ કરવાની ભાવના હોતી નથી. જેના મનમાં દયા નથી, કરૂણા નથી, માનવતા નથી, સમાજ માટે કાંઇક કરી છુટવાની ભાવના નથી તેઓ મનુષ્ય અવતારને વ્યર્થ વેડફી રહ્યાં છે એવું મારૂ માનવું છે. રતન ટાટા ના જીવન ચરિત્ર ઉપરથી ઘણું જ શીખવા જેવું છે. તેઓનું જીવન એક વૃક્ષ સમાન હતું.




જેમ વૃક્ષ મનુષ્યને, પ્રાણીને, પશુ-પંખીઓને ખોરાક પુરો પાડે છે, છાયડો આપી શીતળતા અર્પે છે, પ્રાણવાયુ પુરો પાડી પરોપકારનું ઉદાહરણ પુરુ પાડે છે તેવું જ પરોપકારી અને સાદગીભર્યું જીવન સ્વ. શ્રી રતન ટાટાનું હતું . વૃક્ષ સમાન હોવાને કારણે જ મારી ગ્રીનસીટી સંસ્થા દ્વારા તેઓને શ્રદ્ધાંજલિ આપવા ભાવનગરના વૈદ્ય શ્રી રસિકભાઇ શેઠ માર્ગ પર તેઓના નામનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે. જેથી તેઓની હંમેશા યાદગીરી રહે. વૃક્ષારોપણ માટે આ માર્ગ એટલા માટે પસંદ કર્યો કે કાયમ ચૂર્ણના સંશોધક એવા શેઠ બ્રધર્સ પરિવારના સ્વ. વૈદ્ય રસિકભાઇ શેઠનું પણ આવું જ વિરલ વ્યકિતત્વ હતું.



# હજી ત્રણ-ચાર દિવસ રહેશે વરસાદી માહોલ: મંગળવાર સુધી યલો એલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ સહિત દેશમાંથી ચોમાસાની વિદાય થઈ ગઈ છે. છતાં દિવાળીના ગાળામાં મહારાષ્ટ્રમાં અતિવૃષ્ટિની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. તેથી ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. તો મુંબઈ, થાણે સહિતના મુંબઈ મેટ્રોપોલિટન રિજનના વિસ્તારમાં શનિવારે મોડી સાંજે વીજળીના ગડગડાટ સાથે વરસાદ તૂટી પડ્યો હતો. હવામાન ખાતાએ મુંબઈ માટે યલો એલર્ટની ચેતવણી મંગળવાર સુધી વધારી દીધી હોઈ આ સમય દરમિયાન હળવાથી મધ્યમ સ્વરૂપનો વરસાદ રહેવાની શક્યતા છે.

મુંબઈ માટે વીકએન્ડ માટે યલો એલર્ટની ચેતવણી આપીને હળવાથી મધ્યમ સ્વરૂપનો વરસાદનો અંદાજો હવામાન ખાતાએ વ્યક્ત કર્યો હતો. શનિવારે આખો દિવસ તડકો રહ્યો હતો. દિવસ દરમિયાન વાતાવરણમાં ગરમી અને ઉકળાટનો અનુભવ થઈ રહ્યો હતો અને કોલાબામાં મહત્તમ તાપમાન ૩૨.૪ ડિગ્રી તથા વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૮ ડિગ્રી નોંધાયું હતું. તો સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૩.૭ ડિગ્રી અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૬ ડિગ્રી ભેજનું પ્રમાણ નોંધાયું હતું.

શનિવારે મોડી સાંજ બાદ જોકે મુંબઈના પૂર્વ અને પશ્ચિમ ઉપનગરના વિસ્તારોમાં વીજળીના ગડગડાટ સાથે વરસાદ તૂટી પડ્યો હતો. અચાનક વરસાદ આવી પડતા વાતાવરણમાં ઠંડક વ્યાપી ગઈ હતી. આ દરમિયાન હવામાન વિભાગે મુંબઈમાં હજી બે ત્રણ દિવસ વરસાદી માહોલ રહેવાનો અંદાજો વ્યક્ત કર્યો છે. બુધવાર બાદ વાતાવરણમાં પલટો આવશે. પવનોની દિશા બદલવાની સાથે જ ફરી ગરમીનો માહોલ રહેવાની શક્યતા છે.

મુંબઈ સહિત રાજ્યમાં ફરી વરસાદી માહોલ નિર્માણ થવા બાબતે હવામાન ખાતાના અધિકારીએ જણાવ્યું હતું કે બંગાળના ઉપસાગરમાં વાવાઝોડાનું નિર્માણ થયું છે. વાવાઝોડાને 'દાવા' નામ આપવામાં આવ્યું છે. આ વાવાઝોડાને કારણે મહારાષ્ટ્રમાં અતિવૃષ્ટિનું સંકટ નિર્માણ થયું છે. આ વાવાઝોડાને કારણે પશ્ચિમ બંગાળના દક્ષિણ ભાગથી દક્ષિણ ભારત સુધીના વિસ્તારમાં મુશળધાર વરસાદની શક્યતા છે. આ વાવાઝોડું ૨૪થી ૨૬ ઑક્ટોબર દરમિયાન પૂર્વ કાંઠા પર ત્રાટકવાની શક્યતા છે. આ વાવાઝોડાની અસર ભારત, બાંગ્લાદેશ સહિત મ્યાનમારને થવાની શક્યતા છે.

જોકે હવે આ વાવાઝોડાની અસર મહારાષ્ટ્રને પણ થવાની શક્યતા છે. રાજ્યમાં કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર અને મરાઠવાડમાં હળવાથી મધ્યમવ વરસાદની શક્યતા છે. ■

# શિવાજી પાર્કમાં સભા કરવા માટે રાજકીય પક્ષો વચ્ચે હોડ

## ૧૭ નવેમ્બરનાં સભા કરવા ચાર પક્ષોની અરજી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિધાનસભાની ચૂંટણીનું બ્યુગલ ફૂંકાઈ ગયું છે. મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં ૨૦ નવેમ્બરના એક જ તબકકામાં વિધાનસભાની ચૂંટણી થવાની છે, ત્યારે તમામ રાજકીય પક્ષો વચ્ચે દાદરના શિવાજી પાર્કમાં સભા યોજવા માટે હોડ લાગી છે. ૧૮ નવેમ્બરના વિધાનસભાની ચૂંટણીનો પ્રચારનો છેલ્લો દિવસ હશે, તે પહેલા એટલે કે ૧૭ નવેમ્બરના શિવાજી પાર્કના મેદાન પર સભા લેવા માટે શિવસેના (યુબીટી), શિંદેની શિવસેના, ભાજપ અને મનસેએ આ ચાર પક્ષોએ મુંબઈ મહાનગરપાલિકા પાસે અરજી કરી છે. આગામી અઠવાડિયામાં પ્રશાસન તેના પર નિર્ણય લે તેવી શક્યતા છે.

તમામ રાજકીય પક્ષો દાદરના શિવાજી પાર્કમાં સભા યોજવા પર ભાર આપતા હોય છે. આ મેદાન પર દશેરાની રેલી યોજવા માટે પણ શિવસેના પક્ષના ફાડિયા થયા બાદ બંને પક્ષો વચ્ચે ખેંચાખેંચી રહી છે. જોકે આ વખતે દશેરા રેલી માટે ફક્ત યુબીટી તરફથી જ અરજી આવી હતી. તેથી તેને સરળતાથી મંજૂરી મળી ગઈ હતી. જોકે હવે વિધાનસભાની ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસ માટે ચારેય મોટા પક્ષોએ અરજી કરી છે ત્યારે કોને મંજૂરી મળે છે તેના પર સૌ કોઈનું ધ્યાન છે. જોકે મનસેની દાદર-માહિમ તરફથી સૌથી પહેલા પાલિકા પાસે અરજી ગઈ હતી. તો યુબીટી, શિંદેની શિવસેના અને ભાજપે પણ અરજી કરી છે.

એક કરતા વધુ અરજી આવી છે. નિયમ મુજબ પહેલા જેની અરજી આવે તે પક્ષને મંજૂરી આપવામાં આવે છે. તેથી મનસેને મંજૂરી મળશે એવો દાવો મનસે તરફથી કરવામાં આવી રહ્યો છે. એ બાદ મનસે દ્વારા ઑક્ટોબરના અને ઑક્ટોબરના પણ અરજી કરવામાં આવી હતી. ■

# ચેમ્બુરમાં મંદિરમાં આગ: કોઈ જાનહાનિ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ચેમ્બુર (પૂર્વ)માં આવેલા સંતોષી માતા મંદિરમાં શનિવારે બપોરના ભીષણ આગ ફાટી નીકળી હતી. આગની જાણ થતા ઘટના સ્થળે ફાયરબ્રિગેડ પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. સદ્નસીબે આગની દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. ચેમ્બુર કોલોની પરિસરમાં એનલેક્સ હૉસ્પિટલ નજીક ઝામ ચોકમાં સંતોષીમાતા મંદિર આવેલું છે. શનિવાર બપોરના લગભગ ૨.૧૫ વાગે મંદિરમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ચેમ્બુર ફાયરબ્રિગેડ સ્ટેશનના અધિકારી દિનેશ ચૌધરીના જણાવ્યા મુજબ બપોરના એકથી ચાર વાગ્યા દરમિયાન મંદિર બંધ હોય છે. તેથી આ સમયે મંદિરમાં કોઈ ભક્ત હાજર નહોતું. પરંતુ મંદિરમાં બે-ત્રણ વર્કરો એલઈડી સાઈન બોર્ડ લગાડવાનું કામ કરી રહ્યા હતા. અચાનક એ દરમિયાન મંદિરની સિલિંગમાંથી અચાનક ધુમાડો નીકળતો હોવાનું મંદિરના પુજારીને દેખાઈ આવ્યું હતું. તેથી તેમણે તરત આગને ફાયર એક્ટિંગ્યુશરની બુઝાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ આગ ઝડપથી ફેલાઈ ગઈ હતી. તેથી પરિસ્થિતિને જોતા તેમણે તરત મંદિરની બાજુમાં રહેલા પોલીસ સ્ટેશનને જાણ કરી હતી અને પોલીસે ફાયરબ્રિગેડને બોલાવી હતી. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ફાયરબ્રિગેડે તરત આવીને આગ બુઝાવી દીધી હતી. મંદિરના ત્રણ દરવાજા હોવાની સાથે આજુબાજુ ખુલ્લી જગ્યા હોવાથી આગને ઝડપથી નિયંત્રણમાં લેવામાં સફળતા મળી હતી. ■

# ઈર્લા નાળાં પર બાંધવામાં આવશે નવો પુલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: જુહુ-વિલે પાર્લે ડેવલપમેન્ટ સ્કીમ (જેવીપીડી) જંકશન પાસે આવેલા ઈર્લા નાળાં પર મુંબઈ મહાનગરપાલિકા નવેસરથી પુલનું બાંધકામ કરવાની છે. હાલ અસિત્વમાં રહેલા પુલનું માળખું નબળું પડી ગયું હોવાથી તેને તોડી પાડવામાં આવશે અને ત્યારબાદ નવો પુલ બાંધવામાં આવવાનો છે. આ પ્રોજેક્ટને પૂરો થવામાં અંદાજે ૧૫ મહિનાનો સમય લાગવાની શક્યતા છે. પ્રોજેક્ટ પાછળ લગભગ ૧૧.૧૫ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો અપેક્ષિત છે.

સુધરાઈએ પશ્ચિમ ઉપનગરમાં આવેલા પુલોનું સ્ટ્રક્ચરલ ઓડિટ કરવા માટે ૨૦૨૨માં સ્ટ્રક્ચરલ ઓડિટર મેસર્સ એએસજી કન્સલ્ટન્સીને કામ સોંપ્યું હતું. એ દરમિયાન જેવીપીડી સ્કીમ નજીક મોરાગાંવ અને ઈર્લા પમ્પિંગ સ્ટેશનને જોડતો પુલ બિસ્માર હાલતમાં હોવાનું જણાયું હતું. કન્સલટન્ટે આ પુલને તોડી પાડીને તેની જગ્યાએ નવો બાંધવાની ભલામણ કરી હતી.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ ઈર્લા નાળાં પર હાલ આવેલા પુલનું બાંધકામ પથ્થરનું છે. ફૂટપાથની બંને બાજુએ પાણીની બે પાઈપલાઈન આવેલી છે. એક ૩૦૦ મિ.મી. અને બીજી ૩૦૦ મિ.મી. વ્યાસની છે. પુલના સ્લેબને ટેકો આપતું સ્ટીલનું સ્ટ્રક્ચર ખરાબ હાલતમાં છે. તેની રક્ષણાત્મક દીવાલ પણ તૂટી ગઈ છે અને પુલ થોડો પશ્ચિમ દિશામાં ઝુકેલો હોવાનું જણાઈ રહ્યું છે. સુધરાઈએ પુલના બાંધકામ માટે ૧૦.૩૧ કરોડ રૂપિયાનો અંદાજિત ખર્ચ માંડ્યો હતો. ચાર બિડર તરફથી પ્રતિસાદ મળતા ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા હતા. તેમાંથી ઓછી બોલી લગાવનારા કૉન્ટ્રેક્ટરને કામ આપવામાં આવ્યું છે. આ પ્રસ્તાવને આગામી રાજ્યની વિધાનસભાની ચૂંટણી માટે આચાર સંહિતા અમલમાં આવે તે પહેલા મંજૂરી મળી ગઈ હતી. પ્રોજેક્ટનો કુલ ખર્ચ તમામ ટેક્સ સહિત ૧૧.૧૫ કરોડ રૂપિયા છે. આ પુલ ૨૮ મીટર લંબાઈ અને ૧૮.૩ મીટર પહોળો છે. ■

# પશ્ચિમ રેલવેમાં પીક અવર્સમાં ટ્રેનોના ધાંધિયા

## સિગ્નલમાં ખામી સર્જાતા પ્રવાસીઓને 'લેટમાર્ક'ની સમસ્યા

મુંબઈ: સિગ્નલમાં ખામીને કારણે શનિવારે સવારે પશ્ચિમ રેલવેના કાંદિવલી ખાતે લોકલ ટ્રેનો ૨૦ થી ૩૦ મિનિટ મોડી ચાલી રહી હતી. ભીડના કલાકો દરમિયાન સિગ્નલ સિસ્ટમમાં ખામીને કારણે મુસાફરોને ગંતવ્ય સ્થળે પહોંચવામાં મોડું થયું હતું.

શનિવારે સવારે ૮.૧૫ વાગ્યે કાંદિવલીમાં સિગ્નલમાં ખામી સર્જાઈ હતી. ત્યારબાદ પશ્ચિમ રેલવેના બોરીવલી અને ગોરેગાંવ વચ્ચે લોકલ ટ્રેનો મોડી દોડી રહી હતી. તેમજ ઘણી લોકલ બે સ્ટેશનો વચ્ચે એક બીજાની પાછળ ઊભી હતી. આ કારણો મુસાફરો ભારે મૂંઝવણમાં હતા. કેટલાક મુસાફરો રેલવે લાઇન પરથી ઉતરીને નજીકના સ્ટેશને પહોંચી રોડ માર્ગે ઓફિસ પહોંચ્યા હતા.

સિગ્નલ સિસ્ટમમાં ખામી હોવાની માહિતી મળતા જ પશ્ચિમ રેલવેના અધિકારીઓ અને કર્મચારીઓએ તાત્કાલિક સવારે ૮.૪૦ કલાકે સિગ્નલ સિસ્ટમ રિપેર કરી દીધી હતી. જો કે તે પછી પણ ઘણી લોકલ ટ્રેનો ૨૦ થી ૩૦ મિનિટ મોડી દોડી રહી હતી. ■



# ધીરગુરુદેવના આજ્ઞાનુવર્તી પૂ. મીનાજી મહાસતીજીને વ્હિલચેર પલટી ખાઈ જતા ફ્રેકચર

મુંબઈ: કોલકાતામાં પૂ. શ્રી ધીરગુરુદેવના આજ્ઞાનુવર્તી પૂ. નર્મદ - વિનય ગુરુણીના શિષ્યા પૂ. મીનાજી મહાસતીજીની વ્હીલચેર શનિવારે સવારે ૭.૦૦ વાગ્યા આસપાસ નવલખા ઉપાશ્રયના રસ્તે પલટી ખાઈ જતાં હાથમાં ફ્રેકચર અને આંખની આજુબાજુ ચશ્માના કાચ વાગતાં તાત્કાલિક હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. રવિવારે પ્લાસ્ટિક સર્જરી અને હાથનું ઓપરેશન કરાશે. એકંદરે તબિયત સારી છે, તેમ સંઘસેવકોએ જણાવ્યું હતું. દરમિયાન પૂ. હીરાબાઈ મ.સ., પૂ. ભારતીબાઈ મ.સ.ના શિષ્યા ડૉ. પૂ. સોનલબાઈ મ.સ.ને ઘાટકોપર હૉસ્પિટલમાં કેન્સરની સારવાર માટે દાખલ કરાયાં છે. ■

# જપ્ત કરવામાં આવેલાં ૧૯૪૪ ઈવીએમ ફરી વાપરવાની મંજૂરી

## હાઈ કોર્ટના ચુકાદા બાદ ચૂંટણી પંચને આખરે મળી રાહત

મુંબઈ: ઉદ્ધવ સેનાના નેતા વિનાયક રાઉતે ભાજપના નેતા નારાયણ રાણેની ૨૦૨૪ની લોકસભા ચૂંટણીને પડકાર ફેંકતાં રત્નાગિરિ જિલ્લામાંથી જપ્ત કરવામાં આવેલાં ૧૯૪૪ ઈવીએમ મશીન આગામી વિધાનસભા ચૂંટણીમાં વાપરવા માટે મોકળાં કરવાની હાઈ કોર્ટે કેન્દ્રીય ચૂંટણી પંચને મંજૂરી આપી દીધી છે. રત્નાગિરિ-સિંધુદુર્ગ મતદારસંઘમાંથી ભાજપના નેતા નારાયણ રાણે ખોટી રીતે ચૂંટાઈ આવ્યા છે, એવો આરોપ ઠાકરે જૂથના નેતા વિનાયક રાઉતે હાઈ કોર્ટમાં અરજી દ્વારા કર્યો હતો. રાઉતે કરેલી અરજીને કારણે રત્નાગિરિ-સિંધુદુર્ગ મતદારસંઘમાંથી ૧૯૪૪ બેલેટ યુનિટ અને ૧૯૪૪ કંટ્રોલ યુનિટનો સમાવેશ થતાં હતાં એ તમામ મશીન ચૂંટણી પંચનાં તાબામાં હતાં. કોર્ટ સમક્ષ પુરાવા તરીકે રજૂ કરવા માટે આ કાર્યવાહી કરવામાં આવી હતી. સંબંધિત ઈવેએમ મશીન અંગે રાઉતે કોઇ પણ વાંધો ઉઠાવ્યો નહોતો. આ મશીનને કારણે ગેરવ્યવહાર થયો હોવાની ફરિયાદ ન હોવાનું તેમ જ કોર્ટમાં રજૂ કરવાની માગણી પણ રાઉતે કરી નહોતી. આને કારણે જ આ મશીનોને વપરાશમાં લેવા માટે મોકળાં કરીને આગામી વિધાનસભા ચૂંટણી દરમિયાન વાપરવાની મંજૂરી આપવી, એવો કોર્ટે ચુકાદો આપ્યો હતો. ■

# સાંગલીમાં ૫૦૦ રૂપિયાની નોટો નાળામાં વહેતી આવી



મુંબઈ: નાળામાં નોટો વહેતી આવે એવું માત્ર ફિલ્મોમાં જ જોવા મળે છે, પરંતુ સાંગલીના આટપાડી શહેરમાં લોકોએ આ પોતાની નજરે જોયું. અહીંના લોકોને ૫૦૦ રૂપિયાની ચલણી નોટ પાણીમાં વહેતી જોવા મળી હતી. નાગરિકો તેને પાણીમાં શોધી રહ્યા હોવાનું એક વીડિયોમાં જોવા મળ્યું હતું. આટપાડીના ગદિમા પાર્ક સામેથી પસાર થતા નાળામાંથી પાંચસો રૂપિયાની નોટો વહેતી આવી હતી. આટપાડીમાં શનિવાર બજારમાં આવેલા લોકો પાણીમાં હાથ નાખીને કચરો બહાર ફેંકીને પૈસા શોધી રહ્યા હતા. ઘણા લોકોને પાંચસો રૂપિયાની નોટ મોટી માત્રામાં મળી હતી. આ કારણે નાળા પાસે લોકોની ભારે ભીડ જોવા મળી હતી. ■

# જે. જે. હૉસ્પિટલ શૂટઆઉટ કેસ: આરોપી ૩૨ વર્ષે યુપીમાં પકડાયો

## હૉસ્પિટલના બીજા માળે દાખલ અરુણ ગવળીના ગૅન્ગસ્ટરો પર એકે-૪૭માંથી અંધાધૂંધ ગોળીબાર કરાયો હતો: એક ગૅન્ગસ્ટર અને બે પોલીસ કર્મચારી મૃત્યુ પામ્યા હતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ચર્ચાસ્પદ જે. જે. હૉસ્પિટલ શૂટઆઉટ કેસમાં ફરાર ગૅન્ગસ્ટર દાઉદ ઈબ્રાહિમ ટોળકીના સભ્યને મુંબઈ પોલીસે છેક ૩૨ વર્ષે ઉત્તર પ્રદેશમાં શોધી કાઢ્યો હતો. દાઉદની બહેન હસીના પારકરના પતિની હત્યાનું વેર વાળવા હૉસ્પિટલના બીજા માળે વૉર્ડમાં દાખલ અરુણ ગવળીના ગૅન્ગસ્ટરો પર એકે-૪૭માંથી અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યો હતો, જેમાં એક ગૅન્ગસ્ટર અને બે પોલીસ કર્મચારી મૃત્યુ પામ્યા હતા.

ક્રાઈમ બ્રાન્ચના એન્ટી એક્સ્ટોર્શન સેલ (એઈસી)ના અધિકારીઓએ ધરપકડ કરેલા આરોપીની ઓળખ ત્રિભુવન રામપતિ સિંહ તરીકે થઈ હતી. ત્રિભુવન ઉત્તર પ્રદેશમાં પોતાની ઓળખ બદલીને રહેતો હતો. શ્રીકાંત રાય રામપતિ ઉર્ફે પ્રધાનને નામે વસવાટ કરતા આરોપીને મુંબઈ પોલીસ શનિવારે મુંબઈ લાવી હતી. કોર્ટે તેને ૨૫ ઑક્ટોબર સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ૧૨ સપ્ટેમ્બર, ૧૯૯૨ના રોજ દાઉદના સાગરીતોએ જે. જે. હૉસ્પિટલમાં કરેલા ગોળીબારથી તે સમયે ખાસ્સો હોબાળો મચી ગયો હતો. એ જ વર્ષે ભાગેડુ ગૅન્ગસ્ટર દાઉદ ઈબ્રાહિમના બનેવી ઈબ્રાહિમ પારકર ઉર્ફે ઈબ્રાહિમ લંબુની અરુણ ગવળી ગૅન્ગ દ્વારા હત્યા કરવામાં આવી હતી. બનેવીની હત્યાનો બદલો લેવા દાઉદે તેના સાગરીત સુભાષસિંહ ઠાકુર અને બ્રિજેશ સિંહને આદેશ આપ્યો હતો.

જે. જે. હૉસ્પિટલના બીજા માળના વૉર્ડમાં દાખલ અરુણ ગવળીના ગૅન્ગસ્ટર શૈલેષ હળદણકર અને બિપિન શેરેએ જ ઈબ્રાહિમ લંબુની હત્યા કરી હોવાની શંકા દાઉદને હતી. જખમી હળદણકર અને શેરે હૉસ્પિટલમાં દાખલ હોવાની માહિતી મળતાં સુભાષસિંહ ઠાકુર અને બ્રિજેશ સિંહ તેના સાથીઓ સાથે એકે-૪૭, પિસ્તોલ, રિવોલ્વર અને હાથ બૉમ્બ સાથે જે. જે. હૉસ્પિટલમાં ઘૂસ્યા હતા.

પોલીસ સુરક્ષા વચ્ચે રખાયેલા હળદણકર અને શેરે પર દાઉદના માણસોએ એકે-૪૭ રાઈફલમાંથી અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. હૉસ્પિટલમાં ગોળીબારથી દર્દીઓમાં ડર ફેલાયો હતો, જેને કારણે ભાગદોડ પણ મચી હતી. આ પ્રકરણે ભાયખલા પોલીસે ગુનો નોંધ્યો હતો. આ શૂટઆઉટ પ્રકરણે પોલીસે ૩૦થી વધુ આરોપીની ધરપકડ કરી હતી. કોર્ટે આરોપી સુભાષસિંહ ઠાકુરને જનમટીપ અને અન્ય આરોપીઓને પણ સજા ફટકારી હતી.

જોકે શૂટઆઉટ દરમિયાન દાઉદનો સાથી ત્રિભુવન પણ જખમી થયો હતો. જખમી હાલતમાં ફરાર થઈ ગયેલો ત્રિભુવન પોલીસને હાથ લાગ્યો નહોતો. તાજેતરમાં મુંબઈ ક્રાઈમ બ્રાન્ચને માહિતી મળી હતી કે ઉત્તર પ્રદેશના એક ગુનામાં ધરપકડ બાદ મિરઝાપુર સેન્ટ્રલ જેલમાં બંધ શ્રીકાંત જે. જે. હૉસ્પિટલ શૂટઆઉટનો ફરાર આરોપી ત્રિભુવન છે. માહિતીને આધારે પોલીસે પુરાવા એકઠા કર્યા હતા અને પછી વિશેષ ટાડા કોર્ટમાંથી પ્રોડક્શન વૉરન્ટ મેળવી ત્રિભુવનને મુંબઈ લાવવામાં આવ્યો હતો. ■

# કોરિયોગ્રાફર રેમો ડી'સોઝા સહિત સાત સામે છેતરપિંડીનો ગુનો

થાણે: ડાન્સ ટ્રુપ સાથે ૧૧.૯૬ કરોડ રૂપિયાની કથિત છેતરપિંડી બદલ કોરિયોગ્રાફર રેમો ડી'સોઝા, તેની પત્ની અને અન્ય પાંચ જણ વિરુદ્ધ મીરા રોડ પોલીસે ગુનો નોંધ્યો હતો. મીરા રોડમાં રહેતા ૨૬ વર્ષના ડાન્સરે નોંધાવેલી ફરિયાદને આધારે મીરા રોડ પોલીસે રેમો ડી'સોઝા, તેની પત્ની લિઝેલ સહિત સાત જણ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૬૫, ૪૨૦ અને અન્ય સુસંગત કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.

એફઆઈઆર અનુસાર ફરિયાદી અને તેના ટ્રુપ સાથે ૨૦૧૮થી જુલાઈ, ૨૦૨૪ દરમિયાન કથિત છેતરપિંડી કરવામાં આવી હતી. ફરિયાદીના ટ્રુપે એક ટેલિવિઝન શોમાં પર્ફોમ કર્યું હતું અને વિજેતા બન્યું હતું. આ પર્ફોમના વેતન અને ઈનામની રકમની કથિત રીતે ઉચાપત કરવામાં આવી હોવાનો આરોપ ફરિયાદમાં કરાયો હતો. (પીટીઆઈ) ■

# દેશને મુંબઈ સાથે જોડતા ચાર પ્રવેશદ્વાર તૈયાર થઈ રહ્યા છે

મુંબઇ: હાલમાં મુંબઈની ટ્રાન્સપોર્ટ સિસ્ટમને અપગ્રેડ કરવા અને તેને દેશના અન્ય ભાગો સાથે જોડવા માટે ચાર મોટા પ્રોજેક્ટ પર કામ ચાલી રહ્યું છે. આ તમામ પ્રોજેક્ટને જોડવા માટે વૈતરણાની ખાડીમાં એક સાથે ચાર મોટા પુલ બનાવવાનું કામ ચાલી રહ્યું છે.

તેમાં ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર, દેશનો પ્રથમ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ, મુંબઈને દિલ્હીથી રોડ દ્વારા જોડવા માટે ભારત માલા પ્રોજેક્ટ અને ઉપનગરીય ટ્રેનોને દહાણુ રોડ સુધી લંબાવવા માટે બનાવવામાં આવનાર પુલનો સમાવેશ થાય છે.

## ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર

વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરનું નિર્માણ રેલવેના માલવાહક કામગીરીને વેગ આપવા માટે કરવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટ હેઠળ, જેએનપીટી (મુંબઈ) થી દાદરી (ઉત્તર પ્રદેશ) સુધી એક અલગ રેલ લાઇનનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે, જે ફક્ત માલગાડીઓ માટે છે. આ ૧,૫૦૬ કિલોમીટરના કોરિડોરનું ૭૦ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. દાદરીથી વૈતરણા સુધીનો માર્ગ પણ ચાલુ કરી દેવામાં આવ્યો છે. હાલમાં વૈતરણાથી જેએનપીટી (૧૦૨કિમી રૂટ) સુધીનું કામ ચાલી રહ્યું છે. એવું માનવામાં આવે છે કે ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં કામ પૂર્ણ થઈ જશે. વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર હેઠળ વસઈ ખાડી પર પુલનું નિર્માણ એ આ પ્રોજેક્ટનો મુખ્ય ભાગ છે, જે મુંબઈનાં બંદરોમાંથી પસાર થતા માલસામાનને દેશના બાકીના ભાગોમાં પહોંચાડવામાં મદદ કરશે. આ રૂટ પર ડબલ સ્ટેક માલસામાનની ટ્રેનો દોડશે, તેથી તેને મજબૂતી આપવા માટે સ્ટીલ સ્ટ્રક્ચર અને કોંક્રીટ મિશ્રણનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. એક અધિકારીએ જણાવ્યું કે પ્રી-કાસ્ટ ગર્ડર ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ■

## મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ વે

કેન્દ્ર સરકાર દ્વારા ભારતમાલા પ્રોજેક્ટ હેઠળ દેશભરમાં લગભગ ૬૫,૦૦૦ કિમી રોડનું નેટવર્ક બિછાવવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટમાં મુંબઈથી દિલ્હી સુધીનો એક્સપ્રેસ વે બનાવવામાં આવી રહ્યો છે. હાલમાં આ પ્રોજેક્ટ હરિયાણાના સોહનાથી મુંબઈ સાથે જોડાશે. આ ૧૩૫૦કિલોમીટરનો એક્સપ્રેસ વે ૬ રાજ્યોના અનેક શહેરોને આવરી લેશે. જો કે, મધ્ય પ્રદેશમાં ૨૪૫ કિલોમીટરના પટનું કામ પૂર્ણ થયા બાદ તેના પર ટ્રાફિક શરૂ થઈ ગયો છે.

આ દિલ્હી, નોઈડા, ગાઝિયાબાદ અને જયપુરને અમદાવાદ, વડોદરા, મુંબઈ તરફ ને એનએચ - ૪૮(જૂના એનએચ ૮) પર અને કાનપુર તરફ જોડશે.

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે હરિયાણાના સોહનાથી શરૂ થશે અને રાજસ્થાન, મધ્ય પ્રદેશ થઈને મહારાષ્ટ્ર પહોંચશે. જેથી જયપુર, અજમેર, કિશનગઢ, કોટા, ઉદયપુર, ચિત્તોડગઢ, સવાઈ માધોપુર, ભોપાલ, ઉજ્જૈન, ઈન્દોર, સુરત અને આસપાસનાં શહેરો સાથે કનેક્ટિવિટી સરળ બનશે.

હાલમાં દિલ્હીથી સુરતનું રોડ માર્ગનું અંતર ૧૧૫૦ કિમી કરતાં વધુ છે. એક્સપ્રેસ વેના નિર્માણ પછી, આ અંતર ૮૦૦ કિમી થઈ જશે. આ પ્રોજેક્ટ માટે વૈતરણા નદી પર એક પુલ બનાવવામાં આવી રહ્યો છે. ■

## વિરાર-દહાણુ રોડ ૩જી-૪થી લાઈન

પશ્ચિમ રેલ્વે પર લોકલ ટ્રેનોના વિસ્તરણ માટે, વિરારથી દહાણુ રોડ સુધી ત્રીજી અને ચોથી રેલવે લાઇનનું નિર્માણ ચાલુ છે. આ પ્રોજેક્ટ હેઠળ વૈતરણામાં પુલ બનાવવામાં આવી રહ્યા છે. આ પ્રોજેક્ટનું કામ મુંબઈ રેલવે વિકાસ કોર્પોરેશન દ્વારા કરવામાં આવી રહ્યું છે. અત્યાર સુધીમાં લગભગ ૩૦ ટકા કામ થઈ ગયું છે અને હાલની પ્રગતિને જોતા તે ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં તૈયાર થઈ જવાની આશા છે. મુંબઈ અર્બન ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ-૩ હેઠળ ૬૩કિ.મી. લાંબા વિરાર-દહાણુ કોરિડોરની જાહેરાત કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટનો ખર્ચ ૩,૫૭૮ કરોડ રૂપિયા છે. પુલના નિર્માણમાં આધુનિક ઇજનેરી તકનીકોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જેમાં ઉચ્ચ ગુણવત્તાની કોંક્રીટ અને સ્ટીલનો ઉપયોગ સામેલ છે. અહીં લગભગ ૬૦૦ મીટર લાંબા પુલનું પાઈલિંગ કામ પૂર્ણ થવાનું છે. ■

## મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ

મહારાષ્ટ્રમાં ટ્રેક બાંધકામ માટે તાજેતરમાં નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા ટેન્ડરો મંગાવવામાં આવ્યા છે. ગુજરાતમાં આ પ્રોજેક્ટ પર કામ ઝડપથી ચાલી રહ્યું છે. મહારાષ્ટ્રમાં મોડેથી શરૂ થયું, પરંતુ હવે ઘણી પ્રગતિ થઈ છે. ખાસ કરીને બીકેસીમાં સ્ટેશન બનાવવાનું કામ પણ તેજ ગતિએ ચાલી રહ્યું છે. કુલ મળીને લગભગ ૧૫૭ કિ.મી. લાંબો માર્ગ એટલે કે ૩૧૪ કિ.મી. લાંબો ટ્રેક મુંબઈ બુલેટ ટ્રેન સ્ટેશન અને મહારાષ્ટ્ર-ગુજરાત બોર્ડર પર આવેલા જરોલી ગામ વચ્ચે છે. આમાં થાણે ખાતે ૪ સ્ટેશનો માટે ટ્રેકનું કામ અને રોલિંગ સ્ટોક ડેપોનો પણ સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ માટે ટેકનિકલ બિડ ૩ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ ખોલવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે વૈતરણા નદીમાં એક પુલ તૈયાર કરવામાં આવી રહ્યો છે. પુલના નિર્માણમાં પ્રી-સ્ટ્રેસ્ડ કોંક્રીટ અને સંતુલિત કેન્ટીલીવર બાંધકામ જેવી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ■

# લોનાવલા નજીક એસટી બસ ટ્રક સાથે ટકરાતાં એકનું મોત

મુંબઈ: મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર લોનાવલા નજીક એસટી બસ એક ટ્રક સાથે ટકરાતાં થયેલા અકસ્માતમાં એક પ્રવાસીએ જીવ ગુમાવ્યો હતો, જ્યારે સાત જણ જખમી થયા હતા.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના શનિવારના મળસકે ત્રણ વાગ્યાની આસપાસ પુણે જિલ્લાના લોનાવલા નજીક બની હતી.

મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કૉર્પોરેશન (એમએસઆરટીસી)ની બસ અહમદનગરના પાથર્ડી ડેપોથી મુંબઈ જઈ રહી હતી. લોનાવલા નજીક પહોંચેલી બસ આગળ જતી ટ્રક સાથે ભટકાઈ હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. અકસ્માતમાં મૃત્યુ પામેલા પ્રવાસીની ઓળખ વિશ્વનાથ ભગવાન વાઘમારે તરીકે થઈ હતી. ઘવાયેલા સાત પ્રવાસીને સારવાર માટે નજીકની હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. અકસ્માતને કારણે વાહનવ્યવહારને અસર થઈ હતી. (પીટીઆઈ) ■

# મેન્ગ્રોવ્ઝમાંથી શિશુ મળી આવ્યું

થાણે: ભિવંડીમાં મેન્ગ્રોવ્ઝમાંથી નવજાત બાળક મળી આવતાં પોલીસે તપાસ હાથ ધરી હતી. પોલીસના જણાવ્યા મુજબ ગુરુવારની સવારે ભડવાડ પરિસરમાં મંદિરની પાછળના મેન્ગ્રોવ્ઝમાં ત્યજી દેવાયેલા શિશુ પર રાહદારીની નજર પડી હતી. પોલીસને જાણ કરવામાં આવ્યા પછી શિશુને હૉસ્પિટલમાં દાખલ કરાયું હતું. આ પ્રકરણે પોલીસે અજાણી વ્યક્તિ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. (પીટીઆઈ) ■

# કિવીઓને ફક્ત ૧૦૭ રનનો લક્ષ્યાંકઃ વરસાદની આગાહી, ચમત્કાર ભારતને બચાવી શકે

## મેઘરાજાની મહેરબાનીને લીધે ચોથા દિવસની રમત વહેલી સમેટાઈ, સરફરાઝની પ્રથમ સદી

બેન્ગલૂરુઃ અહીં એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમના મેદાન પર ભારતીય ટીમે શનિવારે ન્યૂ ઝીલૅન્ડ સામે બીજા દાવમાં સારી એવી વળતી લડતથી ૪૬૨ રન બનાવ્યા હતા. જોકે કિવીઓને જીતવા માત્ર ૧૦૭ રનનો લક્ષ્યાંક મળ્યો હતો. ભારે વરસાદને કારણે શનિવારની રમત વહેલી સમેટાઈ ગઈ હતી. મૅચમાં હજી રવિવારનો એક દિવસ બાકી હોવાથી પ્રવાસી ટીમ પાસે સમય પુષ્કળ હોવાથી તેમના વિજયની વધુ સંભાવના છે. જોકે રવિવારે પણ વરસાદ પડવાની સંભાવના છે. કોઈ ચમત્કાર જ ભારતને જિતાડી શકે અથવા મૅચને ડ્રૉમાં લઈ જઈ શકે.

અહીં ન્યૂ ઝીલૅન્ડને જીતવા ૧૦૭ રનનો ટાર્ગેટ મળ્યો ત્યાર બાદ કિવીઓની બીજી ઇનિંગ્સ શરૂ થઈ હતી, પરંતુ પહેલી જ ઓવરમાં બૅડ લાઇટને લીધે રમત અટકાવવામાં આવી હતી અને પછી વરસાદ શરૂ થઈ જતાં રમત સમેટી લેવાઈ હતી.

ભારતમાં ન્યૂ ઝીલૅન્ડ ૩૭માંથી ફક્ત બે ટેસ્ટ જીતી શક્યું છે અને એમાંની છેલ્લી જીત એણે ૧૯૮૮ની સાલમાં મેળવી હતી. એ જોતાં, ૩૬ વર્ષથી કિવીઓ ભારતમાં ટેસ્ટ નથી જીતી શક્યા.

શનિવારે ચોથા દિવસની રમત અટકી ત્યારે જસપ્રીત બુમરાહના ચાર બૉલમાં કૅપ્ટન-ઓપનર ટૉમ લૅથમ અને ડેવૉન કૉન્વે એકેય રન નહોતા બનાવી શક્યા.

એ પહેલાં, ભારતનો બીજો દાવ ૪૬૨ રનના સ્કોર પર સમેટાઈ ગયો હતો. પ્રથમ આંતરરાષ્ટ્રીય સદી ફટકારનાર સરફરાઝ ખાન પોતાના ૧૫૦ રને વિકેટ ગુમાવી બેઠો ત્યાર પછી રિષભ પંતે ૯૯ રને વિકેટ ગુમાવી હતી અને તે સાતમી ટેસ્ટ સદી ફક્ત એક રન માટે ચૂકી ગયો હતો.

છેલ્લા છ પ્લેયરમાં એકેય બૅટર ૧૫થી વધુ રન નહોતો બનાવી શક્યો. આ છ બૅટરમાં કેએલ રાહુલ (૧૨ રન),


સરફરાઝ ખાને પહેલી આંતરરાષ્ટ્રીય સદી ફટકારી હતી

રવીન્દ્ર જાડેજા (પાંચ રન), રવિચન્દ્રન અશ્વિન (૧૫ રન), કુલદીપ યાદવ (છ અણનમ), જસપ્રીત બુમરાહ (૦) અને મોહમ્મદ સિરાજ (૦)નો સમાવેશ હતો.

ભારતે ૫૪ રનમાં છેલ્લી સાત વિકેટ ગુમાવી દીધી હતી. પેસ બોલર મૅટ હેન્રી અને વિલિયમ ઑ'રુર્કેએ ત્રણ-ત્રણ વિકેટ, સ્પિનર ઍજાઝ પટેલે બે વિકેટ તેમ જ પેસ બોલર ટિમ સાઉધી અને સ્પિનર ગ્લેન ફિલિપ્સે એક-એક વિકેટ લીધી હતી.

પ્રથમ દાવમાં ભારતના ૪૬ રનના જવાબમાં ન્યૂ ઝીલૅન્ડે ૪૦૨ રન બનાવીને ૩૫૬ રનની લીડ લીધી હતી. ભારતીય ટીમ ૩૫૬ રનની સરસાઈ ઉતાર્યા બાદ બીજા માત્ર ૧૦૬ રન બનાવી શકી હતી. ■

# બીજા દાવમાં 'ટીમ ઇન્ડિયાથી પણ ચડિયાતા' ચાર ભારતીય બૅટર, જાણો કેવી રીતે...

બેન્ગલૂરુઃ અહીં ન્યૂ ઝીલૅન્ડ સામેની પ્રથમ ટેસ્ટના પહેલા દાવમાં ૪૬ રનના સ્કોર સાથે સદંતર ફ્લૉપ જનાર કેટલાક ભારતીય બૅટર્સે બીજા દાવમાં પર્ફોર્મન્સ સુધારીને ટીમ ઇન્ડિયાને ૪૬૨ રનનો પડકારરૂપ સ્કોર અપાવ્યો હતો. ભારતીય ટીમ એક દાવના પરાજયથી તો બચી ગઈ, પણ ન્યૂ ઝીલૅન્ડને બહુ મોટો ટાર્ગેટ પણ નથી આપી શકાયો. ૧૦૭ રન બનાવીને કિવીઓ રવિવારે જીતીને સિરીઝમાં ૧-૦થી સરસાઈ લઈ શકે એમ છે. મુદ્દાની વાત એ છે કે ચાર બૅટર એવા છે જેમનો બીજા દાવનો સ્કોર ભારતના પ્રથમ દાવના ૪૬ રનના સ્કોર કરતાં વધુ હતો.

અગાઉ આવું બીજા કોઈક દેશની ટેસ્ટમાં આવું બની ગયું હશે, પરંતુ આવા પ્રકારના ચાર બૅટરથી ચડિયાતો કહી શકાય એવો (પાંચ બૅટરવાળો) પર્ફોર્મન્સ ફક્ત એક વખત બન્યો છે. ૧૯૨૪માં ઇંગ્લૅન્ડ સામેની બર્મિંગહૅમ ટેસ્ટમાં સાઉથ આફ્રિકાના પાંચ બૅટરે બીજા દાવમાં જે રન બનાવ્યા હતા એ તેમની ટીમના પ્રથમ દાવના સ્કોર (૩૦ રન)થી વધુ હતા.

ગુરુવારે ભારત ૪૬ રનમાં આઉટ થઈ ગયું હતું. એ ટીમ-સ્કોરથી વધુ રન ચાર ભારતીય બૅટરે બીજા દાવમાં બનાવ્યાઃ રોહિત શર્મા (બાવન રન), વિરાટ કોહલી (૭૦ રન), સરફરાઝ ખાન (૧૫૦ રન) અને રિષભ પંત (૯૯ રન).

૧૯૨૪માં ઇંગ્લૅન્ડ સામે સાઉથ આફ્રિકાની ટીમે પહેલા દાવમાં ૩૦ રન બનાવ્યા ત્યાર પછી ફૉલો-ઑન બાદ બીજી ઇનિંગ્સમાં ૩૯૦ રન બનાવ્યા હતા જેમાં કૅપ્ટન હર્બી ટેલર (૩૪ રન), ફ્રેડ સુસ્કીન્ડ (૫૧ રન), ડેવ નોર્સ (૩૪ રન), બૉબ કૅટરલ (૧૨૦ રન) અને જિમ્મી બ્લૅન્કનબર્ગ (૫૬ રન)ના યોગદાનો હતા. ■


શનિવારે ભારતીય ખેલાડીઓ કિવીઓનો બીજા દાવ શરૂ કરવા તૈયાર હતા, પરંતુ બૅડલાઇટ અને પછી વરસાદને લીધે રમત વહેલી સમેટાઈ ગઈ હતી. એ પહેલાં, સરફરાઝ-પંત વચ્ચે ૧૭૭ રનની ભાગીદારી (નીચે) કરી હતી. (પીટીઆઇ)

## બેન્ગલૂરુ ટેસ્ટની વધુ રસપ્રદ આંકડાબાજી

(૧) એક ટેસ્ટમાં ભારતના કુલ સાત બૅટર ઝીરોમાં આઉટ થયા હોય એવું ૭૨ વર્ષે ફરી બન્યું છે. ગુરુવારે બેન્ગલૂરુ ટેસ્ટમાં ન્યૂ ઝીલૅન્ડ સામે પ્રથમ દાવમાં વિરાટ કોહલી, સરફરાઝ ખાન, કેએલ રાહુલ, રવીન્દ્ર જાડેજા અને આર. અશ્વિન શૂન્યમાં આઉટ થયા હતા. શનિવારે બીજા દાવમાં જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ સિરાજ ખાતું ખોલાવ્યા વગર પૅવિલિયનમાં પાછા આવ્યા હતા. ૧૯૫૨માં લીડ્સમાં ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટના કુલ બે દાવમાં ભારતના આ સાત બૅટરના ઝીરો હતાઃ સી. ગોપીનાથ, જી.એસ. રામચંદ (બન્ને દાવમાં શૂન્ય), ગુલામ અહમદ, પંકજ રૉય, દત્તાજી ગાયકવાડ, માધવ મંત્રી, વિજય માંજરેકર.

(૨) ભારતે શનિવારે છેલ્લી છ વિકેટ ૨૯ રનમાં ગુમાવી હતી. પ્રથમ દાવમાં આખરી છ વિકેટ ૧૩ રનમાં પડી હતી.

(૩) પ્રથમ દાવમાં બાવીસ રનમાં ચાર વિકેટ લેનાર પેસ બોલર વિલિયમ ઑ'રુર્કેને શનિવારે સેકન્ડ ઇનિંગ્સમાં ૮૯મી ઓવરમાં ફરી મોરચા પર લાવવામાં આવ્યો ત્યાર બાદ કુલ ૧૧.૩ ઓવરમાં ભારતે ૨૯ રનમાં છ વિકેટ ગુમાવી દીધી હતી. ઑ'રુર્કેએ બીજા નવા બૉલથી ઉપરાઉપરી ત્રણ ઓવરમાં એક-એક વિકેટ લીધી હતી.

(૪) રિષભ પંતે પોતાના ૯૯મા રને વિકેટ ગુમાવી એ સાથે તે ટેસ્ટના દાવમાં આ સ્કોર પર વિકેટ ગુમાવનાર



છેલ્લાં ૧૦ વર્ષનો પ્રથમ ભારતીય બૅટર બન્યો હતો. આ પહેલાં, ૨૦૧૪માં મુરલી વિજય ઍડિલેઇડમાં ઑસ્ટ્રેલિયા સામે ૯૯મા રને આઉટ થયો હતો.

(૫) ટેસ્ટના પ્રથમ દાવના ઝીરો બાદ બીજા દાવમાં ૧૫૦ રન બનાવનાર સરફરાઝ ખાન બીજો ભારતીય છે. તેણે માધવ આપ્ટેની બરાબરી કરી છે. ૧૯૫૩માં આપ્ટે પોર્ટ ઑફ સ્પેનમાં વેસ્ટ ઇન્ડિઝ સામે ઝીરોમાં આઉટ થયા બાદ સેકન્ડ ઇનિંગ્સમાં તેમણે અણનમ ૧૬૩ રન બનાવ્યા હતા. ■

## કિવી બોલરે જ કહ્યું, '૧૦૭નો લક્ષ્યાંક અમારા માટે આસાન નથી'



બેન્ગલૂરુઃ પ્રથમ ટેસ્ટમાં ન્યૂ ઝીલૅન્ડે ૩૫૬ રનની લીડ લીધી ત્યાર પછી ભારતે વળતી લડતમાં ૪૬૨ રન બનાવ્યા, પરંતુ પ્રવાસી ટીમને ફક્ત ૧૦૭ રનનો લક્ષ્યાંક આપી શકી એ જોતાં કરોડો ભારતીયો પ્રાર્થના કરશે કે રવિવારે યા તો કોઈ ચમત્કાર ભારતને જિતાડે અથવા વરસાદ પડે કે જેથી મૅચ ડ્રૉમાં જાય. ભારતની ૨૦માંથી ૧૭ વિકેટ કિવી પેસ બોલર્સે લીધી છે, જ્યારે પ્રથમ દાવમાં કિવીઓની ૧૦માંથી સાત વિકેટ ભારતીય સ્પિનર્સે (જાડેજા, અશ્વિન, કુલદીપ) લીધી હતી. ન્યૂ ઝીલૅન્ડના પેસ બોલર વિલિયમ ઑ'રુર્કેએ શનિવારે પત્રકારોને કહ્યું, 'અમારી સામે વર્લ્ડ ક્લાસ ટીમ છે એટલે અમે ૧૦૭ રનનો ટાર્ગેટ સહેલો નથી માનતા. જોકે અમારે આત્મવિશ્વાસપૂર્વક રમીને આ ટાર્ગેટ મેળવવો જ પડશે.' ■

# હિટમૅન રોહિત શર્મા મેદાન પર જવાનો રસ્તો જ ભૂલી ગયો!

બેન્ગલૂરુઃ કૅપ્ટન રોહિત શર્મા થોડો ભૂલકણો છે એ સૌ કોઈ જાણે છે અને તેની ભૂલ વિશેના વીડિયો હસાવી દે એવા હોય છે. આવો જ એક વીડિયો વાયરલ થયો છે. વાત એવી છે કે હિટમૅન રોહિત ડ્રેસિંગ-રૂમમાંથી આવીને મેદાન તરફનો રસ્તો ભૂલી ગયો હતો.

ન્યૂ ઝીલૅન્ડ સામે ચાલી રહેલી પ્રથમ ટેસ્ટના પહેલા દાવમાં ભારતીય ટીમ ફક્ત ૪૬ રનના (ઘરઆંગણાના) લોએસ્ટ સ્કોર પર ઑલઆઉટ થઈ હતી. રોહિત ૧૨ બૉલમાં બે રન બનાવીને વિકેટ ગુમાવી બેઠો હતો.

બીજા દાવમાં તેણે હાફ સેન્ચુરી (૬૩ બૉલમાં બાવન રન) ફટકારી, પણ કિવીઓ ૩૫૬ રનની તોતિંગ સરસાઈ લઈ ચૂક્યા હોવાથી ભારતને માથે પરાજય તોળાતો હોવાની ચિંતા શુક્રવારે અને શનિવારે બપોર સુધીમાં દરેક ભારત-તરફી ક્રિકેટપ્રેમીને સતાવતી હશે.

શુક્રવારે વિકેટકીપર રિષભ પંતે સર્જરીવાળા જમણા ઘૂંટણ પરની ઈજાને કારણે ફીલ્ડિંગ નહોતી કરી અને તેના સ્થાને ધ્રુવ જુરેલને સ્ટમ્પ્સ પાછળની જવાબદારી માટે બોલાવવામાં આવ્યો હતો.

અહીં જે વીડિયોની વાત થઈ રહી છે એ ગુરુવારની છે. ૪૬ રનના રકાસ બાદ એક તબક્કે ભારતીય ખેલાડીઓ મેદાન પર જઈ રહ્યા હતા ત્યારે ચિંતાજનક હાલતમાં કંઈક વિચારતો-વિચારતો રોહિત મેદાન તરફ જવાનો રસ્તો ભૂલી ગયો હતો. તે ખેલાડીઓએ પૅવિલિયનમાંથી બહાર આવીને ગ્રાઉન્ડ પર સામાન્ય રીતે જે રસ્તે જવાનું હોય એને બદલે રોહિત સાઇટ-સ્ક્રીનની પાછળથી મેદાન પર પ્રગટ થયો હતો. સાઇટ-સ્ક્રીનની બીજી બાજુ પર દોડી આવેલા રિષભ પંતે રોહિતને બૂમ પાડીને કહ્યું પણ હતું કે મેદાન પર જવાનો આ રસ્તો નથી.

જોકે રોહિતે તેનું કહેવું અવગણ્યું હતું. રોહિત કદાચ નજીકના પ્રેક્ષકોના ચિયર-અપ વચ્ચે થોડી ગડમથલમાં હશે એટલે ત્યાંથી જ આગળ વધ્યો હતો અને મેદાન પર પહોંચી ગયો હતો. ■



# ઓહ નો! રિષભ પંતે ફક્ત એક રન માટે સાતમી સેન્ચુરી ગુમાવી

## ૯૯ રન પર પેસ બોલર ઑ'રુર્કેના બૉલમાં થઈ ગયો ક્લીન બોલ્ડ

બેન્ગલૂરુઃ વિકેટકીપર રિષભ પંત આજે અહીં ન્યૂ ઝીલૅન્ડ સામેની પ્રથમ ટેસ્ટના ચોથા દિવસે ૯૯ રને વિકેટ ગુમાવી બેસતાં ફક્ત એક રન માટે સાતમી ટેસ્ટ-સદી ચૂકી ગયો હતો. સર્જરીવાળા જમણા ઘૂંટણમાં ઈજા થવાને કારણે શુક્રવારે તેણે ફીલ્ડિંગ નહોતી કરી, પરંતુ જરૂર પડતાં બૅટિંગમાં આવ્યો હતો અને સેન્ચુરિયન સરફરાઝ ખાન (૧૫૦ રન) સાથે તેણે ચોથી વિકેટ માટે ૧૭૭ રનની બહુમૂલ્ય ભાગીદારી પણ કરી હતી, પરંતુ ટી-ટાઇમ પહેલાં તે પોતાના ૯૯મા રને પેસ બોલર વિલિયમ ઑ'રુર્કેના બૉલમાં ક્લીન બોલ્ડ થઈ ગયો હતો.

પંતે આ પહેલાં ન્યૂ ઝીલૅન્ડ સામે ટેસ્ટમાં વધુમાં વધુ ૪૧ રન બનાવ્યા હતા અને તેને કિવીઓ સામે પહેલી ટેસ્ટ સદી ફટકારવાની તક હતી, પણ એમાં તે નિષ્ફળ ગયો હતો. પંતે ઑસ્ટ્રેલિયા, ઇંગ્લૅન્ડ, બાંગ્લાદેશ અને સાઉથ આફ્રિકા સામે સેન્ચુરી ફટકારી છે, પણ ન્યૂ ઝીલૅન્ડ સામે ન ફટકારી શક્યો.

દરમ્યાન ટી-ટાઇમ વખતે વળતી લડત બાદ ભારતનો બીજા દાવનો સ્કોર છ વિકેટે ૪૩૮ રન હતો. ભારત ૩૫૬ રનની લીડ ઊતાર્યા બાદ ૮૨ રન બનાવી લીધા હતા. રવીન્દ્ર જાડેજા ચાર રને રમી રહ્યો હતો. ભારતની ૮૯મી ઓવરમાં પંત આઉટ થયા બાદ કેએલ રાહુલ (૧૨ રન) ૯૧મી ઓવરમાં વિકેટ ગુમાવી બેઠો હતો. કિવી બોલર્સમાં ઑ'રુર્કે અને સ્પિનર ઍજાઝ પટેલે સૌથી વધુ બે-બે વિકેટ


રિષભ પંતે કુલ સાત વાર ૯૦-૯૯ વચ્ચે વિકેટ ગુમાવી છે.

લીધી હતી. ભારતીય ટીમ જો ધબડકો નહીં રોકી શકે તો કિવીઓને જીતવા સાધારણ લક્ષ્યાંક મળશે અને તેઓ જીતી શકશે. પહેલા દાવમાં ભારતના ૪૬ રન સામે ન્યૂ ઝીલૅન્ડના ૪૦૨ રન હતા. ■

# મુંબઈથી મહારાષ્ટ્ર હજી ૧૭૩ રન પાછળ

મુંબઈઃ અહીં રમાતી રણજી ટ્રોફીની ચાર-દિવસીય મૅચમાં શનિવારે બીજા દિવસે મુંબઈનો પ્રથમ દાવ ૪૪૧ રને પૂરો થયા બાદ મહારાષ્ટ્રના બીજા દાવમાં એક વિકેટે ૧૪૨ રન હતા અને મુંબઈથી હજી ૧૭૩ રન પાછળ હતું. મુંબઈને ૪૪૦-પ્લસનો સ્કોર અપાવવામાં આયુષ મ્હાત્રે (૧૭૬) અને શ્રેયસ ઐયર (૧૪૨)ના સૌથી મોટા યોગદાન હતા. મહારાષ્ટ્રના હિતેશ વાળુંજે છ વિકેટ લીધી હતી. મહારાષ્ટ્રના પ્રથમ દાવમાં ફક્ત ૧૨૬ રન હતા અને મુંબઈએ ૩૧૫ રનની લીડ લીધી હતી. શનિવારે મહારાષ્ટ્રને ૧૪૨/૧ની થોડી સન્માનજનક સ્થિતિમાં લાવવામાં કૅપ્ટન ઋતુરાજ ગાયકવાડ (૮૦ નૉટઆઉટ) તથા સચિન દાસ (૫૯ નૉટઆઉટ)ના સૌથી મોટા યોગદાનો હતા.

### અન્ય રણજી મૅચોમાં શું બન્યું?

(૧) બરોડાએ છ વિકેટે ૪૭૭ રનના સ્કોર પર દાવ ડિક્લેર કર્યા બાદ સર્વિસીઝે ૭૪ રનમાં બે વિકેટ ગુમાવી હતી. (૨) ગુજરાતે પહેલા દાવમાં ૩૬૭ રન બનાવ્યા બાદ આંધ્રએ પાંચ વિકેટે ૧૩૭ રન બનાવ્યા હતા. (૩) સૌરાષ્ટ્ર સામે છત્તીસગઢે પ્રથમ દાવમાં સાત વિકેટે ૫૭૮ રન બનાવ્યા હતા. (૪) રાજસ્થાનના ૩૩૪ રન પછી હિમાચલની ટીમ દીપક ચાહરની પાંચ વિકેટ બદલ ૯૮ રનમાં આઉટ થઈ ગઈ હતી. ફૉલો-ઑન બાદ હિમાચલના બે વિકેટે ૧૪૭ રન હતા. ■

### સાંભળી ન શકતા ક્રિકેટરો માટેની ટી-૨૦ સ્પર્ધામાં દિલ્હી ચૅમ્પિયન




પટનામાં શનિવારે બધિર (સાંભળી ન શક્તા) ખેલાડીઓ માટેની ટી-૨૦ નૅશનલ ક્રિકેટ ચૅમ્પિયનશિપ જીત્યા પછી ટ્રોફી સાથે દિલ્હીની ચૅમ્પિયન ટીમ. ફાઇનલમાં બેંગાલે કૅપ્ટન અભિષેકના અણનમ ૫૯ રનની મદદથી છ વિકેટે ૧૫૬ રન બનાવ્યા બાદ દિલ્હીએ વીરેન્દર સિંહના અણનમ ૭૯ તથા અભિષેક ઠાકુરના અણનમ ૫૩ રનની મદદથી ૧૭.૫ ઓવરમાં બે વિકેટે ૧૬૧ રન બનાવ્યા હતા. (પીટીઆઇ)

# મહિલા વર્લ્ડ કપની ફાઇનલમાં ભારત નહીં, પણ એક ભારતીયની હાજરી તો છે જ!

## જીએસ લક્ષ્મીને મૅચ-રેફરી બનાવાયાં, પાંચ વર્ષ પહેલાં ફાઇનલની જવાબદારી સંભાળવાની ઇચ્છા બતાવી હતી

દુબઈઃ રવિવાર, ૨૦મી ઑક્ટોબરે અહીં મહિલાઓના ટી-૨૦ વર્લ્ડ કપમાં રમાનારી ફાઇનલ (સાંજે ૭.૩૦ વાગ્યાથી)માં ભારતીય ટીમની હાજરી તો નહીં હોય, પણ એક ભારતીયની ભૂમિકા આ ફાઇનલમાં જરૂર હશે.

આ ફાઇનલ ન્યૂ ઝીલૅન્ડ અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાશે. હરમનપ્રીત કૌરના સુકાનમાં ભારતીય ટીમ સેમિ ફાઇનલમાં પણ નહોતી પહોંચી શકી.

વાત એવી છે કે ભારતનાં ૫૬ વર્ષની ઉંમરનાં જી. એસ. લક્ષ્મીને આ ફાઇનલ માટે મૅચ-રેફરી તરીકે નીમવામાં આવ્યાં છે. તેમને મૅચ-રેફરી તરીકેનો સારો અનુભવ છે. શુક્રવારે ન્યૂ ઝીલૅન્ડ અને વેસ્ટ ઇન્ડિઝ વચ્ચેની બીજી સેમિ ફાઇનલમાં તેઓ જ મૅચ-રેફરી હતાં. એ અગાઉ, આ જ વર્લ્ડ કપની સાત લીગ મૅચમાં પણ તેઓ મૅચ-રેફરી તરીકે હતાં. ફાઇનલ માટેની અમ્પાયર્સમાં ઑસ્ટ્રેલિયાનાં ક્લેર પૉલોસેક તથા શ્રીલંકાનાં નિમાલી પરેરાનો સમાવેશ છે. થર્ડ અમ્પાયર તરીકે ઇંગ્લૅન્ડનાં ઍના હૅરિસ અને ફોર્થ અમ્પાયર તરીકે જૅકલિન વિલિયમ્સ છે.

જી. એસ. લક્ષ્મી ૫૬ વર્ષનાં છે. ૨૦૧૯માં (પાંચ વર્ષ પહેલાં) તેઓ



આઇસીસીના આંતરરાષ્ટ્રીય મૅચ-રેફરીઓની પૅનલમાં સ્થાન મેળવનાર પ્રથમ મહિલા બન્યાં હતાં. લક્ષ્મીને ક્યારેય ભારત વતી નહોતું રમવા મળ્યું, પણ ડોમેસ્ટિક મૅચોમાં ફાસ્ટ બોલર તરીકે તેમનું સારું યોગદાન હતું. તેઓ રેલવે વતી રમ્યાં હતાં. ત્યાર બાદ તેઓ કોચ બન્યાં હતાં અને ત્યાર બાદ તેમને મૅચ-રેફરી બનવા મળ્યું હતું. તેમણે પાંચ વર્ષ પહેલાં એક મુલાકાતમાં કહ્યું હતું કે 'મને પહેલી વાર આઇસીસીની મૅચ-રેફરી બનવા મળ્યું ત્યારે પુરુષ વર્ગમાં ઘણાને મારી કાબેલિયત વિશે શંકા હતી કે આ તો મહિલા છે...જવાબદારી બરાબર સંભાળી શકશે કે કેમ? જોકે મારું દૃઢપણે માનવું છે કે પુરુષ હોય કે મહિલા, કોઈ ફરક ન પડે. તે પોતાનું કામ કેવી રીતે બરાબર કરી શકે છે એ સૌથી મહત્ત્વનું છે. મારો એક ધ્યેય છે, હું મહિલાઓના વર્લ્ડ કપની ફાઇનલ માટેની મૅચ-રેફરી બનવા માગું છું.'

લક્ષ્મીને ૨૦૨૨માં મહિલાઓના વન-ડે વર્લ્ડ કપની ફાઇનલમાં મૅચ-રેફરી બનવા મળ્યું ત્યાર પછી ફરી એકવાર તેમને વર્તમાન ટી-૨૦ વિશ્વ કપની ફાઇનલમાં મૅચ-રેફરી બનવાનો મોકો મળ્યો હતો. એટલું જ નહીં, પુરુષોની વન-ડેમાં પણ તેમને મૅચ-રેફરી બનવાની તક મળી ચૂકી છે. ■

### આજે ટી-૨૦ની મહિલાઓને મળશે નવું ચૅમ્પિયન

દુબઈમાં રવિવારે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) સાઉથ આફ્રિકાઅને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે મહિલાઓના ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલ રમાશે. એ સાથે, વિમેન્સ ટી-૨૦ને નવું વિશ્વ વિજેતા મળશે. આ બેમાંથી એકેય દેશની ટીમ આ વર્લ્ડ કપ ક્યારેય નથી જીતી. આ પહેલાંના આઠ વર્લ્ડ કપમાંથી છ વાર ઑસ્ટ્રેલિયા, એક વાર ઇંગ્લૅન્ડ અને એક વખત વેસ્ટ ઇન્ડિઝ ચૅમ્પિયન બન્યું હતું. સાઉથ આફ્રિકાએ ગુરુવારે સેમિમાં ઑસ્ટ્રેલિયાને આઠ વિકેટે અને શુક્રવારે ન્યૂ ઝીલૅન્ડે વેસ્ટ ઇન્ડિઝને આઠ રનથી હરાવ્યું હતું.

# વિદેશી હૂંડિયામણની અનામતમાં ૧૦.૭૫ અબજ ડૉલરનું ગાબડું



મુંબઈ: ગત ૧૧મી ઑક્ટોબરના રોજ પૂરા થયેલા સપ્તાહમાં સતત બીજા સત્રમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં ઘટાડાતરફી વલણ જળવાઈ રહેતાં વધુ ૧૦.૭૪૬ અબજ ડૉલરનો ઘટાડો આવ્યો હતો અને અનામત ૬૯૦.૪૩ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવતા ઉમેર્યું હતું કે તાજેતરમાં અનામતમાં જોવા મળેલા ઘટાડામાં આ ઘટાડો સૌથી મોટો રહ્યો છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત૩.૭૦૯ અબજ ડૉલરના ઘટીને ૭૦૧.૧૭૬ અબજ ડૉલરના સ્તરે રહી હતી.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્કયામતો ૧૦.૫૪૨ અબજ ડૉલર ઘટીને ૬૦૨.૧૦૧ અબજ ડૉલરના સ્તરે રહી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્કયામતોમાં સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન ડૉલર સિવાય યુરો, પાઉન્ડ અને યેન જેવાં ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન સોનાની અનામત ૯.૮ કરોડ ડૉલર ઘટીને ૬૫.૬૫૮ અબજ ડૉલર, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૮.૬ કરોડ ડૉલર ઘટીને ૧૮.૩૩૯ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામતો પણ બે કરોડ ડૉલર ઘટીને ૪.૩૩૩ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું.

# દિલ્હીમાં પહેલી 'કાંદા એક્સ્પ્રેસ' ૨૦મી ઑક્ટોબરે પહોંચશે

નવી દિલ્હી: દેશની રાજધાની નવી દિલ્હી ખાતે આગામી તહેવારોની મોસમમાં કાંદાના ભાવ અંકુશમાં રાખવા માટે બફર સ્ટોક માટે એક પ્રયાસરૂપે સૌપ્રથમ વખત રેલ ટ્રાન્સપોર્ટ મારફતે ૧૬૦૦ ટન કાંદાની રેક મગાવવામાં આવી છે.

આ વિશિષ્ટ રેકને 'કાંદા એક્સ્પ્રેસ' નામ આપવામાં આવ્યું છે. આ રેક મહારાષ્ટ્રના લાસલગાઉ સ્ટેશનેથી ઉપડીને દિલ્હીના કિશનગંજ રેલવે સ્ટેશન પર આગામી ૨૦મી ઑક્ટોબરે પહોંચશે, એમ ગ્રાહક બાબતોના સચિવ નિધિ ખરેએ આજે જણાવ્યું હતું.

સરકાર ઈચ્છે છે કે દિલ્હી-એનસીઆર ખાતે જ્યાં હાલ કાંદાનું કિલોદીઠ રૂ. ૩૫ના રાહતના ભાવથી વેચાણ થઈ રહ્યું છે ત્યાં મોટી માત્રામાં કાંદાની આવક થતાં ભાવમાં સ્થિરતા જળવાયેલી રહેશે. નોંધનીય બાબત એ છે કે હાલ દેશનાં ઘણાં શહેરોમાં રિટેલ સ્તરે કાંદાનું વેચાણ કિલોદીઠ રૂ. ૭૫ આસપાસના ભાવથી થઈ રહ્યું છે.

કાંદાનું આ રેલ માર્ગે પરિવહન ઐતિહાસિક હોવાનું ખરેએ જણાવતાં ઉમેર્યું હતું કે આ પ્રકારની વ્યવસ્થા લખનઊ, વારાણસી અને આસામ, નાગાલેન્ડ અને મણિપુર જેવાં ઉત્તરપૂર્વના રાજ્યોમાં પણ વિકસાવાશે. વધુમાં સરકાર માલની સંભવિત નુકસાની ઘટાડવા માટે સિલબંધ કોન્કર્ડ કન્ટેનર માટે પણ વાટાઘાટ કરી રહી છે. જથ્થાબંધ બજારોમાં હસ્તક્ષેપ કરવા માટે આ કાંદાનું લિલામ પણ થઈ શકે છે.

અંદાજે ૫૬ ટ્રકની સમકક્ષ માત્રા જેટલા કાંદાનું રેલ મારફતે નાશિકથી દિલ્હી ખાતેના પરિવહનનો ખર્ચ રોડ ટ્રાન્સપોર્ટના રૂ. ૮૪ લાખ સામે માત્ર રૂ. ૭૦.૨૦ લાખ જેટલો થતાં રેકદીઠ રૂ. ૧૩.૮૦ લાખની બચત પણ થતાં રેલ રેક મારફતે પરિવહનનો નિર્ણય અસરકારક પુરવાર થયો હોવાનું તેમણે જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે સરકાર ગત પાંચમી સપ્ટેમ્બરથી મોબાઈલ વાન, એનસીસીએફ, નાફેડનાં આઉટલેટ અને ઈ-કૉમર્સ પ્લેટફોર્મ ઉપરાંત, મધર ડેરી, સફલ આઉટલેટ અને કેન્દ્રીય ભંડાર સહિતની વિવિધ



ચેનલો મારફતે કાંદાનું રાહતના ભાવથી વેચાણ કરી રહી છે. વધુમાં રિટેલ બજારના હસ્તક્ષેપને વધુ મજબૂત બનાવવા માટે દિવાળી પૂર્વે મોબાઈલ વાનની સંખ્યા પણ જે ૬૦૦ છે તે વધારીને ૧૦૦૦ કરવામાં આવી હોવાનું સચિવે જણાવતા ઉમેર્યું હતું કે ૪.૭ લાખ ટન કાંદાના બફર સ્ટોક પૈકી એનસીસીએફ અને નાફેડને ૯૧,૯૬૦ ટન કાંદા ફાળવવામાં આવ્યા છે, જ્યારે ૮૬,૦૦૦ ટન કાંદાની ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, ગોવા, રાજસ્થાન, બિહાર, ઉત્તર પ્રદેશ અને મણિપુર ખાતે રવાનગી કરવામાં આવી છે.

આ પગલાંઓ અને મહારાષ્ટ્રમાં નવાં કાંદાની આવકો શરૂ થતાં કાંદાના ભાવમાં સ્થિરતા આવે તેવો આશાવાદ સરકાર સેવી રહી છે. તેમ જ બફર સ્ટોક માટે કાંદાની ખરીદીનો સરેરાશ ભાવ કિલોદીઠ રૂ. ૨૮ આસપાસનો રહ્યો હોવાનું તેમણે જણાવતા ઉમેર્યું હતું કે હાલમાં કાંદાના ભાવ સ્થિર છે, પરંતુ કાંદાના લઘુતમ નિકાસ ભાવ દૂર કરવામાં આવતા અને નિકાસ ડ્યૂટી જે ૪૦ ટકા હતી તે ઘટાડીને ૨૦ ટકા કરવામાં આવી હોવાથી ભાવઘટાડો મર્યાદિત હોવાનું સરકારે જણાવ્યું હતું.

# ટામેટાના ભાવ ટૂંક સમયમાં દબાણ હેઠળ આવશે



નવી દિલ્હી: હાલમાં નવી દિલ્હી-એનસીઆર ખાતે કાંદાના ભાવ વધીને કિલોદીઠ રૂ. ૧૦૦ની સપાટી સુધી પહોંચ્યા છે, પરંતુ આગામી ટૂંક સમયમાં મહારાષ્ટ્રમાં આવકોમાં વધારો થતાં ભાવ દબાણ હેઠળ આવે તેવી શક્યતા ગ્રાહક બાબતોના સચિવ નિધિ ખરેએ વ્યક્ત કરી હતી.

જોકે, સરકાર દિલ્હી-એનસીઆર અને મુંબઈ ખાતે કિલોદીઠ રૂ. ૬૫ના રાહતના ભાવથી એનસીસીએફ (નેશનલ કૉઑપરેટિવ કન્ઝ્યુમર્સ ફેડરેશન ઑફ ઈન્ડિયા) મારફતે ટામેટાનું વેચાણ ચાલુ રાખશે, એમ તેમણે પત્રકાર વર્તુળોને જણાવ્યું હતું.

કર્ણાટક અને આંધ્ર પ્રદેશમાં પાછોતરો વરસાદ થવાથી પુરવઠા સ્થિતિ ખોરવાઈ જવાથી અને પેસ્ટ ઈન્ફેસ્ટેશનને કારણે પાકને નુકસાન થવાથી તાજેતરમાં ટામેટાના ભાવમાં વધારો જોવા મળ્યો છે. વધુમાં તહેવારોની મોસમને કારણે માગ પ્રબળ રહેવાથી ભાવવધારાને ટેકો મળ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

નોંધનીય બાબત એ છે કે ગત સાતમી ઑક્ટોબરથી એનસીસીએફ દ્વારા દિલ્હી એનસીઆર અને મુંબઈ ખાતે મોબાઈલ વાન અને આઉટલેટ મારફતે રાહતના દરે અંદાજે ૧૦,૦૦૦ ટન ટામેટાનું વેચાણ કરવામાં આવ્યું છે. જોકે, જ્યાં સુધી ભાવ વાજબી સપાટી સુધી નહીં આવે ત્યાં સુધી રાહતના દરથી વેચાણ ચાલુ રહેશે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

# મધ્યપૂર્વના દેશોના તણાવથી વૈશ્વિક સોનું ઉછળતાં સ્થાનિકમાં દિવાળી પૂર્વે આગઝરતી તેજી

## તહેવારોમાં ગ્રાહકોને આકર્ષવા અને વેચાણ વધારવા મેકિંગ ચાર્જમાં ડિસ્કાઉન્ટ ઓફર કરતા જ્વેલરો

**કોમોડિટી**

**રમેશ ગોહિલ**

મધ્યપૂર્વના દેશોમાં ખાસ કરીને હિઝબુલ્લાહે ઈઝરાયલ પર હુમલાઓ વધારવાની ચીમકી આપતાં ગઈકાલે આંતરરાષ્ટ્રીય બજારમાં સોનામાં સલામતી માટેની પ્રબળ માગ રહેતાં ભાવ ઉછળીને ૨૭૦૦ ડૉલરની સપાટી કુદાવીને વિક્રમ સપાટીએ પહોંચ્યા હતા. વધુમાં અમેરિકા ખાતેની ચૂંટણી વધુ રસાકસીના સ્તરે પહોંચી હોવાથી પરિણામોની અનિશ્ચિતતા તથા અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી નવેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વધુ ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા પણ સોનાની આગઝરતી તેજીને ઈંધણ મળ્યું હોવાનું વિશ્લેષકો જણાવી રહ્યા છે. નોંધનીય બાબત એ છે કે આ વર્ષમાં અત્યાર સુધીમાં સોનાના વૈશ્વિક ભાવમાં ૩૦ ટકા જેટલો ઉછાળો આવી ગયો છે. પ્રવર્તમાન પરિબળોને ધ્યાનમાં લેતા સોનામાં તેજીનું વલણ જળવાઈ રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં સિટીના કૉમૉડિટી રિસર્ચ વિભાગના ગ્લોબલ હેડ મેક્સ લેટોને આગામી છથી બાર મહિનામાં સોનામાં રોકાણલક્ષી એને એક્સ્ચેન્જ ટ્રેડેડ ફંડોની માગને ટેકે વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૩૦૦૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા વ્યક્ત કરી હતી. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ગત સપ્તાહ દરમિયાન સોનાના ભાવમાં તેજીનો પવન ફૂંકાઈ જતા ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવમાં સાપ્તાહિક ધોરણે ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૭૮૭ની અથવા તો ૨.૩૬ ટકાની ઝડપી તેજી નોંધાઈ હતી.

આ મહિનાના અંતે દેશમાં ધનતેરસ અને દિવાળી જેવાં તહેવારોની ઉજવણી થવાની છે. સામાન્યપણે આ સપરમા દહાડાઓ સોનાની ખરીદી માટે શુકનવંતા દહાડા ગણાતા હોવાથી અગાઉ જ્વેલરોમાં માગ પ્રબળ રહેવાનો આશાવાદ સેવાઈ રહ્યો હતો. જોકે, તાજેતરની તેજીએ જ્વેલરોના માગ ખૂલવાના આશાવાદ પર પાણી ફરી વળ્યું છે અને ગ્રાહકલક્ષી માગ સુસ્ત થઈ જતા કામકાજો પણ પાંખાં રહ્યા હોવાનું અગ્રણી રિટેલ જ્વેલર બામલવા ઍન્ડ સન્સના બચ્છરાજ બામલવાએ જણાવતા ઉમેર્યું હતું કે હાલના ભાવ ગ્રાહકોના બજેટની બહાર ગયા હોવાથી તેઓની ખરીદી પ્રમાણમાં ઓછી રહેતાં વૉલ્યુમમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના જકાત અને સ્થાનિક વેરા રહિતના ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૧૧મી ઑક્ટોબરના ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૫,૬૨૩ના બંધ સામે સુધારાના અન્ડરટોને રૂ. ૭૬,૧૩૨ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૭૬,૦૦૧ અને સપ્તાહના અંતે સર્વોચ્ચ રૂ. ૭૭,૪૧૦ની સપાટીએ બંધ રહ્યા હતા. આમ ભાવમાં સાપ્તાહિક ધોરણે ૨.૩૬ ટકાનો અથવા તો રૂ. ૧૭૮૭નો ઉછાળો નોંધાયો હતો.

સપ્તાહ દરમિયાન સોનામાં ઝડપી તેજી આવી જતા આગામી તહેવારોની મોસમમાં અપેક્ષિત માગનો વસવસો રહેવાની ભીતિ હેઠળ જ્વેલરી ઉત્પાદકોની લેવાલી પણ શુષ્ક રહેતાં સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ જે આગલા સપ્તાહે ઔંસદીઠ ત્રણ ડૉલરના પ્રીમિયમમાં ઓફર કરી રહ્યા હતા તેની સામે ગત સપ્તાહે ઔંસદીઠ આઠ ડૉલર ડિસ્કાઉન્ટમાં ઓફર કરી રહ્યા હતા. મુંબઈ સ્થિત એક બુલિયન ડીલરે જણાવ્યું હતું કે સોનાના વધતા ભાવને ધ્યાનમાં લેતા જ્વેલરોમાં દિવાળીના તહેવારોની માગ અંગેનો વિશ્વાસ ડગમગી ગયો છે. જોકે, ઘણાં જ્વેલરો તહેવારોમાં ગ્રાહકોને આકર્ષવા અને વેચાણમાં વધારો કરવા માટે મેકિંગ ચાર્જમાં ડિસ્કાઉન્ટ પણ ઓફર કરી રહ્યા છે, એમ તેમણે ઉમેર્યું હતું. એકંદરે ઊંચા ભાવને કારણે માત્ર ભારતમાં જ માગ પર માઠી અસર નથી પડી, પરંતુ સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનમાં પણ માઠી અસર પડી છે. ચીનમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ત્રણથી ૧૪ ડૉલર સુધીના ડિસ્કાઉન્ટમાં ઓફર કરી રહ્યાના અહેવાલ હતા. તાજેતરમાં ચીને સ્ટિમ્યુલસ પૅકેજની જાહેરાત કરી છે, પરંતુ બજાર વર્તુળો આર્થિક વૃદ્ધિ માટેની સરકારી માર્ગદર્શિકાની રાહ જોઈ રહ્યા છે. તેમ છતાં હાલમાં સોનાના ભાવ આસમાને પહોંચ્યા છે તેમ જ ચીન આર્થિક મંદીમાંથી પસાર થઈ રહ્યું હોવાથી ઓછામાં ઓછા આગામી ત્રણ મહિના સુધી સોનામાં માગનો સંચાર થવાની શક્યતા નથી જણાતી, એમ વિન્ગ ફંગ પ્રીસિયસ મેટલ્સના ડીલિંગ વિભાગના હેડ પીટર ફંગે જણાવ્યું હતું.

મધ્યપૂર્વના દેશોમાં ગઈકાલે રાજકીય-ભૌગોલિક તણાવમાં વધારો થવા ઉપરાંત અમેરિકી ચૂંટણીની અનિશ્ચિતતા, ફેડરલ રિઝર્વ હળવી નાણાનીતિ જાળવી રાખે તેવા આશાવાદ જેવાં પરિબળોને ટેકે ગત સપ્તાહના અંતે શુક્રવારે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ એક ટકાના ઉછાળા સાથે ઔંસદીઠ ૨૭૨૦.૦૫ ડૉલરની ઐતિહાસિક ઊંચી સપાટી સુધી પહોંચ્યા હતા, જ્યારે વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૮ ટકા ઉછળીને ઔંસદીઠ ૨૭૩૦ ડૉલરના મથાળે રહ્યા હતા. વધુમાં સપ્તાહના અંતે હાજરમાં ચાંદીના ભાવ પણ આગલા બંધ સામે છ ટકાના તોતિંગ ઉછાળા સાથે ઔંસદીઠ ૩૩.૫૮ ડૉલરના મથાળે રહ્યા હતા.

ગત સપ્તાહના અંતે હિઝબુલ્લાહે ઈઝરાયલ પર હુમલાઓ વધારવા અંગેની ચીમકી આપતા પરંપરાગત ધોરણે સલામતી માટેની વ્યાપક માગ ખૂલતા સોનામાં ઝડપી તેજીનો પવન ફૂંકાયો હોવાનું જર્મન સ્થિત હેરુસ મેટલ્સના ટ્રેડર એલેક્ઝાંડર ઝુમ્ફેએ જણાવતા ઉમેર્યું હતું કે આ ઉપરાંત અમેરિકી ચૂંટણીના પરિણામોની અનિશ્ચિતતાએ સોનાની તેજીને ઈંધણ પૂરું પાડ્યું છે. રાજકીય-ભૌગોલિક અનિશ્ચિતતાઓ અને ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કપાતના આશાવાદ વચ્ચે વર્ષ ૨૦૨૪માં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૩૦ ટકાનો ઉછાળો આવી ગયો છે, જે વર્ષ ૧૯૭૯ પછીની સૌથી વધુ વૃદ્ધિ દર્શાવે છે, એમ એલએસઈજી (લંડન સ્ટોક એક્સચેન્જ ગ્રૂપ)એ આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

યુરોપિયન સેન્ટ્રલ બૅન્ક આગામી ડિસેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં વધુ કાપ મૂકે તેવો બજારમાં આશાવાદ સેવાઈ રહ્યો છે. તેમ જ અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ૬-૭ નવેમ્બરની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવો ૯૨ ટકા આશાવાદ સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ટ્રેડરો મૂકી રહ્યા છે.

એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકના મતાનુસાર આગામી સપ્તાહ દરમિયાન વૈશ્વિક સોના માટે ઔંસદીઠ ૨૬૨૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થાય તેમ જણાવ્યું હતું, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૬,૦૦૦થી ૭૯,૫૦૦ની રેન્જમાં અથડાતા રહે તેવી શક્યતા વ્યક્ત કરી હતી.

# ગત ૨૭ સપ્ટેમ્બર સુધીમાં ખરીફ વાવેતર વિસ્તારમાં ૨૦ ટકાની વૃદ્ધિ

નવી દિલ્હી: ગત જૂન મહિનાથી શરૂ થયેલી વર્તમાન ખરીફ મોસમમાં ગત ૨૭મી સપ્ટેમ્બર સુધીમાં દેશમાં કુલ ખરીફ વાવેતર ગત સાલના સમાનગાળાના ૧૦૮૮.૨૫ લાખ હેક્ટર સામે ૨૦.૩૧ ટકા વધીને ૧૧૦૮.૫૭ લાખ હેક્ટરમાં થયું હોવાનું એક સરકારી આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત ૨૭મી સપ્ટેમ્બર સુધીમાં મુખ્ય ખરીફ પાક ગણાતા ડાંગર અથવા તો ચોખાનું વાવેતર ગત સાલના સમાનગાળાના ૪૦૪.૫૦ લાખ હેક્ટર સામે ૧૦ ટકા વધીને ૪૧૪.૫૦ લાખ હેક્ટરના સ્તરે રહ્યું હતું. આ સિવાય કુલ કઠોળનું વાવેતર પણ ગત સાલના સમાનગાળાના ૧૧૯.૨૭ લાખ હેક્ટર સામે ૮.૮૩ ટકા વધીને ૧૨૮.૧૦ લાખ હેક્ટરમાં થયું છે. જોકે, તેમાં તુવેરનું વાવેતર વધીને ૪૬.૫૦ લાખ હેક્ટર (૪૦.૭૪ લાખ હેક્ટર)માં, અડદનું વાવેતર સાધારણ ઘટીને ૩૦ લાખ હેક્ટર (૩૨.૬૦ લાખ હેક્ટર)માં, મગનું વાવેતર વધીને ૩૫.૫૮ લાખ હેક્ટર (૩૧.૪૯ લાખ હેક્ટર)માં, કળથીનું વાવેતર ૫૯,૦૦૦ હેક્ટર (૪૩,૦૦૦ હેક્ટર)માં, મઠનું વાવેતર વધીને ૧૦.૫૩ લાખ હેક્ટર (૯.૪૨ લાખ હેક્ટર)માં અને અન્ય કઠોળનું વાવેતર ૪.૯૦ લાખ હેક્ટર (૪.૫૯ લાખ હેક્ટર)માં થયું છે.

વધુમાં પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર અત્યાર સુધીમાં જાડા અથવા તો કડ અથવા તો શ્રી અન્નનું વાવેતર ગત સાલના સમાનગાળાના ૧૮૬.૦૭ લાખ હેક્ટર સામે વધીને ૧૯૩.૪૯ લાખ હેક્ટરમાં થયું છે. જેમાં જુવારનું વાવેતર ૧૬.૧૩ લાખ હેક્ટરમાં, બાજરાનું વાવેતર ૭૦.૦૧ લાખ હેક્ટરમાં, રાગીનું વાવેતર ૧૨.૬૫ લાખ હેક્ટરમાં, નાની બાજરીનું વાવેતર ૬.૨૦ લાખ હેક્ટરમાં અને મકાઈનું વાવેતર ૮૮.૫૦ લાખ હેક્ટરમાં થયું છે., જ્યારે તેલીબિયાંનું વાવેતર ગત સાલના સમાનગાળાના ૧૯૦.૯૨ લાખ હેક્ટર સામે ૫.૨૦ ટકા વધીને ૧૯૬.૧૧ લાખ હેક્ટરમાં થયું છે, જેમાં મગફળીનું વેવાતર ૪૭.૮૫ લાખ હેક્ટરમાં, સોયાબીનનું વાવેતર ૧૨૬.૯૦ લાખ હેક્ટરમાં, સૂર્યમુખીનું વાવેતર ૭૭,૦૦૦ હેક્ટરમાં, તલનું વાવેતર ૧૧.૩૯ લાખ હેક્ટરમાં, ખુરસાણીનું વાવેતર ૯૨,૦૦૦ હેક્ટરમાં, એરંડાનું વાવેતર ૮.૨૦ લાખ હેક્ટરમાં અને અન્ય તેલીબિયાંનું વાવેતર ૮૦૦૦ હેક્ટરમાં થયું હતું.

# ધાતુમાં છૂટાછવાયા કામકાજે મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીને આર્થિક વૃદ્ધિ માટે જાહેર કરેલા સ્ટિમ્યુલસ પેકેજના માર્ગદર્શિકાના અભાવ વચ્ચે વૈશ્વિક ધાતુ બજારમાં ભાવ બેતરફી વધઘટે અથડાઈ રહ્યા હોવાથી આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં સાવચેતીના અભિગમ વચ્ચે વિવિધ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લે-વેચ અને વપરાશકાર ઉદ્યોગની માગ અનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં ટીન, નિકલ, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં કિલોદીઠ રૂ. એકથી ૧૭નો ઘટાડો, કોપર આર્મિચર, બ્રાસ, કોપર વાયરબાર, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. એકથી સાતનો સુધારો આવ્યો હતો, જ્યારે કોપર સ્ક્રેપ હેવી, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ટકેલું વલણ રહ્યું હતું.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે નિકલ, ટીન, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર કેબલ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની વેચવાલી સામે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૭ ઘટીને રૂ. ૧૪૪૮, રૂ. નવ ઘટીને રૂ. ૨૭૪૬, રૂ. ત્રણ ઘટીને રૂ. ૭૩૨ અને રૂ. એક ઘટીને રૂ. ૮૦૩ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે અન્ય અમુક ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે જે ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૮૫૯, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૫૨૫, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૭૮૧, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૨૪૪ અને બ્રાસ શીટ કટિંગ્સ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૫૭૫ અને રૂ. ૨૮૮ના મથાળે રહ્યા હતા, જ્યારે કોપર સ્ક્રેપ હેવી, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૭૯૪, રૂ. ૧૯૮ અને રૂ. ૧૮૪ના મથાળે ટકેલા રહ્યાના અહેવાલ હતા.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં સાધારણ નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)



નવી મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે એકંદરે રિટેલ સ્તરની માગ જળવાઈ રહી હતી, જ્યારે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ ખપપૂરતી માગ રહી હતી. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા સાધારણ નબળી હોવાથી તેના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સાધારણ ઘટાડો આવ્યો હતો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી મર્યાદિત રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે નબળી ગુણવત્તાને કારણે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના ઘટાડા સાથે રૂ. ૩૭૩૨થી ૩૮૩૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૮૨થી ૩૯૪૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૫૦થી ૩૭૦૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૧૦થી ૩૭૯૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# સમગ્ર વિશ્વ ભારત સાથે વેપાર કરવા ઉત્સુક: ગોયલ

નવી દિલ્હી: ભારતના આર્થિક પરિબળો મજબૂત હોવાથી આજે સમગ્ર વિશ્વ ભારત સાથે વેપાર કરવા ઉત્સુક હોવાનું વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પીયૂષ ગોયલે જણાવ્યું છે.

અત્રે એક પ્રસંગને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે દેશમાં ફુગાવો નિયંત્રણ હેઠળ છે, વિદેશી હૂંડિયામણની અનામત ૭૦૦ અબજ ડૉલરને પાર કરી ગઈ છે અને દેશનો આર્થિક વૃદ્ધિદર પણ મજબૂત હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે હાલમાં ભારત રોકાણકારોના આકર્ષણનું કેન્દ્ર છે.

બેથી ત્રણ દિવસ પૂર્વે જહોન ચેમ્બરે જણાવ્યું હતું કે અમે ત્રણ ટ્રિલિયન ડૉલરનું રોકાણ કરવા ઈચ્છીએ છીએ અને આ રોકાણ માટે ભારત સિવાય અન્ય કોઈ સારો વિકલ્પ નથી.

વધુમાં સિસ્કો બોસે પણ ભારતના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે સેવા આપવા ઉત્સુકતા દાખવી હતી. આ છે આજનું ભારત, એમ તેમણે ઉમેર્યું હતું.

હાલ વિશ્વભરને ભારતની ઈર્ષ્યા થઈ રહી છે અને સમસ્ત વિશ્વ ભારત સાથે વેપાર કરવા ઈચ્છી રહ્યું હોવાનું તેમણે ઉમેર્યું હતું.

# ગ્લોબલ વોર્મિંગની અસર હેઠળ દિવાળી ટાંકણે કચ્છમાં ગરમીનો કાળો કેર

## દુબઈ અને દોહા કરતાં ભુજમાં વધારે ગરમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: દીપોત્સવી પર્વની આડે હવે જ્યારે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે સેકન્ડ સમર તરીકે ઓળખાતા ઓક્ટોબર મહિનાની ગરમીએ સરહદી જિલ્લા કચ્છ પર કાળો કેર વર્તાવ્યો છે અને તેમાં પણ અરબી સમુદ્રમાં પ્રવેશી ચૂકેલી સિસ્ટમને કારણે ભેજનું પ્રમાણ વધી જતાં અને પવનો મંદ પડી જતાં શ્વાસ લેવો મુશ્કેલ બન્યો છે જેને લઈને બજારોમાં પણ હજુ દિવાળીની ખરીદી શરૂ થઇ ચુકી નથી. કચ્છના ભુજ ખાતે આજે મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સિયસ રહેવા પામ્યું હતું અને અન્ય મથકોએ પણ મહત્તમ તાપમાન ૩૬થી ૩૮ ડિગ્રીની વચ્ચે રહેવા પામ્યું છે પણ ગરમીની અનુભૂતિ ૪૩ ડિગ્રી જેટલી થતી હોવાનું હવામાનના વિવિધ મોડેલો પરથી જાણવા મળી રહ્યું છે. આજે ભુજનું તાપમાન દુબઇ અને દોહા-કતારથી પણ વધારે રહેવા પામ્યું છે. ચિંતાની વાત એ છે કે,હવામાન ખાતાએ ગરમી હજુ વધવાની આગાહી કરી છે. આ પ્રકારના હવામાનને લઈને ગરમી જાણે દિવાળીના તહેવારો દરમ્યાન વિલનની ભૂમિકા ભજવે તેવું લાગી રહ્યું છે.

'જો આવું થશે તો લોકો સ્વાભાવિક રીતે વાતાનુકૂલિત શોપિંગ મોલમાં જઈને ખરીદી કરશે જે નાના વેપારીઓ માટે પડકારરૂપ બાબત બની રહેશે' તેવું ભુજના એક વેપારી નીલેશ શાહે જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ભારત જેવા ઉષ્ણકટિબંધીય વિસ્તારોમાં સેકન્ડ સમર તરીકે ઓળખાતા ઓક્ટોબર મહિનાની ગરમી આ વખતે કાળો કેર વર્તાવી રહી છે અને આ ગરમી એક પ્રકારની વિદાય લેતાં ચોમાસાંની અસર સ્વરૂપે આવતી હોય છે અને આ વખતે ચોમાસાંની વિદાય લંબાઈ ગઈ હોવાથી ધીમે-ધીમે પરિસ્થિતિ કાબુ બહાર જતી હોવાનું અનુભવાઈ રહ્યું છે અને આ પરિસ્થિતિની ગંભીર અસર 'પબ્લિક હેલ્થ' પર પડી રહી છે અને આ ઓક્ટોબરની ગરમી એક ગંભીર પ્રકારનું 'હેલ્થ-રિસ્ક' બની જવા પામી છે. ભારતના અન્ય શહેરોની જેમ કચ્છ-સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં પણ ખાનગી અને સરકારી દવાખાનાઓમાં મલેરિયા, ડેન્ગ્યૂ, ચિકનગુનિયા અને શ્વાસ લેવામાં તકલીફ જેવાં લક્ષણોથી પીડાતા દર્દીઓથી હૉસ્પિટલો ઉભરાઈ રહી છે અને આ પરિસ્થિતિ નવરાત્રીના પ્રારંભથી જ શરૂ થઇ ચૂકી હોવાનું તબીબો જણાવી રહ્યા છે. વધતાં જતાં વૈશ્વિક તાપમાન અને હવામાનની પેટર્ન્સમાં આવી રહેલા બદલાવને લઈને ઓક્ટોબર મહિનાની ગરમી એક ગંભીર પ્રકારનું હેલ્થ-રિસ્ક બનવા પામી છે.

દક્ષિણ-પશ્ચિમ ચોમાસું જયારે વિદાય લે છે ત્યારે અસામાન્ય રીતે તાપમાન ઊંચું જવા લાગે છે અને તેમાં ભેજનું વધતું પ્રમાણ લોકોને શ્વાસ લેવા માટે વલખાં મારતા કરી મૂકે છે.

'ઇન્ટર ગવર્મેન્ટલ પેનલ ઓન ક્લાઈમેટ ચેન્જ' દ્વારા એવી ચેતવણી અપાઈ છે કે આ ગરમી હજુ વધતી જ રહેશે અને તેનો સમયગાળો પણ લંબાશે અને તે માનવ શરીરની સહન શક્તિને પણ પાર કરી જશે.

આ પ્રકારના બદલતા જતા મોસમમાં ઉષ્ણતામાન અને ભેજમાં થતો વધારો અને સૂકા પવનો ઉપરાંત મંદ પડી જતા પવનોને કારણે ગૂંગળામણ અનુભવાય છે જે આરોગ્ય માટે અત્યંત જોખમી છે.

આવું વાતાવરણ રોગ પ્રતિકારક શક્તિ ખોરવી નાખે છે અને કેટલાક વાઇરલ અને બેક્ટેરિયલ ચેપ વાળા જુદા-જુદા પ્રકારના તાવ ખાસ કરીને બાળકો અને વયસ્કોને ખાટલાવશ કરી મૂકે છે.

ઊંચું તાપમાન અને વાયુપ્રદૂષણને કારણે હવાને પ્રદુષિત કરતા પોલ્યુટન્ટ્સને કારણે એક 'ટોક્સિક કોકટેલ' ઊભું થાય છે જે શ્વસનતંત્ર પર ગંભીર અસરો કરે છે. ■



રાજકોટમાં એસીબીએ સફળ ટ્રેપ કરી હતી, ફાયર વિભાગમાં સેટિંગ કરાવી આપી ફાયર એનઓસી અપાવવાના નામે લાંચ લેનાર ખાનગી શખ્સ ઝડપાયો હતો. (તસવીર-પ્રવિણ સેદાણી, રાજકોટ)

### પોરબંદરમાં એસીબીની સફળ ટ્રેપ

# માંગરોળ-મરીન પોલીસ સ્ટેશનનો કોન્સ્ટેબલ લાંચ લેતા ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પોરબંદર એસીબીએ ટ્રેપ ગોઠવીને માંગરોળ મરીન પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલને ૬૫૦૦ રૂપિયાની લાંચ લેતા ઝડપી પાડ્યા હતા. બોક્સાઇડ ભરેલી ટ્રકો રોયલ્ટી પાસ તથા અંડરલોડ હોવા છતાં માંગરોળ-મરીન પોલીસ સ્ટેશનનો આર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલ ચંદ્રસિંહ કાળુભાઈ સિસોદીયા (ઉં.વ.૩૫) ટ્રક રોકતા હતા, જેથી તેનો રૂબરૂમાં મળતાં કોન્સ્ટેબલ મક્તુપુર ચેક પોસ્ટ પરથી પસાર થવા દેવા માટે એક ટ્રક દીઠ રૂ. ૫૦૦ હપ્તા લેખે કુલ ચાર ટ્રકના ચાર મહિનાના કુલ રૂ.૮૦૦૦ની લાંચની માગણી કરી હતી. રકઝકને અંતે રૂ. ૬૫૦૦ લાંચ પેટે આપવાનું નક્કી થયું હતું, જે રકમ તેઓ આપવા માંગતા ન હોવાથી છટકું ગોઠવવામાં આવ્યું હતું. મક્તુપુર ચેક પોસ્ટની બાજુમાં તેમને લાંચની રકમ સ્વીકારતાં રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. ■

# ભાવનગરમાં આજે નવ કલાકના વિજ કાપ સાથે પાણી કાપ

ભાવનગર: સમગ્ર શહેરમાં રવિવારે સવારના ૬ થી બપોરના ત્રણ વાગ્યા સુધી વીજ કાપ હોય પાણી વિતરણ બંધ રહેશે. આમ ભાવનગરમાં વીજ કાપ સાથે પાણી કાપ પણ લોકોએ સહન કરવાનો રહેશે. તા. ૨૦-૧૦-૨૦૨૪ને રવિવારના રોજ પીજીવીસીએલ વિભાગ દ્વારા સમગ્ર ભાવનગર શહેરમાં મરામતની કામગીરી કરવાની હોવાથી સવારે ૬ થી બપોરના ૩ વાગ્યા સુધી વીજ કાપ રહેનાર છે. જેથી ચિત્રા ફિલ્ટર પ્લાન્ટ, તરસમીયા ફિલ્ટર પ્લાન્ટ ઉપર પમ્પીંગ બંધ રહેવાનું હોવાથી તા. ૨૦-૧૦-૨૦૨૪ ને રવિવારના રોજ નીચે મુજબના વિસ્તારોમાં પાણી વિતરણ બંધ રહેશે. ચિત્રા ફિલ્ટર આધારિત સીદસર વિસ્તાર, ફુલસર વિસ્તાર, ઈશ્વરનગર, રામદેવનગર, બોરતળાવ, દેસાઈનગર, બેંક કોલોની, કુમુદવાડી, નારેશ્વર સોસાયટી, પટેલ નગર, સરિતા સોસાયટી વગેરે વિસ્તારમાં સપ્લાય બંધ રહેશે. બાલયોગીનગર ઈએસઆર આધારીત લીલા ઉડાન, નારેશ્વર સોસાયટી, યોગીનગર, લાખાજીનગર, સુમેરુ ટાઉનશીપ, સત્કાર સોસાયટી, પ્રગતિ સોસાયટી, પારુલ સોસાયટી, બરસાના, ખારસી વિસ્તાર, ગાયત્રીનગર, શહેર ફરતી સડક સ્વા ગામ, ઘોઘા રોડ, વગેરે વિસ્તારોમાં પાણી સપ્લાય બંધ રહેશે. વર્ધમાન ઈએસઆર આધારિત ભરતનગર, ગુજરાત હાઉસિંગ બોર્ડ, ગોકુલનગર, જીએમડીસી વસાહત, તરસમીયા ગામ, શિવનગર, તળાજા ટોપ-થ્રી રોડ આજુબાજુનો વિસ્તાર, અધેવાડા, શિક્ષક સોસા. રીંગ રોડ આજુબાજુનો વિસ્તાર સીતારામ ચોક આજુબાજુનો વિસ્તારોમાં પાણી સપ્લાય બંધ રહેશે. દિલબહાર ઈએસઆર આધારિત તળાજા રોડ, આજુબાજુનો વિસ્તાર હિલડ્રાઈવ, ઇસ્કોન મેગા સિટી, કાળીયાબીડ, સાગવાડી, ગોકુળધામ અવધનગર, કેપીઈએસ સ્કુલ પાછળ, લખુભા હોલ, કેસરિયા હનુમાન વગેરે વિસ્તારોમાં પાણી સપ્લાય બંધ રહેશે.

# ભાવનગર રિજિયોનલ સાયન્સ સેન્ટર ખાતે એઆઈ પર પાંચ દિવસીય વર્કશોપનો આરંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: વિજ્ઞાનના શિક્ષણને પ્રોત્સાહિત કરવા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ના ઉભરતા ક્ષેત્રના જ્ઞાનને શાળાના વિદ્યાર્થીઓમાં ફેલાવવા માટે આરએસસી ભાવનગર ખાતે ગુજકોસ્ટ ગાંધીનગર દ્વારા નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેક્નોલોજી કોમ્યુનિકેશન (એનસીએસટીસી), ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ભારત સરકાર પ્રેરીત પાંચ દિવસીય આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ)ના વર્કશોપનો પ્રારંભ કરાયો હતો. ૧૮થી ૨૨ ઓક્ટોબર દરમિયાન તકનીકી ક્ષેત્રની નવી પેઢી (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) પર વર્કશોપનું આયોજન કરાયું છે. સમગ્ર ગુજરાત રાજ્યની શાળાઓમાંથી ધો.૮ થી ૧૨ના ૧૦૦ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી છે.

(આ વર્કશોપના ઉદઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ડૉ. રશ્મિ શર્મા, હેડ ઓફ નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેક્નોલોજી કોમ્યુનિકેશન (એનસીએસટીસી), ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ભારત સરકાર તથા ડો. નરોત્તમ સાહુ, સલાહકાર, ગુજકોસ્ટ ગાંધીનગર પધાર્યા હતાં. તેમણે વર્કશોપમાં ભાગ



(તસવીર-વિપુલ હિરાણી, ભાવનગર)

લઈ બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.

છેલ્લાં ત્રણ-ચાર વર્ષથી ટેકનોલોજીની દુનિયામાંઅત્ર-તત્ર-સર્વત્ર આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) છવાઈ ગયું છે. રિજિયોનલ સાયન્સ સેન્ટર ભાવનગરનો હેતુ આ વર્કશોપ દ્વારા, એઆઈના યુગમાં વિદ્યાર્થીઓને સ્કીલ ડેવલપમેન્ટ કેવી રીતે કરી શકાય, ટેકનોલોજી ભર્યા આ યુગમાં પોતાની કારકિર્દી કેવી રીતે મજબૂત બનાવવી અને ફક્ત કાગળ પર ડિગ્રીના બદલે આવડત વિકસાવવા તથા દેશની ભાવિ પેઢી વિશ્વ પટલ પર એક સારા નાગરિક તરીકે વિકાસ પામે તે છે.

રીજીયોનલ સાયન્સ સેન્ટર ભાવનગર ખાતેનો આ વર્કશોપ એ સમગ્ર ગુજરાત રાજ્ય માં વિદ્યાર્થીઓ માટે પ્રથમ થઈ રહ્યો છે. ૧૦૦ સહભાગીઓમાં ગુજરાત બોર્ડ, જવાહર નવોદય વિદ્યાલય, કેન્દ્રય વિદ્યાલય અમદાવાદ, આણંદ, અમરેલી, ભરૂચ, ભાવનગર, બોટાદ, ગાંધીનગર, ગીર સોમનાથ, કચ્છ, ખેડા,મહિસાગર, મહેસાણા, રાજકોટ, વડોદરા, જિલ્લાઓના ૬૩ વિદ્યાર્થીઓ અને ૩૭ વિદ્યાર્થીનીઓ સહભાગી બની હતી.

આ ૫ દિવસીય વર્કશોપ દરમિયાન ડીએઆઈઆઈસીટી ગાંધીનગર, આઈઆઈટી વડોદરા, બીવીએમ આણંદ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓ માંથી નિષ્ણાતો આવશે અને એઆઈ બાળકોને શિક્ષણ પ્રણાલીમાં કેવી રીતે મદદરૂપ થઈ શકે, વિદ્યાર્થીઓના કારકિર્દી ઘડતરમાં કેવી રીતે ઉપયોગી નીવડે તેનું માર્ગદર્શન આપશે, સાથે સાથે વિવિધ પ્રવૃત્તિઓ પણ કરાવવામાં આવશે. આ સમગ્ર કાર્યક્રમ નું આયોજન રીજીયોનલ સાયન્સ સેન્ટરભાવનગરના પ્રોજેક્ટ ડાયરેક્ટર ડૉ. ગિરીશ ગોસ્વામીના દેખરેખ હેઠળ કરવામાં આવ્યું છે. વર્કશોપમાં ભોજન તેમજ રહેવા અને અન્ય લોજિસ્ટિક્સનો તમામ ખર્ચ આરએસસી ભાવનગર દ્વારા કરવામાં આવશે.

ભાવનગર રિજિયોનલ સાયન્સ સેન્ટર ખાતે સાયન્સને લગતી જુદી જુદી ૫ થીમ બેઈઝ ગેલેરીઓ, ઉપરાંત ગેલેરી વાઈઝ ભિન્ન ઇન્ટરેક્ટિવ પ્રવૃત્તિઓ તેમજ વૈજ્ઞાનિક દિવસોની ઉજવણી કરી લોકોમાં વિજ્ઞાન પ્રત્યે રૂચી વધે, વૈજ્ઞાનિક અભિગમ કેળવવા આરએસસી ભાવનગર સતત પ્રયત્નશીલ રહે છે.

# સૌરાષ્ટ્રની લોક-સંસ્કૃતિના ભવ્ય ઉત્સવ સૌરાષ્ટ્ર લોકમંથનનો પ્રારંભ થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભારત શોધ સંસ્થાન, ભારતીય વિચાર મંચ અને ઓજ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સના સંયુક્ત ઉપક્રમે મ.કૃ.ભાવનગર યુનિવર્સિટીના એમ્ફિથિએટર પિરસરમાં સૌરાષ્ટ્રની લોક સંસ્કૃતિનો ઉત્સવ સૌરાષ્ટ્ર લોકમંથન ૨૦૨૪નો તા.૧૯ના પ્રારંભ થયો. મ.કૃ.ભાવનગર યુનિ.ના કાર્યકારી કુલપતિશ્રી ડૉ.મહેશ એમ.ત્રિવેદીના અધ્યક્ષસ્થાને તથા ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષશ્રી ભાગ્યેશ જહાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. આ પ્રસંગે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કુલદીપસિંહ ગોહિલ, ભારતીય વિચાર મંચ, ભાવનગર કેન્દ્રના અધ્યક્ષ ડૉ. ગીરીશભાઈ વાઘાણી તથા ઓજ



(તસવીર-વિપુલ હિરાણી, ભાવનગર)

ઈન્સ્ટિટ્યૂટના સંચાલક અને અગ્રણી શિક્ષણવિદ્ નિરવભાઈ દવે મુખ્ય મહેમાન પદે હાજર રહ્યા હતા.

લોકમંથનના ઉદ્‌ઘાટન પ્રસંગે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ પોતાના વક્તવ્યમાં વાત કરતા લોક સંસ્કૃતિ અને લોક વિદ્યાનું મહત્વ સમજાવ્યું હતું કે, જેમ સમુદ્રમંથન દ્વારા ૧૪ રત્નો મળ્યા હતા તે જ રીતે લોકમંથન દ્વારા આપણે રત્નો મેળવવાના છે. સંસ્કૃતિમાં ભાષા, ભોજન, ભજન, સહિતના પાંચ 'ભ'ની વાત કરતાં તેમણે કહ્યું આ તત્ત્વો આપણને જોડી રાખે છે.

ઉદ્‌ઘાટન સમારોહ બાદ મ. કૃ. ભાવ.યુનિ.ના ગુજરાતી ભાષા સાહિત્ય ભવનના વડા પ્રો. ડૉ. મહેન્દ્રસિંહ પરમાર લોકવ્યવહાર શિર્ષક અંતર્ગત સૌરાષ્ટ્રની રસધારમાંથી જીવનના પ્રગટ મૂલ્યો અંગે વક્તવ્ય આપ્યું હતું અને વિદ્યાર્થીઓએ મંચન પણ કર્યુ હતું. રાત્રિના ૮:૩૦ કલાકે ભવ્ય અને દર્શનીય મેં ભારત શિર્ષક મલ્ટીમીડિયા શો લોકોએ મન ભરીને માણ્યો. બાદમાં રાત્રે મેરાણ ગઢવી, અનિલ વંકાણી, ભારતીબેન ઠક્કરે લોકગીતો, લોક સાહિત્યની રમઝટ બોલાવી હતી.

૨૦ સપ્ટેમ્બર રવિવારે સવારે ૧૦ કલાકે જાણીતા વાર્તાકાર, ફિલ્મ લેખક, યુવાનોના લોકપ્રિય રામ મોરી લોક વિચાર વિશે વાત કરશે. આ પછી ઓર્ગેનાઇઝરના તંત્રી પ્રફુલ્લ કેતકર લોક વ્યવસ્થા વિશે વક્તવ્ય આપશે. સાંજે ૪.૩૦ કલાકે બળવંતભાઈ જાનીના અધ્યક્ષ સ્થાને સમાપન સત્ર યોજાશે.■

# ભાવનગરમાં ગાજવીજ અને તોફાની પવન સાથે ૧ ઈંચ વરસાદ

## સિહોર અને ઘોઘામાં ૧.૫ ઈંચ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગરમાં મોડી રાત્રે ગાજવીજ અને તોફાની પવન સાથે શહેરમાં એક ઇંચ વરસાદ પડ્યો હતો. જ્યારે ઘોઘા અને સિહોરમાં દોઢ ઈંચ તથા ઉમરાળામાં એક ઇંચ વરસાદ પડ્યો હતો.

ભાવનગર શહેરમાં ગત મોડી રાત્રીના ૧૨ વાગે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ભારે પવન ફૂંકાવવા લાગ્યો હતો.

વીજળીના ગડગડાટ સાથે વરસાદ શરૂ થયો હતો અને શહેરમાં એક ઇંચ જેટલો વરસાદ ખાબકી ગયો હતો. જ્યારે જિલ્લાના સિહોર અને ઘોઘા પંથકમાં પણ ધોધમાર વરસાદ પડ્યો હતો. ઉમરાળામાં એક ઇંચ અને વલભીપુરમાં પણ વરસાદ પડ્યો હતો.

ભાવનગર શહેરમાં ૨૪ મિ.મી.,વલભીપુરમાં ૯ મિ.મી., ઉમરાળામાં ૨૧ મિ.મી.,ઘોઘામાં ૩૩ મિ.મી. અને સિહોરમાં ૩૮ મિ.મી. વરસાદ નોંધાયો હતો. આ દરમિયાન બપોર સુધી તડકો રહ્યા બાદ બપોર બાદ વાદળછાયું વાતાવરણ રહેવા પામ્યું હતું. સાંજે વરસાદના છૂટાછવાયા છાંટા પડ્યા હતા. શહેર અને જિલ્લામાં વરસાદી માહોલ ઊભો થયો હોય રાત્રે વરસાદ પડવાની સંભાવના છે.

ભાવનગર શહેરનું મહત્તમ તાપમાન ૩૩.૫ ડિગ્રી રહ્યું હતું. જ્યારે લઘુતમ તાપમાન ૨૫.૬ ડિગ્રી રહેવા પામ્યું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૪ ટકા રહ્યું હતું. જ્યારે પવનની ઝડપ ૧૦ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી. ■

# પોરબંદરના ગેંગસ્ટર ભીમા દુલાને ધરપકડના ૨૪ કલાકમાં જામીન મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પોરબંદરના ગેંગસ્ટર ભીમા દુલા ઓડેદરા સહિત ચાર લોકોની પોલીસે ગુરુવારે ધરપકડ કરી હતી. હથિયારોનાં લાઇસન્સની શરતનો ભંગ કરવા બાબતે રાણાવાવ પોલીસે ભીમા દુલા ઓડેદરાના પુત્ર લખમણ ઓડેદરા અને પુત્રવધૂ સંતોકબેન ઓડેદરા સામે ગનો નોંધ્યો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ, નિયમ મુજબથી વધારે કારતૂસ રાખ્યાં હતા. આ બાબતે એફઆઈઆર થઈ હતી. જો કે, એડવોકેટ ભરત લાખાણીની દલીલોને ધ્યાને રાખી કોર્ટે ભીમા દુલા ઓડેદરાને જામીન આપ્યા હતા.

પોરબંદરના ડોન તરીકે કુખ્યાત ભીમા દુલા સામે થોડા દિવસ પહેલા બોરીચા ગામે એક યુવકને માર મારવા સંદર્ભે કેસ નોંધાયો હતો, જેને લઈ પોરબંદર એસપી ભગીરથસિંહ જાડેજા સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિત મોટા પોલીસ કાફલા સાથે ધસી ગયો હતો અને ઓપરેશન પાર પાડ્યું હતું. દરોડા દરમિયાન પોલીસને ૭૦ જેટલા હથિયારનો મોટો જથ્થો અને રૂ.૫૦ લાખથી વધુની રકમ પણ જપ્ત કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ભીમા દુલાનો પુત્ર લખમણ દુલા ઓડેદરા પોરબંદરના માર્કેટિંગ યાર્ડના ચેરમેન તરીકે કામગીરી કરે છે. તેની પાસે નિયમ કરતા વધારે કારતૂસ હોવાની ફરિયાદ નોંધાઈ હતી. નોંધનીય છે કે ભીમા દુલા પૂર્વ ધારાસભ્ય કરસન દુલાના ભાઈ છે. ભીમા દુલા ભૂતકાળમાં વોન્ટેડ હતો ત્યારે ત્રણ વર્ષ બરડાના જંગલમાં રહ્યો હતો. બાદમાં પોરબંદર પોલીસ સમક્ષ સરેન્ડર કર્યું હતું. રાણાવાવ ડબલ મર્ડર કેસમાં સજા થઈ હતી અને જેલમાં રહ્યો હતો. પોરબંદરના ગેંગવોરમાં નામ આવ્યું હતું. ■

# રાજકોટમાં ઓપરેશન માટે આવેલા જૂનાગઢના દર્દીને ભાજપનો સભ્ય બનાવી દેવાયો

અમદાવાદ: રાજકોટ ભારતીય જનતા પાર્ટી દ્વારા હાલ સદસ્યતા અભિયાન જોરશોરથી ચાલી રહ્યું છે. આ દરમિયાન રાજકોટમાં ઓપરેશન કરાવવા આવેલા જૂનાગઢના દર્દીને ભાજપનો સભ્ય બનાવી દેવામાં આવતા ચકચાર મચી ગઈ હતી.

જૂનાગઢના ખલીલપુર રોડ પર રહેતા કમલેશભાઈ કુંમર મોતિયો ઊતરાવવા રાજકોટ ખાતે આવેલી રણછોડ બાપુ ચેરિટેબલ હૉસ્પિટલમાં ગયા હતા, જ્યાં તેમને જનરલ વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. રાત્રે એક યુવકે આવીને બધાને વારફરતી જગાડી મોબાઇલ નંબર માગવા લાગ્યો હતો. થોડીવારમાં તેણે ઓટીપી માગ્યો હતો. જે બાદ તેમને ટેક્સ્ટ મેસેજ મળ્યો હતો, જેમાં તેઓ ભાજપના સભ્ય બની ગયા હતા તેમ લખ્યું હતું. આ મેસેજ જોઈ તેઓ ચોંકી ઊઠ્યા હતા અને તપાસ કરતાં વોર્ડમાં રહેલા અન્ય દર્દીઓ સાથે પણ આમ થયું હોવાનું સામે આવ્યું હતું.

રાજકોટમાં હૉસ્પિટલમાં દાખલ દર્દીઓને ભાજપના સભ્ય બનાવવામાં આવતાં તંત્ર પણ સફાળું જાગ્યું હતું અને તપાસના આદેશ આપ્યા હતા. ■

# આડાસંબંધે ભુજના યુવકની ક્રૂરતાપૂર્વક હત્યા કરનાર દંપતીની ચાર્જશીટ બાદની જામીન અરજી રદ્દ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: લગ્નેતર સંબંધોની અદાવતમાં ભુજના ૩૪ વર્ષીય યુવકની ગુનાહિત ષડ્યંત્ર રચીને કરી દેવામાં આવેલી ઘાતકી હત્યા કરી દેવાના ચકચારી ગુનામાં અટકમાં લેવાયેલા જેલમાં કેદ દંપતીએ ચાર્જશીટ બાદ કરેલી નિયમિત જામીન અરજીને ભુજ સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી.

આ હત્યાનો બનાવ ગત ૨૦મી મે ૨૦૨૪ની રાત્રિના બન્યો હતો જેમાં ભુજના સ્મૃતિવનના રિજીયોનલ સાયન્સ મ્યુઝિયમ બહાર આવેલી ઓરડીમાં અંજલિ ઊર્ફે ટીના રાઠોડ અને તેના પતિ સંજય શાંતિ રાઠોડ (રહે. બંને સ્મૃતિવન ક્વાર્ટર, ભુજ)એ અહેમદ વલીમામદ મેમણને ધોકા અને સાણસીથી માર મારીને હત્યા નીપજાવી હતી.

અહેમદને માર માર્યા બાદ દંપતી તેને સારવાર માટે આદિપુરની રામબાગ હૉસ્પિટલમાં લઈ ગયું હતું. જ્યાં ટીનાએ અહેમદને પોતાનો પતિ ગણાવી પોલીસ ચોપડે પોતાનું ખોટું નામ પરવીન બાનુ જણાવી સંપર્ક નંબરમાં પોતાના પતિ સંજયનો નંબર લખાવ્યો હતો.

ત્યારબાદ અહેમદને હૉસ્પિટલથી પરત લઈ આવી ફરી ક્રૂરતાપૂર્વક ઢોર માર મારી હત્યા નીપજાવી હતી. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મૃતકના શરીરે ઈજાના ૩૬ નિશાન હોવાનું સ્પષ્ટ થયું હતું.

ચાર્જશીટ બાદ કેસના સંજોગોમાં કોઈ ફેરફાર ના થયો હોવાના તથા ફરિયાદી અને આરોપીઓ બધા એક જ વિસ્તારમાં રહેતાં હોઈ સાક્ષીઓ પુરાવા પ્રભાવિત થવાની દહેશત સહિતના સહિતના મુદ્દે સેશન્સ જજ અંબરીષ વ્યાસે દંપતીની અરજી ફગાવી દીધી હતી. ■

# નખત્રાણા-ગંગોણ રેલવે ટ્રેક પર ટેસ્ટિંગ માટે દોડતા એન્જિનની હડફેટે સાત ગાયોનાં મોતથી અરેરાટી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પશ્ચિમ રેલવે દ્વારા ભુજથી નલિયા સુધી પાથરવામાં આવેલા નવા ટ્રેકનું જોરશોરથી પરીક્ષણ ચાલી રહ્યું છે તેવામાં નખત્રાણાથી ગંગોણ રેલવે ટ્રેક પર ટેસ્ટિંગ અર્થે પૂરઝડપે દોડતા એન્જિનની હડફેટે આવી ગયેલી અંદાજે સાત જેટલી ગાય માતાના કચડાઈને મોત નીપજતાં લોકોમાં રેલવે તંત્રની અક્ષમ્ય બેદરકારી સામે કચવાટ સાથે રોષની લાગણી ફેલાઇ છે.

રેલવે ટ્રેકના માર્ગમાં આવતાં ગંગોણ, વિભાપર, મોસુણા જેવા ભાતીગળ ગામોમાં માલધારીઓની સંખ્યા વધુ હોવાનું જાણવા છતાં આ ટ્રેકની આસપાસ અબોલ જીવોની સલામતી માટે ફેન્સિંગ સહિતની સુરક્ષાલક્ષી વ્યવસ્થા કરવામાં આવી નથી જેથી આગામી સમયમાં આ પાટા તેમના પશુધન માટે મોતના પાટા બનશે તેવું રોષે ભરાયેલા પશુપાલકોએ જણાવ્યું હતું.

નખત્રાણાના ગંગોણ પાસે બનેલી કરુણાંતિકામાં એન્જિનના ચાલકે સમયસર ન થોભાવતાં ગાયમાતાઓના કપાઈને દર્દનાક મોત નિપજ્યા હોવાના આક્ષેપો ઊઠી રહ્યા છે.

રામપર રોહાના પૂર્વ સરપંચ ઇન્દ્રજીતસિંહ વાઢેરે જણાવ્યું હતું કે, ગત ગુરુવારે સાડા પાંચેક વાગ્યાના અરસામાં આ કાળજું કંપાવી દેનારો બનાવ બન્યો હતો.

પરીક્ષણ કરી રહેલું ભુજ તરફ તીવ્ર ગતિથી દોડી રહેલા ટ્રેનના એન્જિનની અડફેટમાં આવી જઈને ગાયોના મૃત્યુ થયા હતા. આ ટ્રેકના વિસ્તારમાં દીપડાનો પરિવાર રહે છે ત્યારે વહેલી તકે અહીં ફેન્સિંગ અથવા સેફટી ગાર્ડ લગાડવામાં આવે અને માલધારીઓને વળતર ચૂકવવામાં આવે તેવી માંગણી તેમણે કરી હતી. ■